ભક્તકવિશ્રી

કુંભનદાસ

જશવંત મહેતા

પ્રવીણ પુસ્તક ભંડાર
લાભ ચૅમ્બર્સ, મ્યુ. કૉર્પો. સામે, ઢેબર રોડ, રાજકોટ.

BHAKTA-KAVISHRI KUMBHANDAS
By : Jashvant Mehta
Published by : Pravin Prakashan Pvt. Ltd., Rajkot - 360 001

પ્રકાશક :
પ્રવીણચંદ્ર એમ. પટેલ
પ્રવીણ પ્રકાશન પ્રા. લિ.,
લાભ ચેમ્બર્સ, મ્યુ. કૉર્પો. સામે,
ઢેબર રોડ, રાજકોટ.
ફોન : 232460 / 234602

© લેખકના

પ્રથમ આવૃત્તિ : ૧૯૯૮

કિંમત : રૂા. ૫૫

મુદ્રક :
પ્રવીણ પ્રકાશન પ્રા. લિ.
વેરાવળ (શાપર),
જિલ્લો : રાજકોટ.
ફોન : (028275) 2764 / 2967

आचारः प्रथमो धर्मः
સૂત્રને
જીવી જનારા
પૂ. ગો. ૧૦૮ શ્રી ગોકુલનાથજી
ને
સાદર-સવિનય-સસ્નેહ
અર્પણ
દંડવત્ સાથે

- જશવંત મહેતા

શ્રી વિઠ્ઠલ ધર્મપૂત ભયો શ્રી ગોકુલનાથ,
માલ તિલક ધર્મ જાત રાખ્યો અપને હાથ.

- પૂ. હરિરાયજી

પુષ્ટિસંપ્રદાયના અષ્ટસખાનું કવિકર્મ

સત્તરમી સદીના પ્રારંભમાં ગોસ્વામી શ્રી વિઠ્ઠલનાથજી - શ્રીગુંસાઈજીએ પુષ્ટિસંપ્રદાયની સેવારીતિમાં "રસૌ વૈ સઃ" એવા રસસ્વરૂપ આરાધ્યદેવ શ્રી ગોવર્ધનનાથજીના સુખનો, આનંદ અને પ્રસન્નતાના ભાવનો વિચાર કરી, સમગ્ર સેવારીતિના પ્રકારોને સૌંદર્યસભર કલાત્મક દૃષ્ટિએ, કલામય બનાવવા વિવિધ કલાસામગ્રીનો વિનિયોગ કરી, સેવાપ્રકારને રસાત્મક સ્વરૂપ આપી, શ્રીજીની પ્રસન્નતા સાથેસાથે શ્રીજીના ભક્તોમાં રહેલી ગોપિત કલાશક્તિને, ચિત્રો, સંગીત, કાવ્ય, શૃંગાર, વસ્ત્રો, શાકભાજી, પાકશાસ્ત્રની સામગ્રીથી માંડી જીવનની તમામ પ્રવૃત્તિઓમાં એકરૂપ બની ગયેલી એવી કલાઓને શ્રીજીબાવાને સમર્પિત કરતી પ્રગટ કરી. શ્રીગુંસાઈજી ખુદ કવિ તેમજ સંગીતશાસ્ત્રના ઊંડા અભ્યાસી કલારસિક જીવ હતા. પરિણામે એમની કલાજગતની વિશિષ્ટ શાખા-પ્રશાખાને વિકસાવવાની પ્રવૃત્તિએ જે સુપેરે સારાં પરિણામો જગતને આપ્યાં, તેમાં સાહિત્ય અને સંગીત અગ્રસ્થાને છે. સંગીતની દુનિયાની અનેક રાગરાગિણીઓને પુષ્ટિસંગીતમાં સ્થાન આપી, ભારતીય શાસ્ત્રીય સંગીતમાં "હવેલી સંગીત"નો જે એક ઘરાણો ઊભો કર્યો છે એ આજ પણ સંગીતની દુનિયામાં એનું આગવું વિશિષ્ટ સ્થાન ધરાવી રહ્યો છે. આવું જ કાર્ય હિંદી અને વ્રજસાહિત્યમાં ગોસ્વામી શ્રી વિઠ્ઠલનાથજીની "અષ્ટસખા"મંડળીએ કર્યું છે.

ગોવર્ધન પર્વત પર બિરાજતા શ્રી ગોવર્ધનનાથજીનાં આઠ સમાનાં દર્શન પુષ્પોનો પરિમલ, રંગબેરંગી વસ્ત્રપરિધાન અને સંગીતમય વાતાવરણ વચ્ચે ભક્તોને થાય અને શ્રીજીબાવા ખુદ લીલાનાં પદોનું શ્રવણ કરતા પ્રસન્નતામાં બિરાજે, એવા કાંઈક શુભ આશય સાથે શ્રીગુંસાઈજીએ કાવ્ય અને સંગીતના કલાવિશારદ એવા આઠ ભક્તકવિઓને શ્રીજીબાવાના સાંનિધ્યમાં સમા-સમાનાં દર્શન સમયે સ્વરચિત પદો દ્વારા કીર્તનસેવા કરવા પસંદ કર્યા હતા. આ આઠ સમર્થ કવિઓમાં સૂરદાસ, કુંભનદાસ, પરમાણંદદાસ અને કૃષ્ણદાસ એ શ્રીવલ્લભ-દીક્ષિત કવિઓ હતા, તો છીતસ્વામી, ગોવિંદસ્વામી, ચતુર્ભુજદાસજી અને નંદદાસજી શ્રીગુંસાંઇજી- દીક્ષિત કીર્તનપરંપરાના, સંપ્રદાયના જ નહીં, પરંતુ વ્રજભાષાના શ્રેષ્ઠ કવિઓ તેમજ સંગીતવિશારદો હતા. આઠેય કવિઓ શ્રી ગોવર્ધનની તળેટીના આસપાસના વિસ્તારમાં રહેતા અને શ્રી ગોવર્ધનનાથજીનાં સમાસમાનાં દર્શનો વખતે સ્વરચિત પદોને સંગીતની બાનીમાં મઢીને શ્રીનાથજી સમક્ષ રજૂ કરી એમને પ્રસન્ન કરતા.

શરૂઆતનાં વર્ષોમાં શ્રી વલ્લભના વૃદ્ધ સેવક વિષ્ણુદાસજીને લેવામાં આવ્યા હતા. શ્રી દ્વારકેશજી- કૃત "શ્રી ગોવર્ધનનાથજી કે પ્રાકટ્યકી વાર્તા" નામક એક છપ્પામાં અષ્ટસખાનાં નામ આપ્યાં છે તે આ પ્રમાણે છે :

"સૂરદાસ સો તૌં કૃષ્ણ, તોક પરમાણંદ જાનો
કૃષ્ણદાસ સો ઋષભ, છીતસ્વામી સુબલ બખાનો ।
અર્જુન કુંભનદાસ, ચત્રભુજદાસ વિસાલા
વિષ્ણુદાસ સો ભોજ, સ્વામિ ગોવિંદ શ્રીદામાલા ॥

આમાં નંદદાસજીને સ્થાને વિષ્ણુદાસનું નામ લખાયેલું. એટલે નંદદાસ આઠમા સખા હોવા માટે શંકા પણ થાય ખરી. સંવત ૧૬૦૨માં શ્રીગુસાંઈજીએ "અષ્ટછાપ સખા"ની સ્થાપના વખતે શ્રીમદ્ વલ્લભાચાર્યજીના વિષ્ણુદાસ છીપાને સ્થાન આપ્યું હતું. નંદદાસજી સંવત ૧૬૦૭માં અનોખી કવિપ્રતિભા સાથે શ્રી ગુસાંઈજીના સેવક બન્યા અને એમની વિરલ કાવ્ય-પ્રતિભા અને સંગીતશાસ્ત્રનું ઊંડું જ્ઞાન ધરાવતા આ યુવાકવિને શ્રી ગુસાંઈજીએ એમની યોગ્યતાનુસાર વૃદ્ધ થઈ ચૂકેલા શ્રી વિષ્ણુદાસની જગ્યાએ સામેલ કર્યા અને દરેક કવિને સમાસમાનાં દર્શનનાં કીર્તનો શ્રીજીબાવા સન્મુખ કરવાની આજ્ઞા કરી હતી. શ્રીગુસાંઈજી અને શ્રી વલ્લભના આ સેવકો - પુષ્ટિસંપ્રદાયની એક માન્યતાનુસાર શ્રીનાથજીની નિત્યલીલાના અંતરંગના સખાઓ રૂપે સદા શ્રીજીબાવાની સાથે જ રહેતા. પરંતુ શ્રી ગોવર્ધનનાથજીનું પ્રાગટ્ય શ્રી ગિરિરાજજી પર થયું ત્યારે એમની સેવા આપવા બધા જ ભૂતલ પર પ્રગટ થયા એમ કહેવાય છે. શ્રીજીબાવાની બાળલીલા, દાણલીલા, ગૌચારણલીલા, માનલીલા, યુગલલીલા, ઋતુલીલા ઇત્યાદિનાં પદો રચી હિંદી અને વ્રજભાષાના પ્રથમ પંક્તિના કવિઓ તરીકે આજે પણ અમર છે. શ્રી ગોવર્ધનનાથજી સમક્ષ કીર્તનના સ્વરૂપની કાવ્યરચના કરતા આ સમર્થ કવિઓએ હિંદી તેમજ વ્રજભાષાના કાવ્યસાહિત્યમાં સમૃદ્ધ કાવ્યસર્જનનો પાયો જ નહોતો નાખ્યો, પરંતુ અષ્ટસખા કવિઓની રચનાઓ વ્રજભાષાના વિકાસનો આધારસ્થંભ બની આજે પણ "હવેલી સંગીત"ના સ્વરૂપે અડગ ઊભી છે. આ સમૃદ્ધ પદોના કવિકર્મ પાછળ એક વિશિષ્ટ રહસ્ય સાહિત્યિક ઉપાદાનનું રહ્યું છે. શ્રી હરિરાયજીએ "અષ્ટસખાન કી વાર્તા" પર "ભાવપ્રકાશ"માં ટિપ્પણ કરતાં લખ્યું છે કે શ્રી ગિરિરાજજીની તળેટી એ શ્રીજીબાવા અને શ્રી સ્વામિનીજીની નિત્યલીલાની ભૂમિ છે. અને આ આઠેય સખાઓ "નિત્યલીલા"ના દૈવી જીવો હોવાના કારણે નિત્યલીલામાં શ્રીજીબાવા અને શ્રી સ્વામિનીજી સાથે જ રહેતા અને એ સમયે જે લીલાનો અનુભવ શ્રીજીબાવા કરાવતા એ રસાનુભવ પદોરૂપે, ભક્તકવિઓના હૃદયમાંથી પ્રગટ થતા રહેતા. અને સ્વાનુભવ - અનુભૂતિમાંથી સર્જાતા સાહિત્યનું ઉપાદાન સદાય લાલિત્યસભર હોય. કલાની સોળે પાંખડીએ ખીલેલા ભક્તકવિઓનાં કાવ્યપુષ્પોની સદાબહાર મહેકથી હિંદી અને વ્રજભાષાનું સાહિત્ય, આજે પાંચસો વર્ષ પછી પણ "હવેલી સંગીત"ના વિશિષ્ટ ઘરાણા રૂપે ફક્ત હવેલીમાં જ નહીં, પરંતુ પંડિત ઓમકારનાથજીથી માંડી પંડિત જસરાજજી સુધીના વિશ્વવિખ્યાત ભારતીય સંગીતકારોના હૈયે અને હોઠે જીવંત રૂપે ગહેકી રહ્યું છે - મહેકી રહ્યું છે.

પુષ્ટિસંપ્રદાયમાં અષ્ટછાપ સખાનાં પદોના ભાવોને, રસને વધુ પ્રાધાન્ય અપાતું રહ્યું છે અને એ પદોમાં રહેલા બેનમૂન સાહિત્ય-તત્ત્વને ગૌણ સ્થાન અપાયું છે. હિંદી સાહિત્યના ધુરંધરોનો દૃષ્ટિકોણ એ રીતે જુદો રહ્યો છે. અષ્ટછાપ સખાનાં પદોના સાહિત્યિક મૂલ્યાંકનમાં એમને વ્રજભાષાની સાહિત્યિક મુલ્યવત્તાનાં દર્શન થયાં છે, કારણ કે હિંદી અને વિશેષ કરીને વ્રજભાષાના પ્રાચીન સાહિત્ય સાથે અષ્ટસખાને તેમજ તેમની પદરચનાઓને સારો એવો સંબંધ રહ્યો છે. "અષ્ટછાપ સખા"ની શ્રી ગુસાંઈજીએ સ્થાપના કરી, એ પહેલાં વ્રજભાષાનો પ્રચાર ખૂબ જ મામૂલી હતો. કવિકર્મ પણ પ્રમાણમાં ઓછું હતું, પરંતુ શ્રીજીબાવા સમક્ષ શ્રીગુસાંઈજીએ ગિરિરાજજીના શ્રી ગોવર્ધનનાથજીના મંદિરમાંથી-અષ્ટસખાઓ પાસે વ્રજભાષાનાં પદોની સપ્તસૂરની સંગાથે સૂર સરવાણી વહેતી કરી અને એ સરવાણી અન્ય વૈષ્ણવમંદિરોમાંથી વહેતી સમગ્ર ઉત્તરાખંડમાં જ નહીં પણ અકબરના દરબારમાં તાનસેન જેવા મહાન ગાયકથી માંડી ભારતીય શાસ્ત્રીય સંગીતના ધુરંધરો - પંડિત ઓમકારનાથજીથી માંડી પંડિત જસરાજજીના કંઠેથી જગતના આંગણે આજ સુધી "હવેલી સંગીત"ના નામે વહેતી રહી છે. અષ્ટસખા ઉપરાંત રસખાન, આસકરણ, વિષ્ણુદાસ, તાજબીબી, અલીખાન ઇત્યાદિનાં વ્રજભાષાનાં લાલિત્યપૂર્ણ ભાવવાહી પદો દ્વારા જે પ્રચાર અને પ્રસાર થયો એના પરિણામે વ્રજભાષા સાહિત્યિક દૃષ્ટિએ સમૃદ્ધ થઈ, એ સાહિત્યજગતની એક ખૂબ જ મોટી ઘટના કહેવાય. વ્રજભાષા તેમજ ભારતીય શાસ્ત્રીય સંગીતના વિકાસ અને ઉન્નતિમાં અષ્ટસખાનાં પદોનો ફાળો અમૂલ્ય અને ચિરસ્મરણીય રહ્યો છે. આજે પણ ભારતીય સંગીતના માંધાતાઓ - સંગીતકારો અષ્ટછાપ કવિઓની રચના જનસમુદાય સમક્ષ હોંશેહોંશે રજૂ કરતા રહ્યા છે.

આપણા સંગીતકારોના હૈયે અને હોઠે બિરાજતા સૂરદાસ, કુંભનદાસ, પરમાણંદદાસ, કૃષ્ણદાસ, છીતસ્વામી, ગોવિંદસ્વામી, ચતુર્ભુજદાસ અને નંદદાસ તેમજ રસખાન, આસકરણ... ઇત્યાદિ કવિઓનાં જીવન અને કવન પર આધારિત લઘુ નવલકથાના સર્જનનો ઉપક્રમ મારા દોસ્ત અને પુષ્ટિસાહિત્યને ગુજરાતની વિશાળ જનતા સમક્ષ રમતું કરવાની હોંશવાળા પ્રકાશક મિત્ર શ્રી ગોપાલભાઈના પ્રેમાળ સૂચનને "આંખ માથે" ચડાવી શરૂ કર્યો ત્યારે ખ્યાલ નહોતો કે એ કાર્ય કેટલું કપરું હતું, પરંતુ મારું ભાવક કવિહૃદય અને હોંશીલા ગોપાલભાઈના ઉત્સાહના પરિણામે "અષ્ટસખા"ઓનાં જીવન અને કાવ્યજગતમાં ડોકિયું કરવાનો અને ડોકિયું કરતાં-કરતાં અંદર ડૂબી જઈ, ભક્તકવિઓની કાવ્યસરવાણી માણવાનો જે આનંદ પ્રાપ્ત થયો એ અદ્‌ભુત હતો, અનન્ય હતો..

— જશવંત મહેતા

નંદા ભુવન, બ્લૉક નં. ૧૫, બજાજ રોડ,
વિલે પાર્લે (પશ્ચિમ), મુંબઇ - ૪૦૦ ૦૫૬

અ-નુ-ક્ર-મ

"ભક્તનકો કહા સિકરી સે કામ" / ૯
૧. 'ભક્તિ કો કુંભન આયો...' / ૧૪
૨. 'ગિરિરાજ પે ભગવાન પ્રગટ ભયો' / ૨૧
૩. શ્રીનાથજીના સખા : કુંભનદાસ / ૨૭
૪. 'નેહ'નો 'નેડો' લાગ્યો / ૩૩
૫. શ્રીજીબાવાની ચિત્રવિચિત્ર લીલાનું એક કમળ / ૩૭
૬. "ભાવત હૈ તોહિ ટોંડ કૌ ઘનો" / ૪૩
૭. 'કિતેક દિન બીતુ ગયે બીન દેખન' / ૪૯
૮. અકિંચન વ્રજવાસીનું સમૃદ્ધ ભક્તિસંગીત / ૫૪
૯. અંતરના અમીર ભક્તરાજ કુંભનદાસ / ૫૮
૧૦. 'વ્રજ મેં બડો મેવા યહ ટેટી' / ૬૩
૧૧. કુંભનદાસના ખરા દીકરા દોઢ / ૬૮
૧૨. "કિતે દિન વ્હૈ જૂ ગયે બિનુ દેખે" / ૭૪
૧૩. ભગવદીયનો સત્સંગ દુર્લભ / ૮૦
૧૪. 'ભક્તન કો કહા સિકરી સે કામ?' / ૮૮
૧૫. અનન્ય અનાસક્તિ કુંભનદાસની / ૯૮
૧૬. 'મેં તો વૈષ્ણવધર્મ બજાવ્યો છે' / ૧૦૪
૧૭. દૈવી જીવ રજપૂતનો ઉદ્ધાર / ૧૧૨
૧૮. 'દેજો ચરણકમળમાં વાસ' / ૧૧૭

કુંભનદાસ પરિચય

નામ: કુંભનદાસ
જ્ઞાતિ: ગોરવા ક્ષત્રિય
જન્મસમય: સંવત ૧૫૨૫, કાર્તિક વદ ૧૧
જન્મસ્થળ: જમુનાવતા
નિકુંજલીલા - સખાનામ: અર્જુનસખા
નિકુંજલીલા - સખીનામ : વિશાખાસખી
શ્રી વલ્લભ સમક્ષ શરણાગતિ: સંવત ૧૫૫૬, વૈશાખ સુદ ૩
શરણાગતિ-સ્થળ: ગોપાલપુર (જતિપુરા) સંકર્ષણઘાટ
દીક્ષાગુરુ: શ્રીમદ્ વલ્લભાચાર્યજી
ભક્તિ: સંયોગાત્મક રાજસ સખ્યભક્તિ
સ્વરૂપાસકિત: શ્રી ગોવર્ધનનાથજી
શૃંગારાસકિત: કુલ્હે
પ્રભુના શ્રીઅંગમાં સ્થાન: હૃદય
શ્રી ગિરિરાજજીમાં અધિકૃત દ્વાર: જમુનાવતા - આન્યોર
પ્રભુની મુખ્ય લીલામાં આસક્તિ: નિકુંજલીલા
કીર્તનસમય: રાજભોગ - ગિરિરાજજી પરના શ્રીનાથજીના મંદિરે
ભાવનો મનોરથ: નાવ
લીલામાં કોનાં સહચરી: શ્રી તુલસીજી
લીલામાં રંગ-વર્ણ: સૌદામિની (રૂપેરી)
લીલામાં કુંજ: પન્ના કુંજ
લીલા સંબંધી ઋતુ: ગ્રીષ્મઋતુ
અષ્ટછાપની પદવી પ્રાપ્ત - ઉંમર: ૭૭ વર્ષ
રચનાઓ : લગભગ ૪૦૦ પદો
અભ્યાસ, રુચિ, પ્રવીણતા: ભરપૂર કાવ્યશક્તિ, રચનાશક્તિ ગાયનવાદન-વિદ્યામાં અત્યંત નિપુણ
દેહાવસાન સમય: સંવત ૧૬૪૦
દેહવસાન સ્થળ: સંકર્ષણ કુંડ - આન્યોર
સ્મૃતિસ્થળ: જમુનાવતા, સંકર્ષણ કુંડ અને દંડવતી શિલા

"ભક્તનકો કહા સિકરી સે કામ !"

રાધા માધવ બિન કોઉ પદ નિજ કબહું ન ગાયો ।
બિરહ રીતિ હરિ પ્રીતિ પંથ કરિ પ્રગટ દિખાયો ॥
સુનત કૃષ્ણ કો નામ શ્રવણ હિયરો ભરિ આવત ।
પ્રેમ મગન નિતનવ પદ રચિ હરિ સનમુખ ગાવત ॥
શ્રી વલ્લભ ગુરુપદ જુગ પદુમ પ્રગટ સરસ મકરંદ જનુ ।
શ્રી કુંભનદાસ કૃપાલુ અતિ મૂરતિ ધારેં પ્રેમ મનુ ॥

"રાધા માધવ બિન કોઉ પદ નિજ કબહું ન ગાયો"– એવા પુષ્ટિસંપ્રદાયના યુગલગીતનાં પદોથી શ્રીગોવર્ધનનાથજીને સદાય રીઝવતા કુંભનદાસ – લીલાના દિવસના અર્જુન–સખા અને રાતના વિશાખા – સ્વામિનીજીનાં સખી હતા.

સૂરદાસ વ્રજભાષાના વ્યાસ હતા, તો એમનાથી ઉંમરે ૧૦ વર્ષ મોટા અને સમગ્ર અષ્ટસખામંડળના વડીલ મોભી કુંભનદાસ વ્રજભાષાના વાલ્મીકિ હતા. વ્રજભાષાના ભક્તિસાહિત્યને સમૃદ્ધ કરવામાં આ બે કવિઓનો ખૂબ જ મોટો ફાળો રહ્યો છે.

સફેદ ધોતી, બંડી અને માથે કેસરી રંગની પાઘડી – એકવડિયું શરીર, ઓછું બોલવું અને ક્યારેક પરિસ્થિતિ વિકટ ઊભી થાય તો અકબર બાદશાહ અને રાજા માનસિંગ જેવા ચમરબંધી રાજવીઓને "તમારું મોઢું ન દેખાડતા" કહેવાની ઠંડી તાકાત ધરાવતા કુંભનદાસજીનો જન્મ સંવત ૧૫૨૫માં કાર્તિક વદ એકાદશીના દિવસે ગોવર્ધનપર્વતની તળેટીમાં આવેલા જમનાવતા ગામમાં ગોરવા ક્ષત્રિય ખાનદાનમાં થયો હતો. ડૉ. હજારીપ્રસાદ દ્વિવેદીના મતે એ શૂદ્રકોમમાં જન્મ્યા હતા. પરંતુ શ્રી પ્રભુદયાલ મીતલના મતે એ ક્ષત્રિય હતા અને પુષ્ટિસંપ્રદાયે એ મત માન્ય રાખ્યો છે.

અદ્વૈતનો તાદશ જે અનુભવ અષ્ટસખાઓએ એમના જીવનકાળ દરમિયાન કર્યો તેમાંથી આપણાં સદ્‌ભાગ્યે એ મહાન કવિઓ દ્વારા અનોખું કીર્તન–સાહિત્ય ભારતને – વિશ્વને મળ્યું. કાવ્ય, સંગીત અને ભક્તિનો પુનિત ત્રિવેણીસંગમ એટલે અષ્ટસખાનાં પદો. પ્રભુના સાક્ષાત્કારમાંથી દર્શનના અનુભવોનું સત્ત્વશીલ પ્રદાન, એટલે અષ્ટસખાનાં ભક્તિસભર – ભાવવાહી – અંતરમાં 'ઓડિયો વિઝ્યુલ' ઈફેક્ટ ઊભી કરતાં પદો, કીર્તનો જે પાંચસો વર્ષ પછી પણ ભાવકના હૃદયનો ધબકાર બની રહ્યાં છે.

કુંભનદાસનાં પદોમાં કાવ્યતત્ત્વ ઉપરાંત ભક્તિપૂર્ણ ભાવના અને અનુભૂતિનાં સ્પંદનોનું નિરૂપણ શૃંગાર, વિરહ, મિલન, લીલા, સ્વરૂપવર્ણન ઇત્યાદિથી ભાવસમૃદ્ધ બન્યું છે. શૈશવથી જ શ્રીગોવર્ધનનાથજીની સંગે ગિરિતળેટીમાં રમતા, ઘૂમતા 'કુંભના'ના હૃદયમાંથી શ્રીમદ્‌ વલ્લભાચાર્યજીના પ્રથમમિલન સમયે જે ફોરી ઊઠ્યું –

સાંઝ કે સાચે બોલ તિહારે
રજની અનત જગે નંદનંદન આવે નિપટ સવારે ।
આતુર ભયે નીલપટ ઓઢે પિયરે બસન બિસારે
કુંભનદાસ પ્રભુ ગોવર્ધનધર ભલે વચન પ્રતિપારે ॥

એમણે શ્રીવલ્લભને ખૂબ જ પ્રભાવિત કરી દીધા અને પૂછી બેઠા :

"કુંભનદાસ, લીલારૂપી રસનો અનુભવ થયો ?"

"મહારાજ, આપની કૃપાથી થયો."– કુંભનદાસ સમગ્ર યશ શ્રીવલ્લભને આપી દીનતા પ્રગટ કરે છે. 'સાજ કે સાંજ' કુંભનદાસજીએ ખંડિતા–ભાવનું પ્રથમ પદ ગાયું અને કવિનો કાવ્યપ્રવાહ...જિંદગીની અંતિમ ક્ષણ સુધી "લાલ તેરી ચિતવની ચિત્ત હી ચુરાવતિ" અને "બિસરી ગયો લાલ કરત ગો દહન" સુધીનાં લીલાનાં પદો દ્વારા વહેતો રહ્યો અને શ્રીગુસાંઈજીએ અંતિમ ક્ષણોમાં "તમારું મન–અંતઃકરણ ક્યાં છે તે બતાવો"નો પ્રશ્ન કર્યો ત્યારે પણ, "તોય મિલનકોં બોહત કરત હૈ મોહનલાલ ગોવર્ધનધારી" અને "રસિકનની રસમેં રહતિ ગયી" જ ગાયું અને પદની પાંખે નિકુંજલીલા તરફ ઊડી ગયા.

કુંભનદાસના રોમેરોમમાંથી ભક્તિકવિતાનાં ઝરણાં ફૂટતાં હતાં. આપણા કમનસીબે પદોના વિશિષ્ટ સંગ્રહો પ્રાપ્ત નથી. ડૉ. શ્યામસુંદરદાસજીએ એમની દાનલીલા અને પદાવલીના સંગ્રહો ઉપલબ્ધ હોવાનો એમના એક લેખમાં ઉલ્લેખ કર્યો છે. કુંભનદાસના વિશેષ કાવ્યસંગ્રહો પ્રસિદ્ધ થયા નથી, પરંતુ કીર્તનસંગ્રહોમાંથી એમની સારી એવી રચનાઓ ઉપલબ્ધ થાય છે. કાંકરોલી વિદ્યાવિભાગમાં આ રીતનાં ૨૦૦ પદ સંગૃહીત થયાં છે એવું જાણવા મળે છે. જોકે ડૉ. શ્યામસુંદરદાસે અગાઉ કહ્યું તે પ્રમાણે એના દાણલીલા અને પદાવલીના બે સંગ્રહો પ્રકાશિત થયા છે.

શ્રી રામચન્દ્ર શુક્લ કુંભનદાસનાં પદો વિષે લખે છે કે "કુંભનદાસજીનાં પદોના કોઈ સંગ્રહ પ્રગટ થયાનું સાંભળ્યું નથી. છૂટક પદોની રચના છૂટીછવાઈ જોવા મળે છે, જેના વિષયો બાળલીલાને બદલે યુગલલીલાના છે. કુંભનદાસ એક એવા અષ્ટસખા કવિ છે જેમણે બાળલીલા કરતાં યુગલલીલાનાં પદો વિશેષ લખ્યાં છે. વાર્તામાં આવે છે તેમ,

"સો કુંભનદાસ સગરે કીર્તન યુગલસ્વરૂપ
સંબંધી કીયે સો વધાઈ, પલના બાળલીલા ગાઈ નાહીં"

પુષ્ટિસંપ્રદાયની સેવાવિધિમાં વિશેષતઃ બાળલીલાને મળેલા વિશિષ્ટ પ્રાધાન્યથી ઘણા વિદ્વાનોમાં એક એવી વિચિત્ર માન્યતા જામી ગઈ છે કે શ્રીમદ્ વલ્લભાચાર્યજીના મતાનુસાર વાત્સલ્યભક્તિને જ પુષ્ટિસંપ્રદાયમાં પ્રાધાન્ય આપવામાં આવ્યું છે અને આ સંપ્રદાયના કવિઓનાં કાવ્યોની માધુરીમાં બાળલીલા–ભક્તિ જ વિશેષતઃ દેખાય છે. એકંદરે સૂરદાસ, પરમાણંદદાસ, છીતસ્વામી, ગોવિંદસ્વામી ઇત્યાદિનાં પદોમાં આ વસ્તુ દેખાય છે જે અન્ય

સંપ્રદાયોની છાયા નીચે આવી જાય છે. પરંતુ આ માન્યતાનું ખંડન કુંભનદાસે એમના કિશોર અને યુગલલીલાનાં પદોની રચના દ્વારા કર્યું છે.

શ્રીવલ્લભ કુંભનદાસનાં પદોથી ખૂબ જ પ્રસન્ન અને પ્રભાવિત હતા. એમણે કહ્યું છે કે,

" કુંભનદાસ, નિકુંજલીલા સંબંધી રસકો અનુભવ ભયૌ. તિહારે બડે ભાગ્ય હૈ જો પ્રથમ પ્રભુ તુમકો પ્રમેયબલ કૌ અનુભવ બતાયે. તાસો તુમ સદા હરિરસ મેં મગન રહોંગે."

—અને વૃંદાવનથી સ્વામી હરિદાસના વડપણ નીચે કુંભનદાસના મુખેથી 'યુગલલીલા'નાં પદો સાંભળવા અનેક સંતકવિઓ પરાસોલી આવ્યા હતા.

હકીકતમાં જોઈએ તો શ્રીમદ્ વલ્લભાચાર્યજીએ બાળભાવભક્તિ ઉપરાંત સખ્યની માધુર્યભક્તિનો પણ મહિમા સંપ્રદાયમાં કર્યો જ છે. આ સંદર્ભમાં કુંભનદાસનાં સખ્યભાવનાં અનેક પદો આપણી પાસે આજે છે, જે હવેલીમાં, સંત્સંગમંડળમાં અવારનવાર આપણે સાંભળતા આવ્યા છીએ. અષ્ટછાપ કવિઓનાં પદોમાં ભક્તિના સર્વ પ્રકારના ભાવો – વાત્સલ્ય, યુગલ ઇત્યાદિનું દર્શન થાય છે. કુંભનદાસજીની આસક્તિ નિકુંજલીલામાં વિશેષ હતી, એટલે માધુર્ય, ભક્તિસૂચક માન, દાન આદિ લીલાનાં પદો એમની પાસેથી વિશેષ મળે છે. સાહિત્યિક રચનાઓ તરીકે કુંભનદાસની રચનાઓ કદાચ સૂરદાસનાં પદોની તોલે ન આવે. વિવેચકોના શબ્દોમાં કહીએ તો તે મધ્યમકક્ષાની હોય, પરંતુ એમનાં પદોમાં જે માધુર્યભક્તિ છલોછલ છલકાતી રહી છે – તે માધુર્યભક્તિ જ એમને અષ્ટસખાના એક સમર્થ કવિ તરીકે પ્રગટ કરે છે.

હિંદી સાહિત્યગ્રંથોમાં એમની કવિતાનો કાળ સંવત ૧૬૦૬ની આસપાસનો આલેખાયેલો છે, પરંતુ સંવત ૧૫૫૬થી જ, પુષ્ટિસંપ્રદાયના એમના પ્રવેશથી, એમનાં કાવ્યો અને પદોની રચનાનો સુવર્ણકાળ બેસી ગયો હતો. આ સમય દરમિયાન વ્રજભાષા સૂરદાસ, કુંભનદાસ, પરમાણંદદાસ, કૃષ્ણદાસ અને પછી છીતસ્વામી, ગોવિંદસ્વામી, ચતુર્ભુજદાસ અને નંદદાસજીની ચિરસ્મરણીય પદાવલિથી સમૃદ્ધ થઈ રહી હતી, એટલું જ નહીં મીરાંબાઈ, સ્વામી હરિદાસ, રસખાન, રહીમ ઇત્યાદિ વૃંદાવન વસતા અનેક સંતોની કાવ્યબાનીથી વ્રજભાષાનો ભક્તિરસસભર સુવર્ણકાળ ચાલી રહ્યો હતો. શ્રીમદ્ વલ્લભાચાર્યજી, શ્રી ગુસાંઈજી, ચૈતન્ય મહાપ્રભુ જેવા અનેક સંતોના સાંનિધ્યમાં ભારતીય ભજન અને પદ સાહિત્યનો સ્વયંભૂ વિકાસ થયો હતો, જેનો મધુર આસ્વાદ પાંચસો વર્ષ પછી આપણે સૌ કીર્તન–સાહિત્ય અને હવેલી સંગીતના માધ્યમથી માણતા રહ્યા છીએ. શબ્દ અને એ પણ ભક્તિરસથી તરબોળ શબ્દની તાકાત – સૂરદાસ, કુંભનદાસ ઇત્યાદિની કવિત્વની શક્તિ કેટલી પ્રબળ હતી કે ખુદ ગોવર્ધનનાથજીને તાલ આપતા કરી દીધા હતા...અને એ જ શક્તિએ આ કવિઓનાં પદમાં ચિરંજીવીપણું અર્પ્યું છે...એ ભૂલવા જેવું નથી.

પુષ્ટિસંપ્રદાયમાં કહેવાય છે કે, આસક્તિ કુંભનદાસની, વ્યસન ગજનધાવનનું અને તન્મયતા આસકરણની. એમાં કુંભનદાસની આસક્તિ એટલે શ્રીજીબાવા પ્રત્યેની ભક્તિ – શ્રીગોવર્ધનનાથ સિવાય એમની જિંદગીમાં બીજા કશાને સ્થાન નહોતું. જુવાનજોધ દીકરા કૃષ્ણદાસને વાઘે ફાડી ખાધો, ત્યારે એમને મૂર્છા આવી ગઈ હતી. પરંતુ એ મૂર્છા પુત્રના મોહના કારણે નહોતી, પરંતુ એમને શ્રીગોવર્ધનનાથજીનાં દર્શન સૂતકના કારણે નહીં થાય એની હતી.

કહિયે કહા કહિબે કી કોય
પ્રાનનાથ બિછુરન કી વેદન *જાનત નાહિ કોય...*

શ્રીનાથજીની સખ્ય – રતિમાં એ પરમ વ્યસ્ત હતા. એ તૃષ્ણા, લોભ, વિષયસુખ, વાસના, મોહ–મદથી પરનો સંતુષ્ટ આત્મા હતો.

વ્રજભાષાના પદસાહિત્યનો એ સુવર્ણકાળ હતો. રાજદરબારમાં તાનસેન જેવા વિખ્યાત ગવૈયાઓ સૂરદાસ, કુંભનદાસ અને નંદદાસ તેમજ અન્ય અષ્ટસખાનાં પદો ગાતા. સમાજમાં તેમજ અકબરના દરબારમાં સંગીતજ્ઞો–કવિઓનું ખૂબ જ માન–સન્માન થતું. બાદશાહ અકબરે તો અષ્ટસખાનાં પદોથી આકર્ષાઈને સૂરદાસ, કુંભનદાસ, નંદદાસ ઇત્યાદિને માન–સન્માનથી નવાજવાનો પ્રયત્ન પણ કરેલો, પરંતુ આ ફાંટાબાજ શ્રીજીના પ્યારા ભક્તકવિઓએ માન–સન્માન, શ્રીજીનાં ચરણ માટેની જ એમની કાવ્યરચનાઓ છે એ ભાવનાથી ઠુકરાવ્યાં હતાં, અને બાદશાહ અકબરે પણ આ મસ્ત કવિઓના વલણને ખૂબ જ ખેલદિલીથી સ્વીકાર્યું હતું, બિરદાવ્યું હતું.

કુંભનદાસ અને ચતુર્ભુજદાસનાં પદોમાં એમનો શ્રીનાથજી પ્રત્યેનો સખ્યભાવ સાથે દાસભાવ પણ જોવા મળે છે અને એટલે જ,

ભાવત હૈ તો હિં ટૌંડ કૌં ઘનો

કહીને સખ્યભાવે, શ્રીજીબાવાને

"કાંટા લાગે ગોખરૂં ભાગે ફટ્યો જાત યહ તનો"–એ પંક્તિ સંભળાવી દીધેલી.

એમનાં વિરહનાં પદોમાં દાસત્વની ભાવનાનાં શિખરનાં દર્શન થાય છે. શ્રીજીબાવા કરે એ બરોબર છે એવું સમજી લેતા.

કુંભનદાસજીના કાવ્યનો વિષય, છંદ, શૈલી અને ભાષા અભ્યાસયુક્ત છે. એમનાં પદોનો વિષય પ્રેમ હતો. રૂપવર્ણન, લીલાવર્ણન અને પ્રકૃતિવર્ણનના કેન્દ્રમાં – ઉત્સવવર્ણનની રચનાના પાયામાં પ્રેમનો આધાર જ રહ્યો છે. એમનાં પદોમાં એ પ્રેમમય વાતાવરણ ખડું કરી શકતા હતા અને એટલે જ અન્ય અષ્ટસખાનાં વાત્સલ્યભક્તિનાં કાવ્યોથી જુદા પડી એમનાં કાવ્યોમાં માધુર્યભક્તિનું પ્રમાણ વિશેષતઃ રહેતું અને એ રીતે એમને કવિ જયદેવ અને વિદ્યાપતિની આવનારી કૃષ્ણકાવ્યની પરંપરાના પ્રણેતા કહી શકાય – પૂર્વસૂરિ કહી શકાય.

"નવબન, નવઘન, નવચાતક પિક નવલ કસુમી સારી
કુંભનદાસ પ્રભુ ગોવર્ધનધર, દેખત લાઢૈં મનજ અમોલ"

ગોવર્ધનધારીને જોઈ 'મનજ અમોલ' વધી જાય. એ રંગ જ ભવિષ્યની જયદેવ–વિદ્યાપતિની કૃષ્ણકવિતાનો અણસાર આપી દે છે. કુંભનદાસની એમની આરાધ્ય યુગલમૂર્તિ પ્રત્યેની આસક્તિ–

*"કુંભનદાસ લાલ ગિરિધર, યહ જોરી સહજ સમાન..."*માં વ્યકત થાય છે.

કુંભનદાસનાં ગોદોહન અને ગૌચારણ – લીલામાં બાળલીલાનાં પદોનો આભાસ દેખાય છે, પરંતુ વિશુદ્ધ બાળલીલાનાં પદો એ બની રહેતાં નથી, પ્રેમલીલાનાં પદો બની રહે છે.

તુમ નીકે દુહિ જાનત ગૈયા
કુંભનદાસ પ્રભુ માનિ લઈ રતિ ગિરિ ગોવરધન રૈયા...

અને આમ આ રીતે પદની અંતિમ પંક્તિમાં માનલીલા સ્પષ્ટ થાય છે.

કોઈ પણ સમર્થ કવિ સાહિત્યજગતમાં આવે, એટલે એનું અનુકરણ કરવાવાળા – જેને હું 'જંતુકવિ'ઓ કહું છું એમનો રાફડો નીકળે. કુંભનદાસના કવિકર્મ પાછળ પણ એમનું આંધળું અનુકરણ કરવાવાળા અનેક 'જંતુકવિ'ઓ પ્રગટ્યા હતા અને આથમી ગયા હતા. કુંભનદાસની સંસ્કૃતનિષ્ઠ અને સાહિત્યિક ભાષાને આંબી શકવાનું એમનું ગજું નહોતું. લોકભાષાની સરલ સ્નિગ્ધતા... "મેરી સારી ભીજત હૈ જે નઈ"ની પંક્તિમાં જે રીતે ભીંજાઈને બહાર આવે છે – તેમાં જ કુંભનદાસની કાવ્યવિશિષ્ટતા છે.

ભારતીય સંસ્કૃતિને સમૃદ્ધ કરવામાં પુષ્ટિમાર્ગીય કીર્તન–સંગીતનો જે યશસ્વી ફાળો છે એમાં કુંભનદાસજીનું યોગદાન અદ્‌ભુત, અનન્ય અને ચિરસ્મરણીય છે.

– જશવંત મહેતા

તા. ૧૪–૩–૧૯૯૭
નંદા ભુવન, ૧લે માળે,
બ્લૉક નં. ૧૫, બજાજ રોડ,
વિલે–પાર્લે (પશ્ચિમ),
મુંબઈ – ૪૦૦ ૦૫૬

૧. 'ભક્તિ કો કુંભન આયો....'

ભોર ભઈ સબ હરિજન જાગો...
પ્રેમ–સુધા–રસ પ્રભુકો પાઓ...

પૂર્વદિશાની ક્ષિતિજમાં ગિરિરાજજીની પર્વતમાળાની નેપથ્યેથી ધીમેધીમે ઉદિત થતા સૂર્યનારાયણનાં બાલરવિકિરણોથી 'નભઆંગન' ગુલાબી રંગનું પાનેતર ઓઢી રહ્યું હતું.

"ટેહૂક...ટેહૂક....ટેહૂક...." ગિરિરાજજીની ગિરિકંદરામાંથી મયૂરના ટહુકા, કોયલનું 'કૂ...કૂ...', એક ડાળથી બીજી ડાળે કૂદતી વાનરસેનાની કિકિયારી, ગિરિરાજજીની તળેટીમાંની લીલોતરીનું ચારણ કરવા ઉતાવળી બનેલી ગાયોના ગળાની ઘંટડીનો મીઠો રણકાર, બાજુના શિવાલયમાંથી ઊઠતો ઘંટનો નાદ વાતાવરણને મંગલમય બનાવી રહ્યાં હતાં.

"કુંભન...બેટા, ઊઠ....... ભોર ભઈ સબ હરિજન જાગ્યો...
તું હિ ભલા ક્યોં સોવત અભાગો ?"

જમનાવતા ગામની સીમમાં એક જર્જરિત ઝૂંપડીમાં ટૂંટિયું વાળીને સૂતેલા દસેક વર્ષના દૂબળાપાતળા કિશોરને હલબલાવતાં કાકા ધરમદાસ બોલી ઊઠ્યા.

સડાક કરતો કુંભન, હસતા ચહેરે દર્ભની પથારીમાંથી બેઠો થઈ ગયો.

"જય ગોવર્ધન, ચાચા.." ઊઠતાંવેંત ધરમદાસચાચાને પગે લાગતો કુંભન, એના પિતા ભગવાનદાસ અને માતા સૂરજબાઈને પગે લાગતો દોડીને બહાર નીકળી ગયો.

કૂવામાં ઘડો નાખી, દોરડાથી પાણી ઉલેચી, એણે ઝડપથી દાતણપાણીનો કાર્યક્રમ પતાવ્યો. ચાચા ધરમદાસ તો સફેદ સાંધેલી ધોતી, બદન પર કેડિયું અને હાથમાં ડાંગ સાથે ગિરિરાજજીની વનરાજિમાં ગાયોને ચરાવવા લઈ જવા તૈયાર થઈને ઊભા હતા. કુંભન આજે ઊઠવામાં મોડો પડ્યો હતો. ઝટપટ તૈયાર થઈને, નાનકડી લાકડી સાથે એનાં માતા–પિતાને "જય ગોવર્ધન...જય ગિરિરાજ" કહેતો ધરમદાસ ચાચા સાથે ઝૂંપડીની બાજુની ખિરકમાં ગાયોની ગમાણમાં ચાલ્યો ગયો.

કુંભન અને ચાચા ધરમદાસને જોતાં જ ગમાણમાં બાંધેલી ગાયો આનંદથી ઝૂમી ઊઠી. ગળામાં બાંધેલી ઘંટડીઓના રણકારથી વાતાવરણ ગુંજી ઊઠ્યું. કાકા–ભત્રીજા એક પછી એક ગાયને ખૂંટેથી મુક્ત કરતા ગયા અને નાચતી–કૂદતી ગાયો ધીમી, મલપતી ચાલે, ડોકાં હલાવતી, ઘંટડીના મીઠા રવ સાથે ગોપાલપુરની દિશામાં ચાલવા માંડી.

કાકો–ભત્રીજો ગાયોની પાછળ ટોળામાંથી છટકીને ખેતરમાં ઘસી જતી ગાયોને વહાલભર્યા ડચકારા દેતા.

"ગંગા ગૌઆ...બિટિયા...ઈસ તરફ..."– વિશેષ તો એ ડચકારા જ એવા દેતા કે ડચકારો સાંભળતી – ટોળામાંથી તરી ગયેલી ગાય, પાછી શિંગડાં હલાવતી ટોળામાં ઘૂસી જતી.

"ચાચા...આપણા ગામનું નામ તો જમુનાવતા છે, પણ લાંબી નજર કરતાં આંખો દુખી જાય છે, તોય જમુનામૈયાનાં નીરનાં દર્શન તો થતાં નથી. આપણા ગામનું નામ જમુનાવતા કેવી રીતે પડયું હશે ?"

ધરમદાસે ભક્તિભાવથી સભર એવા કિશોર કુંભન સામે જોયું.

દસ વર્ષ પહેલાં, સંવત ૧૫૨૫ના ચૈત્ર વદ અગિયારશના દિવસે ગોવર્ધન – ગિરિરાજીની તળેટીમાં આવેલા પરાસોલી પાસે આવેલા જમનાવતામાં પિતા ભગવાનદાસ અને માતા સૂરજબાઈની કૂખે ભત્રીજો કુંભન જન્મ્યો ત્યારે ધરમદાસ–કાકા પરસાળમાં બેઠાબેઠા એ જ એમની ભક્તિધૂન...."ગિરિરાજ પ્રભુ તમારે શરણ..."માં જ વ્યસ્ત હતા. એમની બંધ ભક્તિભાવથી છલકતી આંખો એમના વહાલાને યાદ કરી રહી હતી.

"ધરમભૈયા...લાલો આયો.."– મોટાભાઈ ભગવાનદાસે નાના ભક્તહૃદય ભ્રાતાને સમાચાર આપ્યા. ધ્યાનમગ્ન ધરમદાસના હૈયાને ઓચિંતો જ તેજપુંજ પ્રસરીને અજવાળી ગયો. એમના હૈયામાંથી પ્રસન્નતાના ઓઘ ઊમટ્યા. આજન્મ ભગવાન શ્રીકૃષ્ણની સેવામાં અવિરત વ્યસ્ત એવા ધરમદાસે આંખો ખોલી અને આનંદના સમાચાર આપનારા વડીલ ભ્રાતાને ખૂબ જ પ્રસન્નતા સાથે ભેટી પડતાં એમના મુખમાંથી અનાયાસે શબ્દો સરી પડયા :

"ભક્તિકો કુંભન આયો, ભૈયા...ભક્તિ કો કુંભન આયો."

બેબાકળો ભગવાનદાસ નાનાભાઈ સામે કશું જ સમજ્યા વગર ફાટી આંખે જોઈ રહ્યો.

"તું કા બોલત, ભૈયા ?" ભગવાનદાસે પૂછી નાખ્યું.

"ભૈયા, યે તેરો લાડકો...બડો હરિજન ભક્ત હોવેગો..." ધરમદાસ બોલી ઊઠ્યો, ઉમળકાભરી વાણી સાથે.

"હરિજન, ભક્ત, બડો ભક્ત તેરે જૈસો, કા ?"

"અરે ભૈયા, મૈં કહાં કો ભક્ત ! છોટો સો હરિજન હૂં, હરિ કો જન. બાકી યે તેરો છોરો તો..... દેખ દેખ ઉસકો લલાટ દેખ ! યે બંધ નેત્ર ભગવાન

કો દર્શન હી કરતો હોગો. ભૈયા, યે કુંભન મેરો લાડલો બનેગો, હો..." નવજાત શિશુ કુંભનને ગોદમાં લેતો ધરમદાસ બોલી ઊઠ્યો.

"અરે, ભૈયા, યે સબ તેરો હી તો હૈ. લેકિન તેરે કો ભગવાન કે નામ બિના કહાં કુછ ખપત હો ?" ભગવાનદાસ બોલ્યો.

– અને બાપ પાસેથી ધર્મના સંસ્કારનું સિંચન કરવા માગી લીધેલો ભત્રીજો આજે દસ વર્ષની ઉંમરે પહોંચ્યો હતો. રાત–દિવસ બસ ઈશ્વરભજન અને ઈશ્વરસ્મરણ, એ જ કિશોર કુંભનદાસની દિનચર્યા હતી. કાકો–ભત્રીજો મળે એટલે એ જ ગિરિરાજજીની, મથુરાની, ગોકુલની, કુંજગલીઓમાં 'રાસ રમંતા' કાનુડાની જ વાતો કરતાં ભત્રીજો એક પછી એક વિકટ સવાલો ઉપસ્થિત કરતો અને કાકો યથામતિ જવાબ આપતો.

છેલ્લા કેટલાય સમયથી ગામના નામ સાથે મેળ ખાતી યમુના નદી પાદરમાંથી વહેતી નહોતી, એનો સવાલ કુંભનને અંદરથી પીડા ઊભી કરતો હતો. આજે વહેતી હવાની મંદમંદ લહેરોમાંથી જ કેમ જાણે સવાલ ઊઠ્યો હોય એમ એણે કાકાને યમુના નદી ક્યાં છે અને કેમ દૂર થઈ ગઈ છે, એનો મૂંઝવતો સવાલ પૂછી નાખ્યો.

"કુંભન ! " ધરમદાસચાચા એકાદ ક્ષણ કુંભન સામે જોઈને બોલી ઊઠ્યા.

"આજ્ઞા, ચાચા !"

"બેટા, આજ તને કહું કે એક જમાનામાં – વર્ષો પહેલાં આ વિસ્તારમાંથી જમુનામૈયા વહેતી હતી."

"હોય નહીં, ચાચા..."

"સાંભળ, બેટા, આજથી હજારો વર્ષ પહેલાં સારસ્વત–કલ્પમાં આપણી સૌની વહાલસોઈ જગન્માતા યમુનામૈયા આ વિસ્તારમાં બે પ્રવાહમાં વહેતી હતી. એક પ્રવાહ શ્રીગિરિરાજજીની ગિરિમાળાને પ્રક્ષાલિત કરતો આપણા ગામ જમનાવતા થઈને આગ્રા તરફ જતો – અલબત્ત, એ યુગમાં આગ્રા–સિકરી જેવાં ગામો નહોતાં અને બીજો પ્રવાહ ભગવાન બાલકૃષ્ણલાલની લીલાભૂમિ ગોકુલ પાસે ચીરઘાટ થઈને ગિરિરાજજી પાસે આવતો. પરાસોલીમાં – ચન્દ્રસરોવર પર ભગવાન શ્રીકૃષ્ણે પંચાધ્યાયીનો રાસ કર્યો ત્યારે યમુનામૈયા પરાસોલી – ચન્દ્રસરોવર પાસેથી વહેતાં હતાં અને એના તટ પર આપણું ગામ જમનાવતા હતું."

"આજે એ યમુનામૈયા આપણાથી રિસાઈને દૂર થઈ ગયાં... ચાચા, આપણે એટલા કમભાગી ખરા, નહીં ?"

"બેટા, કમભાગી તો કોને ખબર, પણ સારસ્વત–કલ્પનો એ જમાનો જ કાંઈ ઓર હતો. આપણા બાલકૃષ્ણલાલજી સમગ્ર વ્રજમાં એમની ગાયો અને સખાઓ સાથે વ્રજનું ભ્રમણ કર્યા કરતા. એમાં એમની વિશાખા સખી હોય, સ્વામિનીજી હોય, ચંપકલતા હોય, રાધા હોય, સુદામા હોય અને કેવી–કેવી

અદ્‌ભુત લીલાઓ આપણા કાનુડાએ સારસ્વત–કલ્પમાં કરી હતી ! એનો આનંદ તો શ્રીમદ્ ભાગવતજીમાંથી જ મળે, બેટા, આ આપણે હમણાં પરાસોલી તરફ શ્રીગિરિરાજીની તળેટીમાં ગૌચારણ માટે જઈ રહ્યા છીએ ત્યારે આ જ એ ભૂમિ પર પરાસોલીમાં ચન્દ્રસરોવર પર 'પંચાધ્યાયી રાસ' એવો તો અદ્‌ભુત કર્યો હતો કે કુંભન, એ શ્રીમદ્‌ભાગવતકથાની લીલા સાંભળતાં–સાંભળતાં હું તો મૂર્છિત થઈ ગયો હતો.

એય ને એ ચન્દ્રસરોવર, એના હિલોળા લેતા જલતરંગો, આભમાં ઊગેલા ચન્દ્રનાં અસંખ્ય પ્રતિબિંબો ઝીલતાં સરોવરનાં જલ.... રાસ બરોબર જામ્યો. ગોપીઓના હૃદયમાં આનંદ અને ભક્તિભાવની હેલી ચઢી. રાધાજીના અણુઅણુમાં કૃષ્ણાનંદ પ્રગટી રહ્યો હતો. ચહેરા પર અનોખી મુસકાન, હવામાં ઊડતા – હિલોળા લેતા શ્રીઅંગની મસ્તીભરી અદા... કૃષ્ણ મારો છે... આ પળોમાં મારામાં ઓતપ્રોત છે.... રાસની એકએક ઠેક પર 'વ્હાલો'– એનું સર્વસ્વ અર્પણ કરી દેતો કેવો રમણે ચડયો છે ! એકએક ગોપી ને એકએક કહાનના રાસના ઠેકાથી હવામાં ઊડતી રંગબેરંગી ચૂનરિયાથી વાતાવરણ જામ્યું હતું. ત્યાં જ નટખટ કનૈયો અંતર્ધાન થઈ ગયો. ચરણના ઠેકા આડાઅવળા થઈ ગયા. વિરહી આંખો 'કાના'ને શોધવા આકુળવ્યાકુળ થઈ ગઈ. 'કાનુડો' કામણગારો ક્યાંય દેખાતો નથી. વ્રજભામિનીઓ રાધાજીની સાથે વનઉપવનોમાં ઘૂમી વળી. ચન્દ્રસરોવરનાં જલ ફંફોળી જોયાં કે કદાચ 'લાલો' જળમાં છુપાઈ ગયો હોય. રમણરેતીની રજમાં આળોટયાં કે ક્યાંક રજમાં વહાલો ભળીને રજમય બની ગયો હોય ! વ્રજભૂમિની અરણ્યસૃષ્ટિનાં વૃક્ષોને – લતાઓને પકડીને હલબલાવતી, આંખમાં અનર્ગળ આંસુ વહાવતી, "અમારા વહાલા, નટખટ નંદકિશોરને, હે લતારાણીઓ, તમે જાયો ? હે જમુનામૈયા, અમારા કાનુડાને તમે તમારી ગોદમાં તો ક્યાંય છુપાવી દીધો નથી ને ?"

"હે વનાંચલનાં હરણાંઓ – મૃગબાળો, તમારી ગતિશીલ ચાલના બજતા પાયલ–સૂરોમાં તો અમારા 'કાના'ના સંતાડી દીધો નથી ને ?" રાધાજીની સાથે ગોપબાલિકાઓ રડતી–કકળતી, લાલાના વિરહતાપમાં સસડતી, સિસકતી ગોવિંદકુંડ પાસે થઈને અપ્સરા–કુંડ ઉપર આવી અને નટખટ નંદકિશોરનાં 'નાનાં–નાનાં' ચરણાવિંદનાં દર્શન થતાં જ રાધાપ્યારી એની સખીઓ સાથે બોલી ઊઠી :

"અરે અરે ! આ તો આપણા કૃષ્ણનાં, નટખટ કાનુડાનાં જ ચરણારવિંદ. જુઓ–જુઓ ! પાનીમાં ચક્ર, સાથિયો.... બધાં જ ચિહ્નો ઊપસી આવ્યાં છે ને શું ? નક્કી કાનુડો અહીંની કદમખંડીમાં જ છુપાયો લાગે છે !"– અને વિરહી રાધે ગદ્‌ગદિત સ્વરે "કાના...કાના ! ક્યાં છો તું ? અમારા પ્રાણને શા માટે તડપાવે છે ? જો, કાના, હવે તું પ્રગટ નહીં થાને તો હું અપ્સરા–કુંડમાં પડી મારો જાન દઈ દઈશ !"

–અને રાધાજી એમની સહિયરો સાથે અપ્સરાકુંડની પાળી પરથી પડવા

તૈયાર થયાં ત્યાં જ, અપ્સરાકુંડની ઘેઘૂર કદંબની ઘટામાંથી બંસીનાદ ધીમેધીમે વહેતો થયો, અને રાધાજી અને એમની સખીઓના કાને પડતાં જ એમના રોમેરોમમાં આનંદની લહરો ઊઠી. સમગ્ર અંગ પ્રેમાવેશથી ધ્રૂજવા માંડયું.

"ક્યાં છે, કાના ? કયા કદંબની ડાળે ચડીને બંસીનાદ કરતો અમને તડપાવી રહ્યો છે, કાના ! ક્યાં છો ? તારા બંસીનાદે રોમેરોમને મિલનની ઝંખનાથી સળગાવી મૂક્યાં છે. કાના, તારા વિરહનો તાપ હવે નથી સહેવાતો. આ દાવાનળમાં અમે સળગી જઈએ એ પહેલાં અમારી વચ્ચે પાછો આવ, કાના, પાછો આવ."

—અને કદંબડાળેથી કૂદકો મારતા – બંસી બજાવતા – બંસીધર રાધાજીની ઉપર જ ખાબક્યા. રાધાજીએ નંદકિશોરને એની ઊછળતી છાતી સાથે ભીડી દેતાં – આંખોમાં આંસુ સાથે – કાનુડાના ગાલને ચીમટા ભરતાં, ગુસ્સામાં એની છાતી પર મુષ્ટિપ્રહાર કરતાં– ભેટી પડતાં બોલી ઊઠયાં :

"કાના..."– બસ આગળ એમના મુખમાંથી બીજા શબ્દો જ ન નીકળ્યા. બંધ આંખો, ગાઢ આલિંગન અને રોમેરોમમાંથી ઊઠતો બસ એક આવાજ : કૃષ્ણ...કૃષ્ણ...કૃષ્ણ...

—અને શ્રીકૃષ્ણ રાધાજીને બાહુમાં લઈ, અપ્સરાકુંડની કદમખંડીમાં અદશ્ય થઈ ગયા.

"રાધે...રાધે...રાધે..."ના કૃષ્ણસૂરથી કદમખંડી ગાજી ઊઠી.

"કૃષ્ણ...કૃષ્ણ...કૃષ્ણ.."ના આર્તનાદથી વનશ્રી રડી ઊઠી.

"રાધે, શી દશા કરી નાખી ! હું તો ક્યાંય ગયો નહોતો. તારા ઉરસદનમાં, તારા અંતરના માયલામાં જ બિરાજતો હતો. આ તારો કેશકલાપ કેવો વીખરાઈ ગયો છે ! હવામાં તારાં આ ઝટિયાં કેવાં મસ્ત બનીને ઊડી રહ્યાં છે !"

"નંદગામના નટખટ નંદનંદન...વાતો બનાવવામાં તો એટલો બધો હોશિયાર છે કે બસ ! આ જો, સામે સરસ મજાનાં મધુમાલતી, ગુલાબ, ચંપો ખીલ્યાં છે. મારાં આ 'ઝટિયાં'ની બહુ દયા આવતી હોય તો સરસ મજાની વેણી ગૂંથીને મારા આ કેશકલાપમાં ગોઠવી દે."

"હું અને વેણી ? મને એવું ન આવડે. બહુબહુ તો ચંપો, મધુમાલતી અને ગુલાબનાં ફૂલો લાવી દઉં, તું એમાંથી વેણી બનાવ. હું તારા રૂપકડા ચહેરાનાં દર્શન કરતો રહું."

"જા, તારી સાથે કોણ બોલે ? એક વેણી બનાવી દેવામાંથી પણ જાય છે ! તારી રાધાની આટલી હોંશ પણ પૂરી નહીં કરે ?"........

અને, કુંભન બેટા, અપ્સરાકુંડની કદમખંડીની બડભાગી પુષ્પસૃષ્ટિમાંથી પુષ્પો ચૂંટી નટખટ કૃષ્ણકનૈયાએ વેણી બનાવી 'રાધારાણી'ના કેશકલાપમાં ગૂંથી દેતાં,

"અય રાધિકે ! આમ જો, કેવી સરસ લાગે છે ! વેણીથી તારા કેશકલાપની

દ ધીમેધીમે
જ એમના
માંડ્યું.
રતો અમને
ે મિલનની
ા સહેવાતો.
ાવ, કાના,

ર રાધાજીની
ભીડી દેતાં
ામાં એની

ન નીકળ્યા.
આવાજ :

ામાં અદશ્ય

ઉરસદનમાં,
ો વીખરાઈ
છે !"
ટલો બધો
લાબ, ચંપો
જાની વેણી

ાલતી અને
ા ચહેરાનાં

પણ જાય

ાસૃષ્ટિમાંથી
પમાં ગૂંથી

શકલાપની

શોભા અનોખી વધી ગઈ !"

"હવે આંખોની શોભા વધારી દે, મારા વ્હાલા !"

"આંખોની શોભા ?" કૃષ્ણકનૈયો હસીને બોલી ઊઠ્યો.

"આંખોમાં કાજળ અને મારી સેંથીમાં સિંદૂર લગાવી દે, જશોદાના જાયા !"

"કાજળ અને સિંદૂર અહીં ક્યાંથી લાવું, રાધારાણી...તું બહુ લાડ કરવા માંડી છો હોં !"– કાનુડો હસીને બોલ્યો.

"તું ચાલાક છો, લાલા... આ શિલા રહી. તારી કોમળ આંગળીઓ ઘસી જો, આ મારી શિલા તને સિંદૂર આપશે અને પેલી શિલા કાજળ..."

–અને પ્રિયતમાની હોંશ પૂરી કરવા શિલા પર આંગળી ઘસી ને સિંદૂરી શિલા સિંદૂરથી ઊભરાઈ ગઈ. કૃષ્ણ ભગવાને સિંદૂરી શિલા પાસે જ રાધાજીની સેંથીમાં સિંદૂર પૂર્યું અને બીજી શિલામાંથી કાજળ ઘસીને રાધાજીની આંખોમાં કાજળનું અંજન કર્યું.

કુંભન બેટા, આજે પણ સિંદૂરી શિલામાંથી સિંદૂર – આંગળીઓ ઘસો તો સિંદૂર ઝરતું જ રહે છે."

"કાકા, આપણા બાલકૃષ્ણલાલની લીલા જ અનેરી છે."

"અને બેટા, રાધાજીને પ્રસન્ન કરતા 'સાંવરે સલુને' રાધાજીની સંગાથે એક કુંડ તરફ સિધાવ્યા. હજી તો થોડાક આગળ ગયા ત્યાં રૂડી રાધાજીએ હળવેથી એમનો શ્રીહસ્ત કાનુડાને ખભે મૂકતાં થાકેલા ચહેરા સાથે બોલ્યાં–

"કાના, હું તો થાકી ગઈ છું."

"તો બિરાજો આ શિલા પર"– કૃત્રિમ ગુસ્સો કરતાં કાનજી બોલ્યા.

"મારાથી આગળ નહીં ચલાય, કાના.."

–અને ખભા પર રાધાજીને બેસાડવાની તૈયારી કરતા કાનજીના ખભા પર રાધાજી હજી તો બેસે, ત્યાં તો નટખટ કાનુડો ફરી અંતર્ધાન થઈ ગયો.

–અને રાધાજીના રુદને કદમખંડીની વનશ્રીને હચમચાવી મૂકી.

"હા નાથ, રમણશ્રેષ્ઠ, ક્વાસિ, ક્વાસિ મહાભુજ ।
દાસ્યાસ્તે કૃપણયા મે સખે દર્શય સન્નિધિમ્ ।।"

અને મદનમોહિની રાધારાણીના ઉત્કટ વિરહભાવથી છલકાતા રુદન આગળ ચૌદ લોકના નાથને ભીંજાવું પડ્યું અને ફરી પ્રગટ થઈ રાધારાણીને ખભે બિરાજમાન કરી, એ કુંડની દિશામાં આગળ વધ્યા. આ કુંડ તે રુદ્રકુંડ. કુંભન, આ કુંડ પાસે વિરહતાપમાં ઝૂરતાં ગોપીજનો – ગોપીઓ પણ આવી પહોંચી અને શ્રીયમુનાજીના તટે આવેલા જલદલકમલવત્ એવા આપણા ગામ જમુનાવતા ગામને ગોંદરે વિરહી ગોપીઓએ આંખમાંથી અશ્રુધારા વહેવડાવતાં માનવહૃદયમાંથી વહેતા ઉત્કટ વિરહરસનું – અદ્ભુત ગોપીગીતનું ગાન કર્યું :

"જયતિ તેધિકં જન્મના વ્રજ:
શ્રયત ઈન્દિરા શશ્વદત્ર હિ
દયિત દશ્યતાં, દિક્ષુ તાવકા–
સ્ત્વયિ ધૃતાસવ સ્વત્વાં વિચિન્વતે..

જેમજેમ ગીત પંક્તિઓના સહારે આગળ વધતું ગયું તેમ તે વિરહનો ભાવ વધુ ને વધુ વિકસતો ગયો અને, કુંભન ! એમાં પણ અંતિમ ચરણની–

વ્રજવનૌકસાં, વ્યક્તિરંગ તે
વ્રજિન હન્ગ્યલં, વિશ્વમંગલ

પંક્તિઓ હવામાં ગુંજી ઊઠી અને ગોપીજનોના વિરહભાવથી આકુળવ્યાકુળ થઈ ગયેલા 'મુરલીધર ઘનશ્યામ' બંસરી બજાવતા આમતેમ ભવાટવીમાં અથડાતાં વિરહીજનોની સામે પ્રગટ થયા અને, બેટા કુંભન !

સાંવરે ગિરિધારી કી જે...
રાધેરાણી કી જય....
મહારાણી કી જે....
કૃષ્ણકનૈયાલાલકી જે..."

–ના ગગનભેદી નાદથી વ્રજનું આકાશ ગુંજી ઊઠ્યું. બેટા કુંભન..."

"ચાચા, આ વાતોમાં ને વાતોમાં આપણે ગિરિરાજજીની દંડવતી શિલા સુધી પહોંચી ગયા અને આપણી ગાયો પણ ગિરિવનોમાં પહોંચી ગઈ. પરંતુ અરે, ચાચા...ચાચા... આપણી પેલી 'ધૂમ્મર' ગાય જુઓ તો, ક્યાં એકલી–એકલી જાય છે ?

"કુંભન, આજે 'ધૂમ્મર' પાછળ સંતાઈને જઈએ. રોજ ઓછું દૂધ આપતી આપણી આ માતાજી એકલી–એકલી ગિરિરાજજીના શિખર પર ક્યાં જઈ રહી છે એ જોઈએ તો ખરા !" – અને કાકો–ભત્રીજો દંડવતી શિલાને દંડવત્ કરી ગિરિરાજજી પર ચડવા લાગ્યા.

વિરહનો
ચરણની–

કુળવ્યાકુળ
અથડાતાં

મન..."
વતી શિલા
ગઈ. પરંતુ
લી–એકલી

દૂધ આપતી
જઈ રહી
દંડવત્ કરી

---

૨. ગિરિરાજ પે ભગવાન પ્રગટ ભયો

"અરે ઘૂમ્મર...વહાં કા જા રહી હો, ગૌઆ ? "

ગિરિરાજજી પર હળવા પગલે ઉપર ચડતાં ધરમદાસચાચાએ બૂમ પાડી.

પરંતુ 'ઘૂમ્મર' ગાય તો એની મસ્તીમાં, એનું મસ્તક ઘુમાવતી, ગળામાં પહેરેલી ઘંટડીના રણકારથી વાતાવરણને ભરી દેતી શ્રીગિરિરાજજી પર એની ઠૂમક–ઠૂમક ચાલે પર્વતારોહણ કરતી રહી.

"ચાચા, બૂમ ન પાડો. 'ઘૂમ્મર' ક્યાં જાય છે એ આપણે એની પાછળ પાછળ જઈને જોઈએ."

"અરે, કુંભન, આ 'આન્યોર' ગામના ગવલીઓ બડા ચાલાક છે. ગૌઆને ઘાસચારો ખવડાવી દોહી લેતા હશે "

"અરે, બાબા દોહી લેવા દ્યો. વ્રજવાસી તો છે ને !" – કુંભન બોલ્યો. ઓચિંતી એની નજર પર્વતમાળા પર પડી. એની 'ઘૂમ્મર' ગાય, એક નજર ચારેય દિશાઓમાં ઘુમાવતી, ચૂપચાપ એક શિલા પાસે જઈને ઊભી રહી ગઈ.

પ્રભાતના પહોરમાં ગિરિરાજજી પર માણસોની અવરજવર ખૂબ ઓછી હતી.

"ચાચા, સાવધાન !"– ગાયની દિશામાં આગળ વધતા ધરમદાસચાચાનો હાથ પકડી, કુંભને આગળ વધતા અટકાવી દીધા.

"અરે, કુંભન, શું વાત છે ?" ધરમદાસને ભત્રીજાનો અવરોધ સમજાયો નહીં.

"ચાચા, આ સામેની કદમખંડીમાં ચાલો. કદમખંડીની ઝાડીમાંથી 'ઘૂમ્મરી'નું દૂધ કોણ દોહી જાય છે એ જોઈએ. જુઓ, ઘૂમ્મરી આગળ વધતી અટકી ગઈ છે. નક્કી હમણાં જ આન્યોર ગામનો ગોપાલ એનું બોઘરું લઈને આપણી ગૌઆનું દૂધ દોહી લેવા આવવાનો." કુંભન બોલ્યો.

"આવવા દે...બેટાને.. એક ડાંગ માથામાં ફટકારી, એનું માથું જ ભાંગી નાંખું !" ધરમદાસચાચા એમના અસલ સ્વરૂપમાં આવી ગયા.

"શું તમે તે, ચાચા, ભગત થઈને આવું વિચારો છો ! આ ગાય આપણા આંગનની શોભા જરૂર છે, પરંતુ વ્રજભક્તોની ગરીબાઈ, લાચારી પર તરસ ખાતી, એનું દૂધ ગરીબ ગ્વાલોને આપી દેતી હોય તો ભલેને દે. કોઈક ગરીબ વ્રજવાસીના છોકરા ભલે 'દૂધ' ભેગા થતા."– કુંભને સ્નેહથી 'ચાચા'નો ગુસ્સો ઠંડો કરતાં કહ્યું.

"ચાલ, ભાઈ, તારી વાતેય સાચી છે. સબ ભૂમિ ગોપાલ કીની જેમ, સબ ગૌઆ વ્રજભક્તનકી, બસ..."

–અને કાકો–ભત્રીજો નજીકની કદમખંડીની ઝાડીમાં છુપાઈને ઊભા રહી ગયા. ઝાડીમાંથી ધૂમ્મર ગાય ખૂબ જ નજીકથી દેખાતી હતી. કુંભન અને ધરમદાસચાચાએ એક નજર આન્યોર ગામની દિશામાં નાખી. એમને હતું કે, ધૂમ્મર ગાયને તળેટીમાંથી જોતાં જ કોઈ ગોપાલ ગિરિરાજજી પર ચડીને ગાય પાસે આવશે, પરંતુ કોઈ દેખાયું નહીં.

"અરે અરે, ચાચા, આ જુઓ..'ધૂમ્મરી' તો દૂધ સ્રવવા માંડી !'

ધૂમ્મર ગાયનાં આંચળમાંથી દૂધની ધારા શિલા પર સાંબેલા–ધારે વહેવા માંડી. તળેટીમાં નર્તન કરતા મોરના ટહુકા -- આંબાડાળે બેઠેલી કોયલના ટહુકા, આકાશમાં છવાઈ ગયેલી ગુલાબી ઘટા...મંદમંદ વાતા પવનના હિલોળા દેતા સુસવાટા, પંખીઓનો કલરવ, પર્વત પરની ફૂલસૃષ્ટિની અનોખી મહેક – સમસ્ત વાતાવરણમાંથી પ્રસન્નતાની એક લહેર ઊઠી હોય એવું 'ચાચા–ભત્રીજા'ને લાગ્યું.

'ધૂમ્મર' ગાયની આંખોમાં પણ પ્રસન્નતાનું પૂર ઊમટ્યું હોય એમ, એ ખૂબ જ ધીમેથી ધૂનમાં આવીને એની ડોક હલાવતી હતી. ગળામાંની ઘંટડીનો રણકાર પણ કુંભન અને ધરમદાસને સંભળાતો હતો અને એ રણકાની સાથે ઘટક...ઘટક...ઘટક કોઈકના દૂધ પીવાનો અવાજ કાને પડતાં જ કુંભન આશ્ચર્ય સાથે ધરમદાસચાચાનો હાથ પકડી, ખૂબ જ ધીમા સ્વરે બોલી ઊઠ્યો :

"અરે, ચાચા, આ તો કોઈકનો દૂધ પીવાનો ઘટક ઘટક અવાજ આવે છે ને શું ?"

"હા હોં, કુંભન ! અને બીજી એક વાત તેં જોઈ ?"

"શું ?"

"દૂધની ધારાનું એક ટીપુંય ગોવર્ધન પર્વત પર દડતું દેખાતું નથી. માળું આ તો ભારે કૌતુક ! કુંભના, ચાલ તો 'ધૂમ્મરી' પાસે જઈને જોઈએ તો ખરા કે કોઈ શિલાની આગળ પાછળ છુપાઈને આપણી ગાયનું દૂધ તો પી લેતું નથી ને ?"

"ચાચા, કૌતુક તો ભારે છે ! કોને ખબર આપણી આ ભાગ્યશાળી ગાયનું દૂધ સ્વયં ગિરિરાજજી જ ગટગટાવી જતા ન હોય !"

"કુંભન, બાકી તો ગિરિરાજજી સ્વયં દૂધ પીતા હશે તો, બેટા, આપણાં

તો ધનભાગ્ય ધન ઘડી હોં ! હાલ્ય, ચોંપ રાખ. આપણને કદાચ 'ગોવર્ધન–બાપા'નાં દર્શનનો લાભ પણ મળશે."

કાકો–ભત્રીજો ઝાડીમાંથી બહાર નીકળી શિલા પાસે ગયા અને એમના આશ્ચર્ય વચ્ચે શિલાની પાછળ સાતેક વર્ષનું બાલસ્વરૂપ.. એ જ મસ્તીમાં ઘટક...ઘટક એના મોઢામાં ઘૂમ્મરી ગાયનું દૂધ પીતું હતું.

"વાહ...મારો ગોરધનનાથ..શું બાકી આ દીનહીન તારા ભક્તો પર દયા કરી છે ! "– કહેતાં કાકા–ભત્રીજા ઘટઘટ દૂધ પીતા – શિલાની પાછળ છુપાયેલા બાળક તરફ ધસી ગયા.

"કુંભન, બડો ધનભાગ તેરો હૈ કિ તૂ ઈસ લીલાકા ચાચા કે સાથ દર્શન કર રહો હૈ !" ગિરિરાજજીનો અવાજ કુંભનને કાને પડયો.

"ગિરિરાજજી બાપા...તમારી કૃપાનું જ આ પરિણામ છે."– કુંભન બોલી ઊઠ્યા અને આંખોમાંથી અશ્રુધારા વહાવતો રહ્યો. એનું કોમળ હૃદય આવી સરસ લીલાનાં દર્શન થતાં દ્રવિત થઈ ગયું.

"ચાચા, આ તો ગજબ થયું !"

"હા...બેટા, તું પુણ્યશાળી ભક્તજીવ છો. મારા વ્હાલા ગોવર્ધનનાથ તારી ભક્તિના કારણે આ ભૂતળ પર આવા કળિકાળમાં પ્રગટ થતાં તેનાં દર્શન કર, બેટા ! તારી પાછળપાછળ આજ તો આ અબુધ, અજ્ઞાની, ભવાટવીમાં આમતેમ આથડતા જીવને પણ શ્રીગિરિરાજધરણની આ લીલાનાં દર્શન થયાં. આરોગો પ્રભુ, આરોગો...ધનભાગ, ધન ઘડી કે અમ સેવકોને અને અમારી ઘૂમ્મર ગાયને આપનાં દર્શનથી ધન્ય કર્યા." ધરમદાસ બોલી ઊઠ્યા. એમના હૃદયમાં આનંદ સમાતો નહોતો. જિંદગીના અંતિમ ચરણકાળમાં શૈશવથી આજ પર્યંતની એમની ભક્તિનું – આ રસાનુભૂતિનું ફળ મળ્યું હતું. "આ બધું નટખટ નાનકડા કુંભન – તારે લીધે જ થયું છે." ધરમદાસ ચાચા બોલી ઊઠ્યા, આંખોમાંથી ભાવમિલનની આનંદરસાનુભૂતિની અશ્રુધારા વહાવતા...

'ઘૂમ્મર' ગાયનો દૂધનો સ્રાવ પૂર્ણ થયો, ત્યાં જ શિલામાંથી અવાજ ઊઠ્યો. બન્નેને સંભળાયો. બન્ને તંદ્રામાંથી જાગી ગયા.

"ધરમદાસ.. આ 'ઘૂમ્મર' ગાય સારસ્વત–કલ્પના નંદરાયજીના ઘરના કુળની ગાય છે. અને હું પૂર્ણ પુરુષોત્તમ...શ્રીગોવર્ધનધર પ્રગટ થયો છું. મારું નામ દેવદમન, ઇન્દ્રદમન અને નાગદમન છે. આ ઘૂમ્મર ગાય આન્યોરના સદુ પાંડેના વાડામાં બાંધી આવ કે જેથી રોજ સવાર–સાંજ સદુ પાંડે મને દૂધનો ભોગ ધરી જાય. કુંભન, તું તો મારો સખા છે, હું તારી ઉંમરનો જ છું. તું રોજ મારી સાથે રમવા આવજે. આપણે ગિરિરાજજી પર રમશું.'

"અરે, પ્રભુ વ્હાલા ગોવર્ધનધર ! આપનો કોમળ, મૃદુ સ્વર તો સંભળાયો. વ્હાલા, આપ ક્યાં બિરાજો છો ? અમને દર્શન આપી અમારું આયખું ધન્ય કરી નાખો, અમારા દેવદમન, ઇન્દ્રદમન, નાગદમન..." કુંભન અને

ધરમદાસચાચા ગદ્‌ગદિત સ્વરે બોલી ઊઠ્યા.

"આમ આવ, કુંભન...આમ આવો, ધરમદાસ, આ બાજુ, આ બાજુ...."

–અને અવાજના અણસારે કાકા–ભત્રીજા ધુમ્મર ગાય પાસે ગયા અને દૂધની ધારાથી પ્લાવિત એવી શિલાનાં દર્શન કરતાં જ બન્નેનાં હૈયાં નાચી ઊઠ્યાં. સમસ્ત અંગમાં અનોખી ધ્રુજારી ઊઠી...

આંખો સામે ગિરિકંદરાની એ શિલા પાછળ કુંભનની ઉંમરના જ સાત વર્ષના, આનંદઘન–સ્વરૂપ, કોટિકંદર્પ, મંદમંદ સ્મિત કરતા એક બાળકનાં કુંભન અને ધરમદાસને દર્શન થયાં. ગોળમટોળ ઘનશ્યામ સ્વરૂપ, નાનકડા બાળકની આંખોમાંથી વાત્સલ્યનાં ઝરણાં વહેતાં ગયાં. હોઠ પર હજી 'ધૂમ્મર' ગાયનું દૂધ ચીટકેલું હતું. વાંકડિયા વાળ અને શ્યામ વર્ણના બાળકની ઊંચે ઉઠાવેલી એ વામભુજા, અંતરના ઊંડાણમાંથી ઊઠતો પેલો... આમ આવ...કુંભન... આમ આવો ધરમદાસ..." વહાલાના ભક્તજનોને ઊંચો હાથ કરી બોલાવતી એ વામભુજાનાં અદ્‌ભુત દર્શન. કાકા–ભત્રીજાને થતાં બન્ને સાનભાન ગુમાવી આનંદની પરમલીલામાં મૂર્છિત થઈ ગયા. થોડા સમયમાં જ આંખો ખૂલી ગઈ.. 'ધૂમ્મર' ગાય હજી શિલા પાસે ઊભી હતી.

"ચાચા..." ભાનમાં આવતાં કુંભન બોલ્યો.

"બોલ, બેટા... કુંભન..."

"આપણા આ દેવદમનની આજ્ઞા થઈ છે, તો આન્યોર ગામના સદુ પાંડે દાદાને ત્યાં આપણી વ્હાલી 'ધૂમ્મર'ને એમના વાડામાં બાંધી આવીએ."

"હા, બેટા...ગોવર્ધનધરની આજ્ઞાનું પાલન કરવું એ આપણું સર્વપ્રથમ કર્તવ્ય છે."

"ધૂમ્મર મૈયા... ચલો, અબ સસુરાલ..અમે તને તારા જન્મથી જ પાળીપોષીને મોટી કરી. ઓ મારી મૈયા... તું કેટલી સદ્‌ભાગી કે ચૌદલોકનો નાથ તારા ધવલ દૂધની ધારાથી તૃપ્ત થઈ રહ્યો છે !"– બોલતાં કુંભન અને ધરમદાસ તળેટી ઊતરી આન્યોર ગામની દિશામાં આગળ વધ્યા.

"ચાચા... ગિરિરાજજીની તળેટીના 'આન્યોર' ગામનું નામ પણ કેવું વિચિત્ર છે, નહીં ?"– ટેવ મુજબ ગિરિતળેટી ઊતરતાં કુંભને એના ધરમદાસ ચાચાને પ્રશ્ન કર્યો.

"કુભન, સારસ્વત–કલ્પના દિવસોની આ વાત છે. બાલકૃષ્ણલાલે પ્રતિવર્ષ થતી ઇન્દ્રપૂજા બંધ કરાવી. શ્રીગોવર્ધનપર્વતનો મહિમા દર્શાવતાં વ્રજવાસીઓને સમજાવ્યું કે આપણો દેવ તો એ હોઈ શકે કે જે આપણું લાલનપાલન કરે, આપણને છાયા આપે, પ્રેમના ઝરણાનું પ્રદાન કરે, આપણી રક્ષા કરે. અને એ આપણો રક્ષણહાર તો છે આપણો ગોવર્ધનપર્વત. એની લીલીછમ ગિરિકંદરામાંથી ધનધાન્ય તેમજ શીતળતા મળે છે. ગાયો માટે તાજું ઘાસ, આપણા માટે કંદમૂલ અને તોફાનો સામે છત્ર બની અડીખમ ઊભો રહે છે. એવો શ્રીગોવર્ધન અમારો

દૈવ છે! અને યજ્ઞ કરવો હોય, પૂજા કરવી હોય તો શ્રીગોવર્ધન પર્વતની કરો. ઈન્દ્ર તો એના અહંને કારણે અતિવૃષ્ટિ અને અનાવૃષ્ટિ સર્જી આપણને ખેદાનમેદાન કરી નાખે છે. શ્રીનંદનંદનની વાત વ્રજવાસીઓના ગળે ઊતરી ગઈ. શ્રીગોવર્ધનપૂજા શરૂ થઈ. આજુબાજુનાં ગામડાંઓમાંથી ગાડાં ને ગાડાં ભરીને વૈવિધ્યસભર સામગ્રીના સૂંડલાના સૂંડલા ગિરિરાજજીના ચરણે ધરાવા માંડયા. આનંદના અતિરેકમાં વ્રજવાસીઓ તો પોકાર પાડવા માંડયા 'આનિ ઔર, આનિ ઔર' એટલે કે બીજું લાવો, બીજું લાવો અને ગિરિરાજજીની જે તળેટીમાંથી આવા આનંદોદ્ગાર ઊઠ્યા હતા એ સ્થાનને 'આન્યોર' નામે સૌ ઓળખવા માંડયા."

"અરે, પાંડેજી, છો કે ?"– ભગવદ્વાર્તા કરતાં–કરતાં કાકોભત્રીજો ગિરિરાજજીની તળેટીમાં આવેલા આન્યોર ગામમાં સદુ પાંડેજીના ઘર પાસે પહોંચતાં જ હેલો પાડયો.

ડેલીનું બારણું ખૂલ્યું.

એક જાજરમાન વ્યક્તિત્વ ધરાવતી વ્યક્તિએ એક પ્રૌઢ અને એક બાળકને એક ગાય સાથે આંગણામાં આવીને ઊભેલા જોઈ, એને આશ્ચર્ય થયું.

"આવો...અતિથિ...આજ મારું આંગણું પાવન કર્યું."

"સદુજી આપ જ...?" ધરમદાસે સદુ પાંડેના ચોતરા પર જમાવતાં પૂછ્યું.

"હા...જી...આપનો પરિચય ? આ નંદબાવાની વંશપરંપરાગત એવી 'ધુમ્મર' ગાય આપની છે ? ધન્ય થયો આજ આ પવિત્ર ગાયમાતાનાં દર્શન કરીને." સદુ પાંડેજી બોલ્યા.

ધરમદાસને આશ્ચર્ય થયું. સદુ પાંડે અને આન્યોર ગામ વિષે એમણે સારું એવું સાંભળ્યું હતું. આ ગામનો એ માલધારી હતો, મુખિયો હતો.

"સદુજી...અમે ગિરિરાજજી પર એક અનોખાં દર્શન કરીને આવ્યા છીએ. અમારો અનુભવ ગજબનો હતો." ધરમદાસે કહ્યું.

"હા, ચાચા... સાત વર્ષનો મારા જેવો છોરો શિલા પાછળ સંતાઈને અમારી આ ગાયનું દૂધ પીતો હતો !"– બાલસુલભ સ્વભાવના નિર્દોષ કુંભને "ચાચા"ના અનુભવને સાદીસીધી ભાષામાં મૂકતાં કહ્યું.

"શું અનુભવ થયો, ભક્તજન ?"

–અને ધરમદાસે સદુ પાંડેને આખોય પ્રસંગ કહી બતાવ્યો કે તરત જ સદુ પાંડે ચોતરા પર ઊભા થઈ, આનંદવિભોર થઈ નાચવા માંડયા અને મોટેમોટેથી કહેવા લાગ્યા : "અરે.. નરો, ભવાની, માણેકચંદ, જલદી આવો, અરે... ક્યાં ગયાં ? જલદી આવો !"

સદુ પાંડેનો પહાડી અવાજ સાંભળી એની દીકરી નરો, પત્ની ભવાની, માણેકચંદ તેમજ ગામના અન્ય વ્રજવાસીઓ દોડતાં આવી પહોંચ્યાં અને નાચતા–કૂદતા સદુ પાંડેની આજુબાજુ વીંટળાઈ ગયા.

"અરે, સદુબાબા, ક્યા બાતન હૈં ? ઈતનો શોર ક્યું મચાઈ રખિયોં ?"

વ્રજવાસીઓ સદુ પાંડેના આંગણે આવીને ઊભેલા અજાણ્યા અતિથિઓ અને જાજ્વલ્યમાન ગાયને જોતાં – સદુ પાંડેને આનંદવિભોર થઈ નાચતા–કૂદતા જોઈ આશ્ચર્યપૂર્ણ આંખે જોતાં બોલી ઊઠ્યાં.

"અરે... અપનો ગિરિરાજ પે ભગવાન પ્રગટ ભયો... ગોવર્ધનનાથ પ્રગટ ભયો... યે ધરમદાસજી ઔર ઈનકે ભતીજો દર્શન કરકે આયો... ચલો હમ ભી અપને ગોવર્ધનધરણકી ઝાંખી કરે..."

–સદુ પાંડેની વાત સાંભળી, આન્યોર ગામના વ્રજવાસીઓ પણ આનંદમાં આવી, નાચતા–ગાતા... ગિરિરાજજી પર ચઢતા...પેલી શિલા પાસે આવી પહોંચ્યા.

શિલાની અંદરના ભાગમાં નાના સાતેક વર્ષના બાળકનો અદ્‌ભુત ક્રાંતિકારક ચહેરો જોઈ એકાદ ક્ષણ તો ભાન ભૂલી ગયા.

"ધૂમ્મર" ગાય પણ ટોળામાંથી રસ્તો કરતી, એની નાજુક શિંગડીઓ હલાવતી, શિલા પાસે પહોંચી ગઈ અને શિલા પર ફરી એક વખત દૂધની ધારા સ્રવવા માંડી. નાનકડો નટખટ બાળક... બુચકારા મારતો દૂધ પીતો રહ્યો.

સૌ કોઈ નાનકડા દેહને નીરખી રહ્યા.

એક વૃદ્ધ અનુભવી વ્રજવાસીએ હાથ જોડીને નમ્રતા સાથે પૂછ્યું :

"મહારાજ, આપ ક્યા દેવ છો ?...અમારા સૌના પ્યારા ગિરિરાજજી પર આપનું સ્વાગત છે."

"હું આ પર્વતનો દેવ છું. મારું નામ દેવદમન, ઇન્દ્રદમન અને નાગદમન છે."

"દેવદમન, ઇન્દ્રદમન, નાગદમન ?" વૃદ્ધ વ્રજવાસી બોલી ઊઠ્યો.

"હા...હું દેવદમન છું. મારી આજુબાજુ બે દમન છે : નાગદમન અને ઇન્દ્રદમન. નાગદમન મારા શ્રીઅંગનો વામ હાથ છે અને ઇન્દ્રદમન મારા શ્રીઅંગનો જમણો હાથ. ડાબા ભાગમાં નાગદમન તે શ્રીયમુનાજીના સ્વરૂપમાંથી પ્રગટ થયા છે. મારી ચતુર્થ પ્રિયા યમુનાજી ડાબા ભાગમાં બિરાજી મારી સેવા કરે છે. દક્ષિણ દિશામાં – જમણા ભાગમાં ઇન્દ્રદમન એટલે કે આ ગિરિરાજપર્વતના સ્વરૂપમાંથી પ્રગટ થયા છે. આ ગિરિરાજજી ભક્તોના શિરોમણિ છે અને મધ્યમાં દેવદમન એટલે કે જેટલા અવતાર આ ભૂતલ પર થયા છે, જેવા કે શ્રીજગન્નાથજી, નારાયણદેવ....એ બધાનું માનમર્દન કરનાર શ્રીગોવર્ધનધર હું છું. તમે મારું પૂજન–અર્ચન કરતા રહો. નરો...હવેથી તું મારા માટે રોજ સવાર–સાંજ દૂધ લાવી આરોગાવીશ. અને તું, કુંભન બધાં જ મારી સાથે ખેલવા આવશો."– નાનકડા બાળકના મુખેથી મધુર વચનો સાંભળતાં વ્રજવાસીઓ એકી–અવાજે "શ્રીગોવર્ધનનાથ હમારો...શ્રીગિરિરાજ ધરણની જે...જે....જે...."

ે રખિયોં ?"
ા અતિથિઓ
ાચતા–કૂદતા

નનાથ પ્રગટ
લો હમ ભી

ણ આનંદમાં
વી પહોંચ્યા.
ો અદ્‌ભુત

શિંગડીઓ
દૂધની ધારા
ો રહ્યો.

છયું :
રાજજી પર

ા નાગદમન

ઠ્યો.
દમન અને
મન મારા
સ્વરૂપમાંથી
મારી સેવા
લે કે આ
. શિરોમણિ
ા છે, જેવા
ગોવર્ધનધર
માટે રોજ
ાથે ખેલવા
ઓ એકી–
...."

---

૩. શ્રીનાથજીના સખા : કુંભનદાસ

જમુનાવતા ગામના ચોરે ને ચૌટે બસ એક જ વાત થતી હતી : "અરે, ભૈયા, આન્યોર ગામના સદ્દુ પાંડેના ચોતરે એક મહાપુરુષ આવ્યા છે. શું એના દેહ પરની દૈવી કાંતિ છે ! સીવ્યા વગરના એક સૂતી વસ્ત્રમાં બિરાજમાન દૈવી મહાત્માની આંખોમાંથી કરુણાનો મહાસાગર છલકે છે ! સાંભળ્યું છે કે ગિરિરાજજી પર પ્રગટ થયેલા દેવદમને એમને સ્વપ્નામાં આવી, અહીં દેવદમન–દેવનું મંદિર બાંધવાની આજ્ઞા કરતાં ઝારખંડથી છેક પગપાળા મહાપુરુષ એમના ચારપાંચ ભક્તોને લઈને આવ્યા છે."

કુંભનદાસ એમના ચન્દ્રસરોવરના પરાસોલી ગામના છેવાડે આવેલા એમના ખેતરમાં એમની મસ્તીમાં બેઠાબેઠા, ગોવર્ધનગિરિધારીનાં પદો ગાતા હતા. ત્યાં એમના કાને આ શોરબકોર સંભળાયો. લોકોનાં ટોળેટોળાં આન્યોરની દિશામાં ગાડાવાટે, પગપાળા.....શ્રીગિરિરાજજીનો મહિમા ગાતાં જઈ રહ્યાં હતાં.

કુંભનદાસજીએ વહેતી સરિતાનાં નીર જેવાં ટોળાંને જતાં જોઈ અનોખો રોમાંચ અનુભવ્યો. હાથમાં બળદની રાશ હતી, એને ફેંકી એમની ઝૂંપડી તરફ દોડયા અને ઝૂંપડીના બારણે ઊભા રહેતાં પત્નીને બૂમ પાડતા બોલી ઊઠયા :

"અરે, સંભળાય છે કે ?"

"શું છે ?"– કહેતી છણકો કરતી કુંભનદાસની પત્ની એના લઘરવઘર વેશમાં બહાર ધસી આવી.

"અરે, આન્યોર ગામમાં કોઈ મહાન સંત પધાર્યા છે ! આ બધા એમનાં દર્શને જઈ રહ્યા છે. હું જાઉં છું. તારે આવવું છે ?" કુંભનદાસજી બોલી ઊઠયા.

"અરે, ઘરઆંગણે સંત પધાર્યા હોય તો એમનાં દર્શને તો આવવું જ હોય ને ! જરાક થોભો, હું ખેતરે પડેલો ઘાસનો ભારો લઈને આપણા પાડાને નીરી દઉં. પાછા ફરતાં મોડું થાય તો બિચારાં મૂંગાં પશુ ભૂખનાં માર્યાં ભાંભરડાં ન મારે."– વ્યવહારદક્ષ પત્ની બોલી ઊઠી.

"ચાલ... જરા ચોંપ રાખજે. મારું મન તો દોડીને એ સંતનાં ચરણમાં

આળોટવા માંડયું છે. આ ચરણને આધીન દેહ આહીં ઠઠયો રહ્યો છે."

"એ આવી..." કહેતી ચતુરસુજાન દોડીને ખેતરના એક ખૂણે પડેલો ઘાસનો ભારો ઊંચકીને આંબાના ઝાડની સાથે બાંધેલા પાડાને નીરતાં બોલી ઊઠી :

"લ્યો, બાપલા, લ્યો. એય...ને પેટ ભરીને ચરજો, મારા બાપલા, કોને ખબર પાછાં ક્યારે આવીએ !"

"ખાશે તારું ઘાસનું નીરણ. હવે ઝટ બહાર નીકળ." કુંભનદાસનો અધૂરિયો જીવ બોલી ઊઠ્યો.

"એ લ્યો મોર્ય થાવ. આ હું તમારે પગલેપગલે પાછળ આવું છું. આવડા મોટા માતમાનાં દર્શન કરશું તો આખો જન્મારો સુધરી જવાનો. આ તમેય તે બરાબર પગે લાગજો માતમાને ! આપણા પર પ્રસન્ન થઈ જશે ને તો જિંદગીમાં લીલાલહેર થઈ જશે !"

"વાત સાચી હોં. કોક માતમા જ એવા હોય કે એનાં દર્શને આ દુનિયાની મોહમાયા – બધાં જ બંધનો તૂટી જાય.... અને એમની કૃપાદષ્ટિ પ્રાપ્ત થતાં જનમારો સુધરી જાય."

"તે હેં ભગત...આવડા મોટા માતમા છે તે આશીર્વાદ તો આલશેને ?" – પત્ની બોલી ઊઠી.

"આશીર્વાદ તો આલશે જ ને ! ભાગ્યવાન..."

"હાશ...તો તો બહુ સારું... આ તો તમે ભગત માણસ છો... રાતદિ તમે ભલા...તમારાં ખેતરાં ભલાં...તમારાં ઢોરાં ભલાં ને રાતદિના રાગડા તાણતાં ગવાતાં પદો ભલાં... આ કેટલાંય વરહ પરણ્યે થ્યાં... પણ મારી કૂખ મૂઈ એવી ને એવી રહી. ખોળામાં, છાતી સાથે ઢબૂરી દઈ, નાનલા છોરાને રમાડવાનું ભાગ્ય પણ આ અભાગણીને ભગવાને આલ્યું નથ ! તે હું તો ખોળો પાથરી...સાષ્ટાંગ દંડવત્ પાયલાગણ કરતી એક જ વસ્તુ માંગીશ કે, બાપજી....આ ખોળો ભરાઈ જાય એવો એક છોરો આ અભાગણીને આલો, તો મારું હૈયું ભર્યુંભર્યું રહે."

"અભાગણી ! ખરેખર તું અભાગણી જ છો..." કહેતા કુંભનદાસ જેત ગામ પાસેના બહુલાવનથી પરણીને લાવેલી પત્ની સામે જોતાં બોલી ઊઠયા. એમની પત્ની લૌકિકનો જીવ હતી. લીલાસંબંધીનું એનું જ્ઞાન ઊંઠાં સુધીનું હતું. પરંતુ સંત પતિના સત્સંગમાં એનો ભગવાન ગોવર્ધનધર પર અનુરાગ સારો એવો વિકસ્યો હતો. પ્રભુપાઠમાં પતિની સાથે પ્રવૃત્ત એવી કુંભનદાસની પત્નીનો આટલાં વર્ષો પછી પણ ખોળો ખાલી હતો એનો ભારે રંજ હતો. વ્રજમાં આવતા બધા જ સાધુ, સંન્યાસી અને ભક્તજનો પાસે ખોળો પાથરીપાથરીને હવે તો થાકી ગઈ હતી. કુંભનદાસ તો એનામાં જ મસ્ત રહેતા. ખેતરોની ખુલ્લી હવામાં એમના પ્રભુનું ગુણગાન ગાતાં દિવસો વિતાવી રહ્યા હતા. પત્નીની લૌકિક માગણીની ઇચ્છા જાણી જતાં એ નિર્મોહી સંતનું હૈયું ચચરી ઊઠ્યું.

છે."
ડેલો ઘાસનો
ઊઠી :
ાપલા, કોને

નો અધૂરિયો

છું. આવડા
ાં તમેય તે
ો જિંદગીમાં

ા દુનિયાની
પ્રાપ્ત થતાં

ાલશેને ?"

.... રાતદિ
ડા તાણતાં
મૂઈ એવી
રમાડવાનું
તો ખોળો
રજી....આ
મારું હૈયું

નદાસ જેત
ી ઊઠ્યા.
ધીનું હતું.
ારો એવો
ો આટલાં
વતા બધા
થાકી ગઈ
ાં એમના
માગણીની

અરે જી... માયાનાં બંધનોથી જકડાયેલાં આપણે તો આવા સંતોની ચરણરજ લઈ બંધનો તોડવાનાં હોય, ત્યાં તું વળી જીવનમાં આ સંસારભાર વધારવાની ક્યાં માગણી કરીશ...રખે આવું માગતી..." કુંભનદાસે પત્નીને ચેતવણી આપતાં કહ્યું.

સંવત ૧૫૫૬ની એ વૈશાખી સવારના દિવસે આન્યોર ગામમાં સદુ પાંડેના ચોતરે બેઠેલા, ઝારખંડમાં અડધી રાત્રે સપનામાં ગિરિરાજજીની ગિરિકંદરામાં પ્રગટેલા શ્રીગોવર્ધનધરની આજ્ઞા સાંભળી દોડી આવેલા સંતનાં પ્રથમ દર્શને જ કુંભનદાસની આંખોમાં અશ્રુધારા વહેવા માંડી. હજી તો એ "મારા નાથ... મારા વ્હાલા... મારા પ્રભુ..."ના ઉચ્ચારો સાથે સંતનાં ચરણે ઢળી પડે, એ પહેલાં તો ચોતરા પરથી ઊભા થઈ સંતે કુંભનદાસને કહ્યું :

"કુંભનદાસ, તમે આવ્યા ? ક્યાં હતા આટલા દિવસ ?"

કુંભનદાસ તો સંતનાં વચન સાંભળી અનહદ આશ્ચર્યનો ભાવ અનુભવી રહ્યા. ગદ્ગદિત સ્વરે સંતનાં ચરણો પકડી લેતાં આટલું જ બોલ્યા :

"પ્રભુ, આ ભવાટવીમાં ભૂલા પડેલા અસંખ્ય જીવોમાંથી આપે આ દરિદ્ર, દીન જીવ પર કૃપા કરી...પોતાનો કરી બોલાવ્યો ! પ્રભુ ! ભવોભવનાં મારાં તો પાપ ટળી ગયાં."

"આપ મને શરણે લ્યો, બાપજી, શરણે લ્યો." કુંભનદાસના અવાજમાંથી વિરહી હૃદયનું આક્રંદ ઊઠ્યું અને એ સંતનાં ચરણે ઢળી પડ્યા.

"કુંભનભૈયા, સંકર્ષણ કુંડમાં તમે બન્ને સ્નાન કરી આવો, એટલે પાપહરણ શ્રીગિરિરાજજીના સાંનિધ્યમાં તમને અષ્ટાક્ષરમંત્રનું શ્રીવલ્લભ પ્રદાન કરશે."

શ્રીવલ્લભ સાથે પધારેલા દામોદરદાસ હરસાની, કૃષ્ણદાસ મેઘન, માધવભટ્ટ કાશ્મીરી, નારાયણદાસ કાશ્મીરી અને સિકંદરપુરવાસી રામદાસમાંના કૃષ્ણદાસ મેઘને કુંભનદાસને કહ્યું.

કુંભનદાસ એમની પત્ની સાથે સ્નાનાદિક વિધિ પતાવી શ્રીવલ્લભ પાસે આવ્યા.

"બાપજી, જમુનાવતા ગામના આ અકિંચન ખેડૂતને શરણે લ્યો, તો શ્રીગોવર્ધનનાથજીની સેવા કરતાં રહીએ."

શ્રીવલ્લભે યુવાન દંપતી સામે એમની કૃપાદૃષ્ટિ નાખી. એ આંખોમાંથી વહેતા કરુણાજળે કુંભનદાસના હૈયાને તૃપ્ત કરી દીધું. એ તો કરુણાના સાગરની અમીદૃષ્ટિ વહેવડાવતા શ્રીવલ્લભના પવિત્ર તેજોમય ચહેરાને જોઈ જ રહ્યા. અંતરના ઊંડાણમાંથી શ્રીકૃષ્ણ...શ્રીકૃષ્ણ...શ્રીવલ્લભ...શ્રીવલ્લભની મહાધૂન ઊઠવા લાગી. હૃદય દ્રવિત થઈ ગયું. આંખોમાંથી અશ્રુધારા વહેવા માંડી અને અંતરના ઊંડાણમાંથી ધૂન ઊઠી :

"શ્રીવલ્લભ તમારે શરણ...શ્રીજી તમારે શરણ..."

"કુંભનદાસજી, સંકર્ષણ કુંડમાં સ્નાન કરી તમે મારી પાસે બન્ને જણાં

આવ્યાં તો ખરાં, પરંતુ હું તો એક પામર જીવ છું. સાચા સગા તો શ્રીનાથજી છે – ગિરિરાજ પર બિરાજતો આપણા સૌનો ગોવર્ધનધર છે. એના શરણે જશો તો મનુષ્ય–દેહનો ઉદ્ધાર થઈ જશે. હું પણ જુઓને ઝારખંડથી આજ્ઞા થતાં અહીં દોડી આવ્યો છું. કુંભનદાસ, તમારે તો ઘરઆંગણે ગંગા વહે છે. ગોવર્ધનનાથ ગિરિરાજજી તમારા વચ્ચે બિરાજે છે."

"કૃપાનાથ, એમના સુધી દોરી જનારા તો તમે છો. તમારે જ અમને રસ્તો દેખાડી, ભક્તિનો પંથ દેખાડી, શ્રીગોવર્ધન સન્મુખ લઈ જવાના છે. અમ તો અભણ, અજ્ઞાની જીવ. અમારું શું ગજું તે શ્રીગોવર્ધનધરની સામે સીધા જઈને ઊભા રહી શકીએ ? આપ જેવા સંત–મહાત્માની કૃપા વગર – આપની લાકડીએ દોરાતા જ પ્રભુ પાસે પહોંચી શકીએ તેમ છીએ, માટે, કૃપાનાથ, અમને શરણે લ્યો."– હાથ જોડી કુંભનદાસે વિનવણી કરી.

શ્રીવલ્લભ કુંભનદાસ સામે જોઈ રહ્યા. લીલાના શ્રીઠાકોરજીના અર્જુન સખા ને રાત્રીની વિશાખા સખીને પારખી ગયેલા શ્રીવલ્લભે અષ્ટાક્ષરમંત્રનું દાન દીધું, બ્રહ્મસંબંધ કરાવ્યો અને શ્રીવલ્લભે પૂછ્યું :

"કુંભનદાસ, ગિરિકંદરામાં પ્રગટ થયેલા શ્રીગોવર્ધનનાથજીનાં દર્શન કર્યાં ?"

"કૃપાનાથ, આ 'જીવ' તો એવો ભાગ્યશાળી છે કે એ સાતઆઠ વર્ષના હતા ત્યારથી ગિરિકંદરામાં પ્રગટ થયેલા આપણા દેવદમન શ્રીગોવર્ધનનાથજી એમને એમની સાથે રમવા બોલાવે છે. એ તો શ્રીજીબાવાના સખા છે." સદુ પાંડે બોલી ઊઠ્યા.

"કુંભનદાસ, તમે તો અમારાથી પણ વધુ ભાગ્યશાળી કૃષ્ણસખા છો ! ચાલો તળેટીમાં શ્રી ગોવર્ધનનાથજીનાં દર્શન કરવા."

–અને શ્રીવલ્લભ કુંભનદાસને લઈને એમની મંડળી સાથે ગિરિતળેટીમાં બિરાજતા શ્રીગોવર્ધનનાથજી પાસે પહોંચ્યા :

"મારા વ્હાલા નાથ... આ લીલાના જીવ પરમ ભગવદીય ભોળાભલા તમારા સખા કુંભનદાસને તમને સોંપવા આવ્યો છું." શ્રીવલ્લભે કુંભનદાસના માથે એમનો પ્રેમાળ હાથ મૂકી, શ્રીજીબાવા સમક્ષ મસ્તક નમાવતાં નિવેદન કર્યું. કુંભનદાસ તો શ્રીવલ્લભના હસ્તનો સ્પર્શ થતાં જ ભાવવિભોર બની આનંદોર્મિથી છલકતા શ્રીગોવર્ધનનાથજીને દંડવત્ પ્રણામ કરતા ગાઈ ઊઠ્યા :

"પ્રભુ આયો શરણ તુમ્હારે..."

–અને શ્રીવલ્લભ આશ્ચર્ય સાથે કુંભનદાસ સામે જોતાં બોલી ઊઠ્યા :

"અરે, કુંભનદાસજી તમે તો કવિ છો ને ?"

"કૃપાનાથ, કાલુઘેલું અંતરમાંથી સ્ફુરે તેવું આ મારા ગોવર્ધનનાથ પાસે ગાઈ નાખું છું."

"કુંભનદાસ, આજના મિલનનું, આજના પ્રસંગનું એકાદ પદ આપણા

ગિરિરાજધરણને ચરણે સાદર કરો."

"જેવી કૃપાનાથની આજ્ઞા."– કહેતાં હર્ષાન્વિત કુંભનદાસ આંખો મીંચી ગયા. હૈયું આનંદના તારે ઝણઝણી ઊઠ્યું. ગિરિરાજજીની ગિરિકંદરાનાં વૃક્ષો પર બિરાજેલી કોયલ ટહુકી ઊઠી અને સાથે ટહુક્યો કુંભનદાસનો મીઠો કંઠ–

સાંજ કે સાંચે બોલ તિહારે
રજની અનત બસે નંદનંદન આયે નિપટ સવારે
ઓઢે લાલ ઓઢણી સુંદર, પીરે વસન વીસારે
કુંભનદાસ પ્રભુ ગોવર્ધનધર, ભલે બચન પ્રતિપારે

કુંભનદાસના હૃદયના ઊંડાણમાંથી ભક્તિસરિતાની ધારા શબ્દો દ્વારા વહેવા માંડી. અંતરની ઓળખનાં શબ્દપંખીઓ શ્રીગોવર્ધનનાથજીનાં ચરણોમાં પાંખો પ્રસારતાં સ્થિર થઈ ગયાં.

શ્રીવલ્લભ કીર્તન સાંભળી ખૂબ જ પ્રસન્ન થયા. શ્રીવલ્લભે પ્રભાતના ફાટતા પ્હોમાં કુંભનદાસના પદ સાથે શ્રીઠાકોરજીને જગાડ્યા. શ્રીગોવર્ધનધર એમના પ્રાણપ્યારા શ્રીવલ્લભનાં ચરણ આગળ હાથ જોડી ઊભેલા એમના સખા કુંભનદાસને જોઈ પ્રસન્ન થયા.

"કુંભનદાસ, તમારો જન્મારો સફળ થઈ ગયો. આજથી તમે શ્રીજીબાવાને રાતદિવસ આવાં કીર્તનો–પદો સંભળાવી પ્રસન્ન કરતા રહો. મારા તમને અશીર્વાદ છે."

"કૃપાનાથ, તમારી કૃપાનો કોઈ પાર નથી ! અબુધ, અકિંચન એક ખેડૂતની ભવાટવીનો માર્ગ આપનાં વચનામૃતે અજવાળી દીધો ! મારા ગોવર્ધનનાથનાં ચરણે મારી કાલીઘેલી ભાષાનાં પદો સમર્પિત કરવાની આજ્ઞા આપી મને કૃતાર્થ કર્યો, પ્રભુ, કૃતાર્થ કર્યો !"– કુંભનદાસની દીનતા દ્રવિત થતી બોલી ઊઠી.

"મહારાજ, આપે મારા સ્વામીનાથને તો મનગમતા આશીર્વાદ આપ્યા, પણ આ દાસીને પણ કશુંક દાન કરી કૃતાર્થ કરો, કૃપાનાથ !" કુંભનદાસની ભલી, ભોળી ભાર્યા શ્રીવલ્લભનાં ચરણારવિંદમાં ઢળી પડતી બોલી ઊઠી.

"અરે.. તારે શેની ખોટ છે ? આવો સારો ભક્ત પતિ તને તો મળ્યો છે ! જિંદગીમાં 'સત્સંગ'નો રસ માણતી, એની સાથે પ્રભુસ્મરણ કરતી ભવાટવી પાર કરી જા... શેની ખોટ છે તારે ?" શ્રીવલ્લભે એમનું પુલકિત હાસ્ય ચહેરા પર વિલસાવતાં પુછ્યું.

"કૃપાનાથ, આપ જેવા મહાપુરુષની પવિત્ર ચરણરજની પ્રાપ્તિથી – કૃપાથી બધી વાતે સુખી છીએ. હિલોળા લેતાં ખુલ્લાં ખેતરોની વચ્ચે મરચું–રોટલો ખાઈ સુખચેનથી શ્રીગોવર્ધનધરની છાયામાં આનંદથી જીવી રહ્યાં છીએ. પરંતુ, પ્રભુ, અંતરમાં એક ઇચ્છા છે, તે આપ જ પૂરી કરી શકો તેમ છો."– ધીમેથી કુંભનદાસની પત્નીએ અંતરમાં રમતી વાતને શ્રીવલ્લભ સમક્ષ રમતી કરી.

કુંભનદાસ ધ્રૂજી ઊઠ્યા. અંતરમાં અવઘોળાટ સર્જાઈ ગયો.

"નક્કી આ બાઈ ખોળાનો ખૂંદનાર આ સંત વિભૂતિ પાસે માગી, સંસારની

જળોજથા વધારી દેશે." એ મનોમન કંપતા સ્વરે બોલી ઊઠ્યા.

"ગુરુદેવ, કાંઈ....કાંઈ ઇચ્છા નથી. અમે તો સુખી છીએ અમારા જમનાવતા ગામમાં. ચાલ, ઊઠ રે ભાગ્યવાન, આપણી ગૌમાતાઓ બિચારી ભૂખીતરસી આપણી રાહ જોતી હશે." કુંભનદાસ બોલી ઊઠ્યા.

"જોયુંને, ગુરુદેવ ! પોતાને આપના અણમોલ આશીર્વાદ – શ્રીજી પાસે કીર્તનસેવા કરવાની આજ્ઞા મળી ગઈ એટલે કેવી એમને ગાયો સાંભરી – ખેતર સાંભર્યું ? પણ, બાપજી, મારી એક જ ઇચ્છા છે.... મારો ખોળો ખાલી છે. ગામ આખું મને બજારમાં જોવે છે ને નજર ફેરવીને આ તો વાંઝણી છે એવું મહેણું મારે છે ! તો, પ્રભુ, કૃપા કરી મારી ખાલી કૂખને ઉજાળી દે એવો ખોળાનો ખૂંદનાર આલોને, બાપજી... એય આપણા શ્રીગોવર્ધનધર હાર્યે ખેલશે, ખાશે, પીશે ને એના બાપની જેવાં કીર્તનો કરી વ્હાલા ગિરિરાજધરણને રીઝવશે, એની સેવા કરશે." – કુંભનદાસની પત્નીએ હળવા સાદે શ્રીવલ્લભને ચરણે ખોળો પાથરતાં કહ્યું.

"ચિંતા ન કર, તારે ત્યાં એક નહીં સાત પુત્રો થશે. મારા ગોવર્ધનનાથને સદાય પ્રાર્થના કરતી રહેજે. એની પ્રદક્ષિણા કરતી રહેજે. એ તારા પર જરૂર કૃપા કરશે." શ્રીવલ્લભ સ્મિત વહેવડાવતા બોલી ઊઠ્યા.

આચાર્યચરણની આશીર્વાદપૂર્ણ વાણી સાંભળી કુંભનદાસના ચહેરા પર નારાજગીના ભાવો ઊપસી આવ્યા. પત્નીને ઠપકો દેતાં બોલી ઊઠ્યા :

"અરે.. ગાંડી, મારી ભાગ્યવાન ! આપણા શ્રીવલ્લભ પાસે તો રત્નોના ભંડાર ભર્યા છે. સકળ જીવનને અજવાળી દે તેવાં મૌક્તિકોનો ખજાનો એમની પાસે ભર્યો છે. અને તેં–તેં મૂરખે પથરા માગ્યા ! અરે, માગવા જ હતા તો ઠાકોરજીને માગવા હતા ને....આપણા શ્રીવલ્લભ એવા કૃપાળુ છે કે એ એમના વ્હાલા ઠાકોરજીને એક વાર તો તારા ખોળામાં પધરાવી દેત...પણ, હે અબુધ જીવ, તું તો સાવ આછકલી, લૌકિક સાગરમાં ડૂબેલી ભાર્યા નીકળી !"

"કુંભનદાસ, આવાં વચનો ન કાઢો. મારા આશીર્વાદ પાછળ પણ મારા વ્હાલાનો કાંઈક સંકેત જરૂર હશે." શ્રીવલ્લભ બોલ્યા.

"પણ, પ્રભુ...." કુંભનદાસ આગળ બોલતા અટકી ગયા.

"કુંભનદાસ, મનનો રંજ કાઢી નાખો. સાચા ભક્તની એ જ તો કસોટી છે, ખૂબી છે, સંસારમાં રહીને પણ વિરક્ત રહેવાની. શ્રીકૃષ્ણનો દરેક ભક્ત સંસારી જ હોવાનો. સંસારની અદ્ભુત અગોચર લીલામાં નિર્મળ સ્વચ્છ જલકમલવત્ રહી, સંસારકાર્ય કરતાં–કરતાં ઈશ્વર સાથેનું, વ્હાલા સાથેનું અનુસંધાન જાળવી રાખે એ જ સાચો ભક્ત છે."

"કૃપાનાથ, આપની વાણીએ મને ખૂબ જ પ્રેરણા આપી. ચાલ ભાગ્યવાન... આજનો તો દિવસ જ ધન્ય થઈ ગયો !"

"એ બધી આપણા શ્રીવલ્લભની કૃપા... શ્રીગોવર્ધનધરની પ્રેરણા..."

–અને દંપતીએ જમનાવતાની વાટ પકડી.

છીએ અમારા
તાઓ બિચારી

– શ્રીજી પાસે
ભરી – ખેતર
ચાલી છે. ગામ
ેવું મહેણું મારે
ળાનો ખૂંદનાર
પીશે ને એના
ાવા કરશે." –
ાં કહ્યું.
ગોવર્ધનનાથને
ારા પર જરૂર

ા ચહેરા પર
ઠ્યા :
ા તો રત્નોના
જાનો એમની
જ હતા તો
કે એ એમના
ા, હે અબુધ
ળી !"
ા પણ મારા

ા તો કસોટી
દરેક ભક્ત
ર્મળ સ્વચ્છ
નું અનુસંધાન

ાપી. ચાલ

ારણા..."

---

૪. 'નેહ' નો 'નેડો' લાગ્યો

"અરે ભાગ્યવાન... મૈં તો ચલો આન્યોર..."

વહેલી સવારે કુંભનદાસ સ્નાનદિક કાર્યથી પરવારી, હાથમાં લાકડી, ખભે ફાટલો ખેસ, સાંધેલું ધોતિયું અને બંડી પહેરી "ગિરિરાજ ધરણ પ્રભુ તમારે શરણ"નો જાપ જપતા ગિરિરાજની તળેટીમાં આન્યોર ગામમાં બિરાજેલા શ્રીવલ્લભની સેવામાં રોજ "અરે ભાગ્યવાન, મૈં તો ચલો આન્યોર"– કહેતા ચાલી નીકળતા.

વ્રજમંડળમાં જ્યારથી શ્રીવલ્લભ પધાર્યા હતા અને આન્યોર ગામના ઓટલે બેસી, શ્રીમદ્ ભાગવત સપ્તાહનું પારાયણ કરતા હતા ત્યારથી એ વિસ્તારની હવા જ બદલાઈ ગઈ હતી. શ્રીવલ્લભની મધુરવાણીમાંથી "શ્રીજીબાવા"ની વ્રજમંડળ પર થયેલી અનહદ કૃપાની વાત કરતાં–કરતાં શ્રીગોવર્ધનધરના મુખારવિંદનું, એમની લીલાનું વર્ણન કરતાં ભાવવિભોર થઈ ઘણીવાર તો તંદ્રામાં – મૂર્છાવસ્થામાં સરી પડતા.

"કૃપાનાથ, તમારે શરણે આવી ગયો છું. આપની, શ્રીજીની કાંઈ સેવાનું દાન, પ્રભુ ?"

સદુ પાંડેના ચોતરે વહેલી સવારે પ્રાતઃકર્મ પતાવી, ગિરિરાજધરણને મંગળભોગ આરોગાવવાની તૈયારી કરતા શ્રીવલ્લભ એમના ભક્તોથી વીંટળાઈને બેઠા હોય ત્યાં જ કુંભનદાસ આવી પહોંચતા અને શ્રીવલ્લભને સાષ્ટાંગ દંડવત્ કરતા શ્રીવલ્લભ તેમજ શ્રીજીબાવાની સેવાનું અનુદાન કરવાની શ્રીવલ્લભને વિનંતી કરતા શ્રીવલ્લભના ચરણ પાસે બેસી જતા.

"કુંભનદાસજી..."

"આજ્ઞા, કૃપાનાથ !"

"શ્રીગોવર્ધનનાથજીનું શ્રીગિરિરાજજી પર એમની સુખાકારી માટે, સેવા માટે એક મંદિર બાંધવાનું છે."

"કૃપાનાથ, વિચાર ઉત્તમ છે. આપશ્રી સેવા ફરમાવો."

"તમારે મંદિર સિદ્ધ થઈ જાય એટલે કીર્તનસેવા કરી આપણા શ્રીગોવર્ધનનાથજીને પ્રસન્ન રાખવાના છે. આજ પણ તમે લીલાનાં દર્શન કરાવતાં પદો રચીને શ્રીજીબાવાને પ્રસન્ન તો કરો જ છો."

"શ્રીવલ્લભ આપની કૃપાનું પરિણામ છે. મારું તો એમાં કોઈ કૌશલ્ય નથી." કુંભનદાસ બોલ્યા.

"સદુ પાંડે, માણેક પાંડે, રામદાસજી આવી ગયા ?" શ્રીવલ્લભે પૃચ્છા કરી.

"આવતા જ હશે." સદુ પાંડે અપ્સરા કુંડ પાસેની એક ગુફામાં રહેતા રામદાસ માટેનું હજી તો વાક્ય પૂરું કરે ત્યાં તો રામદાસ ચૌહાણ આવી પહોંચ્યા અને શ્રીવલ્લભને દંડવત્ કરતાં બોલી ઊઠ્યા :

"આજ્ઞા, ગુરુદેવ...સેવક હાજર છે."

"રામદાસ, કુંભનદાસ, સદુ પાંડે, માણેક પાંડે, તમારાં સૌનાં અહોભાગ્ય છે કે શ્રીગિરિરાજજીની કંદરામાંથી શ્રીગોવર્ધનનાથજીનું પ્રાગટ્ય થયું. પ્રભુએ મારા પર અનહદ કૃપા કરી. બુંદેલખંડમાંથી મને એમની પ્રાગટ્ય-લીલા માટે નિમિત્ત બનાવી બોલાવ્યો. હવે આપણે શ્રીજીબાવાનું મંદિર સિદ્ધ કરી, એમને પાટે બેસાડીને સેવાપ્રકાર શરૂ કરવાનો છે. રામદાસ, તમારે આ કાર્ય ઈશ્વરકૃપાથી પાર પાડવાનું છે."

"આપની આજ્ઞા પ્રમાણે મંદિર સિદ્ધ કરવાનો પ્રારંભ, કૃપાનાથ, આજથી જ કરીએ." રામદાસ ચૌહાણ બોલી ઊઠ્યા.

એમના હૈયામાં શ્રીવલ્લભે સોંપેલા કાર્યભાર માટેનો આનંદ છલકાતો હતો. ચહેરા પર પ્રસન્નતા છવાઈ ગઈ હતી.

"ચાલો ત્યારે શુભસ્ય શીઘ્રમ્" કહેતા શ્રીવલ્લભ એમના સ્થાન પરથી ઊભા થયા અને કુંભનદાસ તરફ કૃપાદૃષ્ટિ કરતા બોલી ઊઠ્યા :

"કુંભનદાસ, ગિરિરાજજીની ધૂન ગાતાં-ગાતાં ચાલો આપણે કાર્યનો પ્રારંભ કરીએ."

"ગિરિરાજધરણ પ્રભુ તમારે શરણ"ની ધૂન સાથે શ્રીવલ્લભ દામોદરદાસ હરસાણી, માધવ કાશ્મીરી, કૃષ્ણદાસ મેઘન, કુંભનદાસ, સદુ પાંડે, રામદાસ, માણેક પાંડે ઇત્યાદિ વૈષ્ણવો સાથે ગિરિરાજજીની કંદરામાં બિરાજતા દેવદમન – શ્રીગોવર્ધનધર પાસે પહોંચ્યા અને હસતે વદને બોલ્યા :

"બાવા, ચાલો, આજ તો અમારો અહોભાગ્યનો દિવસ છે. તમારી આજ્ઞાનુસાર અમે મંદિર સિદ્ધ કરી રહ્યા છીએ."– કહેતાં શ્રીવલ્લભે એમના કોમળ હસ્તે ગિરિકંદરામાંથી શ્રીજીબાવાને છાણમાટીના રામદાસજીએ તૈયાર કરી નાખેલા ઓટલા પર બિરાજાવ્યા. કુંભનદાસના મુખેથી શ્રીજીબાવાની શ્યામમનોહર મુખાકૃતિનાં દર્શન થતાં જ–

"માઈ મેરે સ્યામ લગ્યૌ સંગ ડોલે"–નું પદ સરી પડ્યું અને પદની

અંતિમ પંક્તિ–

"કુંભનદાસ પ્રભુ શ્રી ગોવર્ધનધર
હંસ હંસ ઘૂંઘટ ખોલે"

–ગાતાં એટલા ભાવવિભોર બની ગયા કે આંખોમાંથી હરખની અશ્રુધારા વહેવા માંડી.

શ્રીવલ્લભે પ્રસન્ન ચહેરે ભાવવિભોર કુંભનદાસ સામે કૃપાદષ્ટિ કરતાં–કરતાં શ્રીહસ્તથી એક ઈંટ લઈ ઈંટોનું નાનું મંદિર બાંધવાનું મુહૂર્ત કર્યું. શ્રીવલ્લભની પાછળપાછળ સમસ્ત વૈષ્ણવગણે એકએક ઈંટ ગોઠવી, રામદાસજીની નિગેહબાની નીચે મંદિર તૈયાર કર્યું અને સંવત ૧૫૫૫ના વૈશાખ શુદ ત્રીજના દિવસે શ્રીવલ્લભે શ્રીનાથજીને તેમના નાના મંદિરમાં પાટે બેસાડી, તેમને સાદા શૃંગાર ધરાવી, શ્રીહસ્તથી જ સામગ્રી સિદ્ધ કરીને આપશ્રીએ શ્રીગોવર્ધનનાથજીને પહેલી વાર અન્નસામગ્રીનો ભોગ ધર્યો ત્યારે સમસ્ત વ્રજમંડળનો વૈષ્ણવ–સમુદાય આનંદવિભોર થઈ એકીઅવાજે...

"શ્રીગોવર્ધનનાથ કી જે.....
શ્રીનાથજીબાવા કી જે....
શ્રીગિરિરાજધરણ કી જે...."

–નો જયજયકાર કરતો નાચવા માંડયો. કોકિલ, મોર, બપૈયાએ એમના સૂરીલા કલરવથી ગિરિકંદરાઓ ગજાવી દીધી. મોર કલા કરી એની પાંખોના પંખા કરી શ્રીજીબાવાની સમક્ષ નાચવા માંડયા. આ પહેલાં શ્રીજીબાવા સદુ પાંડેની નરોના હાથના દૂધનો ભોગ જ આરોગતા. સામગ્રીનો નેગ ધરવાની શરૂઆત કરતાં શ્રીમદ્ વલ્લભાચાર્યજીએ એકત્રિત વૈષ્ણવ–સમુદાય સમક્ષ શ્રીજીબાવાની સન્મુખ રામદાસ ચૌવ્હાણને ખડા કરી દેતાં કહ્યું :

"મારા વ્હાલા ગોવર્ધનધર, આપની આજ્ઞાનુસાર આ અકિંચન સેવકે સાદાસીધા છાપરા નીચે નાનકડું મંદિર સિદ્ધ કરી, આપની સેવા કરવાનો પ્રારંભ કર્યો છે અને આપના પરમભક્ત રામદાસ, આપે જ સપનામાં એમને કરેલી આજ્ઞા મુજબ, મારા સેવક બ્રહ્મસંબંધ લઈને થયા છે, તે તમારી સેવા કરશે. રામદાસ, આજથી શ્રીજીનાં સર્વ સુખોનો વિચાર કરી, પૂર્ણ ભક્તિભાવ સાથે શ્રીનાથજીની સેવા તમારે કરવાની છે."

"જેવી આજ્ઞા, પ્રભુ, આપના અનુગ્રહે મારી જિંદગીની ખુશીનાં દ્વાર ખોલી નાખ્યાં, ગુરુદેવ ! આપે દર્શાવેલા સેવાપ્રકારથી હું યથાશક્તિ મારા ગોવર્ધનધરની તન, મન અને ધનથી સેવા કરતો રહીશ."

"કુંભનદાસજી, સૂરદાસજી, તમે તો શબ્દોના સ્વામી છો. પ્રભુલીલાનાં પદોથી મારા વ્હાલાનું ચિત્ત પ્રસન્ન રાખવાનો કાર્યભાર હું તમને સોંપું છું. મંગળા, ગ્વાલ, શૃંગાર, રાજભોગ ઇત્યાદિ સમા–સમાનાં દર્શનના ભાવોને અનુરૂપ તમારી પદરચનાઓ આપણા ગિરિરાજધરણને ચરણે રોજ સમર્પિત કરતા રહેજો."

ગૌઘાટથી ગોકુલ થઈ, શ્રીમદ્ વલ્લભાચાર્યજી સાથે આવેલા સૂરદાસ અને જમનાવતાના કુંભનદાસ તો શ્રીવલ્લભની આજ્ઞાનું શ્રવણ કરતાં જ હરખઘેલા થઈ નાચવા માંડ્યા. બન્નેને શ્રીજીબાવાનાં પ્રથમ દર્શને જ 'નેહ'નો 'નેડો' એટલો લાગી ગયો હતો કે, રાત–દિન, હાલતાં–ચાલતાં, ઊંઘતાં–જાગતાં બસ કોઈ ને કોઈ 'લીલા'નાં પદો એકલા–એકલા ગાતા જ હોય.

સૂરદાસજીએ એ વખતે જ શ્રી વલ્લભની આજ્ઞા અનુસાર "અબ મૈં નાચ્યો બહુત ગોપાલ"નું પદ રચીને શ્રીનાથજીની સમક્ષ ગાયું, તો કુંભનદાસજીએ શ્રીગોવર્ધનનાથજીના અદ્‌ભુત સ્વરૂપના દર્શનનું–

"રૂપ દેખિ નૈનનિ પલક લાગૈં નહીં
ગોવરધન અંગ અંગ પ્રતિ
જહાં હી પરતિ દૃષ્ટિ રહતી તહીં

–પદ રજૂ કરી, શ્રીગોવર્ધનનાથજી અને શ્રીવલ્લભના મનને હરી લીધું.

"વાહ, કુંભનદાસ, તમે તો ખૂબ જ ભાગ્યશાળી છો કે પ્રભુએ તમને પહેલેથી જ પ્રમેયબલનો અનુભવ કરાવ્યો. તમે સદા હરિરસમાં મગ્ન રહેશો."

"કૃપાનાથ, મને તો એ જ રસનો અનુભવ સર્વોપરી સ્વરૂપે આપ કૃપા વરસાવી આપતા રહો કે યુગલસ્વરૂપનાં વિવિધ દર્શન મારો ગોવર્ધનનાથ મને કરાવે અને હું મારા શબ્દોમાં એને મઢી લઉં." કુંભનદાસ બોલ્યા.

–અને શ્રી ગોવર્ધનનાથજીને દંડવત્ કરી શ્રીવલ્લભ પૃથ્વી–પરિક્રમામાં પધાર્યા.

૫. શ્રીજીબાવાની ચિત્રવિચિત્ર લીલાનું એક કમળ

"ભાગો....ભાગો... યવન કી સેના જમુનાકી બાઢ જૈસી આ રહી હૈ !"

"કઈ મંદિરોં કા ધ્વંસ કરકે યવન સરદાર ગિરિરાજજીકી ઔર આ રહા હૈ."

"હજારોંકી તાદાત મૈં સૈનિકોને દીનહીન ગરીબ બ્રજવાસિયોંકી કતલ કી હૈ."

"સાક્ષાત્ રુદ્રકા અવતાર હૈ અવતાર..."

દિલ્હી અને આગ્રા વચ્ચેનો સમસ્ત વિસ્તાર ખૂનામરકી, હિંસા અને ત્રાસના એક પ્રચંડ વાવાઝોડા નીચે સપડાઈ ગયો હતો. ચારે દિશાઓમાંથી યવનોએ કરેલી નિર્દય કત્લેઆમના, મંદિરોના ધ્વંસના સમાચાર ગિરિરાજજીની ભોમકામાં આવી રહ્યા હતા.

મધ્યરાત્રે, ભરઊંઘમાંથી કુંભનદાસ ઝબકીને જાગી ગયા.

"અરે....અરે...દોડો...દોડો..."– એ અર્ધનિદ્રા, અર્ધજાગ્રત અવસ્થામાં બેબાકળા સ્વરે બોલી ઊઠ્યા.

"શું થયું ? નાથ, આમ ઓચિંતા હાકળબાકળ જાગી ગયા ?" પતિની ચીસ સાંભળી જાગી ઊઠેલી પત્ની બોલી ઊઠી.

"ભાગ્યવાન, બહાર જો તો ! આપણું ખેતર કોઈ ખૂંદી રહ્યું છે. ઘોડાના ડાબલાના અવાજ તને સંભળાય છે ? બંદૂકના કડાકાભડાકાનો અવાજ તારા કાને નથી સંભળાતો ? અરે અરે, આ તો લોહીની નદીઓ ધસમસતી આપણા ખેતરમાં, આપણા ઝૂંપડામાં આવી ગઈ ! ઊઠ, ભાગ્યવાન, દોડ, જલદી દોડ. મારા શ્રીજીબાવાના મંદિર તરફ યવનની સેના ધસી રહી છે ! મારા શ્રીવલ્લભે બાંધેલું મંદિર હમણાં જ આ કાળમુખાની ક્રૂરતાથી તૂટી પડશે ! એમાં બિરાજતા મારા ગોવર્ધનનાથજીનું શું થશે ? મારી લાકડી લાવ, હું જાઉં છું મારા ગોવર્ધનધર પાસે, રામદાસ પાસે. આપણા રંગરંગીલા શ્રીનાથજીને મારા જીવતાં ઊની આંચ ન આવવી જોઈએ. જય શ્રીગોવર્ધનધર... જય જય શ્રીનાથજી...."

—અને મેઘલી રાત્રે, કાળા ડિબાંગ આકાશમાંથી ઊતરતા અંધારામાં એક હાથમાં ડાંગ અને બીજા હાથમાં ફાનસ સાથે બેબાકળા કુંભનદાસજી આન્યોરની દિશામાં કૂચકદમ કરતા ચાલવા માંડયા. એમની પાછળ એમની પત્ની દોડી, પણ લાંબી છલાંગ મારતા કુંભનદાસ તો ખૂબ જ આગળ નીકળી ગયા.

કુંભનદાસની પત્નીને ચિંતા થવા માંડી.

આમ ઓચિંતુ શું થઈ ગયું ? સદાના શાંત કુંભનદાસનો આજનો આવેશ અણકલ્પ્યો હતો. એમને કાંઈક ભાસ થયો હોય એવું એમની પત્નીને લાગ્યું. ચોમાસાના દિવસો હતા. વ્રજમંડળના આકાશમાં મેઘાડંબર સારો એવો જામ્યો હતો. વર્ષાની અવિરત ધારાથી વ્રજ ભીંજાતું હતું. દાદુર, મોર, બપૈયા...ખુલ્લા મીઠા સાદે એમના ટહુકાઓથી, એમનાં થનગનતાં નૃત્યોથી એમના આનંદની ઊર્મિઓને જગાડતા આનંદથી ઊભરાતા હતા ત્યારે કુંભનદાસની ભાવપરિસ્થિતિ ખૂબ જ જુદી હતી.

...યવન...સરદાર...હિંસા....અત્યાચાર.... મંદિરોનો ધ્વંસ...

શ્રીગોવર્ધનનાથને બચાવવાની વાતો...એ આલાપ...એ વિહ્વળતા...અર્ધી રાત્રે વરસતા વરસાદમાં આન્યોરની દિશા તરફ ધસી જવાની એમની પ્રક્રિયા... કુંભનદાસની ચિંતાતુર પત્ની આન્યોરની દિશામાં અદશ્ય થતા કુંભનદાસને જોઈ રહી.

આ બાજુ રામદાસ ચૌહાણને પણ એમની ગુફામાં એવું જ સ્વપ્ન આવ્યું કે યવનસેના શ્રીગિરિરાજજીની દિશામાં આગ્રા તરફથી રસ્તામાં ક્રૂર નરસંહાર અને મંદિરોનો ધ્વંસ કરતી આવી રહી હતી. રામદાસજી પણ બેબાકળા બની મંદિરની દિશામાં હાથમાં ડાંગ અને તલવાર સાથે ધસી આવ્યા. સદુ પાંડે અને માણેક પાંડે પણ છેલ્લા કેટલાક વખતથી વ્રજભૂમિ પર યવન સરદારના આક્રમણની નિતનવી વાતો સાંભળતા આખી રાત જાગતા બેઠા હતા. એ એમના બારણા પર થતા ખટખટાવવાનો અવાજ સાંભળી, ડેલી ખોલવા ધસી ગયા.

"અરે, કુંભનદાસ, તમે ?"

"હા, સદુદાદા, મને એક ભયંકર સ્વપ્નું આવ્યું : પેલો યવન સરદાર આપણા શ્રીજીબાવાના મંદિરનો ધ્વંસ કરી રહ્યો છે. હું બેબાકળો જાગીને અહીં દોડી આવ્યો છું. ચાલો, આપણે શ્રીજીબાવાને શરણે જઈ, મંદિરની આજુબાજુ જીવતી દીવાલ બની, ચટ્ટાનની જેમ ખડા થઈ જઈએ." હાંફતા કુંભનદાસને બોલતા જોઈ બન્ને ભાઈઓ એક ક્ષણ પૂરતા તો હેબતાઈ ગયા.

"કુંભનદાસ, શાંત થાઓ, સ્વસ્થ થાઓ. તમારો ભય યવનસેના અને એના સરદારનો સાચો છે. પરંતુ સેના હજી તો મધુવનની ધરતીને ધમરોળી રહી છે. વ્રજવાસીઓ યવનનો સામનો પ્રાણાર્પણ કરીને પણ કરી રહ્યા છે. આમ છતાંય આજે હવે તમે આવ્યા જ છો તો આપણે બધા ભેગા થઈને શ્રીગોવર્ધનનાથજીના કાંતિમય સ્વરૂપને જરૂર સલામત જગ્યાએ પધરાવી દઈએ."

હજી વાતનો પિંડ બંધાતો જતો, ત્યાં જ રામદાસ પણ આવી પહોંચ્યા. કુંભનદાસને આશ્ચર્ય થયું કે રામદાસજીને ક્યાંથી આ વાતની ખબર પડી હશે ? એમને પણ સપનું આવ્યું હશે કે શું ?

"રામદાસજી, તમે અહીંયાં ? તમને પણ કાંઈ ખરાબ સપનું આવ્યું કે શું ?" કુંભનદાસ એમને આવેલા સપનાની વાતો કરતાં રામદાસને પૂછી બેઠા.

"કંઈક એવું જ, કુંભનદાસ, પણ પાંડેજી, એક વાત તો ચોક્કસ છે કે, જે રીતે યવનસેના વ્રજભૂમિને ધમરોળતી ગોવર્ધન તરફ ધસી રહી છે, એ જોતાં આપણે આપણા વ્હાલા પ્રભુને કોઈક સલામત જગ્યાએ, આ આફત ટળે નહીં ત્યાં સુધી, પધરાવી જઈએ." રામદાસે વર્તમાનની વાસ્તવિકતાને શબ્દદેહ આપતાં કહ્યું.

"અત્યારે તો બધા જંપી જાઓ અમારા ઓટલે. સવારના – વહેલી સવારે મંગળાનાં દર્શન વખતે જ શ્રીજીબાવાની આજ્ઞા મેળવી લઈએ. ચૌદ લોકના નાથ સામે આમ જુઓ તો એ યવનની હેસિયત શી છે કે એમના મંદિર પર એની કુદૃષ્ટિ પણ કરે ? આ પણ એમની કોઈક લીલાનો જ પ્રકાર હશે."

આખી રાત પુષ્ટિસંપ્રદાયના પાયાના આ ચારેય વૈષ્ણવોને ઊંઘ ન આવી.

પ્રભાતના પહોરનો કૂકડાનો "કૂકડે કૂક"નો અવાજ કાને પડયો. "ટેહુક ટેહુક" મોરલાના કેકારવે બધાની આંખો ખોલી નાખી.

વહેલી સવારે ધીમોધીમો વરસાદ પણ રહી ગયો હતો. પ્રાતઃકાર્યથી પરવારી કુંભનદાસની ટોળી સદુ પાંડેની આગેવાની નીચે શ્રીગિરિરાજધરણનાં દર્શન કરવા ચાલી નીકળી. શ્રીવલ્લભનાં મંગળાનાં દર્શન પછી એક ખૂણામાં ચારેય સમર્થ શ્રીવલ્લભના વહાલાઓ એ ચર્ચાના અંતિમે પહોંચતા હતા ત્યાં જ સદુ પાંડે અને કુંભનદાસજી બોલી ઊઠયા :

"અરે, વિચાર ઉત્તમ છે. આમેય આપણા દેવદત્ત વગર, શ્રીગોવર્ધનનાથજીની ઇચ્છા વગર વૃક્ષનું પાંદડું પણ નથી ફરકતું, તો આ તો સમસ્ત વ્રજમંડળમાં દાવાનળ સળગ્યો છે."

"મહારાજ !"

ભીતરમાં શ્રીજીબાવા સન્મુખ સાષ્ટાંગ દંડવત્ કરતાં ચારેય વૈષ્ણવ સખાઓએ શ્રીજીબાવાને સંબોધ્યા.

"કેમ શું છે ? આજ તમારા ચારેયના ચહેરા પરથી ક્યારેય ન વિલાતી હાસ્યની, આનંદની લકીરો ક્યાં ગાયબ થઈ ગઈ છે ? તમે કશુંક કહેવા માગો છો, પણ બોલી શકતા નથી." શ્રીજીબાવા બોલ્યા.

"મહારાજ, યવનસેના એનો ઉપદ્રવ સર્જતી આપણા વિસ્તારમાં આવી રહી છે. અમને આપની ચિંતા થાય છે. તો આપ અમને અમારે શું કરવું એની આજ્ઞા આપો." શ્રીગોવર્ધનનાથજી કૃપાદૃષ્ટિ વરસાવતા ચારેય વૈષ્ણવ સામે જોતાં બોલી ઊઠયા :

"તમે અમને ગિરિરાજની કંદરામાં, ગોપાલપુરની નજીક વૃક્ષવેલીઓથી લચી પડતા ટોંડના ઘનાના વનાંચલમાં પધરાવીને લઈ જાઓ. આજુબાજુની ઘેઘૂર ઝાડીથી સભર એવી કદમખંડીમાં ઉપદ્રવ શાંત થતાં સુધી અમે બિરાજીશું."

"વાહ, પ્રભુ ! અમારી તો મતિ જ મૂંઝાઈ ગઈ હતી. શ્રીવલ્લભે તમને અમને સોંપ્યા હતા. આમ તો ચૌદ લોકના નાથને સંભાળવાનું અમારું શું ગજું ? પરંતુ આપની આજ્ઞા અને લીલા અનુસાર અમારે તો શ્રીવલ્લભનો ખ્યાલ રાખી એમનાં વચનામૃતોનો અમલ કરવો જ રહ્યો ને ! શ્રીજીબાવા, ટોંડનો ઘનો ખૂબ જ સુંદર જગ્યા છે. ઘેઘૂર જંગલની વચ્ચે સરસ મજાનો રાસમંડપનો ચોતરો છે. તો આપને કેવી સવારી ગમશે ?" કુંભનદાસજીએ પૂછ્યું.

"સદુદાદા !" શ્રીગોવર્ધનનાથજીએ કુંભનદાસની બાજુમાં હાથ જોડી ઊભેલા સદુ પાંડે તરફ દૃષ્ટિ કરતાં કહ્યું.

"તમારા ઘરે જે એક પાડો છે, એ લઈ આવો. અમે એના પર સવારી કરી ટોંડના ઘના તરફ પ્રયાણ કરીશું."

"પાડા પર આપ સવારી કરશો ?"

સૌ કોઈના ચહેરા પર આશ્ચર્યના ભાવો ઊપસી આવ્યા.

"હા...હું એના પર બિરાજીને જ જઈશ." નાના બાળકની જેમ હઠ પકડતા શ્રીગોવર્ધનનાથજી બોલી ઊઠ્યા.

"જેવી આપની ઇચ્છા. આની પાછળ પણ કાંઈક સંકેત હશે."– કહેતાં સદુ પાંડે એમના વાડામાંથી અલમસ્ત પાડાને લઈ આવ્યા.

સૌ સેવકોએ પાડાની પીઠ પર ગાદી ગોઠવી, એના પર શ્રી ગોવર્ધનનાથજીને બિરાજમાન કર્યા.

ઠાકોરજીને પરિશ્રમ ન પડે એટલે એક બાજુથી સદુ પાંડે અને બીજી બાજુથી રામદાસે ગાદી પર અસ્તવ્યસ્ત બિરાજેલા ગોવર્ધનનાથજીના સ્વરૂપને પકડીને ધીમાં પગલાં માંડતાં પાડાની સાથે તળેટી પરથી ઊતરી ટોંડના ઘનાની દિશામાં પ્રયાણ આદર્યું. કુંભનદાસ અને માણેકચંદ પાંડેએ શ્રીજીબાવાના સ્વરૂપને વચ્ચેથી પકડી રાખ્યું કે જેથી ઠાકોરજીને હડદોલાનો પરિશ્રમ ઓછો લાગે. શ્રીજીનું જ સુખ વિચારતા આ ચાર વૈષ્ણવોની કફોડી હાલત કરતા પાડાને જતિપુરાની બજારમાંથી ધીમા પગલે ચાલતો જોઈ, જતિપુરાના વ્રજવાસીઓના ચહેરા પર નિર્દોષ હાસ્ય પ્રગટતું હતું. મનોમન એમના દેવદમનની આ લીલાનાં દર્શન કરતાં "વાહ રે મેરે ગોવર્ધનધર... યે કૈસો ખેલ રચાયો ?"– બોલતા હતા. કુંભનદાસ અને એમના સાથીઓની પરિસ્થિતિ પર પણ વ્રજવાસીઓ મશ્કરીપૂર્ણ હાસ્ય વેરતા હતા.

ધીમેધીમે પાડો ટોંડના ઘનામાં પ્રવેશ્યો કે તરત જ આખાય વનમાં વેરવિખેર પથરાયેલા કાંટા અને ગોખરુ કુંભનદાસ અને અન્ય વૈષ્ણવોને પગમાં, હાથમાં, ગાલમાં લાગવા માંડ્યા. એમનાં વસ્ત્રો પણ કાંટાળા વનના ગોખરુમાં ભરાઈને

ક વૃક્ષવેલીઓથી
ાે. આજુબાજુની
અમે બિરાજીશું."
શ્રીવલ્લભે તમને
વાનું અમારું શું
લ્લિભનો ખ્યાલ
ાવા, ટોંડનો ઘનો
સમંડપનો ચોતરો

ાથ જોડી ઊભેલા

એના પર સવારી

ા.
ાળકની જેમ હઠ

ર હશે."– કહેતાં

એના પર શ્રી

પાંડે અને બીજી
ાથજીના સ્વરૂપને
રી ટોંડના ઘનાની
બાવાના સ્વરૂપને
ામ ઓછો લાગે.
ાત કરતા પાડાને
ા વ્રજવાસીઓના
નની આ લીલાનાં
ાયો ?"– બોલતા
પણ વ્રજવાસીઓ

ર વનમાં વેરવિખેર
પગમાં, હાથમાં,
ગોખરુમાં ભરાઈને

ફાટવા માંડયા. ખરબચડી ધરતી પર વેરાયેલા નાનામોટા અણીદાર પથ્થરો પગમાં વાગતાં જ કુંભનદાસ દર્દભરી ચીસ પાડતા "જય જય શ્રીગોવર્ધનનાથ"ના સૂરોથી ગાઢ જંગલને ગજાવતા જાય. એમની આગળપાછળ ચાલતા સદુ પાંડે, માણેક પાંડે અને રામદાસ ચૌહાણ પણ શરીરમાં ચૂભતા કાંટા, ગોખરુ અને પગમાં ખૂંચતા ઝીણા કંકરની વેદના સહન કરતા, આ વેદના પર મરકમરક હસતા, શ્રીગોવર્ધનનાથજીએ એવી તે કેવી લીલા માંડી છે એવો પ્રશ્ન આંખોમાં ઉછાળતા, શ્રીજીનાં દર્શન કરતાંકરતાં આગળ વધતા રહ્યા.

પાડો ધીમા પગલે, કશા જ કચવાટ વગર, પીઠ પર એમના આરાધ્યદેવ શ્રીગોવર્ધનનાથજી બિરાજમાન હતા, એનો આનંદ માણતો, ડોકું ધુણાવતો, ભાર–વિહીન હોય એવી સ્વસ્થ ચાલે ચાલતો કંટકભર્યો પંથ કાપી રહ્યો હતો.

ગોપાલપુર–જતિપુરાથી ડીગ જતી કાચી કેડીએથી આગળ વધતી યાત્રા છેવટે વૃક્ષોથી લચી પડતા એવા રમણીય વનમાં પ્રવેશી ત્યારે પસીનાથી રેબઝેબ, કાંટા–ગોખરુથી ઘવાયેલા, પીડિત ચારેય વૈષ્ણવોનું સ્વાગત કરતો મંદમંદ ઠંડો પવન વાઈ રહ્યો હતો. ચારેય વૈષ્ણવોના ચહેરા પરના પસીનાનું જળ ઠંડક અનુભવતું હતું, ત્યારે કુંભનદાસથી બોલાઈ ગયું :

"વાહ રે મારા નાથ ! કેવી તેં તો કૃપા કરી ! અમારા ગોખરુ–કાંટાથી પીડાતા દેહ પરના પસીના પર શીતલ પવનના છંટકાવથી અમારો પરિશ્રમ દૂર કરી દીધો ! તું તો પરમકૃપાળુ છે ! મારા શ્રીગોવર્ધનધર, તારી લીલા પણ અપાર છે !"

આખુંય વન શ્યામ ઘટા જેવું ગીચ વૃક્ષોથી લાગતું હતું. યવનસેનાથી બચવા ભગવાને કેવું સુંદર સ્થળ શોધી આપ્યું એવો વિચાર કરતા કુંભનદાસના હૈયામાં સહજ રંજ પ્રગટ્યો અને 'રે મન.... તું પણ કેવા ક્ષુદ્ર વિચારમાં અટવાઈ ગયું ! આ બધું શું શ્રીજીબાવાએ યવન સરદારથી ડરીને, એની સેનાના તાંડવથી ગભરાઈને શું કર્યું હશે ? આવો હીન વિચાર લાવીને શ્રીજીબાવાના સામર્થ્યને તેં પડકાર્યું ? અરે... આ તો પ્રભુની કોઈક ચિત્રવિચિત્ર લીલાઓનું જ એકાદ કમળ શ્રીગોવર્ધનધરે અહીં ખીલવ્યું હશે, જેનું રહસ્ય પામવા પૂરતો જીવનો અધિકાર નહીં હોય. ગમે તે હોય, પણ આ કાંટા, ગોખરુ અને પથ્થરોની કણિકાઓનો જે લાભ અમ જેવા ભક્તજનોને લેવરાવ્યો છે, એ જે વેદનાનો પ્રસાદ લેવરાવ્યો છે એનો હિસાબ તો, વ્હાલા શ્રીજીબાવા, તારી પાસેથી લેવો જ પડશે ! સમય આવ્યે જવાબ આપવો પડશે, હા..."

મનોમન બબડતા, પાડા પર બિરાજેલા શ્રીજીબાવાનું સુખ વિચારતા કુંભનદાસ એમના સાથીઓ સાથે હજી તો આગળ વધે ત્યાં તો નજીકની ઝાડીમાંથી ખડખડાટ થતો સંભળાયો. ચારેય વૈષ્ણવો અવાજની દિશામાં સતર્ક નયને જોઈ રહ્યા. એમની આંખોમાં એકાદ ક્ષણ પૂરતી ભયની માત્રા પણ વિસ્તરી ગઈ.

પાંડેભાઈઓએ એમના એક હાથમાંની લાકડીઓ મજબૂત રીતે પકડી.

થોડીક ક્ષણોમાં ઝાડીમાંથી, વેરવિખેર લતાઓનાં ઝુંડોમાંથી માર્ગ કરતો એક અલમસ્ત, બિહામણી મોટીમોટી આંખોવાળો, ગળામાં રુદ્રાક્ષની માળા ઝુલાવતો, એના આખા કાળા શરીરે ભસ્મ લગાડેલો, વેરવિખેર ભૂખરા રંગના વાળનાં ઝટિયાંવાળો એક પ્રચંડકાય બાવો ધસી આવ્યો. પાંડેબંધુઓ કે રામદાસ કે કુંભનદાસ કાંઈ પણ કરે એ પહેલાં એ અલમસ્ત યોગી પાડાની આગળ સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરતો, રસ્તા પર મોટા સાદે "જય જય શ્રી ગોવર્ધનધર... જય જય શ્રીનાથ.... જય જય કરુણાનિધાન... જય જય મેરે લાડલે લાલ" બોલતો ધરતી પર ઢળી પડયો અને ગદ્ગદિત સ્વરે પાર્થના કરતો બોલી ઊઠયો :

"કૃપાનાથ, શ્રીગોવર્ધનધર, મારી યુગોયુગો – જૂની તપશ્ચર્યા આજે ફળી. વર્ષોથી આપનાં દર્શન કાજે આ ઘેઘૂર કાંટાળા વનમાં આપની વાટ જોતો બેઠો હતો. આપનાં દર્શનની અદમ્ય તાલાવેલી હૃદયમાં વર્ષોથી પ્રગટી હતી. આપનાં દર્શને આમ તો, પ્રભુ, મારે સામે ચાલીને શ્રીગિરિરાજજી પરના આપના નિજમંદિરમાં આવવું જોઈએ. પરંતુ, હે નાથ... આપના શ્રીગિરિરાજજીનું કયું સ્વરૂપ છે એનું જ્ઞાન હોવાથી, આપ જ શ્રીગોવર્ધન છો અને શ્રીગોવર્ધનધર પણ આપ છો, એ જાણ્યા પછી હું મારાં ક્ષુલ્લક મલિન પાપી ચરણો શ્રીગિરિરાજજી પર મૂકી હું આપના દર્શને કેમ આવું ? હું લાચારી અને વેદના અને વિરહ આજ સુધી આ જંગલના એક ખૂણામાં અનુભવી રહ્યો હતો. આપનું અને શ્રીગિરિરાજજીનું સ્વરૂપ એક માનીને બેઠેલો આ અજ્ઞાની અપરાધ ન કરી શકવાના મમત્વને કારણે, હે પ્રભુ, આપને શ્રાવણ મહિનાનાં સરવડાં ઝીલતા, કંટકો અને ગોખરુના ઘાવ શરીર પર ઝીલતા, આ અકિંચન અજ્ઞાની જીવને દર્શન આપવા અહીં સુધી આવવું પડય એનું મને ખૂબ જ દુઃખ છે, પ્રભુ ! મારા અંતરમાં એક અવિચલ શ્રદ્ધા હતી જ કે, આપ આપના ભક્તને કાજે ગમે તેવો પરિશ્રમ વેઠીને આપ મને દર્શનનું દાન કરવા પધારશો જ !" અને ચતુરા બાવાના મુખમાંથી પ્રાર્થનાનું પદ સરી પડયું :

"હો મેરે લલના પ્રથમ પ્રણામ કરૌં !
શ્રી વલ્લભ સુમિરૌં શ્રી વિઠ્ઠલનાથ હોં
હિલી મિલ ઝુરમુટ ખેલિયે હો મેરે લલના
ઘર આવો રંગીલો ના હો નેક
હોરી શ્રીવલ્લભ સાથ હો...
હિલ મિલ ઝુમુટ ખેલિયે...હો....

સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરતા ચતુરા નાગાને પ્રેમથી ધરતી પરથી ઉઠાડતા શ્રીગોવર્ધનનાથજીને જોઈને કુંભનદાસથી ન રહેવાયું.. એમના સખા શ્રી કૃષ્ણનાં, શ્રીગોવર્ધનધરનાં ઓવારણાં લેતાં ભક્તકવિ બોલી ઊઠયા :

"વાહ રે મારા વ્હાલા ! એક ભક્તને દર્શન આપવા તેંય અમને કાંટા–ગોખરુ...સારા એવા ચુભાવ્યા અને પોતે...."– કુંભનદાસ આગળ બોલી ન શક્યા. શ્રીગોવર્ધનધર મરકમરક મસ્તીભર્યું તોફાની હાસ્ય વેરતા હતા.

૬. "ભાવત હૈ તોહિ ટૌંડ કૌ ઘનો"

ચતુરાનન નાગાબાવા એક વિરક્ત સંન્યાસી હતા. એમના શિષ્યો સાથે કોકિલાવનમાં એ રહેતા હતા. શ્રીજીબાવાના પ્રાગટ્યના સમાચારે એમના હૈયામાં શ્રીગોવર્ધનનાથજીનાં દર્શન કરવાનો ભાવ પ્રગટ થયો. એ અરસામાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી શ્રીગોવર્ધનનાથજીનું મંદિર સિદ્ધ કરી, શ્રીજીબાવાને પાટ બેસાડી, પૃથ્વી–પ્રદક્ષિણા અર્થે પ્રયાણ કરતા કોકિલાવનમાં કૃષ્ણદાસજી, દામોદરદાસજી અને અન્ય સેવકો સાથે પ્રવેશ્યા. કોકિલાવનની અદ્‌ભુત નયનરમ્ય લીલછમ વનરાજિ, આમ્રવાટિકા, ઘેઘૂર વડલા, પીપળા તેમજ કદંબનાં વૃક્ષોથી કોકિલાવન શોભતું હતું.

"કૃષ્ણદાસ, આ કોકિલાવનની વનશ્રી અદ્‌ભુત છે. સારસ્વત–કલ્પના આ અદ્‌ભુત અરણ્યનું બ્રહ્મર્ષિ નારદ 'પંચરાત્ર'માં વર્ણન કરતાં કહે છે કે,

દેવર્ષિ કિન્નરાકિર્ણ કોકિલા નિર્મિતાય ચ ।
વનાયહ્‌લાદ પૂર્ણાય નમસ્તે સુસ્વર પદ ॥

અર્થાત્, દેવર્ષિ કિન્નરગણોથી યુક્ત કોયલો – કોકિલાઓ દ્વારા નિર્મિત આહ્‌લાદક પરિપૂર્ણ, સુંદર સ્વરને આપનાર એવા હે કોકિલાવન, તમને નમસ્કાર છે.

પિયામિલનની ઉત્કટ કામના સાથે શ્રીકૃષ્ણ કોકિલાવનમાં પ્રવેશ્યા. નટખટ નંદકિશોરે એમના આગમનની છડી, એમના મધુર બંસીનાદથી ન કરતાં આમ્ર–ડાળે બેસીને કૂજન કરતી કોકિલાના સ્વરમાં પોતાનો મધુર સ્વર મિલાવીને સમસ્ત વનાંચલને ગજાવી મૂક્યું. કોકિલાના કુહુ–કુહુ ટહુકાથી આખુંય વન ગુંજી ઊઠ્યું. કોકિલાવનમાં સખીઓ સાથે વિહાર કરતાં રાધાજી એમના પ્રાણપ્યારા નંદનંદનના આગમનને કોકિલાના કલરવ દ્વારા પામી ગયાં અને પિયામિલનની આશમાં તડપતાં, વિરહાગ્નિથી પ્રજ્વળતાં રાધાજીની નજરે કદંબના વૃક્ષની ડાળ પર બેસી કોકિલા જેવો જ સૂર કાઢતા શ્રીકૃષ્ણને જોતાં જ, લલિતાજીને હડસેલો મારી, કદંબના વૃક્ષ પાસે ધસી ગયાં. રાધાકૃષ્ણના અદ્‌ભુત મિલનને કોકિલાના

ટહુકાએ, મંદમંદ વહેતી સમીરની લહરે, પવનની પાંખે ઝૂલતાં પર્ણોએ વધાવી લીધું. અને દૂરથી શ્રીરાધાકૃષ્ણના મિલનને માણતાં લલિતાજીના હૈયામાંથી શબ્દો સરી પડયા :

કોકિલેર શબ્દ કૃષ્ણ મિલે રાધિકા રે
એ હેતુ કોકિલાવન કહિયે ઈહારે

અર્થાત્ કોકિલાના શબ્દોમાં સૂર મિલાવી નંદનંદન, નટખટ નંદકિશોર બરસાનાની વ્રજભાણની લાડલી રાધાજીને કેવા પ્રેમથી ભેટી રહ્યા છે, એનાં અદ્ભુત દર્શને અમારો તો ભવ સુધારી દીધો અને કોકિલાવનનું નામ સાર્થક કર્યું.

આવા સઘન વૃક્ષોથી સભર એવા કોકિલાવનમાં નિમ્બાર્ક સંપ્રદાયના આ ચતુરા નાગા પોતાના શિષ્યો સાથે કૃષ્ણભક્તિ કરતા રહેતા હતા.

શ્રીમદ્ વલ્લભાચાર્યજી કોકિલાવનમાં પધાર્યા છે એની જાણ થતાં જ ચતુરા નાગા એમના શિષ્યો સાથે શ્રીપનિહારીકુંડના ચોતરે બિરાજતા શ્રીવલ્લભનાં દર્શને પહોંચી ગયા. છોકરના વૃક્ષ નીચે બિરાજતા શ્રીવલ્લભને સાષ્ટાંગ દંડવત્ કરતાં ચતુરા નાગા બોલ્યા :

"હે શ્રીવલલભ, આપ તો વિષ્ણુસ્વામી સંપ્રદાયના આચાર્ય છો, પ્રેમલક્ષણા-ભક્તિના પુરસ્કર્તા છો. અમે તો અલ્લડ સાધુબાવાઓ છીએ. અલખના ઓટલે બેસી ઈશ્વરનું ભજન કરીએ છીએ. આજે અમને ખીર ખાવાની ઇચ્છા થઈ છે, તો હે ગૃહસ્થી સંત, મને અને મારા હજાર શિષ્યોને ખીરનું ભોજન કરાવો."

સીધાસાદા ચતુરા નાગાએ શ્રીવલ્લભ પાસે માગણી કરી. પરમકૃપાળુ શ્રીઆચાર્યચરણે પ્રસન્ન થઈને કૃષ્ણદાસજીને આજ્ઞા કરી. કૃષ્ણદાસજી નજીકના નેસડામાંથી પાંચ શેર દૂધ લઈ આવ્યા અને શ્રીવલ્લભની કૃપાદષ્ટિ પડતાં જ અક્ષય-ખીર તૈયાર થતાં વાસુદેવ છકડાએ ચતુરા નાગા સહિત એના શિષ્યોને પ્રીતિભોજન કરાવ્યું.

ચતુરા નાગાએ શ્રીવલ્લભની એક કૃપાદષ્ટિ પર પાંચ શેર દૂધની અક્ષય - ખૂટે નહીં એટલી ખીર બનતી જોઈ આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયા. એમણે તો શ્રીવલ્લભની પરીક્ષા કરવા જ ખીરના ભોજનની માગણી કરી હતી. એમને હતું કે આ નિર્મોહી અકિંચન એવા સાધુ મહારાજ હજાર શિષ્યો સાથે એમને માટે ખીરના ભોજનની વ્યવસ્થા કેમ કરીને કરી શકશે ? પરંતુ પ્રભુની અને શ્રીવલ્લભની અનોખી લીલાનાં દર્શન થતાં ચતુરા નાગા શ્રીવલ્લભને ચરણે સાષ્ટાંગ દંડવત્ કરતાં ગદ્ગદિત સ્વરે બોલી ઊઠયા :

"મહારાજ, કૃપા કરી આપ મને આપનો સેવક બનાવો કે જેથી હું શ્રીગોવર્ધનનાથજીનાં રોજ દર્શન કરતો રહું. આપે ગિરિરાજજી પર શ્રી-ગોવર્ધનનાથજીને જે આનંદ, ઉત્સવ અને ભક્તિભાવથી પાટે બેસાડી મંદિર સિદ્ધ કર્યું છે એનાથી મારું મન શ્રીજીબાવાનાં દર્શન કરવા ખૂબ જ આતુર બન્યું છે.

શ્રીજીબાવાનાં દર્શનની, વિરહની એકએક પળ આપશ્રીનાં દર્શન પછી જીરવવી આકરી થઈ ગઈ છે. ગિરિરાજની ગિરિકંદરામાં શ્રીગોવર્ધનનાથજીની સેવા કરતો રહું એવી આજ્ઞા સાથે આપ મને શરણે લ્યો, કૃપાનાથ..."

"ચતુરા નાગા, આ ભૂતલ પર તમારે હાથે અનેક સત્કાર્યો આપણા ધર્મના સંરક્ષણ માટે થવા નિર્માયાં છે. તમારી આયુ ધર્મની રક્ષા માટે ખૂબ જ લાંબી જયન્નિયંતાએ આપી છે. તમારો અંગીકાર અમારા પૌત્ર શ્રીગોકુલનાથં કરશે. તમે એમની પ્રતીક્ષા કરતા શ્રીગોવર્ધનનાથજીની સેવા કરતા રહો."

"પરંતુ, પ્રભુ, આપ જેવી વિભૂતિ..."

"ચતુરા નાગા, શ્રીગોકુલનાથજી એ મારું જ સ્વરૂપ હશે. પુષ્ટિસંપ્રદાયનાં સાચાં તારતમ્યોનું દાન કરવા હું પૃથ્વીના પાટલે ફરી શ્રીગોકુલનાથજીના સ્વરૂપે પ્રગટ થઈશ, ત્યારે તમારો અંગીકાર કરીશ."

શ્રીવલ્લભ ચતુરા નાગાને શ્રીગોવર્ધનનાથજીની સેવાભક્તિ કરવાની આજ્ઞા કરીને વિદાય થયા કે તરત જ ચતુરા નાગા એમના શિષ્યો સાથે કોકિલાવન છોડી ગિરિરાજજીની તળેટીમાં ટોંડના ઘનામાં – દિવસે પણ સૂરજનાં કિરણો પણ ન પ્રવેશી શકે તેવા ગીચ ઝાડીથી ઊભરાતા કાંટાળા વનમાં – વસવાટ કરવા આવી પહોંચ્યા. એમનું મન શ્રીગોવર્ધનધરનાં દર્શન કરવા એટલું વ્યાકુળ થઈ ગયું હતું કે શિષ્યો એમના ડેરાતંબુ તાણતા હતા ત્યારે ચતુરા નાગા તો સાનભાન ગુમાવી ગિરિરાજજીની દિશામાં દોડી ગયા. જિંદગીમાં પહેલી વાર સમસ્ત વ્રજમંડળ માં પથરાયેલા શ્રીગિરિરાજજીનાં દર્શન 'દંડોતી શિલા' પાસેથી કર્યાં અને ચતુરા નાગા તો ગદ્ગદિત થઈ ગયા. સાનભાન ગુમાવી, એ તો ગિરિરાજજીની તળેટીમાં દંડવતી શિલા પાસે દંડવત્ કરતા ગાંડાની જેમ બોલવા માંડયા :

"જય...જય...ગિરિરાજજી, આપની તો શી વાત કરું ! આપ સમા ભાગ્યશાળી જીવ આ ધરતી પર કોણ હશે ? આપશ્રીએ આપની ગોદમાં ગિરિકંદરામાં મારા વ્હાલા શ્રીગોવર્ધનનાથને પ્રગટ કર્યા, એમનાં શ્રીચરણને આપના વિશાળ વક્ષ:સ્થળ પર ઝીલ્યાં, રમાડયાં. એમની બાળલીલાઓને તમારા હાથમાં ઝુલાવી ! ગિરિરાજજી, તમ સમો ભાગ્યશાળી કો નવ જગતે.."

ચતુરા નાગાની આંખોમાંથી અનર્ગળ અશ્રુધારા ગિરિરાજજીનાં અદ્ભુત દર્શનથી વહેતી રહી અને એક ડગ એમણે ગિરિરાજજી પર શ્રીગોવર્ધનનાથજીનાં દર્શન કાજે ધર્યો અને એ ખચકાઈ ગયા. એમનાં ચરણ તળેટીમાં જ સ્થિર થઈ ગયાં.

"નહીં–નહીં, આ ગિરિરાજજી ખુદ જ શ્રીગોવર્ધનનાથજી છે. એમની એક–એક શિલા, એમના એક–એક નાનામોટા પાષાણ મારા પ્રભુ ગોવર્ધનનાથજીનું જ સ્વરૂપ છે. હું મારા પાપી પગ મારા શ્રીગોવર્ધન પર નહીં મુકું. ગિરિરાજજી જ...ગિરિરાજધરણ છે. પ્રભુ, હું તો ચાલ્યો પાછો મારા ટોંડના ઘનામાં. આપનું રાતદિન સ્મરણ કરતો, આપનાં દર્શનની વિરહઝંખના કરતો રહીશ. મારા

ગોવર્ધનનાથ, કૃપા કરી ક્યારેક મારી તમારાં દર્શનની વિરહવ્યથા પરાકાષ્ઠાએ પહોંચે, મારું તન...મન...અને સર્વસ્વ જ્યારે તમારામય બની જાય, ત્યારે હે ગિરિરાજધરણ...ગિરિરાજજી પરથી ઊતરી આ સેવકને દર્શન દેવા આ ટોંડના ઘનામાં પધારજો. હું તમારી – તમારાં દર્શનની ભવોભવ વાટ જોતો રહીશ."

—અને ચતુરા નાગા ટોંડના ઘનાની વનરાઈમાં, ઘેઘૂર જંગલમાં રાતદિવસ શ્રીગોવર્ધનનાથજીનું સ્મરણ કરતા, શ્રીજીબાવાની રાહ જોતા, વિરહી જિંદગી ગાળતા રહ્યા. શ્રીગોવર્ધનનાથને એમના ભક્તને દર્શન કરાવવા આખરે કુંભનદાસજી, કૃષ્ણદાસજી, સદુ પાંડે ઇત્યાદિ વૈષ્ણવોને કાંટા–ગોખરુની ચૂભનો સહન કરતાં ટોંડના ઘનામાં આવવું પડયું.

"કુંભનદાસ, આ સામે ચોતરો છે, ત્યાં અમે બિરાજીશું. રામદાસ, તમે અમારા માટેની ભોગની વ્યવસ્થા કરો." શ્રીગોવર્ધનનાથે સેવકોને આજ્ઞા કરતાં કહ્યું.

કુંભનદાસજી, સદુ પાંડે અને માણેક પાંડેએ ચોતરો સાફ કરી ગાદી પાથરી એના પર શ્રીગોવર્ધનનાથજીને પધરાવ્યા. રામદાસજીએ એમની લાવેલી સામગ્રીમાંથી ઉતાવળમાં લોટમાંથી શીરો બનાવી ભોગ ધર્યો. ત્યાં જ ચતુરા નાગા સરસ મજાના કંટોલા–કંકોડા લઈ આવ્યા. ટોંડના ઘનાના વનાંચલનાં તાજાં કંટોલાનું શાક બનાવી, શીરા સાથે ધર્યું ત્યારે ચતુરા નાગા ખુશખુશાલ થઈ નાચવા માંડયા.

"રામદાસજી, તમે બધા 'ટેરો' લાવી સામેના વૃક્ષ પાછળ ઊભા રહો કે જેથી અમે ભોગ આરોગીએ."

રામદાસજી એમના અન્ય સત્સંગી સાથીઓ સાથે ચોતરાથી થોડેક દૂર એક વૃક્ષની પાછળ જઈ ઊભા રહ્યા. થોડી વારમાં જ રૂમઝુમ...રૂમઝુમ પાયલનો ઝંકાર ભક્તજનોના કાને પડયો અને સૌના હૃદયમાં આનંદનો ભાવ ઊછળવા માંડયો. પાયલના ઝંકાર શ્રીસ્વામિનીજીના આગમનની આલબેલ હતી. શ્રીસ્વામિનીજી ખુદ પોતાના હાથે શ્રીજીબાવાને સામગ્રી આરોગાવવા પધાર્યાં હતાં. બન્નેએ સાથે મળીને પ્રેમરસના ઘૂંટ પીતાં એકબીજાને ભોજન કરાવ્યાં. સ્વામિનીજીના હર્ષનો પાર નહોતો. પ્રિયતમનું સાંનિધ્ય – સ્વહસ્તે પ્રીતિભોજન અને એ પણ કુદરતના સૌંદર્યસભર વનાંચલમાં– શ્રીગોવર્ધનનાથજીએ આ આનંદસભર ક્ષણોને સંગીતમય કરવા દૂર વૃક્ષ નીચે બેઠેલા કુંભનદાસજીને આજ્ઞા કરી :

"કુંભનદાસ, આજે અમે સરસ સામગ્રી આરોગી રહ્યા છીએ, ત્યારે અમારું ચિત્ત પ્રસન્ન થઈ જાય એવું એકાદ પદ સંભળાવો."

"વાહ રે મારા પ્રભુ, આ છેક ગિરિરાજજીથી અહીં સુધી આપને પાડા પર બિરાજમાન કરી, ખુલ્લા પગે, કાંટા–ગોખરુ શરીરમાં ઘોંચાવતા, દુઃખ સહન કરતા – તમારા સુખ માટે સદાય ચિંતિત એવા ભૂખ્યા–તરસ્યા તમારા આ

ભક્તજનોને એમના ભૂખદુઃખની પૃચ્છા કરવાને બદલે – બસ પોતે ભોજનથી તૃપ્ત થયા એટલે પદ સંભળાવવાની આજ્ઞા કરો છો ? આજે આપશ્રીનું હૈયું શ્રીસ્વામિનીજી સાથે હરખના હેલે ચડયું છે ત્યારે, પ્રભુ, તમને હાસ્યપ્રસંગ પરનું, તમને પ્રસન્ન કરતું પદ જ સંભળાવું કે શું તમે અમારી દશા કરી છે ! પરંતુ, કૃપાનાથ, એ દશામાં પણ અમે તો રાજી છીએ હોં ! અમને ન તો કોઈ ફરિયાદ કે કચવાટ છે કે ન તો કોઈ અસંતોષ, કારણ કે આ જે કાંઈ કાંટા–ગોખરુ અમને તમે વગાડયા છે એમાં પણ આપની કૃપાનો – અમારા આપના પ્રત્યેના પ્રેમની પરીક્ષાનો જ આશય રહેલો છે. કાંટા–ગોખરુ ખાતાં–ખાતાં પણ, પ્રભુ – સૂરદાસજીએ તમારે માટે ગાયું છે ને એમ....'હમ ભક્તન કે, ભક્ત હમારે...' એટલે જેવા પણ છીએ એવા તમારા છીએ." મનોમન બોલતાં કુંભનદાસે પદ ગાવાની શરૂઆત કરી :

"ભાવત હૈ તોહિ ટૉંડ કૌ ઘનો
કાંટા લાગે ગોખરુ ભાગે ફટયો જાત ફહ તનૌ !
સિંહૈ કહા લોંકરી કો ડર યહ કહા બાનિક ભયો...
કુંભનદાસ તુમ ગોવર્ધનધર, વહ કૌન રાંડ ઢેડની કો જન્યો..."

સખાભાવથી કુંભનદાસે કટાક્ષપૂર્ણ પદ દ્વારા શ્રીજીબાવાને આ પદમાં સરસ સંભળાવી દીધી :

"હે ગોવર્ધનધર, તારે આ ટોંડના ઘનામાં આવવું હતું એટલા માટે તેં લીલા તો કરી, પણ તારી આ લીલાના કારણે અમને કાંટા વાગ્યા, પગમાં ગોખરુ ચોંટયા, શરીરની ચામડી ચિરાઈ ગઈ...ભલી કરી તેં તો મારા વ્હાલા ! બાકી તું તો પૂર્ણ પુરુષોત્તમ પરમાત્મા છો, એનાથી હું અજાણ નથી. તને તે વળી કોનો ડર હોય ? શું બાકી ખેલ માંડયો છે ! એ મુસલમાન યવન બાદશાહ એવી તે કઈ રાંડ ઢેડણીનો દીકરો હતો કે જેના ભયથી ભાગીને તું અહીં દોડીને આવ્યો ?"

આ પદ સાંભળી શ્રીજીબાવા અને સ્વામિનીજી ખુલ્લા દિલે હસી પડયાં. શ્રીસ્વામિનીજી તો હસતાં–હસતાં નેત્રકટાક્ષ કરતાં બોલી પણ ઊઠયાં :

"લ્યો, સાંભળીને વાત ! દેજો હવે જવાબ તમારા આ કુંભનદાસને કે પ્રકટ લીલામાં પુષ્ટિપ્રભુ આપશ્રીનાં દર્શન માટે ઝૂરતા ચતુરા નાગાને દર્શન આપવા પરિશ્રમ લીધો હતો અને અપ્રકટ લીલામાં સદ્દુ પાંડેનો આ પાડો કે જે મારા બાગની માલણ હતો તેણે મારી એક વખત અવજ્ઞા કરતાં એ પાડો બની સદ્દુ પાંડેના ઘરે અવતરી અને તમારી સેવા કરીને એના અપરાધથી મુક્ત થઈ એ કારણે આ લીલા કરી હતી."

"પ્રિયે, કુંભનદાસ બધું જ જાણે છે અને એટલે તો એમણે આ પદ ગાયું..."

સ્વામિનીજીએ પ્રસન્નચિત્તે દૂર વૃક્ષની છાયા નીચે બેઠેલા કુંભનદાસ સામે

કૃપાદષ્ટિ કરતાં શ્રીજીબાવાને માળા પહેરાવી અને એ જ ક્ષણે કુંભનદાસનાં મુખેથી..

બોલત શ્યામ મનોહર બૈઠે કમલખંડ ઔર કદમકી છૈયા
કુસુમિત દ્રુમ અલિ પીક ગુંજત કોકિલા કલ ગાવત તહિયાં !
સુનત દ્રુતિતા કે વચન માધુરી ભયો હુલાસ તનમન મહિયાં
કુંભનદાસ પ્રભુ વ્રજ જુવતિ મિલન, ચલી રસિક કુંવર ગિરિધર પહિયાં

—એ પદ ગુંજી ઊઠ્યું.

આનંદમંગલ વાતાવરણ નીચે ટોંડના ઘનામાં થોડોક સમય બિરાજીને એક દિવસ સદુ પાંડે સમાચાર લાવ્યા કે,

"ગોવર્ધન તરફનો ઉપદ્રવ શાંત થઈ ગયો છે અને યવન સરદાર આગ્રા તરફ ચાલ્યો ગયો છે."— ત્યારે શ્રીજીબાવાએ ગિરિરાજજી તરફ પાછા ફરવાની ચારેય વૈષ્ણવોને આજ્ઞા કરી અને કહ્યું કે,

"મને ગિરિરાજજીના મંદિરમાં લઈ ચાલો."

ગિરિરાજજીના મંદિરમાં શ્રીજીબાવાને પાડા પરથી ઉતારીને પધરાવ્યા અને એ જ પળે પાડો...ધરાશાયી થયો; દેહ છોડી એ લીલાનો જીવ લીલામાં પાછો ફર્યો અને ગિરિરાજજીમાં સ્થપાયેલી શાંતિને શ્રી કુંભનદાસે "જયતિ જયતિ હરિદાસવર્યધરને"ના પદથી વધાવતાં ગિરિજનોએ "દેવદમન...ગિરિરાજધરણ"નો જયજયકાર બોલાવ્યો.

૭. 'કિતેક દિન બીતુ ગયે બિન દેખન'

"રાધે....રાધે....રાધે....."

"કૃષ્ણ.....કૃષ્ણ....કૃષ્ણ..."

વૃંદાવનની કુંજગલીઓમાં બસ રાધાકૃષ્ણના સૂરો હવામાં ખીલતા રહેતા હતા. બાંકે બિહારીની રાસલીલાની, પૂર્ણ પુરુષોત્તમની રમણલીલાની અનોખી ભૂમિના બંસીબટ પર આજે સંગીતની મહેફિલ જામી હતી. વ્રજ ચોરાસી કોસના અનેક ભક્તકવિઓની ભીડ બંસીબટ પર ઊભરતી હતી. કૃષ્ણભૂમિ વૃંદાવન એટલે દિનભરની ગૌચારણલીલા પછી થાકેલા રસેશ્વર શ્રીકૃષ્ણનું ગોપીઓ સાથેનું વિહાર કરવાનું લીલુંછમ ધામ. પ્રકૃતિના ત્રણ ગુણોથી શ્રીવલ્લભ વેણુગીતમાં સુબોધિનીજીમાં લખે છે તે પ્રમાણે વૃંદાવન પ્રકૃતિના રજસ્, તમસ્ અને સત્ત્વ એવા ત્રણેય ગુણોથી પર છે, ગુણાતીત છે. મહાજ્ઞાની ઉદ્ધવજી વૃંદાવનમાં પધાર્યા ત્યારે વૃંદાવનની વનશ્રી જોઈને ગાઈ ઊઠ્યા હતા...

"અસામહો ચરણરેણુ જુષમહં સ્યાં
વૃંદાવને કિમપિ ગુલ્મલતૌષધીનામ્"

હે ભગવત–પ્રિય એવાં ગોપીજનોની પાદરેણુના સ્પર્શની અનુભૂતિ પામવાનું સૌભાગ્ય પ્રાપ્ત કરનાર – એ આ વૃંદાવનમાં તૃણ, ગુલ્મ, લતા કે ઔષધિના રૂપમાં પણ રહી શકું તો એને મારું પરમ સદ્ભાગ્ય સમજીશ...

આવા વૃંદાવનના બંસીબટ પર જ્યાં ભગવાન શ્રીકૃષ્ણે રાધા સાથે મહારાસ કર્યો હતો એવા સૂરદાસના "એક પલક જો રહિયે વૃંદાવન"માં આજે કૃષ્ણભક્તિના, રાધાકૃષ્ણની લીલાનાં યુગલ–સ્વરૂપનાં પદોની રમઝટ બોલતી હતી. તાનપુરા, તબલા અને બીજાં અનેક વાજિંત્રો અને સાજની સંગાથે ભક્તકવિ પરમાણંદદાસજી એમના મીઠા કંઠેથી–

"લગે જો શ્રી વૃંદાવન કો રંગ
મન કો મૈલ સબ કછુ જૈહે અરૂ વિષયન કો સંગ

– ગાઈ રહ્યા હતા. એમનું પદ પૂરું થતાં જ અભયરામજી નામના સંત–કવિ–

ધન ધન વૃંદાવન કે મોર
કુંજન પર નૃત્ય કરત હૈ નિજ કો દેખે નંદકિશોર

—એ પદ ઉપાડતા હતા. વાતાવરણમાં ભક્તિનો રંગ પ્રેમના આસમાનમાં એની મેઘધનુ છટાને ખીલવતો હતો. મીરાંબાઈ પણ તંબૂરાના ઝણકાર સાથે–

"મેરે તો ગિરિધર ગોપાલ" અને
"પગ ઘૂંઘરૂ બાંધ મીરાં નાચી રે..."

—એ રચના ગાતીગાતી 'કૃષ્ણમગન' બની નાચી રહી હતી. સંતોનો મેળો ને ભક્તિનો રંગ વાતાવરણમાં છવાઈ ગયો હતો. એટલામાં બાંકે બિહારી રાધાકૃષ્ણના યુગલસ્વરૂપના પ્રખર ઉપાસક, સંગીતજ્ઞ સ્વામી હરિદાસજીનો એમની દૂબળીપાતળી કાયા સાથે બંસીબટ પર પ્રવેશ થતાં જ વાતાવરણમાં કૃષ્ણભક્તિનો અબીલગુલાલ પદોની રમઝટથી ઊડવા માંડયો.

મંદમંદ હાસ્ય સાથે, તંબૂરાના તાર પર એમની કૃશ અંગુલિઓને રમાડતા, આરાધ્ય યુગલસ્વરૂપની આરાધનામાં ઓગળી જતા સ્વામી હરિદાસના હૃદયમાંથી અનોખું પદ નીખરી ઊઠ્યું :

"સુનિ ધુનિ મુરલી બન બાજૈ હરિ રસ રચ્યો !
કુંજ કુંજ દ્રુમ, વેલી પ્રફુલ્લિત
મંડલ કંચન મનિન ખચ્યો
નૃત્યત જુગલ કિસોર જુવતી જન મન
મિલિ રાગ કેદારો મચ્યો !
હરિદાસ કે સ્વામી સ્યામા કુંજબિહારી...
નીકૈ રી આજ પ્યારો લાલ નાચ્યો."

હરિદાસ–સ્વામીના પદમાંથી યુગલસ્વરૂપની લીલા સાંભળી "સાધો...સાધો..."ના નાદથી કૃષ્ણભક્તોએ બંસીબટને ગજાવી દીધો.

"નિધુવન"ના અંતેવાસી સ્વામી હરિદાસની આંખોમાં ઝળઝળિયાં આવી ગયાં. એમની નજર પરમાણંદદાસજી પર પડી. સારસ્વત–કલ્પનાં લલિતા સખીના અવતાર સ્વામી હરિદાસે સુરભિકુંડના મુખ્ય દ્વારપાલ સારસ્વત–કલ્પના "ચન્દ્રભાગા" સખીને ઓળખી કાઢ્યા અને એમની સાથે કુંભનદાસને ન જોતાં પ્રેમથી બોલી ઊઠ્યા :

"અરે, પરમાણંદદાસ, 'યુગલસ્વરૂપ'નો સજળ નયને સદાય સાક્ષાત્કાર અનુભવતા, ગિરિરાજજીની કંદરામાં સદાય શ્રીગોવર્ધનનાથજીને સખાભાવે ખેલ ખેલાવતા, આપણા સૌના આત્મીય એવા કુંભનદાસ આજના મિલનમાં નથી આવ્યા ?"

સ્વામી હરિદાસ વૃંદાવનની કુંજગલીઓમાં મસ્તીથી ઘૂમતાં, "યુગલસ્વરૂપ"નાં પદો ગાતા વિહરતા ત્યારે એમને ગિરિરાજજી પર બિરાજતા શ્રીગોવર્ધનનાથજીના રાજભોગ સમયે તાનપુરાના સૂર સાથે ભાવમય બની

યુગલસ્વરૂપનાં અનેક પદો ગાતા કુંભનદાસજી યાદ આવ્યા વગર રહેતા નહીં. એમનાં યુગલસ્વરૂપનાં પદોમાં જ જેમણે એમની આખી જિંદગી ખર્ચી નાખી હતી, એવા સ્વામી હરિદાસને કુંભનદાસજીમાં એમના સહોદર ભ્રાતા હોવાનો ભાવ થતાં શ્રીસ્વામિનીજી – રાધાસ્વરૂપા અને જુગલકિશોર વેણુધર શ્રીકૃષ્ણના "યુગલસ્વરૂપ"નાં ગીતોના પ્રણેતા એવા સ્વામી હરિદાસજી અને કુંભનદાસજી ક્યારેય મળ્યા નહોતા. મળ્યા હતા ફક્ત એમનાં પદોના ગુંજારવ દ્વારા...

"હરિદાસજી, અમારા કુંભનદાસજીથી એક પળ માટે પણ શ્રીગોવર્ધનનાથજીનો સાથ છૂટતો નથી. રાત–દિવસ શ્રીજીબાવા સાથેની લીલામાં જ એ 'જીવ' એટલો વ્યસ્ત હોય છે કે એકાદ ક્ષણનું પણ વિખૂટાપણું એમનાથી સહ્યું જતું નથી. એકાદ પળ પણ શ્રીજીબાવા દૂર હટી ગયા તો અમારા કુંભનદાસજી તરત ચિત્કાર પાડતાં ગાઈ ઊઠે :

"કિતેક દિન બીતુ ગયે, બિનુ દેખન"

એ ક્યારેય એમના ગોવર્ધનનાથને, ગિરિરાજજીની તળેટીને છોડતા નથી.

પરમાણંદદાસજીની વાત સાંભળી સમસ્ત ભક્તમંડળ ઝૂમી ઊઠ્યું.

"ભક્તજનો, શ્રીમદ્ વલ્લભાચાર્યજીના વ્હાલા, શ્રીગોવર્ધનધરના પરમસખા એવા કુંભનદાસજી એક મહાન આત્મા છે. એમને આપણા બાંકે બિહારી, નિકુંજનાયક અને સ્વામિનીજીનો–રાધાજીનો સાક્ષાત્ અનુભવ લીલા દ્વારા થતો રહ્યો છે. એ બડભાગી આત્માના હૃદયની અનોખી અનુભૂતિથી સભર એવાં યુગલસ્વરૂપનાં પદોના શ્રવણનો લાભ લેવા ચાલો. આપણે ગિરિરાજજી, શ્રીગોવર્ધનનાથજીની છાયામાં શ્રીગિરિરાજ–રાજરાજેશ્વરનાં દર્શન કરતાં–કરતાં કુંભનદાસજીનાં પદોના શ્રવણનો લાભ લઈએ."

સ્વામી હરિદાસે ભક્તમંડળ સામે વાત રજૂ કરી, "સાધો....સાધો...ચલો ગિરિરાજ સ્વામી હરિદાસ કે સાથ..."નો એક નાદ ઊઠ્યો અને સ્વામી હરિદાસ અને પરમાણંદાસજીની સંગાથે હરિકીર્તન કરતા આખાય સમૂહે ગિરિરાજ તરફ પ્રયાણ આદર્યું.

"ગિરિરાજધરણ પ્રભુ તમારે શરણ"ના નાદ સાથે સ્વામી હરિદાસ, હરિવંશજી, પરમાણંદદાસજી અને અન્ય ભક્તો કુંભનદાસ પાસે પહોંચ્યા. આંગણે એકીસાથે આટલા બધા ભક્તોને આવેલા જોઈ કુંભનદાસજીના આનંદનો પાર ન રહ્યો. એમની આંખોમાંથી હર્ષની અશ્રુધારા વહેવા માંડી.

કુંભનદાસજીના ખેતરમાં આવેલા વટવૃક્ષ નીચેના ચોતરે ફાટયાંતૂટયાં આસનો પર કુંભનદાસજીની ભત્રીજીએ બધાને બેસાડયા.

"કુંભનદાસજી, તમારા પર શ્રીવલ્લભ અને વ્રજમંડળના અધિપતિ નટખટ નંદકિશોર શ્રીગોવર્ધનનાથજીની અસીમ કૃપા ઊતરી છે. આપ એટલા ભાગ્યશાળી છો કે આપની નિર્મોહી – નિર્વ્યાજ ભક્તિથી શ્રીગોવર્ધનનાથજી આપને યુગલસ્વરૂપની લીલાના તાદશ અનુભવો કરાવતા રહે છે. અને એ અનુભવોએ

આપની પદરચનાઓમાં અવતરણ પામી, ભક્તિગીતોની ઉજ્જવળ પરંપરા ખડી કરી છે. તો આપશ્રીના મુખે અમે યુગલસ્વરૂપનાં પદો શ્રવણ કરવા આવ્યા છીએ." સ્વામી હરિદાસે કહ્યું.

કુંભનદાસે "યુગલસ્વરૂપ"નાં અનોખાં પદોથી બાંકે બિહારીલાલને રાતદિન રીઝવતા સ્વામી હરિદાસની વાણી સાંભળી ભાવવિભોર બની નમ્રભાવે કહ્યું :

"આપણા ગોવર્ધનનાથજીના રાજભોગનાં દર્શનની તૈયારી જ છે. ચાલો આપણે સૌ દંડવતી શિલાની પ્રદક્ષિણા કરી, એની આજ્ઞા લઈ, શ્રીગોવર્ધનનાજીના મંદિરમાં પહોંચીએ અને આપણે સૌ ગિરિરાજધરણ, નિકુંજનાયક શ્રીજીબાવાને આપણાં પદોથી રીઝવીએ."

કુંભનદાસની વાત સૌએ એકીઅવાજે વધાવી લીધી. પરમાણંદદાસજીને થયું કે કુંભનદાસે એમના ભલાભોળા સ્વરમાં ધીમેથી એ ફક્ત શ્રીગોવર્ધનનાથજીની સન્મુખ જ એમનાં પદો રજૂ કરે છે એ કેવી સિફતથી કહી દીધું !

રાજભોગમાં સૂરદાસ, કુંભનદાસ, પરમાણંદદાસ, સ્વામી હરિદાસ અને અન્ય ભક્તકવિઓએ મન મૂકીને એમની રચનાઓ રજૂ કરી. મંદિરનું વાતાવરણ ભાવવિભોર બની ગયું. શ્રીગોવર્ધનનાથજીના ચહેરા પર પ્રસન્નતાની લહેરો ખીલી ઊઠી.

"કુંભનદાસજી, તમે યુગલસ્વરૂપનાં તો અનેક પદોની રચના કરી અને શ્રીજીબાવા સન્મુખ મધુર કંઠે રજૂ પણ કર્યાં. પરંતુ વ્રજમંડળનાં માનુની – કૃષ્ણપ્રિયા શ્રીસ્વામિનીજીનું એકેય પદ તમારા મુખેથી સાંભળવાનો લહાવો નથી મળ્યો, તો શ્રીગોવર્ધનનાથજીની કાનીથી આપશ્રી સ્વામિનીજીનું એકાદ પદ સંભળાવો."

કુંભનદાસજીએ શ્રીજીબાવા સામે નજર કરી. શ્રીજીબાવાના ચહેરા પર અનોખા ભાવ ઊપસી આવ્યા. એમની નેત્રાવલિમાં સ્વામિનીજીનો ગુણાનુવાદ શ્રવણ કરવાની ઉત્કંઠા ઊપસી આવી અને કુંભનદાસજીએ પદ ગાયું :

"કુંવરી રાધિકે તુવ સકલ સૌભાગ્યસીમા
યા બદન પર કોટિ સત ચંદ બારિ ડારૌં"

કુંભનદાસજીએ પદ પૂરું કર્યું ત્યારે સૌ કોઈના ચહેરા પર આનંદની હેલી ઊમટી હતી.

"કુંભનદાસ, અમે પણ સ્વામિનીજીનાં – રાધાજીનાં અનેક પદો રચ્યાં છે, પણ તમારા પદમાં તો બધી જ ઉપમાઓની ઉપર એવી શતકોટિ ચન્દ્રમા ન્યોચ્છાવર કરવાની ઉપમા રચી, તમે શ્રીસ્વામિનીજી માટે એકેય ઉપમા અમારે માટે રહેવા દીધી નથી. તમારા આ પદમાં તમારી યુગલસ્વરૂપ પ્રત્યેની, રાધારાણી – સ્વામિનીજી પ્રત્યેની અનન્ય ભક્તિનું દર્શન કરતાં અમે ધન્યધન્ય થઈ ગયા."

કુંભનદાસજી ભક્તમંડળ પાસેથી એમનાં પદોની પ્રશંસા સાંભળી ગદ્ગદિત થઈ ગયા અને આ પ્રસંગે એમને શ્રીવલ્લભ અને એમના પેલા શબ્દો

રંપરા ખડી
વા આવ્યા

ને રાતદિન
ાવે કહ્યું :
છે. ચાલો
ર્ધનનાજીના
શ્રીજીબાવાને

ંદદાસજીને
નિનાથજીની

રિદાસ અને
વાતાવરણ
હેરો ખીલી

કરી અને
માનુની –
હાવો નથી
એકાદ પદ

ચહેરા પર
ગુણાનુવાદ
:

નંદની હેલી

ો રચ્યાં છે,
ન્યોચ્છાવર
માટે રહેવા
ધારાણી –
ઈ ગયા."
ી ગદ્‌ગદિત
ેલા શબ્દો

"ભગવદ્‌–લીલાનો ભાવ અને ભગવદ્‌–ધર્મ ભગવદીય વિના કોઈના હૃદયમાં રહેતો નથી" – યાદ આવી ગયા.

એક વખત શ્રીવલ્લભની ચરણસેવા કરતાં કુંભનદાસે શ્રીવલ્લભને પૂછ્યું હતું :

"કૃપાનાથ, પુષ્ટિમાર્ગનો સિદ્ધાંત સમજાવો."

ત્યારે શ્રીવલ્લભે સ્મિત વેરતાં એમનાં મૃદુ વચનો દ્વારા કુંભનદાસને ચોર્યાશી અપરાધ, રાજસી, તામસી, સાત્ત્વિકી ભક્તોનાં લક્ષણ અને પ્રાતઃકાળથી શયન પર્યંતની સેવાના પ્રકાર દ્વારા બાળલીલા તથા કિશોરલીલાનો ભાવ સમજાવતાં કુંભનદાસે પૂછેલા પ્રશ્નો વિષે કહ્યું :

"જેના પર શ્રીગિરિરાજધરણની કૃપા હશે, ભાવ હશે તે આ કાળમાં પૂછશે અને તે પ્રમાણે કરશે. તારા જેવા ભગવદીયો પૂછશે અને કરશે, પરંતુ આગળ ઉપર એવો કઠિન કાળ આવશે કે કોઈ પૂછશે નહીં, કોઈ જવાબ નહીં આપે."

કુંભનદાસનાં અંતરમાં રહેલા ભગવદ્‌–લીલાના ભાવ અને ભગવદ્‌–ધર્મને વંદન કરતાં ભક્તમંડળે વૃંદાવનની વાટ પકડી ત્યારે કુંભનદાસના વિરહી હૃદયમાં તો આ જ પંક્તિ ગુંજતી હતી :

"તિહારે મિલન બિનુ દુખિત ગોપાલ."

૮. અકિંચન વ્રજવાસીનું સમૃદ્ધ ભક્તિસંગીત

વ્રજમાં ઉષ્ણકાળની મોસમ એનો અનોખો પ્રભાવ ધરતી ધિખાવતી પાડી રહી હતી. ગિરિરાજજીના હૃદયમાંથી ખળખળ વહેતાં ઝરણાં સુકાઈ ગયાં હતાં. ગોવિંદકુંડ, સંકર્ષણ–કુંડ, હરજી–કુંડ, ગ્વાલકુંડ ઇત્યાદિ કુંડોનાં પગથિયાં તપતાં હતાં. કુંડોનાં જલ શોષાઈ ગયાં હતાં. કૂવાનાં પાણી ઊંડે ઊતરી ગયાં હતાં. વૈશાખ–જેઠના વાયરા – અગ્નિની જ્વાળાનો અનુભવ કરાવતા – તનને દઝાડતા વાઈ રહ્યા હતા. સૂકાં–ભઠ્ઠ વૃક્ષોના થડમાં છાયા શોધતી, તાપમાં શેકાતી, આમતેમ ડોકાં હલાવતી વ્રજની ગાયો કાન ફફડાવતી, ગરમ થતી ચામડી થથરાવતી અથડાયા કરતી હતી. એમના ગોપાલોના પાવામાંથી હૃદયને હલાવી નાખતા સૂરો – આંબાડાળેથી ઊઠતા કોકિલાના સૂરો સાથેસાથે વ્રજમાં વહેતાં ઝરણાં, નદીનાળાંનાં જલની જેમ સુકાઈ ગયા હતા.

સુસવાટા મારતી ગરમ હવામાં અકળાતો–અથડાતો એક કાફલો મથુરાની દિશામાંથી ગોવર્ધનની દિશામાં આવી રહ્યો હતો. ડંકા, નિશાન અને રજવાડી ઠાઠમાં ધીમેધીમે ગોવર્ધન તરફ આવતા કાફલાને જોઈ "ગોવર્ધનવાસી"ઓના આશ્ચર્ય સાથે આનંદનો પાર ન રહ્યો.

"અરે, ભૈયા !રાજા માનસિંઘ આયો હૈ... ગ્વાલિયર કો રાજા આયો હૈ !"

અશ્વારૂઢ અંગરક્ષકના હાથમાં રહેલાં ડંકા–નિશાન અને ભાલાની ધાર પર ફરકતા ધ્વજ પરથી ગ્રામવાસીઓ ગ્વાલિયરના રાજાને ઓળખી ગયા.

ડંકાનિશાન સાથેના અસવારની પાછળ જ ઘોડા પર રાજા માનસિંઘ બેઠો હતો. એના ઘોડાની આજુબાજુ ખુલ્લી તલવાર સાથે એના અંગરક્ષકો ચાલતા હતા. રાજા માનસિંઘના અશ્વની આગળપાછળ અને સાથેસાથે ખસની ટટ્ટીઓ પકડીને કેટલાક ઘોડેસવારો ચાલતા હતા. કેટલાક ટટ્ટી પર સતત પાણીનો મારો ચલાવી રહ્યા હતા. રાજા માનસિંઘના ચહેરા પર થાક વરતાતો હતો. પ્રસ્વેદબિંદુઓથી એનો ચહેરો રેબઝેબ હતો. ગૌરવર્ણા – આજાનબાહુ – માનસિંઘનું વ્યક્તિત્વ અનોખું હતું. એ અકબર બાદશાહનો માનીતો – અંતરંગની દુનિયાનો એક રાજવી હતો. એની બહેન જોધાબાઈને બાદશાહ અકબર સાથે પરણાવી,

એણે સમસ્ત રજપૂત–ક્ષત્રિય કોમનો રોષ વહોરી લીધો હતો. આગ્રામાં બાદશાહ અકબરની કુરનીશ બજાવી એ વ્રજયાત્રાએ આવ્યો હતો. રાજા માનસિંઘની આ વ્રજયાત્રા કસમયની હતી, એવું એના અંગરક્ષકો કાળઝાળ ગરમીથી થાક અનુભવતા, અંદર–અંદર એકબીજાને કહી એનો અણગમો પ્રદર્શિત કરતા, આગઝરતી ગરમીમાં વ્રજની યાત્રાએ નીકળેલા એના રાજાને મનોમન 'કોસતા' એની આજુબાજુ ઘૂમતા રહેતા હતા.

નાનકડું ગામ ગોવર્ધન તો 'રાજા આયો'ના લલકાર સાથે આટઆટલી ગરમીમાં પણ હેલે ચડયું હતું.

'ઠહરો ! '– ઓચિંતી જ રાજા માનસિંઘની સિંહગર્જના થતાં જ આખો કાફલો સ્થિર થઈ ગયો. ગિરિરાજની તળેટીના એક વિશાળ ખાલી પટ પર રાજા માનસિંઘે નજર ઠેરવી. એને સ્થળ ગમી ગયું. નાનકડા વનાંચલ સમી ગિરિકંદરા જોતાં જ "આપણો કાફલો અહીં જ વિરામ કરશે. આજે રાતનો મુકામ અહીં રહેશે. આજે 'સંધ્યા આરતી' અને શયનનાં દર્શન કરી, કાલ સવારે મંગળાનાં દર્શનની ઝાંખી કરી આપણે પ્રયાણ આદરીશું."– માનસિંઘ રાજાએ ફરમાન કાઢયું.

સૌ કોઈના 'જીવ'માં જીવ આવ્યો.

બપોરની વામકુક્ષી કરતાં–કરતાં એણે ઉત્થાપન, ભોગ–આરતી અને શયનનાં દર્શનનો સમય જાણી લીધો.

બપોરનું જમણ પતાવી, બધાએ થોડોક આરામ કરી, ગિરિરાજ પર બિરાજતા શ્રીગોવર્ધનનાથજીનાં દર્શનની તૈયારી કરવા માંડી.

રાજા માનસિંઘ શ્રદ્ધાળુ જીવ હતો. 'ઉત્થાપન'નાં દર્શન થાકના કારણે ઊંઘ આવી જતાં એણે ગુમાવ્યાં, એનો રંજ કરતાં એણે 'ભોગ–આરતી'નાં દર્શને જવાની તૈયારી કરી.

માથા પરનો મુગટ ઉતારી લીધો. જામકસીના વાઘાની જગ્યાએ સાદાં–સીધાં ધોતી–પહેરણ ધારણ કરી, ઉઘાડા પગે – દંડોતી શિલાની પ્રદક્ષિણા કરી, શ્રીગિરિરાજજીને – સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરી, હળવા પગે આરોહણ શરૂ કર્યું.

આથમતા સૂરજનો તાપ માનસિંઘને અકળાવતો હતો. ગિરિરાજજીની પાષાણ–શિલાઓ હજી તપેલી હતી. પગથી તાપ જિરવાતો નહોતો. આમ છતાં અનન્ય શ્રદ્ધા સાથે એ શ્રીગોવર્ધનધરના મંદિરની દિશામાં આગળ વધી રહ્યો હતો, ત્યાં જ જેઠ મહિનાની વાતી કાળઝાળ 'લૂ'માંથી, મનને ભરી દેતો, સમગ્ર અંગને શીતલતાથી ભરી દેતો સૂર એના કાને પડયો. અવાજ મંદિરની દિશામાંથી આવતો હતો. જેમ–જેમ રાજા માનસિંઘ શ્રીગોવર્ધનપર્વત પર ચડતો ગયો તેમ–તેમ એ મધુર કંઠ એના સમગ્ર અસ્તિત્વને ઘેરી વળ્યો.

શ્રીગોવર્ધનનાથજીનાં દર્શનની તાલાવેલીના પદના શબ્દો સાંભળતાં પાર ન રહ્યો અને રાજા માનસિંઘ લગભગ દોડતો, લાંબા ડગ ભરતો શ્રીજીના મંદિરમાં ધસી ગયો અને "જય જય શ્રી ગોવર્ધનનાથ"– કહેતો શ્રીજીબાવાની

સન્મુખ પહોંચી ગયો. હૈયું ગદ્‌ગદિત થઈ ગયું. આંખોમાંથી ખળભળ અશ્રુધારા વહેવા માંડી. આંખો સામે શ્રીગિરિરાજધરણ ગ્રીષ્મઋતુનાં આછાં વસ્ત્રોમાં શોભતાં ભક્તજનોને દર્શન દેતા ઊભા હતા.

રાજા માનસિંઘના સમસ્ત અંગનો થાક શ્રીજીબાવાના મનહર–મનભર દર્શનથી ઊતરી ગયો. અંગમાં ગરમીની જગ્યાએ શીતલતાનો અનુભવ થવા માંડયો. ઉષ્ણકાલ હોવાથી શ્રીજીબાવા પર ગુલાબજલનો છંટકાવ થતો હતો. સુગંધિત પુષ્પોની મહેકથી વાતાવરણ શોભતું હતું. શ્રીજીબાવાના મુખારવિંદ પર હાથ–પંખાઓ ઝૂમતા હતા. એની શીતલતાનો સ્પર્શ રાજા માનસિંઘ તેમજ અન્ય ભક્તજનોને થઈ રહ્યો હતો.

શ્રીજીબાવાએ ઋતુઅનુસાર શ્વેત પાઘ, પરદનીનો શૃંગાર, શ્રીકંઠમાં મોતીની માલા અને કર્ણફૂલો સાથેનાં આભરણ અંગીકાર કર્યાં હતાં.

"વાહરે મારા વ્રજધિરાજ, મારા ગોવર્ધનનાથ, વ્રજમંડળના અધિપતિ, તારાં દર્શનથી કૃતકૃત્ય થઈ ગયો ! આજ મારાં અહોભાગ્ય ! મારો જનમારો સફળ થઈ ગયો ! મારા નાથ, તારાં દર્શનથી રોમરોમમાં, મારા વ્હાલા, આનંદની લહરો ઊછળવા માંડી છે."

શ્રીગોવર્ધનનાથજીનાં લાવણ્યમય દર્શનથી ધન્યધન્ય થઈ ગયેલા માનસિંઘના કાન પર એ જ મધુર અવાજ પડયો.

એક ખૂણામાં જીર્ણશીર્ણ વસ્ત્રોમાં તંબૂરાના તાર છેડતો એક અકિંચન વૃદ્ધ વ્રજવાસી કીર્તન ગાઈ રહ્યો હતો :

રૂપ દેખિ નેના પલક લગે નહીં
ગોવર્ધનધર કે અંગ અંગ પ્રતિ
નિરખી નેન મન રહત તહીં
કહારી કહો કછુ કહત ન આવે
ચિત્ત ચોર ચોવે માંગ દહીં
'કુંભનદાસ' પ્રભુ કે મિલિવેકી ગંદર બાત
સખિયન ન સોજુ કહી....

રાજા માનસિંઘ ઝૂમી ઊઠયા.

"ગોવર્ધનધર કે અંગ અંગ પ્રતિ
નિરખિ નેન મન રહત તહીં..."

માનસિંઘ દીન વૃદ્ધ વ્રજવાસીના પદના શબ્દો પર વારી ગયો. એના જ હૈયાની વાત આ કવિ જાણે કહી ન રહ્યો હોય ? અવાજની મીઠાશ અંતરમાંથી ફોરતી હોય એવું એને લાગ્યું. સંગીતના જાણકાર માનસિંઘે આ પહેલાં અનેક સંગીતકારોને સાંભળ્યા હતા. "ગ્વાલિયર ઘરાના" તરીકે પ્રખ્યાત થયેલી શૈલીના અનેક સંગીતકારો એના રાજદરબારમાં એને રીઝવતા અને વિધવિધ રાગોમાં સંગીતના સૂરો છેડતા હતા. હિંદુસ્તાનનો મશહૂર ગવૈયો, અકબરના દરબારને શોભાવતો તાનસેન પણ

એના રાજ્યનું જ અણમોલ રત્ન હતા. આ બધા સંગીતકારોની ગાયકી આજના અકિંચન વૃદ્ધ વ્રજવાસીના સૂરીલા કંઠ પાસે ફિક્કી લાગી.

એની નજર શ્રીગોવર્ધનનાથજી પર પડી. શ્રીજીબાવા આ પદ પર મીઠું મધુર સ્મિત ન્યોચ્છાવર કરતા પ્રસન્ન મુદ્રા સાથે બિરાજતા હતા.

'ભોગ–આરતી'નાં દર્શનનો ટેરો આવ્યો.

રાજા માનસિંઘ તો બંધ આંખો સાથે શ્રીજીબાવાના લાવણ્યમય સ્વરૂપનાં દર્શન કરતો – એ સ્વરૂપને પેલા દીન વૃદ્ધ ગાયકના સૂરીલા કંઠથી કમળની પાંદડીની જેમ ખીલી ઊઠેલી "રૂપ દેખી નેના પલક લગે નહીં " એ પંક્તિઓ સાથે એના અંતરમાં ઉતારતો, 'શ્રીજીમય' બની ગયો.

"મહારાજ, 'ટેરો' આવી ગયો." ડરતાં–ડરતાં માનસિંઘના અંગરક્ષકે બંધ નેત્ર–મુદ્રામાં કોઈક અનોખી જ દુનિયામાં–ભાવસૃષ્ટિમાં વિહરતા રાજા માનસિંઘને હળવા સાદે તંદ્રામુક્ત કરવાનો પ્રયત્ન કર્યો.

"હેં....હેં....ટેરો આવી ગયો ? "– સફાળો રાજા માનસિંઘ જાગી ગયો. આંખો સામેથી શ્રીજીબાવાની નયનરમ્ય મૂર્તિ અને કર્ણપટ પર સંભળાતા પદના મધુર શબ્દો અદશ્ય થઈ ગયા હતા. હૈયું આકુળવ્યાકુળ બની ગયું.

શ્વેત મલમલનો ટેરો એની અને શ્રીજીબાવા વચ્ચેનું માયાનું આવરણ બનીને ઝૂલતો હતો. હવામાં કુંભનદાસનાં પદોના શબ્દો વિરમી જતાં શૂન્યાવકાશ સર્જાઈ ગયો.

રાજા માનસિંઘ શ્રીજીબાવાને દંડવત્ કરી, ભારે હૈયે શ્રીગિરિરાજજી પરથી ઊતરી, દંડોતી શિલા પાસે દંડવત્ કરતો ઊભો રહી ગયો.

"અરે ભૈયા, શ્રીગોવર્ધનનાથજીની સન્મુખ સરસ મજાનું પદ ગાતા હતા એ વૃદ્ધ મહોદય કોણ હતા ? આજ સુધી એમના જેવા ગાયકને – એમની સૂરાવલિને – એમના પદના શબ્દોને – ભાવનાને, હૃદયના તાર ઝણઝણાવી નાખે તેવી વાણીને મેં ક્યારેય સાંભળી નથી. એ મહાન 'આત્મા' કોણ છે ? મારે એમનો પરિચય કરવો છે. એમની સંગીતસાધનાને મારે અભિનંદવી છે, પુરસ્કૃત કરવી છે."

"મહારાજ, એ તો અમારા જ નહીં, શ્રીગોવર્ધનનાથજી તેમજ શ્રી–મહાપ્રભુજીના લાડીલા સેવક કુંભનદાસ ગોરવા ક્ષત્રિય છે. મસ્ત, અલગારી, એમની જ દુનિયામાં મસ્તીથી જીવતા, શ્રીજીબાવાને રીઝવવા અંતરમાંથી સ્ફુટ થતી વાણીને પદો દ્વારા શ્રીજી સન્મુખ કરતા ના અકિંચન ખેડૂત છે."

"ખરેખર, મહાન આત્મા છે ! આજે તો રાત પડવા આવી છે. આવતી કાલે વહેલી સવારે હું એમને દંડવત્ કરવા, એમનાં પદોનું શ્રવણ કરવા, એમનો સત્સંગ કરવા જરૂર જઈશ. પરાસોલી ચન્દ્રસરોવરની ધરતી જ બેનમૂન કલાકારોની ધરતી છે." રાજા માનસિંઘ ભાવવિભોર બની બોલી ઊઠયા.

૯. અંતરના અમીર ભક્તરાજ કુંભનદાસ

પરાસોલી ગામની પૂર્વની ક્ષિતિજધારે શ્રીગોવર્ધન પર્વતની ગિરિમાળાના નેપથ્યે આકાશ ધીમેધીમે અંધકારની ચાદર હટાવતું મંદમંદ સમીરની પાંખે ફૂટતું પ્રભાતનું ગુલાબી ઓઢણું ધારણ કરી રહ્યું હતું. બાલરવિકિરણોની કટિ–મેખળા શ્રીગિરિરાજજી એમના કંઠે ધારણ કરી રહ્યા હતા. મોરના થનગનતા ઠેકા અને કોકિલાનો પંચમસૂર, ગિરિકંદરાની આમ્રડાળેથી કૂજતો રવ શ્રીગિરિરાજજીના કંઠે શોભતી બાલરવિકિરણોની કટિમેખળાના લાવણ્યને વધાવતો વનાંચલમાં ઘૂમી વળ્યો હતો. ફૂલગુલાબી વાતાવરણની જમાવટ થવા માંડી હતી. ચન્દ્રસરોવરના જલનો ઉરઉછાળ હૈયામાં આનંદની લહર પ્રસરાવતો હતો. ચન્દ્રસરોવરનો રાસચોતરો પારિજાતનાં મઘમઘતાં પુષ્પોની ચાદર ઓઢી, વીતેલી રાતના જામેલા મહારાસની સ્મૃતિને હૈયામાં ભરી પ્રસન્નતા માણી રહ્યો હતો.

કુંભનદાસના ખેતરને ખૂણે બાંધેલી કુટિરમાંથી પણ "જગાઈ માઈ બોલ બોલ વન મોર" પદના શબ્દો વાતાવરણને પ્રફુલ્લિત કરતા હવામાં ફોરી રહ્યા હતા. પ્રભાતની છડી પોકારતા "કૂકડે કૂક"ના મધુર અવાજ સાથે ગોકુલચન્દ્રમાના ગિરિકંદરામાંથી ઊઠતા દેવચકલીના મીઠડા બોલ કાને પડતાંની સાથે જ કુંભનદાસ એમની દર્ભની શય્યામાંથી – બારીમાંથી – ડુંગરટોચે બિરાજતા દેવ – શ્રીગોવર્ધનનાથજી ને શ્રી ગિરિરાજજીનાં ચરણે મસ્તક નમાવતા બેઠા થઈ ગયા. નિત્યકર્મથી પરવારી એમની ભત્રીજીની ગામમાંથી આવવાની રાહ જોતા, ઝૂંપડીની બાજુમાં બનાવેલા વટવૃક્ષની છાયા નીચેના ચોતરા પર બેઠાબેઠા હજી તો 'ગિરિરાજધરણ પ્રભુ તમારે શરણ'નો પાઠ શરૂ કરે, ત્યાં તો આજુબાજુનું વાતાવરણ અનોખી દિવ્ય સુંગંધીથી ઊભરાવા માંડયું. ખેતરનાં પર્ણેપર્ણ આનંદથી શ્રીગોવર્ધનનાથજીના આગમનને વધાવતાં ઝૂમી ઊઠયાં.

હાથમાં તંબૂરા સાથે ચોતરા પર બિરાજમાન કુંભનદાસના ખોળામાં કૂદકો મારતા નટખટ નંદકિશોર – માખણચોર ગોવર્ધનનાથે ઝંપલાવી દીધું અને કુંભનદાસજીના તંબૂરાના તાલ સાથે મસ્તી કરતાં, નેત્રકટાક્ષ કરતાં શ્રીજીબાવા હસીને બોલી ઊઠયા :

"કુંભનદાસ, તને હું એક વાત કહેવા આવ્યો છું."

"શી વાત છે, બાવા ?"— કુંભનદાસ બાલસ્વરૂપ શ્રીજીબાવાને હજી તો સવાલ કરે ત્યાં તો થોડેક દૂર રસ્તા પરથી કોઈનો ખેતરની દિશામાં આવવાનો અવાજ કાને પડયો અને શ્રીગોવર્ધનનાથ કૂદીને ચોતરાથી સાવ નજીક એવી આમ્રઘટાના એક વૃક્ષની પાછળ છુપાઈ ગયા.

"અરે...અરે...મારા ગોવર્ધનનાથ, ક્યાં ભાગી ગયા ? શું વાત હતી, વ્હાલા, કહોને..." પરંતુ કુંભનદાસ વાક્ય પૂરું ન કરી શક્યા.

"અરે, ચાચા...ચાચા, રાજા માનસિંઘ પધાર રહે હૈં." પરાસોલીની દિશામાંથી દોડતી, શ્વાસભેર ભત્રીજીએ સમાચાર આપ્યા.

"કોણ રાજા માનસિંઘ આપણી કુટિયા તરફ આવી રહ્યા છે ? આવવા દે, બિટિયા, પણ ધ્યાન રખિયો"— કહેતાં ભત્રીજીને સાવધાન કરી, આમ્રવૃક્ષની ઘટામાં છુપાયેલા શ્રીગોવર્ધનનાથજી તરફ દૃષ્ટિ નાખતાં જ બોલી ઊઠ્યા :

"અરે, બાવા, શું વાત છે ? આ માનસિંઘ રાજા ભી કૈસો ! બીચમેં ટપક પડે હૈં. મેરે ઔર તેરે બીચમેં માયા કો 'ટેરો' બન કર તેરી લીલાકો દર્શન મેં અવરોધ કર રહો હૈ."

અવાજમાં ગુસ્સો, વિરહ અને વ્યાકુળતા વિશેષ હતાં. ભક્ત અને ભગવાનના મિલનમાં ભંગ પડી રહ્યો હતો. પ્યારા ગોવર્ધનનાથજી કેટલા પ્રેમથી કૃપા કરી, એમની સાથે ખેતરમાં રમવા આવ્યા, કાંઈક વાત કહેવા આવ્યા, હૈયાની ગોઠડી માંડવા ખોળામાં બેઠા, ત્યાં તો માનસિંઘજીના આગમનનાં ડંકા–નિશાન વાગવા માંડયાં અને શ્રીગોવર્ધનનાથ ખોળો છોડી, આમ્રઘટામાં છુપાઈ ગયા. કુંભનદાસજીના વિરહી આત્માથી આ તાપ સહન ન થયો. એ ગુસ્સામાં, આંખો બંધ કરી ચૂપચાપ ઓટલા પર બેસી રહ્યા.

માનસિંઘ કુંભનદાસના ખેતરના ખૂણે આવેલી કુટિરની બાજુના ચોતરા પર બેઠેલા કુંભનદાસજી પાસે આવી પહોંચ્યો. બંધ આંખો, અંતરમાં ઊછળતી શ્રીગોવર્ધનનાથજીની જુદાઈ સહી ન શકેલા કુંભનદાસના ચહેરા પરનો રમતો અણગમો, ધ્રૂજતી કાયા..... આંગળીઓ તંબૂરાના તારને રણઝણાવી અંતરની વ્યાકુળતા પ્રગટ કરતી હતી. ફાટેલાતૂટેલા પહેરવેશમાં ભક્ત એની ધૂનમાં, એની દુનિયામાં ડોકું ધુણાવતા હતા.

"બાવા, આમ સૂનમૂન બની શું બેઠા છો ? જુઓ તો ખરા આંગણે કોણ આવ્યું છે ! ગ્વાલિયરનરેશ રાજા માનસિંઘ આપણા ખેતરે પધાર્યા છે, ચાચા !" નાનકડી હરખપદુડી ભત્રીજી કુંભનદાસના શરીરને હચમચાવતી બોલી ઊઠી.

"બિટિયા, રાજા આવીને ઊભા છે એમાં હું શું કરું ? વાત કહેવા ખોળામાં આવીને બેઠા હતા એ તો જતા રહ્યા. હવે પેલી વાત કોણ કહેશે ?" શ્રીગોવર્ધનનાથજીના વિરહથી વ્યાકુળ વાણીમાં કુંભનદાસ દર્દભર્યા અવાજે બોલ્યા. ધીમેધીમે આંખો ખોલી તો રાજા માનસિંઘની પીઠ પાછળની આમ્રઘટામાં છુપાયેલા

શ્રીગોવર્ધનનાથજી શ્રીહસ્તનો ઈશારો કરતા, ભક્તની વ્યાકુળતા સહી ન શકતા – લાચારી અનુભવતા શ્રીગોવર્ધનનાથજી કુંભનદાસને કહી રહ્યા હતા :

"કુંભના, રાજા સાથે કામ પતાવ અને જલદી વિદાય કર. પછી આપણે નિરાંતે વાતો કરશું, ખેલશું. તું કીર્તન કરજે, હું થનગન નાચીશ, કુંભના !"

"ભક્તવર્ય..." રાજા માનસિંઘ એમની સામે દૃષ્ટિ કરતાં કુંભનદાસના ફફડતા હોઠ જોઈ વિચારમાં પડી જતાં બોલી ઊઠ્યા :

"ભક્તરાજ, હું રાજા માનસિંઘ તમારાં દર્શને, તમારા મધુરકંઠે શ્રીગોવર્ધનધરનાં પદો સાંભળવા સાવ અકિંચન બની આવ્યો છું. આપ મારા પર કૃપા કરો !"

"અરે, યમુના, અહીં આવજે તો." રાજા માનસિંઘની વાતો પર ધ્યાન ન આપતાં એમણે એમની ભત્રીજીને બૂમ પાડી. માનસિંઘરાજા કુંભનદાસજીની એની હાજરીની અવજ્ઞા પર મૂંઝાઈ ગયા.

"બેટી યમુના, આસન ઔર આરસી લાઈઓ." કુંભનદાસ બોલ્યા.

"અરે બાબા, આસન તો પાડી ખાઈ ગઈ અને આરસી પી ગઈ." – ભત્રીજી હસીને બોલી ઊઠી.

દસબાર વર્ષની નાજુક નટખટ હસતી–રમતી છોકરીનાં વાક્યોએ રાજા માનસિંઘને આશ્ચર્યમાં મૂકી દીધો અને એ મનોમન બબડી ઊઠ્યો :

આસન પાડી ખાઈ ગઈ અને આરસી પી ગઈ ? શું બોલતી હતી આ વ્રજવાસી બાલા ? કશું જ સમજાતું નહોતું. રાજા માનસિંઘ હજી તો એ વાક્યોનો અર્થ સમજવા કશાક પ્રશ્નો કરે એ પહેલાં જ કુંભનદાસજીની ભત્રીજી–એ ઘાસનો પૂડો ખુલ્લી જગ્યામાં પાથરી, રાજા માનસિંઘજીને એના પર બેસવાની વિનંતી કરી અને બીજું ઘાસનું આસન બિછાવતાં ભત્રીજી બોલી :

"ચાચા, આસન પાથર્યું છે. બિરાજમાન થાઓ." અને ભત્રીજી માટીની કુંડીમાં થોડુંક પાણી નાખી ખસીને ઝૂંપડીના દ્વાર પાસે જઈને ઊભી રહી.

કુંભનદાસે કુંડીના પાણીમાં પોતાના ચહેરાનું પ્રતિબિંબ જોતાં કપાળમાં તિલક કર્યું.

બેસવાને આસન નહીં અને જલ રાખવાનું સાધન પણ નહીં. રાજા માનસિંઘનું હૈયું આ અકિંચન, વૃદ્ધ, બચરવાળ ક્ષત્રિય ખેડૂત પર દ્રવી ઊઠ્યું.

"ઓહ ! આટલી ભયંકર દરિદ્રતા આવા સુંદર કલાકાર કવિ ભક્તને ત્યાં.."

"પ્રધાનજી." એ ધીમા અવાજે બોલી ઊઠ્યા.

"જી મહારાજ ! "– પ્રધાન નમન કરતો બોલ્યો.

"આપણો પેલો થેલો મને આપો."– પ્રધાનજીએ થેલો આપતાં જ ખુદ રાજા માનસિંઘે થેલામાંથી રત્નજડિત આરસી કાઢી, વંદન કરતાં સોનાની આરસી કુંભનદાસના ચરણે ધરતાં બોલ્યો :

"બાવા, આ રત્નજડિત સુવર્ણ–આરસી આપને ભેટ કરું છું. આપશ્રી હમેશ આ આરસીમાં જ મુખદર્શન કરતાં તિલક કરતા રહેજો."

"મહારાજ, આ સુવર્ણરત્નજડિત આરસીને હું સ્વીકારું તો મારું ચિત્ત એને સાચવવાની મોહજાળમાં ફસાઈ જવાનું. વળી કોઈક ચોર આવી અમને મારીને આ આરસી ઉપાડી જાય. એવી પંચાત મારે શા માટે રાખવી ? આ સોનાની આરસી મને મારા વ્હાલા ગૌવર્ધનનાથજીથી વિખૂટો પાડી દે. એવું મારે કાંઈ ન ખપે, મહારાજ ! આરસીને આપના થેલામાં મૂકી દ્યો." કુંભનદાસજી બોલી ઊઠ્યા. રાજા માનસિંઘે ચૂપચાપ આરસીને થેલામાં મૂકી દીધી અને થેલામાંથી એક બટવો કાઢી, એમાંથી સોનામહોરો કુંભનદાસજીના ચરણે ધરી દેતા રાજા માનસિંઘ સહેજ આઘા ખસી ગયા.

"અરે, મહારાજ, આ શું મને માયાની જાળ દ્વારા મારા વ્હાલાની કીર્તન–સેવાથી દૂર કરવાનો પ્રપંચ આદર્યો છે ? "

"બાવા, આ સોનામહોરોથી તમારી જિંદગી આખીની ગરીબાઈ દૂર થશે અને તમારા આર્થિક વ્યવહારમાં સરળતા રહેશે. આપ આ સોનામહોરો સ્વીકારી લ્યો."

"મહારાજ, આપ જે દ્રવ્ય ધરી રહ્યા છો, એ તો આજન્મ માયાનું મોટું આવરણ છે. હું તો એવો સરળ માણસ છું કે એક વખત એના ચક્કરમાં આવી જાઉં તો મારા વ્હાલાનું સ્મરણ પણ ચૂકી જાઉં. મને તમારી સોનામહોરો ન ખપે." કહેતાં કુંભનદાસે મોં ફેરવી લીધું.

"ભક્તવર્ય, તમે સાવ અકિંચન, નિઃસ્પૃહી બની આપણા શ્રીગોવર્ધનધરની સમક્ષ સરસ પદરચનાઓ કરો છો. એમાં આ મારી નાનકડી ભેટ તમને ધનની ચિંતાથી મુક્ત કરશે. તમે તમારી કીર્તનસાધના વધારી શકશો. કહેતા હો તો જમનાવતા ગામ આખું તમારા નામે લખી દઉં એટલે તમારે નિરાંત રહે." રાજા માનસિંઘ બોલ્યો.

"રાજાજી, આ તમારાં ધન, દોલત, આરસી કશું જ ન ખપે. અમારે તો આ ખેતી છે.... મા ધરતી એનાં પેટાળ ફાડી અમને ખાવા પૂરતું ધાન્ય આપે છે એ અમે નિરાંતે ભેગાં મળી ખાઈએ છીએ. જમનાવતા ગામ લખી આપવાની આપની ઉદારતા આંખ–માથા પર, પરંતુ એ પણ હું સ્વીકારી શકતો નથી, કારણ કે હું બ્રાહ્મણ નથી કે કોઈનું દાન સ્વીકારું. અમારો "મોદી" છે એ અમારું ધ્યાન રાખે છે."

"તમારો મોદી કોણ છે એ બતાવો. તો હું એને ત્યાંથી સીધું–સામાન પહોંચતું રહે તેની વ્યવસ્થા કરતો જાઉં. મારાથી એક કલાકારની કલામાં બાધારૂપ બને એવી તમારી ગરીબાઈ જોઈ જોવાતી નથી. એક અનન્ય હરિનો લાડીલો ભક્તકવિ આવી ગરીબાઈમાં જીવે છે એ મારથી જોવાતું નથી !" રાજા માનસિંઘ બોલ્યો.

કુંભનદાસે આર્દ્ર નજરે રાજા માનસિંઘ સામે જોતાં દર્દભર્યો નિસાસો નાખ્યો અને બોલી ઊઠ્યા :

"અરે, જીવ...અરે મારા ગોવર્ધનનાથ.... ત્યાં છુપાઈને આ લીલા શું જોઈ રહ્યો છે ? બહાર તો આવ અને આ દયાળુ દાનવીર રાજાને એટલું તો કહી જા કે આ ધનદોલત, પતિ–પત્ની બધું જ આ સંસારે વ્યર્થ છે. જીવનનો સાચો અર્થ પૈસા નથી. સાચો અર્થ તો, ભગવાન, તેં જે દશામાં જિવાડવાનું નક્કી કર્યું હોય એ દશામાં જ અમે જીવીએ છીએ, જીવતા રહીશું." અને રાજા માનસિંઘ પર આંખો સ્થિર કરતા કુંભનદાસજી બોલી ઊઠ્યા :

"મહારાજ, અમારો મોદી ગોવર્ધનમાં હાટડી માંડીને નથી બેઠો. આ જુઓ સામે કેરડાનું ઝાડ છે. એ અમારો ધોમધખતા ઉનાળાનો – ઉષ્ણકાલનો મોદી છે. એ પછી આ બોરનું ઝાડ છે ને ! સરસ મજાનાં બોર ઉગાડીને શીતકાલના મોદીનું કામ કરે છે. કુદરતનાં આ બધાં વૃક્ષો, પુષ્પો, ફળો ભગવાને અમ જેવા અલગારી, સંતોષી માણસો માટે જ વાવ્યાં છે. અમારું કામ એનાથી ચાલ્યે જાય છે. કોઈ તકલીફ નથી." કુંભનદાસ બોલી ઊઠ્યા.

રાજા માનસિંઘ નિર્ધન, અકિંચન સાધુ સમા આ સંસારી પર ખુશખુશ થઈ ગયો અને કુંભનદાસના પગે પડયો... બોલી ઊઠ્યો :

"ભક્તરાજ, તમારા જેવો અંતરનો અમીર, પરમ સંતોષી જીવ મારા આયખાની યાત્રામાં ક્યાંય જોયો નથી ! જેનું આસન ઘાસની પત્તીઓ હોય, હવામાં ઝૂલતાં પર્ણોથી લચી પડતાં વૃક્ષો મોદી હોય, જેની આરસી માટીની નાનીશી કુલડી હોય અને એમાં જ જેનું સર્વસ્વ આવી જતું હોય તેવા તમ જેવા ત્યાગીને નમસ્કાર કરું છું ! આપ મને કાંઈક આજ્ઞા કરો, મહારાજ ! જેથી મારો જીવનફેરો, અહીં સુધીના આગમનનો ફેરો ધન્યધન્ય થઈ જાય ! "

"રાજાજી, આજ્ઞા તો હું શું કરું ? એક અકિંચન, દરિદ્રી, બચરવાળ આદમી પાસે આજ પછી ક્યારેય આપ મને આપનું મુખારવિંદ દેખાડવા આવશો નહીં, આપનું મુખ દેખાડશો નહીં." અને માનસિંઘ કુંભનદાસનાં ચરણે પડી દંડવત્ કરી એના મુકામ તરફ ચાલી નીકળ્યો.

ાસો નાખ્યો

ા લીલા શું
ટલું તો કહી
નનો સાચો
ું નક્કી કર્યું
જા માનસિંઘ

બેઠો. આ
ઉષ્ણકાલનો
ર ઉગાડીને
ો ભગવાને
મ એનાથી

ર ખુશખુશ

જીવ મારા
ીઓ હોય,
ી માટીની
તમ જેવા
જેથી મારો
"

બચરવાળ
વા આવશો
ચરણે પડી

---

૧૦. 'વ્રજ મેં બડો મેવા યહ ટેટી'

ધૂળની ડમરી શમી ગઈ.

વાતાવરણમાં રમતો ભાર ઓછો થઈ ગયો.

ડંકાનિશાન સાથે આવેલો રાજા માનસિંઘ ગોવર્ધનની દિશામાં ઓગળી ગયો.

"અરે, ચાચા !"

માનસિંઘની વિદાય સાથે જ કુંભનદાસની નાનકડી ભત્રીજી કાકાના દૂબળા–પાતળા શરીરને હચમચાવતી બોલી ઊઠી :

"અરે બાબા, યે ક્યા કિયો ?"

"કેમ શું થયું ?" કુંભનદાસ બોલ્યા.

"અરે બાબા, આંગણામાં ગ્વાલિયરનો રાજા આવ્યો, ધનદોલત – અરે જમુનાવતા ગામ દેવા તૈયાર થયો અને તમે કાંઈ એનું લીધું નહીં ? આજે ઘરમાં ઠાકોરજીની સામગ્રી માટે પણ કાંઈ નથી !" સહજ દર્દભર્યા અવાજે ભત્રીજી યમુના બોલી ઊઠી.

"અરે ચૂપ, પગલી કહીંની ! ધીમે બોલ ! ક્યાંક પેલો કદંબડાળે બિરાજેલો ગોવર્ધનનાથ સાંભળશે તો 'ખીજી' જશે. ગુસ્સે થઈને કહેશે કે, અરે કુંભના, તારી ભત્રીજી તો બહુ લોભી છે ને શું !" હળવા સાદે કદંબની ડાળે ઝૂલતા શ્રીગોવર્ધનનાથ સામે જોતાં હસતાં–હસતાં કુંભનદાસ બોલ્યા.

"અરે બાબા, મેં તો હસવામાં કહ્યું હતું. તમે ફિકર ન કરતા. મારો કાળિયો દેવ જ્યાં બેઠો હોય ત્યાં વળી હું શું કામ ફિકર કરું ? ચૌદલોકનો ચાર–ભુજાળો આપવા બેસે ત્યારે બે–ભુજાળા – માયાની ભવાટવીમાં આળોટતા રાજાની કઈ તાકાત તે આપણને આપે ?" યમુના બોલી

"બેટી, હસવામાંય આવી વાત ન કરવી. મારા ગિરિરાજધરણને ઓછું આવે કે હું જેની ચિંતા કરતો હાજરાહજૂર બેઠેલ છું – ત્યાં આ કુંભનો ને એની ભત્રીજી રાજા પાસેથી વળી શી અપેક્ષા રાખે છે ?"

"ચાચા, ભૂલ થઈ ગઈ." કહેતી ભત્રીજી યમુના કુંભનદાસના પ્રિય કૂવા

પર પાણી ભરવા ચાલી ગઈ.

"કુંભના !" કહેતા શ્રીગોવર્ધનનાથજી યમુનાની વિદાય સાથે જ કદંબની ડાળેથી કૂદકો મારતા કુંભનદાસના ખોળામાં ખાબક્યા.

"અરે...અરે... મારા પ્રભુ ! મારા ગોવર્ધનનાથ ! આમ કૂદકા મરાય ? ક્યાંક વાગી જાય ! પ્રભુ વ્હાલા ! ધીરા ખમો." ગભરાયેલા સ્વરે કુંભનદાસ બોલી ઊઠ્યા.

"કુંભના, તારા વગર એક પળ પણ ચાલતું નથી. તું આટલો વિહ્‌વળ શેનો થઈ ગયો ? તારા મનમાં અત્યારે ક્યા ભાવ જાગ્યા છે ? કુંભના, મને સંભળાવ."

કુંભનદાસ ભગવાનનો ભક્ત પ્રત્યેનાં ભાવ–લાગણી જોતાં દ્રવી ઊઠ્યા. બાજુમાં પડેલો તંબૂરો ઉપાડ્યો. આંખો બંધ કરી, "માંયલા"ની મટકીમાં સરી પડ્યા. વિરહ અને તાપના વલોણા–મટકીમાં "ઘમ્...ઘમ્..." કરતાં વલોવતાં જ જાગેલા અંતરના ભાવ કુંભનદાસની વાણીમાંથી સરી પડ્યા ;

"પરમ ભાવતે જિયકે મોહન....નૈનન તેં મતિ ટરો
જો લોં જીઉં તો લોં દેખો બાર બાર
પાઈ લાગોં ચિત્ત અનત ન ધરો.

"વાહ રે મારા કુંભના...." શ્રીગોવર્ધનનાથ પદ પૂરું થતાં જ કુંભનદાસની ચિબૂક પકડતાં બોલી ઊઠ્યા અને ગળે વળગી પડ્યા.

"ધન્યધન્ય મારું જીવતર થઈ ગયું–મારો વ્હાલો મારે ગળે વળગ્યો, પ્રેમથી ભેટ્યો ! વારી જાઉં, મારા વ્હાલા, તમારી કૃપા પર..." કુંભનદાસ બોલી ઊઠ્યા.

શ્રીગોવર્ધનનાથ કેટલીય પળો સુધી કુંભનદાસની ગોદમાં ખેલતા રહ્યા.

"કુંભના, હું તને એક વાત કહેવા આવ્યો હતો."

"હા, પ્રભુ, તમે કાંઈક વાત કહેવા આવ્યા હતા, ત્યાં જ પેલો કાળમુખો વચ્ચે ટપકી પડ્યો અને તમારું સાનિધ્ય, ધ્યાન બધું છોડાવી ગયો. વહાલા, અમારી મસ્તીભરી દુનિયામાં આવી પળોજણો શું કામ મોકલતા હશો ? એ આવ્યો અને આપ ભાગીને કદમની ડાળે જઈને બેઠા. દીનાનાથ, પરિશ્રમ તો નથી પડયો ને ?" કુંભનદાસ બોલ્યા.

"પરિશ્રમ તો શું પડે ? પણ તારી વ્યાકુળતા મારાથી દીઠી નહોતી જતી. તેં રાજા જેવા રાજાને કહી દીધું ને કે હવે પછી તારું મોઢું ન દેખાડતો, એ મને ગમ્યું. મારા ભક્તોની ખુમારી માટે મને માન થયું."

"ખુમારી શેની, પ્રભુ ? પણ હાં, તમે કાંઈ વાત કહેતા હતા ને !" કુંભનદાસે શ્રીગોવર્ધનનાથને વિસારે પડતી વાતની યાદ આપી.

"કુંભના, આજે વનમાં ગૌચારણલીલામાં અમારા સખાઓ વચ્ચે શરત લાગી છે." શ્રીગોવર્ધનનાથ બોલ્યા.

"શેની શરત, કૃપાનિધાન ?"

"દરેક ગ્વાલે પોતપોતાના ઘરનું ભોજન લાવવું, બધાએ ચાખવું, તેમાં કોનું ભોજન સ્વાદિષ્ટ છે તે જોવું. તો, બોલ, તારે કાંઈ મનોરથ આપણી ગ્વાલ–મંડળીમાં કરવો છે ? હું તને આ પૂછવા આવ્યો છું." શ્રીગિરિરાજધરણ બોલ્યા.

"પ્રભુ, આપ શું આરોગશો ? આપને ભાવે તેવી સામગ્રી યમુના પાસે સિદ્ધ કરાવું." કુંભનદાસે પૂછ્યું. "જુવારની ઘેંસ, દહીં–દૂધ, બેજરની રોટી અને કેરડાનું શાક અને લટકાની કચુંબર તો ખરી જ." શ્રીજીબાવાએ સામગ્રીની યાદી કુંભનદાસની દાઢી પર હાથ ફેરવતાં કહી દીધી.

"એ તો ઘરમાં હશે જ."

"તો જલદી મંગાવ, કુંભના ! મને ભૂખ લાગી છે." શ્રીજીબાવા બોલ્યા.

"અરે, કહાં ગઈ યમુના, બિટિયા ? જલદી આ જા." કુંભનદાસે ભત્રીજીને બૂમ પાડી.

કૂવાને કાંઠે પાણી ભરતી યમુના ડોલચીનું પાણી ઘડામાં ઠાલવતી "આઈ ચાચા..." કહેતી, દોરડાની રાશ થાળા પર મૂકતી કુંભનદાસ પાસે દોડી આવી અને ઉત્સાહભર્યા સ્વરે બોલી :

"ચાચા, શી આજ્ઞા છે આપણા શ્રીગોવર્ધનનાથજીની ?"

"બેટા, ઘરમાંથી બેજરનો લોટ, ટેટીનું શાક, કચુંબર અને દહીં જલદી લઈ આવ. આપણા ગોવર્ધનનાથને ભૂખ લાગી છે." કુંભનદાસ બોલ્યા.

"બાબા, બેજરનો લોટ, ટેટીનું શાક, કચુંબર અને દહીં તો હું સવારના આવી ત્યારે જ શ્રીજીબાવાની પ્રેરણા થઈ એટલે લઈ આવી છું." યમુનાએ કહ્યું.

"દૂધની હાંડી અને ઘેરથી દળીને જુવાર જલદી મારા વ્હાલા માટે લઈ આવ, છોરી, ત્યાં સુધીમાં હું રસોઈ કરી લઉં." કુંભનદાસે ભત્રીજી પર હુકમ છોડયો.

શ્રીગોવર્ધનનાથ કુંભનદાસ સામે જોઈ રહ્યા. ભક્તની વિહ્વળતા અને ભક્તિ પર પ્રસન્ન–પ્રસન્ન થઈ ગયા.

કુંભનદાસ એમના ખેતરના છેવાડે આવેલા કૂવા પર જઈ સ્નાન કરી રસોઈ કરવા બેઠા. શ્રીગોવર્ધનધર કદંબડાળે બેસી કુંભનદાસની "પાક–સેવા" જોઈ રહ્યા. ગામમાંથી કુંભનદાસની ભત્રીજી દળેલી જુવાર અને દૂધની હાંડી લઈ આવી. સખાઓ એમની સમગ્રી સાથે શ્રીજીબાવાને શોધતા કુંભનદાસના ખેતરમાં આવી પહોંચ્યા. લીલીછમ વનરાજિમાં શ્રીગોવર્ધનનાથજીએ ગ્વાલમંડળીને પોતાની સામગ્રી ચખાડી અને બધા જ ગ્વાલગોપાલ એકીઅવાજે સ્વાદિષ્ટ સામગ્રીનાં વખાણ કરવા મંડયા ત્યારે શ્રીજીબાવાની આજ્ઞા સાથે પ્રસંગ અને મનોરથને અનુરૂપ પદ કુંભનદાસે ગાવાનું શરૂ કર્યું :

વ્રજમેં બડો મેવા યહ ટેટી
જાકો હોત હૈ સાગ સંધાનો ઔર બેજર કી રોટી

લેલે ડલિયા બીનન નિકસી બડે ગોપાલકી બેટી
કુંભનદાસ લાલ ગિરિધર સૌં વ્હૈ ગઈ ભેટાભેટી

"અરે, કુંભનદાસ, તમે તો વ્રજની ટેટીનો મહિમા વધારી દીધોને શું ?" એક ગ્વાલ બોલી ઊઠ્યો.

"અને વળી સાથમાં બેજરની રોટી !" બીજા સખાએ કુંભનદાસની બેજરની રોટીનાં વખાણ કર્યાં.

"અરે ભૈયા, આ બધું તો મારા ગિરિરાજધરણની કૃપાનું ફળ છે. બાકી હું તો કાંઈ નથી." કુંભનદાસ બોલ્યા.

"કુંભના, આ ગ્વાલબાલ બધા તારા ખેતરે વનભોજન કરવા પધાર્યા છે, તો આ પ્રસંગનું કોઈ અંતરમાંથી ઊઠી આવતું એકાદ પદ સૌને સંભળાવ." શ્રીજીબાવાએ લીલાછમ ખેતરની હરિયાળી પર અમીદૃષ્ટિ છાંટતાં કુંભનદાસને આજ્ઞા કરી :

"જેવી પ્રભુની આજ્ઞા." કહેતાં કુંભનદાસે તંબૂરો હાથમાં લીધો.

આંખોમાં શીતલ હરિયાળી છવાઈ જાય એવી ખેતરની લીલોતરી... ચારેબાજુ કદંબનાં વૃક્ષો, એ વૃક્ષો પર કોયલ, કબૂતર, ચકલી ઇત્યાદિ પંખીઓનો કલરવપૂર્ણ મેળો, કિચૂડ-કિચૂડ ખેતરના ખૂણે આવેલા "કોસ"નો અવાજ, વાતાવરણ સંગીતમય બની રહ્યું હતું ત્યાં જ કુંભનદાસના કંઠેથી,

ઘર ઘર તેં આઈ હૈ છાક
ખારે મીઠે ઔર સલોને, વિવિધ ભાંતિ કે પાક
મંડલ રચના કરી યમુનાતટ સઘન લતાકી છાંય
ગોપી ગ્વાલ સકલ મિલી જેમત મુખહિ સરાહત જાહિ
બાંટત બલ મોહન દોઉ ભૈયા કર દોના અતિ સોહે
ચાખત આપુન સખાન મુખન દે કે ગોપીજન મન મોહે
ટેંટી, શાગ, સંઘાનો, રોટી, ગોરસ, સરસ મહેરી
કુંભનદાસ, ગિરિધર રસ લંપટ નાચત દે દે ફેરી !

પદ ફોરી ઊઠ્યું.

અર્ધચન્દ્રકારે આસન જમાવી બેઠેલા ગ્વાલો કુંભનદાસજીનું પદ સાંભળી આનંદવિભોર થતા, ઊભા થઈ શ્રીગોવર્ધનનાથજીની ફરતા નાચતા-ગાતા, "ગિરિરાજ ધરણ પ્રભુ તમારે શરણ"ની ધૂન ગાતા, સાનભાન ભૂલી આનંદના અનોખા વિશ્વમાં ઝૂમવા માંડયા. કુંભનદાસજી પણ તંબૂરા સાથે ગ્વાલમંડળી વચ્ચે નાચતા-કૂદતા ગોવાળિયાના મુખમાં ફળ, ટેટી ઇત્યાદિ ઓરતા પ્રસન્નચિત્તે પોતે પણ આરોગતા રહ્યા.

"બાબા, ઊઠો, શ્યામ ઢલી." ભત્રીજીએ ચોતરા પર મૂર્છિત થઈને પડેલા કુંભનદાસને ઉઠાડયા.

"અરે, યમુના, શ્યામ હો ગઈ. અરે, મારા વ્હાલાનાં દર્શન..." કહેતાંક

થઈ પરાસોલીના એમના ખેતરમાંથી સીધા
મા દાંડયા. સમગ્ર અંગ વિરહતાપથી સળગી
પ્રદક્ષિણા જેમતેમ કરી એ સીધા ગિરિરાજજી
મંદિરનાં દ્વાર ખૂલી રહ્યાં હતાં.
જીવનભર મૂર્છામાં જ જીવતા આ 'જીવ'ને તારાં
માને, વ્હાલા, તેં જગાડયો. મારા ગોવર્ધનનાથ,
ચાર નથી !"

દંડવત્ કરતાં શરીરને ધરા પર ઢાળી દીધું અને
વા સાથે નેત્રોથી નેત્રો, ચિત્તથી ચિત્ત અને
સાધતાં–સાધતાં, "અંતર"માં ઓગળી, અનોખાં
કુંભનદાસજીના હૃદયમાંથી પદ સરી પડયું :

તા જબ ચારયો
સી ઠાઢી ઉર અચરા ન સાંવરિયો (I)
ગી નંદજૂ કે આઈ સુંદરશ્યામ નિહાર્યો
ઈ ગતિ થાકી ક્યોં હું ટરત નહીં ટાર્યો (II)
મદનમોહન સોં ગૃહ કૌં કાજ બિસાર્યો
રસ લોભી ભલો આરજ પંથ પાર્યો (III)

ચિત્તે એમના "બાવરા" ભક્તની રસસમાધિને
શ્રીજીની આજ્ઞા કેમ જાણે ન થઈ હોય એમ

જૈયે
કી છબિ દેખિ દેખિ સુખ પૈયે

વા માંડયું.
કુંભનદાસનાં પદોની વેરવિખેર પંક્તિઓને
તી—વીણતી વ્રજભૂમિ પર, શ્રીગિરિરાજજી પર

૧૧. કુંભનદાસના ખરા દીકરા દોઢ

"કૃપાનાથ !"

શ્રીવલ્લભનંદન શ્રીગુસાંઈજીએ અવાજની દિશામાં નજર કરી.

હવામાં ગિરિરાજની તળેટીમાં આગલી સાંજે વસંતઋતુને વધાવતું કુંભનદાસનું–

"ખેલ બસંત સબૈ બ્રજ સુંદરિ, તજી અભિમાન ચલી વૃંદાવન"

–પદ ગુંજતું હતું. શ્રીગુસાંઈજીના પગલેપગલે જીર્ણશીર્ણ વસ્ત્રોમાં કુંભનદાસજી "સેનભોગ"નાં દર્શન કરી ગિરિરાજીની તળેટી તરફ ઊતરી રહ્યા હતા. કુંભનદાસજીનાં ફાટેલાં વસ્ત્રો, સૂકલકડી કાયા અને ચહેરા પર શ્રીગોવર્ધનધરના મિલન અને વિરહની આનંદ અને વિષાદની છાયા જોઈ શ્રીવલ્લભનંદન મનોમન એમના અપરિગ્રહ–વ્રત પર વિચારતા ઝૂમી ઊઠ્યા હતા.

થોડા જ સમય પહેલાં રાજા માનસિંઘ એમનાં દર્શને આવ્યો ત્યારે કુંભનદાસની દરિદ્રતાનો ખ્યાલ વિચારી એણે રત્નજડિત આરસી, સોનામહોરો અને જમનાવતા ગામ કુંભનદાસને ભેટમાં આપવા માંડયાં ત્યારે કુંભનદાસે એમના ખેતરની લીલોતરી તરફ માનસિંઘની દષ્ટિ ઠેરવતાં, એની પાલનહાર ધરતી માની છાતી પર ઊગેલાં કેરડાં અને બોરડીનાં વૃક્ષો બતાવી, એની ભેટનો અસ્વીકાર કરતાં કહ્યું હતું કે, "જો, આ રહ્યાં મારાં મોદી ! મારો પાલનહાર તો મારો ગિરિરાજબાવો છે. તારું ધન, ગામ, આરસી મને ન ખપે."

શ્રીગુસાંઈજી આ પ્રસંગ સાંભળી ઝૂમી તો ઊઠ્યા, પરંતુ તિલક કરવા આરસી પણ જેની પાસે ન હોય એવા ભક્તની દરિદ્રતા કેમ દૂર કરવી એવું મનોમન વિચારતા હતા, ત્યાં જ –

"કૃપાનાથ !" એક વૈષ્ણવનો અવાજ એમના કાને પડયો.

"બોલો, શું વાત છે ?" શ્રીવલ્લભનંદને પૂછ્યું.

"આપશ્રી આવતી કાલે ગોકુલથી શ્રીનવનીતપ્રિયાજીની આજ્ઞા લઈ દ્વારિકાની યાત્રાએ જઈ રહ્યા છો ?"

"હા, કેમ ?"

"જે–જે.... એક વિનંતી કરવી છે." વૈષ્ણવ નમ્રભાવે અચકાતાં બોલ્યા.

"શી વાત છે ?"

"જે–જે... આપણા કુંભનદાસ ખરાને..."

"હા, તે એનું શું છે ?"

"જે...જે... કુંભનદાસજી ખૂબ જ દારિદ્ર્યમાં એમનો સમય પસાર કરી રહ્યા છે. બહોળો પરિવાર, સાત–સાત બેટાઓ, એમની પુત્રવધૂઓ,.. સમય ખૂબ જ કપરો છે, કૃપાનાથ !" શ્રીગુસાંઈજીએ વૈષ્ણવ સામે દૃષ્ટિ કરી. એના હૃદયમાં અને ચહેરા પર કુંભનદાસ પ્રત્યેની અનુકંપા હતી. એની વાત સાચી હતી.

એક દિવસ કુંભનદાસજી અન્ય વૈષ્ણવોની સાથે શ્રીગુસાંઈજીની પાસે બેઠા હતા. વાતોનો દોર જામ્યો હતો, ત્યાં જ શ્રીવલ્લભનંદન ઓચિંતા બોલી ઊઠ્યા :

"અરે, કુંભનદાસજી, તમારે દીકરા કેટલા ?"

"મહારાજ, દોઢ." વિનાસંકોચ કુંભનદાસજી બોલી ઊઠ્યા.

"અમે તો સાંભળ્યું છે કે, તમારે તો સાત બેટાઓનો બહોળો પરિવાર છે ને ?"

"કૃપાનાથ, આપે સાંભળ્યું એ પણ સાચું અને હું કહું છું એ પણ સાચું."

"એ કેમ બની શકે ?" શ્રીગુસાંઈજીએ પૂછ્યું.

"જે–જે....મારા સાત દીકરામાંથી પાંચ દીકરા પૂરા લૌકિકમાં આસક્તિ ધરાવતાં સંતાનો છે, જેમને વૈષ્ણવતાના સંસ્કાર નથી મળ્યા. પ્રભુના પ્યારા નથી, એવાને મારા દીકરા કેમ કહેવાય ? હા, મારે એક આખો દીકરો ચતુર્ભુજદાસ. આપણા શ્રીગોવર્ધનનાથજીની કૃપાના ફળ સમો..." અને કુંભનદાસ સાનભાન ગુમાવતા તંદ્રામાં કોઈક અલૌકિક દુનિયામાં સરી પડયા. ચહેરા પર આનંદની લકીરો ઊપસી આવી, આંખોમાંથી આનંદની અશ્રુધારા વહેવા માંડી. બંધ નેત્રો સામે નાનકડો નંદકિશોર કુંભનદાસની વૃદ્ધ કાયા સાથે તોફાનમસ્તી કરતો બોલી રહ્યો હતો :

"અરે, કુંભના ! "

"આજ્ઞા, કૃપાનાથ !"

"આજ તો કોઈ વ્રજવાસીને ત્યાં માખણ ચોરવા જવું છે."

"તો જાઓ, બાલગ્વાલની તમારી ટોળી તૈયાર જ છે. વળી આ માંકડાંય તમારી માખણલીલામાં કૂદકા મારી ધમાલ બોલાવશે." કુંભનદાસ બોલ્યા.

"કુંભના, તુમ ભી સંગ ચલો – તું પણ અમારી સાથે ચાલ."

"હું ?" કુંભનદાસના મુખમાંથી આશ્ચર્યોદ્ગાર સરી પડયા.

"હા, તું."

"અરે, બાબા, મારું તે કાંઈ કામ છે ? માખણચોર–લીલામાં હું રહ્યો બુઢ્ઢો, આજાર, દૂબળોપાતળો માણસ, મારાથી તો ચલાતું પણ નથી. તમે તો

માખણની મટકી ફોડી, માખણ ખાતા, માખણ મોઢા પર લપેટતા, પેલો વ્રજવાસી મારવા દોડશે ત્યારે તમારી સખામંડળી સાથે ભાગી જશો અને 'તાડનલીલા' હું ભાગી ન શકું એટલે મારી થઈ જાય. ના, બાબા, ના, મારું કામ નહીં તમારી તોફાની ટોળીમાં ભળવાનું. હાં, તમે માખણલીલા કરીને હેમખેમ પાછા આવશો ત્યારે લીલાનું પદ ગાઈશ." કુંભનદાસ બોલ્યા.

"કુંભના, તને કોઈ નહીં મારે, હું છું ને ! તારે તો આજે આવવું જ પડશે."

બંધ આંખો સામે આજે આખીય માખણલીલા વિસ્તરી ગઈ.

"કુંભના, ચાલ, વાંકો વળ, તારી પીઠ પર ચઢીને આ હાંડીનું માખણ ખાવું છે."

"વાહ, મારા પ્રભુ, ટચલી આંગળીએ ગોવર્ધન ધારણ કરનારો મારો વ્હાલો મારી પીઠ પર બિરાજમાન થશે ! પ્રભુ તારી લીલા અપરંપાર ! પ્રભુ, તારી કૃપાનો નહીં પાર." ગાતા–ગાતા એ નીચે નમ્યા. હાથમાં નાનકડી વાંસલડી સાથે મોરપિચ્છનો મુગટ, પીળી પીતાંબરી અને પીળી કાછડીમાં શોભતા "માખણચોર" કુંભનદાસની પીઠ પર ચડી, હાંડીનું માખણ ખાવા એમના નાના–નાના હાથ ઊંચા કરતા હતા, પરંતુ હાંડી સુધી પહોંચાતું નહોતું. પગની એડી વારંવાર ઊંચી કરવામાં શ્રીઅંગનું પીતાંબર સરકવા માંડયું. બે હાથ માખણની હાંડીને પકડવામાં વ્યસ્ત હતા, એટલે શ્રીજીબાવાએ સરકી જતી પીતાંબરીને પકડી રાખવા બીજા બે હાથ પ્રગટ કરીને સરકી જતી પીતાંબરીને ગાંઠ વાળી અને નટખટ નંદકિશોરે "ચતુર્ભુજ" સ્વરૂપના કુંભનદાસજીને દર્શન કરાવ્યાં અને એ જ વખતે વ્રજવાસી આવી ચડયો.

"ભાગ, કુંભના, વ્રજવાસી આયો !"– કહેતા શ્રીજીબાવા છલાંગ મારી અન્ય સખાઓ સાથે ભાગી છૂટ્યા અને કુંભનદાસ પકડાઈ ગયા.

"એય, કુંભના, તું મારા માખણની ચોરી કરવા આ નંદલાલની ટોળીમાં ક્યાંથી આવ્યો ?" વ્રજવાસીએ પૂછ્યું.

"અરે ભૈયા, મૈં કા કરૂં ? આપણો નટખટ દેવદમન મને અહીંયાં લઈ આવ્યો અને પોતે માખણ ખાઈને મને અહીં મૂકીને નાસી છૂટ્યો. મેં તો તારા માખણનાં દર્શન પણ નથી કર્યાં."

"અચ્છા, તને છોડી દઉં છું, પણ આ નટખટ નંદકિશોર સાથે આવા ધંધા કરવાનું છોડી તું પદ ગા પદ, જીવતર સુધરી જશે." કહેતાં કુંભનદાસને વ્રજવાસીએ છોડી દીધા.

કુંભનદાસ શ્રીગોવર્ધનધરની લીલા પર રીઝતા, ખીજતા પરાસોલી "આજ દધિ દેખ્યૌ તેરૌ ચાખી"નું પદ કટાક્ષમાં ગાતા–ગાતા આવતા હતા, ત્યારે રસ્તામાં કદંબડાળે સખાઓ સાથે વ્રજવાસીનું માખણ આરોગતા શ્રીજીબાવાએ કુંભનદાસજીને પૂછ્યું :

"કુંભના, કૌન સો દધિ ચાખ્યો ?"

–કુંભનદાસે કદંબની ડાળ પર જોયું. સખાઓ હસી–મજાક કરતા બોલી ઊઠ્યા :

"કુંભના, દધિ કૈસો લગો ?"

કુંભનદાસ હસીને બોલી ઊઠ્યા :

"તમારા પ્રેમનો દધિ ચાખ્યો એટલે તાડનલીલામાંથી બચી ગયો, પરંતુ આજ પછી તમારી માખણલીલામાં ભાગ લે ઈ બીજા, આ કુંભનદાસ નહીં !" કહેતા કુંભનદાસ આગળ ચાલવા માંડયા. શ્રીગોવર્ધનનાથજી કદંબની ડાળેથી કૂદીને એમના ભક્તને ભેટી પડયા.

કુંભનદાસજી એમની કુટિરમાં પહોંચ્યા ત્યાં જ ઉંબરામાં એમની ભત્રીજીએ એમને અટકાવતાં હોંશભર્યા અવાજે વધાઈ ખાતાં કહ્યું :

"ચાચા....ચાચા....'લાલો' આયો...મેરો છોટો ભાઈ.... કા સ્વરૂપ હૈ... બડો મીઠો દધિ સો લગે મેરો લાલો !"

"અરે છોરી, યે તો મેરો 'ચતુર્ભુજદાસ' આયો."

"ચતુર્ભુજદાસ... શું નામ છે ! મારો ભાઈ ચતુર્ભુજદાસ !"

"હાં, મારા ગોવર્ધનનાથે હમણાં જ 'ચતુર્ભુજ'દર્શન કરાવ્યાં છે, છોરી, એટલે લાલાનું નામ પણ આપણે ચતુર્ભુજદાસ રાખીશું. બડો ભક્તન કવિ હોયેગો મેરો લાલો...."

"કુંભનદાસજી, ક્યાં છો ?"

બંધ નેત્રો, આંખોમાંથી મિલનનાં અદ્દ્ભુત દર્શનના આનંદની અશ્રુધારા અને મુખમાંથી

"સુંદર સાંવરે કછુ બીનો
નૈંન દુવારકે અંતર ગવને, મન માનિક હરિ લીનૌ"

–પદ ગાતા કુંભનદાસ ભાનમાં આવ્યા અને નજર સામે શ્રીગુસાંઈજી અને અન્ય ભક્તજનોને જોઈ એકાદ ક્ષણ પૂરતા ક્ષોભિત થઈ ગયા.

"કુંભનદાસ, તમારો એક પુત્ર તો સમજ્યા.... આપણો ચતુર્ભુજદાસ નાની ઉંમરથી જ સરસ પદો દ્વારા, આપણા શ્રીગોવર્ધનનાથજીને એવા તો રીઝવે છે કે 'અષ્ટસખા'માં આપણે એને સ્થાન આપી દીધું છે, પરંતુ તમારો અર્ધો દીકરો કયો ? અને અર્ધો કેમ ?" ગુંસાઈજીએ હસતાં–હસતાં લીલામાંથી ભાનમાં આવેલા કુંભનદાસને પૂછ્યું.

"કૃપાનાથ, મારો અર્ધો દીકરો કૃષ્ણદાસ, જે મારા વ્હાલા શ્રીગોવર્ધનનાથજીની પ્યારી ગાયોની સેવા કરે છે."

"કુંભનદાસ, તમારો કૃષ્ણદાસ પણ પૂરો ભગવદીય છે. એકચિત્તે તે ગાયોની સેવા રાત ને દિવસ કરે છે. ગાયોની સેવા તો સર્વોપરી સેવા જ કહેવાય. તમે કૃષ્ણદાસને અર્ધો બેટો કેમ કહ્યો ?" શ્રીગુસાંઈજીની મંડળીમાં કુંભનદાસની આર્થિક

પરિસ્થિતિ વિષે ચિંતિત એવા વૈષ્ણવે સવાલ કરતાં શ્રીવલ્લભનંદન સામે જોયું ત્યારે શ્રીગુસાંઈજી મરક–મરક હસતા કુંભનદાસ શો જવાબ આપે છે એ સાંભળવા એમની સામે જોઈ રહ્યા.

"કૃપાનાથ, હું તો અબુધ ખેડૂત છું. ઠાકોરજીની લીલાનાં ઠાકોરજી પ્રેરણા કરે તેવાં પદો ઠાકોરજીની સન્મુખ ગાઉં છું. અર્ધો બેટો કૃષ્ણદાસ કેમ એની જાણ મારી મતિ પ્રમાણે મારી કાલીઘેલી સમજણ દ્વારા આપું તો ક્યાંય ભૂલ હોય તો કૃપાનાથ માર્ગદર્શન આપજો." કુંભનદાસ નમ્રભાવે બોલી ઊઠ્યા.

"કુંભનદાસ, તમે તો તાતશ્રીની પરમકૃપા પામેલા વૈષ્ણવ છો, આપણા ગોવર્ધનધરની કીર્તનસેવાના અષ્ટસખાના મુકુટમણિ છો. તમારી સમજણ પ્રમાણે તમારા હૃદયમાં જાગતા ભાવ અને પ્રભુપ્રેરણાનુસાર તમે કૃષ્ણદાસ તમારો અર્ધો દીકરો કેમ એની સમજણ જરૂર આપો." શ્રીગુસાંઈજી આજ્ઞા કરતાં બોલ્યા.

"આપણા પ્રિય એવા શ્રીવલ્લભનો આ પુષ્ટિમાર્ગ આમ જુઓ તો વૈષ્ણવોના – વ્રજજનોના હૃદયના ભાવોનો માર્ગ છે. આપણા શ્રીવલ્લભે પેલા પદમાં આવે છે તેમ 'સેવારીતિ વ્રજજન કી જનહિત જગ પ્રગટાઈ'. હવે આ વ્રજજનની – વૈષ્ણવોની પ્રીતિ કેવી છે ? રીતિ કેવી છે ? વૈષ્ણવો–વ્રજજનો આપણા મુરલી મનોહર નંદલાલાના સાંનિધ્યમાં રહી એમની જે કાંઈ સેવા કરે છે અને સ્વરૂપાનંદનો જે સાક્ષાત્કાર કરે છે, તે સંયોગરસ છે. "ગ્વાલ"નાં દર્શન એટલે પ્રભુની ગૌચારણ–લીલા. આપણો વ્હાલો ભાંડિરવનમાં, ઘેવરવનમાં, મધુવનમાં પધારે ત્યારે નંદાલયવાસીઓને વિરહરસનો અનુભવ થાય છે. આમ, સ્વરૂપાનંદની સેવા દ્વારા સંયોગરસ અને ગૌચારણની લીલા વખતની વિરહરસની વેદના...આમ, બન્નેનો પૂર્ણ અનુભવ પામતો 'જીવ' પૂર્ણ વૈષ્ણવ કહેવાય, પરંતુ બેમાંથી એક રસ જ અનુભવી શકતો હોય એને અર્ધો વૈષ્ણવ કહેવાય...કૃપાનાથ...મારી સમજણ બરોબર તો છે ને ?"– કુંભનદાસે શ્રીગુસાંઈજી સામે જોતાં નમ્રતાપૂર્વક પ્રશ્ન કર્યો.

"કુંભનદાસ, તમારી વાત તો સાચી, પણ કૃષ્ણદાસ આમાં અર્ધો વૈષ્ણવ કેમ કહેવાયો ?"

"કૃપાનાથ, કૃષ્ણદાસ ગાયોની સેવા કરે છે અને શ્રીજીબાવાનાં દર્શન પણ ગૌચારણલીલા દરમિયાન કરે છે. એના નસીબમાં એનાં કર્મ અનુસાર નંદાલયની સેવાનો લાભ કે અનુભવ નથી. એની ગૌમાતા પ્રત્યેની સેવાપ્રીતિ એટલી છે કે એ એની ગૌમાતાની ગિરિરાજજીની કંદરામાં ખેલતા શ્રીગોવર્ધનનાથજીની સેવા છોડી ક્યારેય નંદાલય પ્રતિ... મંદિર તરફ કૃષ્ણદાસ આવ્યો જ નથી. પરિણામે વ્રજભક્તોની બન્ને લીલાનો એને અનુભવ નથી. જ્યારે ચતુર્ભુજદાસ તો સંયોગ અને વિપ્રયોગ બન્ને લીલાનો અનુભવ કરતો રહ્યો છે અને લીલાનાં પદો રચતો રહ્યો છે. તેથી એ મારો એક દીકરો અને કૃષ્ણદાસ અડધો દીકરો...."

"વાહ, કુંભનદાસ, વાહ.. તમે તો ખૂબ જ તટસ્થભાવે સાવ નિર્લેપ રહી

ન સામે જોયું
આપે છે એ

કોરજી પ્રેરણા
મ એની જાણ
ભૂલ હોય તો

છો, આપણાં
મજણ પ્રમાણે
તમારો અર્ધો
તાં બોલ્યા.
તો વૈષ્ણવોના
પદમાં આવે
વ્રજજનની –
ાપણા મુરલી
કરે છે અને
દર્શન એટલે
ાં, મધુવનમાં
સ્વરૂપાનંદની
દના...આમ,
બેમાંથી એક
ાનાથ...મારી
. નમ્રતાપૂર્વક

અર્ધો વૈષ્ણવ

ાં દર્શન પણ
ર નંદાલયની
એટલી છે કે
યજીની સેવા
ી. પરિણામે
. તો સંયોગ
પદો રચતો
...."
નિર્લેપ રહી

સાવ સાચી વાત કહી. હવે તમે મારી આજ્ઞા સાંભળો." મૂળ વિષય પર આવતાં શ્રીગુસાંઈજી બોલી ઊઠ્યા.

"સુણાવો, પ્રભુ, આ રંક જીવ આપની શી સેવા કરી શકશે ?"

"કુંભનદાસ..." શ્રીગુસાંઈજી વૈષ્ણવો સામે દૃષ્ટિ કરતાં બોલ્યા.

"આજ્ઞા, કૃપાનાથ !"

"કુંભનદાસ, અમે દ્વારિકા જઈ રહ્યા છીએ."

"વાહ, પ્રભુ ! દ્વારિકાનાથનાં દર્શન તો જિંદગીનો એક પરમ લહાવો છે, કૃપાનાથ !" કુંભનદાસ ભાવવિભોર બની બોલી ઊઠ્યા.

"અમારું પણ એ જ કહેવાનું છે. તમારે આવતી કાલે સવારે મંગળાનાં દર્શન કરી, અપ્સરાકુંડથી અમારી સાથે દ્વારિકાધીશનાં દર્શને આવવાનું છે." શ્રીગુસાંઈજી બોલ્યા.

"મારે...આપની સાથે, દ્વારિકાનાથનાં દર્શને ?" આશ્ચર્યભાવ પ્રગટ કરતાં હાંફળાફાંફળા કુંભનદાસ બોલી ઊઠ્યા.

"હા, અમારી સાથે. ત્યાં અનેક વૈષ્ણવો, સેવાપ્રેમીઓ, વિદ્વાનોનું મિલન થશે. ગુજરાત–સૌરાષ્ટ્રના અનેક વૈષ્ણવોના વિનંતીપત્રો આવ્યા છે, એટલે અમે જવાના છીએ. તમે પણ અમારી સાથે ચાલો. તમારાં પદોનો વિરહ આ વૈષ્ણવોને ન થાય, તમારા સંગથી – સત્સંગથી એમને ઘણું જાણવા મળશે. વળી તમને દ્રવ્યની ખૂબ જ તકલીફ રહ્યા કરે છે, તેથી તમારું એ કાર્ય પણ વૈષ્ણવોની ઉદારવૃત્તિને કારણે સિદ્ધ થઈ જશે. તો આવતી કાલે મંગળાનાં દર્શન કરી, અપ્સરાકુંડથી આપણો સંઘ ઊપડશે, તો આવી પહોંચો." કહેતાં શ્રીગુસાંઈજી ઊઠ્યા.

"મહારાજ, આપશ્રીની આજ્ઞા સામે મારાથી કાંઈ વધુ તો ન બોલાય.. આપ કહેશો તેમ કરીશ, પણ મારો ગોવર્ધનનાથ..." કુંભનદાસથી વાક્ય પૂરું ન થઈ શક્યું.

૧૨. "કિતે દિન વ્હૈ જૂ ગયે બિનુ દેખે"

કુંભનદાસ શ્રીગુસાંઈજીને દંડોતી શિલાને દંડવત્ કરીને મુકામે જતા જોઈ રહ્યા. શ્રીગુસાંઈજીની દ્વારિકાનાથજીનાં દર્શને દ્વારિકા આવવાની આજ્ઞાએ કુંભનદાસજીને પૂરા મૂંઝવણમાં મૂકી દીધા હતા. આજ્ઞાની અવજ્ઞા ન થાય. ગુરુદેવનાં વચન હતાં. તો આંખો સામે આથમતી સંધ્યાના શ્યામલ રંગમાં ધીમે-ધીમે ગરક થતા ગિરિરાજજીના મસ્તકે શ્રીગોવર્ધનનાથજી બિરાજતા હતા અને એમને અહીં મૂકીને દ્વારિકા જવાનું હતું, એ કેમ બને ?

"ના....ના....મારા વ્હાલા ગોવર્ધનનાથજીનો સંગ એક ક્ષણ પૂરતો પણ હું સહી ન શકું." કુંભનદાસજીનો આર્તનાદ હવામાં વેરાઈ ગયો.

આંખો સામે પરાસોલીનું એમનું ખેતર, એ કદંબનાં વૃક્ષો, ખળખળ વહેતું ખેતરના કૂવાનું એ જલ.... એમની નાનકડી કુટિર, એ ચોતરો, ચોતરા પર બેસી મધુર સ્વરે અંતરમાંથી ઊઠતા એ લાગણીથી – ભાવથી – ભક્તિથી છલકતાં શ્રીગોવર્ધનધરને સમર્પિત એવાં–

"કૃષ્ણ તરની તનયા તીર રાસમંડલ રચ્યો
અધર કર મધુર સુર બેનુ બાજે...."

– યુગલસ્વરૂપની લીલાનાં પદો, કદંબની ડાળે બેઠા બેઠા "કુંભના...કુંભના...કુંભના..." એ શ્રીજીના મુખનાં શબ્દબિંદુઓ, ખોળામાં ખાબકતા, ગિરિરાજજીની કંદરામાં એમની સાથે ખેલ ખેલતાં એમને વાંકા વાળી, પીઠ પર સવાર થઈ ગિરિરાજજીની તળેટીમાં ઘુમાવતા એ ગિરિરાજધરણ સાથેની "બાળલીલા" દ્વારિકાનાથનાં દર્શને જતાં છૂટી જવાની, એનો વિચાર કરતાં જ કુંભનદાસ વિહ્વળ બની જતા હતા.

"વ્હાલા, આવા તે આકરા ખેલ મારી સાથે ખેલાતા હશે ? તારા કુંભનાને આંખોથી અળગો કરતાં તારો જીવ કેમ હાલશે, વ્હાલા ? આ ગિરિરાજજી, એની તળેટી, દંડોતી શિલા અને ગિરિકંદરામાં અલપઝલપ થઈ જતા મારા ગોવર્ધનનાથને હું દ્વારિકામાં ક્યાં લાવીશ ? આખી રાત કુંભનદાસજીએ આવી પડનારા "શ્રીગોવર્ધનવિરહ"ના તાપમાં ઝૂરતાં-ઝૂરતાં આંખનું મટકું પણ માર્યા વગર

ગાળી. એમની દર્ભની પથારીની સળોની જેમ એમને શ્રીગુસાંઈજી સાથેનું દ્વારિકાગમન ખૂંચતું હતું; પણ ગુરુદેવની આજ્ઞા લોપાય નહીં.

આંખો સામે એ જ ગોવર્ધનપર્વતની ગિરિકંદરા, એમાં કદંબના વૃક્ષની છાયામાં દામોદરદાસ હરસાણીના ખોળામાં પોઢેલા શ્રીવલ્લભ, મંદમંદ વાતા વાયરાની લહેરીમાંથી ઊઠેલું શ્રીગોવર્ધનનાથજીના પદરવનું એ મીઠું સુમધુર સ્પંદન, હવામાં ફેલાઈ ગયેલી શ્રીજીના સ્વરૂપની એ મહેક....

"દમલા......"

પોઢેલા શ્રીવલ્લભથી થોડેક દૂર 'ઠાડા' થયેલા શ્રીજીબાવાનો એ હૈયામાં સ્પંદન જગાડતો એ મધુર રવ, સાથેસાથે સુંદરશિલા પાસેની તળેટી પર ઊતરતાં ઊઠેલો એ નુપૂરનો નાદ...

"પ્રભુ, હમણાં ત્યાં જ ઊભા રહો. મારા વ્હાલા વલ્લભ પોઢ્યા છે. આપના નુપૂરના અવાજથી મારા ગુરુદેવની નિદ્રાનો ભંગ થશે. આપ હમણાં અહીં ન આવશો. આપ ચંચલ બાલસ્વરૂપ છો, મારા ગોવર્ધનધર"– અને શ્રીજીબાવા સ્થિર થઈ ગયા, ત્યાં જ ઊભા રહી ગયા.

"અરે, શ્રીજીબાવા ! આપ આમ અહીં ઊભા કેમ છો ? આપે મને જગાડયો નહીં ? આપે પરિશ્રમ લઈ મારા જાગવાની રાહ જોઈ ? બાબા, ત્યાં શા માટે ઊભા છો ? નજીક પધારો !"– ઓચિંતા જાગી ગયેલા દામોદરદાસના ખોળામાં પોઢેલા શ્રીવલ્લભ ક્ષોભ સાથે ઊભા થઈ જતાં, નત મસ્તકે, હાથ જોડતા અપરાધીભાવે બોલી ઊઠયા.

"તમારા આ સેવકે મને તમારી નજીક આવતાં રોક્યો, તેથી હું અહીં ઊભો રહ્યો છું."

"અરે, દમલા ! તેં.... તેં મારા વ્હાલા શ્રીગોવર્ધનધરને આમ ઊભા રાખ્યા ? પરિશ્રમ આપ્યો ? આવું તે તારાથી કરાય ? ચૌદ લોકનો નાથ, ગિરિરાજજીના શિખરેથી તળેટીમાં કૃપા કરી મને મળવા આવે – દર્શન દેવા આવે અને તેં મારા વ્હાલાને..."

"શ્રીવલ્લભ, તમે એના પર ઠાલા ખિજાઓ છો. એણે તો એનો સેવકધર્મ જ બજાવ્યો છે. એણે જે કાંઈ કર્યું છે એ યોગ્ય કર્યું છે અને એવું જ કરવું જોઈએ. ગુરુનું સુખ સેવકે પ્રથમ જોવું જોઈએ. એ જ એનો સેવકધર્મ છે. ગુરુની આજ્ઞા એ સેવક માટે અંતિમ વાત છે. એ વખતે સ્વામીના સ્વામી એવો મારો કોઈ ખયાલ કરવાનો ન હોય અને એ જ સાચો શિષ્યભાવ છે."

શ્રીગુસાંઈજી એમના ગુરુ હતા. એમની આજ્ઞા દ્વારિકાનાથનાં દર્શને જવાની થઈ, એટલે શ્રીગોવર્ધનનાથજીનો વિરહ સહન કરીને પણ જવું જ રહ્યું.

વહેલી સવારે ઊઠી, નિત્યકર્મથી પરવારી, નાનકડું પોટલું અને હાથમાં તંબૂરા સાથે કુંભનદાસે ધીમા, હતાશ હૈયે ગિરિરાજજીની તળેટીમાં "દંડોતી શિલા"ને દંડવત્ કરી, ધીમા પગલે મંદિરની દિશામાં આરોહણ શરૂ કર્યું.

મંદિરમાં પ્રવેશતાં જ ઠાકોરજીને જગાડવાનો શંખનાદ થયો. શ્રીગુસાંઈજી મહારાજ સ્નાન કરીને શ્રીગિરિરાજજી પરનું આરોહણ કરી મંદિરમાં શ્રીજીબાવાને જગાડવા પધાર્યા હતા. પરમાણંદદાસ ભાવવિભોર થઈ પ્રસન્નચિત્તે મધુર અવાજે શ્રીજીબાવાને –

જાગીયે ગોપાલ લાલ દેખોં મુખ તેરો
પાંછે ગૃહકાજ કરોં નિત્ય નિયમ મેરો

–એ પદના ગાનથી રીઝવી રહ્યા હતા. મંદિરનાં દ્વાર ખૂલ્યાં, મંગલાનાં દર્શનનો ટેરો ખૂલ્યો અને પરમાણંદદાસ, સૂરદાસની બાજુમાં બેઠક જમાવતાં, તંબૂરાના તાર ઝણઝણાવતા કુંભનદાસનો મધુર કંઠ વાતાવરણમાં ગુંજી ઊઠ્યો :

નંદનંદનકી બલી જૈયે
સાંવલ મૃદુલ કલેવર કી છબિ
દેખિ દેખિ સુખ પૈયે
સકલ લોકપતિ ઠાકુર રસના રસિક વિમલ જસ ગૈયે !
કુંભનદાસ પ્રભુ ગિરિધર કોં તન મન સર્વસ્વ દૈયે !!

આંખો સામે... "તન મન સર્વસ્વ દૈયે"ના નાયક શ્રીગોવર્ધનનાથ સૂજેલી આંખો અને ઊંઘરાટિયા ચહેરા સાથે કુંભનદાસનાં નેત્રો સામે ખડા થઈ ગયા.

"બાબા, રાતકી નિંદ કૌન ચૂરાકે લે ગયો...."

જવાબમાં શ્રીગોવર્ધનનાથે મરક–મરક વિષાદસ્મિત વેર્યું.

"નક્કી બાવાને પણ મારું દ્વારિકાગમન ગમ્યું લાગતું નથી કે શું ?"– કુંભનદાસ મનોમન વિચારવા માંડયા અને હૈયું, હાડ હને આંખો દ્રવિત થતાં આંસુ વાટે નેત્રો છલકાઈ ગયાં.

શ્રીગુસાંઈજીએ સેવાશૃંગાર કરી, કુંભનદાસ સામે જોતાં કહ્યું,

"કુંભનદાસ, રાજભોગ–આરતીનાં દર્શન કરી, આપણે અપ્સરાકુંડથી દ્વારિકાની યાત્રાએ જવા નીકળીશું, તો તમે રાજભોગનાં દર્શન કરી અમને ત્યાં મળો."

કુંભનદાસે મૂંગા રહી મસ્તક નમાવ્યું. આંખો સામે બિરાજતા, ટેરા પાછળ ધીમેધીમે વિલીન થઈ જતા શ્રીગોવર્ધનનાથજીનાં દર્શન કરતાં કુંભનદાસના હૈયામાંથી આહ નીકળી ગઈ.

"હે કુંભન, હવે તું શું કરીશ ?"

"ગુરુઆજ્ઞાનું પાલન."– ભીતરના કુંભને જવાબ આપ્યો.

"પરંતુ પ્રાણનાથ બિછુરન કી વેદન જાનત નાહીં– એનું શું ?"– કુંભનદાસની હૈયાની વાત હોઠ પર આવી ગઈ.

શ્રીગુસાંઈજી મહારાજે સમયાનુસર રાજભોગ સરાવી, આરતી કરી, શ્રીજીબાવાને દંડવત્ કરતાં આજ્ઞા માગી :

"હે મારા વ્હાલા ! તમારા ભક્તજનો, સંસારની માયાજાળમાં ભટકતા

પામર જીવોને માટે આપ આજ્ઞા આપો. ગોમતીતીરે બિરાજતા દ્વારિકાનાથજીનાં દર્શન અને સેવાનો લાભ આપની છાયામાં જ મળે એવી મારી વિનંતી સ્વીકારો."

—જવાબમાં એ જ મંગલાનાં દર્શનનું શ્રીજીબાવાનું વિહ્વળ, વિરહ–વેદનાગ્રસ્ત મુખારવિંદ, ઘડીએ.... ઘડીએ શ્રીજીબાવાની કુંભનદાસ પર ઢળતી નજર....

શ્રીગુસાંઈજીએ દર્શનાર્થી ભક્તસમૂહમાં નજર કરી. કુંભનદાસજીની આંખોમાં પણ એ જ વિષાદ, એ જ વિરહ, એ જ વેદના દેખાયાં. શ્રીગુસાંઈજીનું હૈયુ દ્રવી ઊઠયું. મનોમન કશાક નિર્ણય સાથે એ શ્રીજીબાવાની વિદાય લઈ ગિરિરાજજી પરથી નીચે ઊતરી અપ્સરાકુંડ પધાર્યા. સમસ્ત વૈષ્ણવ સમાજ શ્રીગુસાંઈજીની સાથે યાત્રામાં જવા તૈયાર થઈ ગયો હતો. રામદાસજી, પરમાણંદદાસજી, સૂરદાસજી અને અન્ય ભક્તકવિઓ શ્રીવલ્લભનંદનને વિદાય આપવા અપ્સરાકુંડના મુકામે આવી પહોંચ્યા હતા. એમની સાથેસાથે એક હાથમાં તંબૂરો, ખભે જીર્ણશીર્ણ વસ્ત્રોની પોટલી અને લગભગ બંધ આંખો સાથે વિરહવેદના અનુભવતા કુંભનદાસજી એ ભક્તગણથી સહજ વિખૂટા પડી, એક વૃક્ષની છાયામાં ઊભા રહી ગયા. વૃક્ષની સામે જ શ્રીગુસાંઈજી મુકામમાં બપોરની નિદ્રા લેતા પોઢયા હતા. વાતાવરણમાં યાત્રાગમનનો આનંદ છલકાતો હતો.

ઉત્થાપનનો હેલો નિજમંદિરમાંથી ઊઠયો.

વૃક્ષની છાયામાં સૂનમૂન કુંભનદાસજી હલબલી ઊઠયા. વહાલાનાં દર્શન માટે હૈયું તલપાપડ થઈ ગયું. આંખોમાંથી આંસુનો દરિયો ઊછળવા માંડયો. આંખોમાંથી ગાલ પર આંસુના રેલા ઊતરવા માંડયા. મનમાં શ્રીગોવર્ધનનાથજીનો વિરહતાપ ચરમસીમાએ પહોંચ્યો અને યંત્રવત્ કુંભનદાસજીની આંગળીઓ તંબૂરાના તારને ઝણઝણાવતી તાર પર નર્તન કરવા માંડી અને તે જ પળે આંખોમાંથી વહેતી અશ્રુધારા સાથે મુખમાંથી રાગ સારંગમાં આ પદ સરી પડયું :

"કિતે દિન વ્હૈં જૂ ગએ બિનુ દેખે !
તરૂન કિશોર રસિક નંદનંદન કછુક ઉઠત મુખ રેખે
વહ સોભા, વહ કાન્તિ બદનકી, કોટિક ચંદ બિસેખે
વહ ચિતવની વહ હાસ્ય મનોહર વહ નટવર વપુ ભેખે
સ્યામ સુંદર સંગ મિલિ ખેલનકી આવતખિ અપેખેં
કુંભનદાસ લાલ ગિરિધર બિનુ જીવન જન્મ અલેખે"
"કુંભનદાસ લાલ ગિરિધર બિનુ જીવન જન્મ અલેંખે"

– મુકામમાં નિદ્રાધીન શ્રીગુસાંઈજીની આંખો ખૂલી ગઈ. વેદનાનો લાવારસ વહાવતી, વિરહવેદનાનો આર્તનાદ પોકારતી કુંભનદાસના પદની અંતિમ પંક્તિ કાન પર પડતાં જ એ બેઠા થઈ ગયા. કુંભનદાસનો વિરહક્લેશ એ સહી ન શક્યા. ખભે ઉપહરણો નાખતા એ કુટિરની બહાર આવ્યા અને જોયું તો....

કુંભનદાસની આંખોમાંથી અનર્ગળ આંસુની ધારા વહ્યે જતી હતી. વિરહની

જમુના જાણે વહેતી ન હોય એવું ઘડીભર તો શ્રીગુસાંઈજીને થઈ ગયું. વહેલી સવારનાં મંગલાથી રાજભોગ સુધીનાં દર્શન દરમિયાન શ્રીજીના ચહેરા પર પણ આ જ વિરહતાપ ઝળુંબતો શ્રીગુસાંઈજીએ જોયો હતો. એમણે રાજભોગની આરતી કરી, શ્રીજીબાવાને દંડવત્ કરતાં પ્રશ્ન પણ કર્યો :

"બાવા, આજે ચહેરા પર આટલી બધી ગ્લાનિ શાની ?"

જવાબમાં શ્રીગોવર્ધનનાથજીએ મુખારવિંદ ફેરવી લીધું હતું. પરંતુ એમની એ ક્રિયામાંથી શ્રીગુસાંઈજીએ એનું તારતમ્ય કાઢી લીધું હતું. ભક્તગણમાં કુંભનદાસજીની દશા પણ કાંઈક આવી જ એમણે જોઈ હતી.

અને કુંભનદાસજીના વિરહી પદના પ્રથમ ચરણ "કિતે દિન વ્હૈં જૂ ગએ બિનુ દેખે" – સાંભળી એમને ભક્તહૃદયના વિરહતાપની પૂર્ણ પ્રતીતિ થઈ ગઈ.

"કુંભનદાસ..." શ્રીવલ્લભનંદન કુંભનદાસ પાસે જઈ, ખભે હાથ મૂકતાં બોલ્યા.

"આજ્ઞા, કૃપાનાથ.....સેવક તૈયાર...." કુંભનદાસ આગળ બોલી ન શક્યા. ગળે ડૂમો અને આંખોમાં આંસુ ઊભરાઈ આવ્યાં. કુંભનદાસ શ્રીગુસાંઈજીના ચરણસ્પર્શ કરવા નીચે નમ્યા, ત્યાં જ શ્રીવલ્લભનંદન એમને હાથે પકડી લઈ, છાતી સરસા ચાંપી દેતા બોલી ઊઠ્યા :

"કુંભનદાસ, ઉત્થાપન ખૂલ્યાં છે, તમે મંદિરમાં જાઓ. મંદિરમાં જઈ મારા વ્હાલા ગોવર્ધનનાથનાં દર્શન કરો. તમારો વિદેશનો પ્રવાસ દ્વારિકાનાથજીને પહોંચી ગયો."

"કૃપાનાથ..." આનંદવિભોર કુંભનદાસ શ્રીગુસાંઈજીને ભેટી પડતાં, ચરણમાં લેટી પડતાં બોલી ઊઠ્યા અને બીજી જ ક્ષણે હાથમાં તંબૂરો અને ખભે પોટલી નાખતા દંડવતી શિલાની પ્રદક્ષિણા પણ કર્યા વગર ગિરિરાજ પર દોડતા ચઢવા માંડયા. કુંભનદાસે મંદિરમાં પગ મૂક્યો અને કમાડ ખૂલ્યાં અને કુંભનદાસે દોટ મૂકી.

અથડાતા, કુટાતા..." મારા વ્હાલા ! મારા ગોવર્ધનનાથ ! મારા શ્રીજી–બાવા !" ના હૈયામાંથી ઊઠતા મિલનના દર્શનાના આનંદના જાપ મુખમાંથી સ્ફુટ થવા માંડયા અને આનંદનાં અનર્ગળ આંસુથી છલકતા સ્વરે એમના મુખમાંથી પદ સરી પડયું :

"જો પૈ ચોંપ મિલન કી હોઈ !
તો ક્યોં રહ્યો પરે સુનિ સજનિ લાખ કરે બિન કોઈ
જો પે વિરહ પરસ્પર વ્યાપે તો કુછ જીય બને
લોકલાજ કુલકી મર્યાદા એકો ચિત્ત ન ગિને
કુંભનદાસ જીહિં તન લાગી ઔર કછુ ન સુહાય
ગિરિધરલાલ તોય બિનુ દેખે છિન છિન કલ્પ બિહાય !!

"કુંભન...."– ઓચિંતાં જ પદ પૂરું થતાં કાન પર દૈવી અવાજ ગુંજી ઊઠયો.

ગયું વહેલી
રા પર પણ
ગની આરતી

રંતુ એમની
ભક્તગણમાં

વ્હૈં જૂ ગએ
થઈ ગઈ.
હાથ મૂકતાં

ી ન શક્યા.
ગુસાંઈજીના
લઈ, છાતી

ં જઈ મારા
જીને પહોંચી

ાં, ચરણમાં
ઢલી નાખતા
ા માંડયા.
મૂકી.
ારા શ્રીજી–
માંથી સ્ફુટ
મમાંથી પદ

વાજ ગુંજી

"કૃપાનાથ !"

"કુંભન, હું તારા મનની વાત જાણું છું. મને ખબર છે કે તું મારા વગર એક ક્ષણ પણ અળગો રહી શકતો નથી, તો હું પણ ક્યાં તારા વગર રહી શકું છું ? તું હવે મારા સાંનિધ્યમાં, મારી જ છાયામાં રહી મને તારા મુખેથી પદો સંભળાવતો રહે, કુંભન ! પ્રભુને પ્રસન્ન રાખવાનું કાર્ય જ ભક્તનું છે અને તું મારો સખો, કુંભનો છો...."

"મહારાજ, મારે તો એ જ જોઈતું હતું. મારા ગોવર્ધનધર, આ કુંભના પર એક જ કૃપા કરજો કે એ ક્યારેય તમારાથી વિખૂટો ન પડે, મારા નાથ !"

—અને કુંભનદાસ શ્રીજીનાં ચરણમાં લોટી પડયા.

૧૩. ભગવદીયનો સત્સંગ દુર્લભ

"કાકાજી !"

શ્રીગોવર્ધનનાથજીનાં શયનનાં દર્શનને પહોંચી શ્રીવલ્લભનંદન ગિરિરાજજીની તળેટીમાં શ્રીવલ્લભની બેઠકના પ્રાંગણમાં વૈષ્ણવ–સમુદાય વચ્ચે બેઠા હતા, ત્યાં શ્રીગોકુલનાથજી અને શ્રીબાલકૃષ્ણજીને દંડવત્ કરતા જોઈ, શ્રીગુસાંઈજી બોલી ઊઠ્યા : "આજે તો બન્ને ભાઈઓ મંડળીમાં આવી પહોંચ્યા છોને ?"

"કાકાજી, આપણા કુંભનદાસજી ક્યારેય આ ગોવર્ધનધરને મૂકીને ક્યાંય બહાર જતા નથી." બાલકૃષ્ણજી બોલ્યા.

"બાલુરાજા, કુંભનદાસજી એક અલૌકિક અને શ્રીજીબાવાના અનન્ય ભક્ત છે. એમના રોમેરોમમાં શ્રીગોવર્ધનનાથજીનું સ્મરણ અને સેવાની ઝંખના સદાય પ્રજ્વલિત રહેતાં હોય છે. એ એમના ઠાકોરજીની લીલામાં, પદરચનામાં વ્યસ્ત રહેતા હોય છે, એટલે એમને ક્યોરય ગિરિરાજજીની તળેટી છોડવાનું બન્યું નથી." શ્રીગુસાંઈજી બોલ્યા.

"કાકાજી, ગોકુલમાં બિરાજતા નવનીતપ્રિયાજીનાં દર્શનનો પણ તાપ આ જીવને ક્યારેય થતો નહીં હોય ?"

"થતો તો હશે, આપણને શી ખબર ! નવનીતપ્રિયાજીનાં દર્શનની ઝંખના ક્યારેક જાગતી હશે અને કાંઈક વિચાર લાડલેલાલની ઝાંખીનો થતો હશે અને તરત જ સખાભાવે શ્રીગોવર્ધનનાથજી એમની સાથે ખેલ ખેલતા આંખો સામે આવી જતા હશે અને પછી કુંભનદાસજી શ્રીગોવર્ધનધરની સાથેના ખેલમાં વ્યસ્ત થઈ જતા હશે." શ્રીગુસાંઈજી બોલ્યા.

"કાકાજી, આ વખતે વેશાખ સુદ અગિયારશના દિવસે આપશ્રી તો ગોકુલમાં નવનીતપ્રિયાજીની સેવામાં હશો. આપશ્રી આજ્ઞા કરો તો આ વખતે અમે કુંભનદાસજીને લાડલેલાલનાં દર્શને લઈ આવીએ."

"આપણા લાલન કુંભનદાસનાં બાળલીલાનાં પદો સાંભળી ખૂબ જ પ્રસન્ન થશે." ગોકુલનાથજીએ દિલની વાત મૂકી.

"કુંભનદાસ આવે તો જરૂર લઈ આવો. યુગલસ્વરૂપનાં જ પદોની રચના કરતા, શ્રીગોવર્ધનનાથજીના લાડલા આ સેવક શ્રીનવનીતપ્રિયાજી સમક્ષ બાળ–લીલાનાં પદો લલકારશે તો મને તો ખૂબ આનંદ થશે. પરંતુ, બાલુરાજા, ગોકુલેશ, આપણા કુંભનદાસ જમુનાપાર નહીં ઊતરે. શ્રીગોવર્ધનનાજી એમનો નેડો નહીં મૂકવા દે."

બીજે દિવસે શ્રીગુસાંઈજી ગોકુલ પધાર્યા અને જતાં–જતાં "ગોકુલેશ, કુંભનદાસને ગોકુલ લાવો છોને ?"– કહેતા ગયા.

"બાલુરાજા !"

"બોલો, ભ્રાતાશ્રી !"

"કાકાશ્રીની આજ્ઞા અને મનઃકામના પૂરી કરવી જ રહી હોં." ગોકુલેશ બોલ્યા.

"શેની આજ્ઞા ? કઈ મનઃકામના ?" બાલકૃષ્ણજી બોલ્યા.

"કુંભનદાસને ગોકુલમાં નવનીતપ્રિયાજીનાં દર્શન કરાવવાની."

"અરે હાં ! ચાલો, આજે રાજભોગ પછી કુંભનદાસ આગળ કાકાજીની ઇચ્છા – આજ્ઞા રજૂ કરીએ." બાલુરાજા હોંશમાં આવી બોલ્યા.

"ના હો ! સીધી આજ્ઞા સંભળાવી, કુંભનદાસને મૂંઝવણમાં નથી મૂકવા, કારણ કે દિનભર તો એ શ્રીગોવર્ધનનાથજીની સેવામાં મંદિરમાં વ્યસ્ત હશે. વૈશાખની અજવાળી રાત્રે કુંભનદાસને આપણે ગોકુલ લઈ જઈએ." ગોકુલેશ બોલ્યા.

"હા, પણ કઈ રીતે જશું ? આમેય હવે એમની ઉંમર થઈ છે. ઘોડા પર ક્યારેય સવારી કરી નથી." બાલુરાજા વિચાર કરતા બોલી ઊઠ્યા.

"ચિંતા ના કરો, કુંભનદાસ ભગવદ્–લીલાના જીવ છે. આજે દશમની રાત છે. આકાશમાંથી વેરાતી ચાંદનીમાં કુંભનદાસને ભગવદ્–લીલા સંભળાવતા–સંભળાવતા ગોકુલ લઈ જશું. વાતોમાં ને વાતોમાં ગોકુલ ક્યારે આવી જશે એનું પણ ભાન આ ભોળા ભક્તને નહીં રહે."

"હા..હોં...વિચાર ઉત્તમ છે. ગોકુલેશભૈયા, આમેય કુંભનદાસ ચાલવાથી આ ઉંમરે પણ થાકતા નથી. રાતદિવસ પરાસોલી અને ગિરિરાજજીની તળેટી વચ્ચે દિવસમાં કેટલીય હડિયાપટી કરતા હોય છે. વળી એ હડિયાપટી દરમિયાન પણ મુગ્ધભાવે એમનાં રચેલાં પદો ગાવામાં સાનભાન પણ ભૂલી જાય છે. એટલે ભુલાયેલી સાનભાનમાં જ એમને ગોકુલમાં શ્રીનવનીતપ્રિયાજી અને કાકાજી સમક્ષ ખડા કરી દઈશું." હોંશભર્યા અવાજે બાલુરાજા બોલ્યા.

ગિરિરાજજીના શિખર અને સમસ્ત વનસૃષ્ટિ, કંદરાઓ પર આથમતા સૂરજનાં કિરણો વેરાઈ રહ્યાં હતાં. ગોધૂલિનો સમય હતો. સ્વચ્છ આકાશમાં ઊડતાં પંખીઓ, ગાયોએ ગળામાં પહેરેલી ઘંટડીઓનો રણકતો અવાજ, ખેતરના કૂવાઓમાંથી ઉલેચાતા વારિના એ ધોધ, મયૂરના ટહુકા, કોકિલાનો પંચમસૂર

શયન-આરતીનો એ રંગગુલાબી સમય... ગોકુલેશજી અને બાલકૃષ્ણજી શયન-આરતીની સેવા કરવા નિજમંદિરમાં પ્રવેશ્યા ત્યારે સમસ્ત ગિરિરાજજીની વનસૃષ્ટિ, આકાશલીલા અને માનવમનની મધુરતાથી વાતાવરણ મહેકી ઊઠ્યું હતું.

કુંભનદાસજી નિત્યલીલાની કીર્તનસેવામાં હાથમાં તંબૂરા સાથે શ્રીજીબાવાની સન્મુખ પહોંચીને એમના મધુર કંઠે–

"આઈ રિતુ ચહું દિસિ, ફૂલે દ્રૂમ કાનન
કોકિલા સમુહ મિલિ ગાવન વસંતહિ
મધુપ ગુંજરત મિલ સપ્ત સૂર
ભયૌં હે હુલાસ તન મન સબ જતહિ
મુદિત રસિક મન ઉમગિ ભરે હૈ
નહિં પાવત મનમધ સુખ અંતહિ
કુંભનદાસ સ્વામિનિ વૈગહિં ચલિ
યહ સમઝે મિલિ ગિરિધર નવ કંતહિ

–ભાવવિભોર થઈ પદ ગાઈ રહ્યા હતા.

બંધ આંખોમાંથી આંસુ અને કંઠમાંથી સૂર.... વૈશાખી વાયરાથી ઝૂલતી ગિરિરાજજીની એ સાંજ...

"ગોકુલેશભૈયા, સમય સરસ છે – કુંભનદાસને ગોકુલની યાત્રાએ લઈ જવાનો."

"હા, આજે જ ઊપડીએ. ઠંડો પવન, દશમની ચાંદની રાત, વાટ કપાઈ જતાં વાર નહીં લાગે."

ટેરો આવી ગયો.

શ્રીગોવર્ધનનાથજી શય્યામાં પોઢી ગયા.

"કુંભનદાસ, ઊઠો, મંદિરને તાળામંગલ કરવાનાં છે."– પહેરેગીર બોલ્યા.

"હા, ભૈયા." કહેતાં કુંભનદાસજી એમના તંબૂરા સાથે ઊઠ્યા અને મંદિરની બહાર નીકળતા હતા ત્યાં જ...

"કુંભનદાસજી, ક્યાં ચાલ્યા ?"– અવાજ બાલુરાજાનો હતો. કુંભનદાસની પાછળ જ એ ચાલી રહ્યા હતા.

"કૃપાનાથ, ક્યાં જાય આ અભાગિયો જીવ ? બસ જઈશ મારા ખેતરની કુટિરમાં અને દૂધ-બાટીનું ભોજન કરી, તંબૂરાના તાલે મારા પ્રભુની લીલાનાં પદો આવડશે એવાં ગાઈશ." કુંભનદાસ બોલ્યા.

એમની હર પળ એમના વહાલા ગોવર્ધનનાથ માટે હતી, ગોવર્ધનધરની લીલાનાં પદો માટે હતી.

"કુંભનદાસજી, ચાલો, રસ્તામાં ભગવદ્-લીલાના ભાવની વાતો કરતાં-કરતાં મુકામે પહોંચીએ." ગોકુલેશ બોલ્યા.

"અરે, વાહ, મારા ગોકુલેશ ! આજ તો ભગવદ્-લીલાનાં વચનામૃત

તમારા શ્રીમુખે સાંભળી જીવતર ધન્યધન્ય થઈ જશે !" ઉત્સાહમાં આવી કુંભનદાસજી ગોકુલનાથજી અને બાલુરાજાની સાથેસાથે ચાલવા માંડયા.

શ્રીગોકુલનાથજીએ ભગવદ્‌વાર્તા આરંભ કરતાં, કુંભનદાસજીનો હાથ પકડી લીધો અને લીલારસમાં મગ્ન કરી દેતા, વાતોમાં ને વાતોમાં પર્વત પરથી આન્યોર ગામની દિશામાં દોરતા ગોકુલની દિશામાં બાલુરાજા સાથે આગળ વધ્યા.

શ્રીગોકુલનાથજીનું હૃદય વાર્તાસાહિત્યથી ઊછળતું હતું. એમની વાક્‌છટા, માંડીને વાર્તા કહેવાની શૈલી, વાર્તાની એક અદ્‌ભુત ભાવસૃષ્ટિ રચવાનું એમનું કૌશલ્ય, વાર્તારસમાં જ સંપ્રદાયનાં ગૂઢ રહસ્યોને વણી લેવાની દક્ષતા, પુષ્ટિસંપ્રદાયના સિદ્ધાંતો, એનું ભાવજગત શબ્દદેહે વિશ્વને સમર્પિત કરવાનું મહાન કાર્ય જેમના શિરે હતું એવા વિદ્વત્તાના પ્રકાશપુંજ શ્રીગોકુલનાથજીએ એમની સાથે કદમ મિલાવી, આજુબાજુની દુનિયા ભૂલીને ચાલતા કુંભનદાસજીને મોકો જોઈને પૂછ્યું :

"કુંભનદાસ !"

"આજ્ઞા, કૃપાનાથ !"

"હું તમને પૂછું કે આપણા શ્રીજીબાવા ક્યારેય શ્રીસ્વામિનીજીનો શૃંગાર કરીને એમને ક્યારેય રીઝવે ખરા ?"

અને બસ કુંભનદાસજી હોંશભર્યા અવાજે ઊછળ્યા :

"હા...હા.... કરેને !"

"ક્યારે ?" બાલુરાજાએ વડીલબંધુ શ્રીગોકુલેશ સામે નયનો નચાવતાં પૂછ્યું.

"કૃપાનાથ, શું વાત કરું એ લીલાની ! આશ્વિન માસની એ રાત... મારો ગોવર્ધનનાથ, લલિતા, ચન્દ્રાવલી ઇત્યાદિ શ્રીસ્વામિનીજીની સાથે ગિરિરાજજીની કંદરામાં એ રાત્રે ફૂલ વીણતા હતા. ગુલાબ, ચંપો, ચમેલી, મોગરો, ડોલર વિધવિધ પ્રકારનાં રંગબેરંગી પુષ્પો ચૂંટતાં–ચૂંટતાં બધાં સિંગારના ચોતરા પાસે આવી પહોંચ્યાં. સૌ કોઈનાં હૈયાંમાં વસતો શ્યામ આજે સદેહે સૌની સંગાથમાં હતો એનો સખીમંડળને ખૂબ જ આનંદ હતો.

સ્વામિનીજી એક મદભરી નજર શ્રીજીબાવા પર નાખતાં ચોતરા પરના સિંહાસન પર બિરાજ્યાં અને બાજુમાં ઊભેલા વિશાખાજીને આજ્ઞા કરી :

'સખી વિશાખા, આજની આ ચાંદનીમઢી રાતમાં તું મારા શૃંગાર એવા કર કે મારો વ્હાલો મારા પર વારી જાય ! ગુલાબ, ચંપો, બટમોગરો, ચમેલી, કમળ આ બધાં પુષ્પોની સરસ માળા, ગજરો અને વેણી બનાવી, મારા કેશને શણગાર, સખી !'

'જેવી આજ્ઞા..' કહેતાં વિશાખાજીએ શૃંગાર કરવાનો પ્રારંભ કર્યો ત્યાં જ, જે–જે, મારા શ્રીજીબાવા વિશાખા નજીક સર્યા અને એમના હાથમાંથી

દાંડીવાળું કમલ લેતા, સ્વામિનીજીને મીઠી નજરે જોતા, આંખોમાંથી વહાલની વર્ષા વરસાવતા બોલી ઊઠ્યા :

'વિશાખા, આજ તો લાવ તારી સખીને હું શણગારું.' કહેતા સ્વામિનીજીની સન્મુખ ખડા થયા. સ્વામિનીજીનાં નયન એક ક્ષણ માટે શરમનાં માર્યાં ઝૂકી ગયાં. શ્રીજીબાવાએ એમના કોમલ હસ્તની કરાંગુલિ સ્વામિનીજીની હડપચી પર મૂકી, ઝૂકેલા મસ્તકને આંખો સામે ઊંચું કર્યું અને ચાર આંખો સ્થિર થઈ ગઈ. એકબીજાની આંખો સામે સૌંદર્યનો રાશિ ઊછળી રહ્યો. નિષ્પલક નયનોનું અનોખું તારામૈત્રક રચાઈ ગયું. ન કોઈ હાલે, ન કોઈ ચાલે. સ્તબ્ધતા.. ચાર આંખોમાં ઊછળતા સ્નેહવારિમાં સ્થિર થઈ ગઈ.'

વર્ણનમાં ડૂબી ગયેલા કુંભનદાસના મુખમાંથી એ વખતે વાતાવરણને અનુરૂપ સુંદર પદ સરી પડયું :

મોહન ઝૂલત બઢ્યો આનંદ
એક ઔર વૃષભાનનંદિની, એક ઔર બ્રજચંદ
લલિતા, વિશાખા દૈ રહી ઝોટા, કર ગહિ ચંદન ડોલ
નિરખિ નિરખિ પ્રીતમ પ્યારી, વિહંસિ કહત મૃદુ બોલ
ઉડત ગુલાલ, કુમકુમા કેસરિ, પરસત ચારૂ કપોલ
છિરકત તરૂનિ મદન ગોપાલહિં, આનંદ ઉદક કલોલ
કહા કહૌં રસ બઢ્યોં પરસ્પર, ત્રિભુવન વરનિ ન જાઈ
કુંભનદાસ લાલ ગિરિધરકી, બાનિક પર બલિ જાઈ !!

"વાહ, કુંભનદાસ, વાહ... કહાં કહૌં રસ બઢ્યો પરસ્પર ત્રિભુવન વરનિ ન જાઈ..." ગોકુલેશ કુંભનદાસના પદની પંક્તિ પર ઝૂમી ઊઠ્યા.

"અરે, જે–જે, શું વાત કરું એ નૌતમલીલાની ! બન્ને બસ એકબીજાની સામે નિષ્પલક નયને જોયા જ કરે, જોયા જ કરે ! હૃદયના ભાવ કેવી રીતે વ્યક્ત કરવા એની સૂઝ જ ન પડે.

વિશાખાજી બન્નેના હૃદયના ભાવ સમજી ગયાં. ચતુર સખીએ સ્વામિનીજી સામે દર્પણ ધર્યું. દર્પણમાં યુગલસ્વરૂપનાં શ્રીમુખનાં દર્શન થયાં.

શ્રીજીબાવાએ લલિતાજી પાસેથી સુવર્ણજડિત કાંસકી લઈને એમના શ્રી–હસ્તથી સ્વામિનીજીના પગની પાની સુધી પહોંચતા શ્યામ કેશને સમારવા માંડયા. અદ્ભુતનું એ દર્શન હતું, બાલારાજા ! કોટિકોટિ અપરાધોના કૂવામાં સબડતો આ જીવ તો આ લીલાનાં દર્શન કરતાં ધન્યધન્ય થઈ ગયો. સ્વામિનીજીના લાંબા કેશકલાપમાં શ્રીજીબાવાને વિશાખાજીના હાથમાંથી એકએક ઝળહળતું મોતી લઈને પરોવતા નીરખતાં હૈયું હલબલી ઊઠ્યું. શ્રીજીબાવા સ્વામિનીજીના કેશકલાપમાં મોતી પરોવતાં–પરોવતાં એમના મુખચન્દ્રનું અદ્ભુત સૌંદર્ય જોવામાં એવા તો તલ્લીન થઈ ગયા અને સાનભાન એવું તો ગુમાવી દીધું કે શ્રીહસ્તમાંથી વાળ છૂટી ગયા અને સરરર... કરતાં વાળમાંથી બધાં જ મોતી વીખરાઈને

રત્નજડિત ચોતરા પર વેરાઈ ગયાં.

લલિતા, વિશાખા ઇત્યાદિ સખીઓ ખડખડાટ હસી પડી. શ્રીજીબાવા ખડખડાટ હસતી સ્વામિનીજીની સખીઓ સામે ક્ષુભિત નયને જોઈ રહ્યા.

'અલી એય, વિશાખા, હસે છે શાની ? ચાલ, જો, તું આ વેણી પકડી રાખ, હું ફરીવાર મોતી પરોવું.' શ્રીજીબાવાએ હસતી સખીને આજ્ઞા કરી.

વિશાખાએ પ્રેમાળ નજરે પ્રિયતમ સામે જોતાં વેણી પકડી. પછી તો વેણીમાં મોતી ભર્યાં. શ્રીજીબાવાએ સ્વામિનીજીની સેંથી પૂરી, એક પછી એક સખીઓ પાસેથી ફૂલોના શણગાર બનાવી પ્રિયાને ધરાવતા ગયા. જેમ–જેમ સ્વામિનીજીના શ્રીઅંગ પર ફૂલોના શણગાર ધરાતા ગયા તેમ–તેમ સૌંદર્યની એક પછી એક લિપિ ઊભરતી ગઈ. સ્વામિનીજીના રોમેરોમમાં પ્રસન્નતાનાં વારિ છલકતાં રહ્યાં. લલિતા, વિશાખા આદિ સખીઓ પણ આનંદમંગલનાં ગીતો ગાતી, શ્રીજીબાવાને સિંગાર કરીને કાજળ, બિંદી, તિલક અને ચરણોમાં મહાવર લગાડતા જોઈ ખુશ થઈ ગઈ. સ્વામિનીજીએ પણ એટલા જ ભાવથી શ્રીગોવર્ધનનાથજીને શણગારી, ચોતરા પર રાસલીલા કરવા નોતર્યા અને એ રઢિયાળી રાત્રે મારા ગોવર્ધનનાથે સમસ્ત વ્રજમંડળની ગોપીઓને રાસલીલાનું અદ્‌ભુત રસદાન કરાવ્યું. એ વખતની લીલાનું શું વર્ણન કરું ! ગોકુલેશપ્રભુ, બાકી એ રાત્રે તો–

"બની રાધા – ગિરિધર કી જોરી
મન હું પરસ્પર મદન રતિ કી સુંદરતા ચોરી
નૌતમ સ્યામ નંદનંદન, વૃષભાનુ–સુતા – નવ ગોરી
મનહું પરસ્પર બદન ચંદ કોં પિવત ચકોર ચકોરી
"કુંભનદાસ" પ્રભુ રસિકલાલ, બહુવિધિ વર રસિક નિહોરી
મનહું પરસ્પર બઢયૌ રંગ અતિ, ઉપજી પ્રીતિ ન થોરી"

"વાહ, કુંભનદાસ, વાહ... ભગવદ્‌–લીલામાં તમે તો એવા રસતરબોળ કરી નાખ્યા કે જમુનાજીનો તટ ક્યારે આવી ગયો એની પણ જાણ ન રહી ! આ જુઓ, સામે ગોકુલગામ.... દર્શન કરો આપણા વ્હાલાની રમણભૂમિનાં ! આ ગોવિંદઘાટ, બાજુમાં વલ્લભઘાટ, ઠકુરાણી ઘાટ. કુંભનદાસજી... જુઓ–જુઓ, સામે કાંઠે આપણા સૂરદાસના 'ઘુટુરન ચલત રેણુતન' એવા વ્રજરજથી ખરડાયેલા કૃષ્ણકનૈયાનાં – નવનીતપ્રયાજીનાં દર્શન કરવા જઈએ. કાકાજી, મંગલાનાં દર્શનની સેવામાંથી હમણાં જ બહાર પધાર્યા હશે."

"હેં હેં ! શું કહ્યું ? અરે, આ તો સવાર પડી ગઈ ? હું... હું ક્યાં છું ? અરે, મારા ગોવર્ધનનાથ ! તું મને અહીં ક્યાં ખેંચી લાવ્યો ? તારી લીલા ગાઈ એનો આવો બદલો ? તારી કીર્તનસેવાથી દૂર કર્યો ?" કહેતાં કુંભનદાસે પીઠ ફેરવી ગોવર્ધન તરફ દોટ મૂકી.

"અરે...અરે... કુંભનદાસ, આપ ક્યાં દોડયા જાઓ છો ?" પાછળ

શ્રીગોકુલનાથજી અને બાલુરાજા દોડયા. પરંતુ કુંભનદાસ તો ઝાલ્યા ઝલાય નહીં. પૂરપાટ વેગે ગિરિરાજજીની દિશામાં દોડતા રહ્યા.

એ જ સમયે નૌકામાં જમુના પાર કરીને શ્રીગુસાંઈજી પધાર્યા. એમનો અશ્વ ત્યાં ઊભો હતો. એમણે કુંભનદાસજીને અને એમની પાછળ એમના બન્ને લાલ – ગોકુલનાથજી અને બાલુરાજાને વૈષ્ણવોની સાથે દોડતા જોયા અને શ્રીવલ્લભનંદને બૂમ પાડી :

"ગોકુલેશ...બાલુરાજા, પાછા ફરો. કુંભનદાસનો શ્રીજીબાવાનો વિરહ–તાપ...તમને એના સુધી પહોંચવા નહીં દે. એમની દોડવાની ઝડપ આગળ મારા અશ્વની ઝડપ પણ કાંઈ નથી. શ્રીજીબાવાની મંગળાની આરતીના સમય પહેલાં એ ગોવર્ધનનાથજીના સાંનિધ્યમાં પહોંચી એમનું પદ શ્રીજીબાવાને સંભળાવશે. ગોકુલેશ, બાલુરાજા, આ તમે ખોટું કર્યું. મેં તમને કહ્યું હતું કે, શ્રીજીબાવાના પ્યારા કુંભનદાસ ક્યારેય જમુના નદીના સામે કિનારે જવાના નથી."

"કાકાજી, કુંભનદાસજી ભલે સામે પાર ન આવ્યા, પરંતુ આખી રાત એમની સાથે ભગવદ્‌લીલાની કથા કરી જે અલૌકિક લાભ અમે મેળવ્યો છે એ તો અમારી જિંદગીનું ભાથું બની રહ્યો છે. ભગવદીયોનો સંગ મળવો એ પણ દુર્લભ વાત છે." શ્રીગોકુલેશ હસીને બોલી ઊઠ્યા.

"ગોકુલેશ, ભગવદીયનો સત્સંગ પ્રાપ્ત કરવો એ સારી વાત છે, પરંતુ આ રીતે સત્સંગનો લાભ ન લેવાય. બિચારા કુંભનદાસ કેવા ગિરિરાજજીની દિશામાં દોડી રહ્યા છે ! જ્યાં સુધી એ ગોવર્ધન નહીં પહોંચે ત્યાં સુધી.... અને એ પણ કુંભનદાસ જગાડવાનું પદ ગાશે નહીં ત્યાં સુધી શ્રીજીબાવા જાગશે નહીં. ભવિષ્યમાં તમારે ભગવદ્‌લીલા સાંભળવી હોય તો જમુનાવતાના એમના ખેતરે જઈ સાંભળજો."– કહેતાં શ્રીગુસાંઈજી જમુનાતટ પર ઊભેલા અશ્વ પર સવાર થઈ ગિરિરાજજીની દિશામાં અશ્વને પૂરપાટ વેગે દોડાવી, દોડતા કુંભનદાસ સાથે થઈ ગયા.

"કુંભનદાસજી, તમે મારી પાછળ દોડતા આવો. તમે સવારી તો કરવાના નથી. ક્યાંક ભૂલા ન પડી જાઓ."

"જેવી આજ્ઞા, પ્રભુ !" દોડતા કુંભનદાસે જવાબ આપ્યો.

શ્રીગુસાંઈજી મારતે ઘોડે ગિરિરાજજી પધાર્યા ત્યારે મંદિરના પ્રાંગણમાં રામદાસ ભીતરિયા અને અન્ય સેવકો વિષાદભર્યા ચહેરે ઊભા હતા.

"કેમ, શું થયું, રામદાસ ? હજી ઠાકોરજી જાગ્યા નથી ?"

"કૃપાનાથ, આજે ચારચાર વાર અપરસમાં નાહીને ઠાકોરજીને જગાડવા ગયો, પરંતુ ચારેય વખત અપરસ છોવાઈ ગઈ. કુંભનદાસ પણ સવારના દેખાતા નથી. એમનાં પદ સાંભળશે નહીં ત્યાં સુધી શ્રીજી જાગશે નહીં." રામદાસ ભીતરિયા બોલ્યા.

ઝલાયું

એમનો
ના બન્ને
યા અને

બાવાનો
આગળ
સમય
બાવાને
હતું કે,
જવાના

ખી રાત
છે એ
એ પણ

રંતુ આ
દિશામાં
એ પણ
વિષ્યમાં
રે જઈ
ાર થઈ
સ સાથે

કરવાના

ાંગણમાં

જગાડવા
દેખાતા
રામદાસ

"એ આવ્યો, મારા નાથ !" કહેતાં એ જ સમયે હાંફતા–હાંફતા કુંભનદાસ ગિરિરાજજીના મંદિર તરફનું ચઢાણ ચડતા આવી રહ્યા હતા.

"લ્યો, આવી ગયા કુંભનદાસ.... આ તમારા વગર શ્રીજીબાવા જાગતા નથી ! તમારું પદ સંભળાવો એટલે તમારો લાડલો ગોવર્ધનનાથ જાગે !" શ્રીગુસાંઈજી હસીને બોલ્યા.

"જેવી પ્રભુની આજ્ઞા." અને કુંભનદાસે તંબૂરો હાથમાં લીધો અને તંબૂરાના તાર વાતાવરણમાં કુંભનદાસના સૂરીલા કંઠ સાથે ઝણઝણી ઊઠયા. મંગલાની ઝાંખી થતાં જ કુંભનદાસ–

> *"નેન ભરી દેખ્યો નંદકુમાર...*
> *બિન દેખે હૌં વિકલ ભયે હૌં, વિસર્યો પન પરિવાર...*

–ગાઈ ઊઠયા.

૧૪. 'ભક્તન કો કહા સિકરી સે કામ ?'

દેખરી આવની મદનગોપાલ કી
ચક્રવાહન ગતિ નિરખી લાજત ગજપતિ અનુપ લટક ચાલકી
સ્યામ તન કટિ બસન મન હરન સુંદરતા ઉર શ્રીમાલકી
ભ્રોંહ ધનુસ સજિ મનહુ મદનસર, ચિતવની લોચન વિશાલકી
રેનું મંડિત કુંતલ અલક શોભા કેસરકી તિલક ભાલકી
દાસ કુંભન ચારૂ રાસ મોહે જગત, ગોવર્ધનધર કુંવર રસાલકી

વૈશાખના ધોમ–ધખતા તડકામાંથી એક મધુર સ્વર ગળાઈ–ગળાઈને... ફતેહપુર–સિકરીના મહેલમાં, સુખડની ભીની ટટ્ટીઓથી હવામાં ઠંડક પ્રસરાવતી બારીમાંથી નજીક શય્યાસનમાં પોઢેલા દેશાધિપતિ અકબરના કલારસિક હૈયાને ભીંજવી ગયો. એનાં બંધ નેત્રો કોઈ અજાણ્યા ઈન્સાનના કંઠે ગવાતા બંદગી સમા પદને સાંભળતાં ખૂલી ગયાં. શય્યાસનની બન્ને બાજુએથી વાયુના વીંઝણા વીંઝતી બાંદીઓના હાથમાં પંખા સ્થિર થઈ ગયા. આંખોમાં ભયનું સામ્રાજ્ય એકાદ ક્ષણ પૂરતું છવાઈ ગયું. આલમપનાહ અકબરે બારીમાંથી નજર કરી.... મેલાંઘેલાં જીર્ણશીર્ણ કપડાંમાં સજ્જ એવો એક ગાયક, તંબૂરાના તારે થોડીવાર પહેલાં અકબરે સાંભળેલા પદનું અંતિમ ચરણ "દાસ કુંભન ચારૂ રાસ મોહે જગત ગોવર્ધનધર કુંવર રસાલકી"– પૂરું કરી પીપળાના વૃક્ષ નીચે ઊભો હતો. ધીમેધીમે વાતાવરણમાંથી સૂરનાં લય–આંદોલનો વિલીન થઈ રહ્યાં હતાં, પરંતુ વાતાવરણમાં એનું હૃદયને સ્પર્શી જતું સ્પંદન હજી ગુંજતું હતું.

"ક્યા પદ થા, માશાલ્લા ! કોણ ગાઈ રહ્યું છે આ ભજન ? આટલું સુંદર ગાન... આટલો સરસ કંઠ ! છેક બંદગીના આરે પહોંચાડી જતા આ પદના ગાયકને મહેલમાં બોલાવી, એની પાસેથી અન્ય પદો પણ સાંભળ્યાં હોય તો ?"– દેશાધિપતિ અકબર મનોમન બોલી ઊઠ્યો અને બીજી જ ક્ષણે હાથની તાલી પાડતાં–

"અરે, કોઈ હૈ ક્યા ?"

–દેશાધિપતિની એક હાકલે, ચાર દિશાના ચાર દરવાજામાંથી એકએકથી

રૂપના અંબાર સમી ચાર બાંદીઓ બાદશાહની તહેનાતમાં કુર્નીશ બજાવતી, "હુકમ જહાંપનાહ" બોલતી હાજર થઈ ગઈ.

"આ પેલા પીપળાના ઝાડ નીચે બેઠેલા પેલા વૃદ્ધ ભજનિકને મારી તહેનાતમાં હમણાં ને હમણાં રાજ્યના માનમરતબા સાથે મારી સામે પેશ કરો."

બે–ત્રણ ક્ષણમાં જ બે બાંદીઓ વચ્ચે ચાલતો, ગભરાયેલા ચહેરાવાળો ભજનિક બાદશાહની ખિદમતમાં હાજર થયો.

"ભજનિક, થોડીવાર પહેલાં પીપળાના વૃક્ષની છાયામાં બેઠો–બેઠો તું જ પદો ગાઈ રહ્યો હતો કે ?" બાદશાહે પૂછ્યું.

"હેં....હેં...હા....હા.... આલમપનાહ, કસૂર થઈ ગઈ. હવેથી ક્યારેય આ કે બીજાં કોઈ ભજનો આપના રાજ્યમાં નહીં ગાઉં, મહારાજ !"

"અરે કોઈ છે કે ?" દેશાધિપતિ અકબરે હાક મારી.

"આપણાં નવ રત્નોને હાજર કરો. શાલ, શ્રીફળ અને ભેટસોગાદોનો સાજસરંજામ હાજર થાય.... ભજનિક, ડરો નહીં. તમે અહીં મારી સામે ગાલીચા પર બિરાજો." બાદશાહ અકબરે ભજનિકનો ક્ષોભ અને ડર દૂર કરતાં કહ્યું.

"આલમપનાહ." કુર્નીશ બજાવતો ભજનિક ઊભો જ રહ્યો.

"તમે ખૂબ જ સુંદર ગાઓ છો." અકબરે કહ્યું.

વિવેક સાથે ભજનિકનું શિર ઝૂકી ગયું.

"તમે જે પદ ગાતા હતા તે તમે લખ્યું છે ?" અકબરે પ્રશ્ન કર્યો. એ ભજનિકના સૂર પર તો વારી ગયો હતો, પરંતુ એથી વિશેષ તો કલામર્મજ્ઞ અકબરને પદના એકએક શબ્દે, એના અર્થસભર સંદર્ભોએ, એ શબ્દોમાંથી ઊઠતી ભક્તિની છાલકે, પરવરદિગારના પરમતત્ત્વને પામવાની વિરહની ભાવનાએ ડોલાવી દીધો હતો. એના દરબારમાં એનાં પ્રશસ્તિગાન ગાતી રચનાઓ કરતા અનેક કવિઓ, શાયરો હતા; એ રચનાઓને સ્વરબદ્ધ કરી, સૂરીલા કંઠે વહેવડાવતા તાનસેન જેવા મહાન ગવૈયા હોવા છતાં આ ભજનિકના મુખે સાંભળેલી સુંદર રચના સિદ્ધ કરી શક્યા નહોતા, એની પ્રતીતિ એક કંગાળ ભજનિકના મીઠા સ્વર અને મધુર કંઠે કરાવી દીધી હતી.

"આલમનાહ, આ પદના રચયિતા તો અહીં નજીકમાં જ 'જમનાવતા' ગામમાં રહેતા અલગારી ભક્તકવિ કુંભનદાસજી છે. એમનું સમગ્ર જીવન અને કવન એમણે અમારા ગિરિરાજધરણ શ્રીગોવર્ધનનાથજીને સમર્પિત કરી દીધું છે. રાત ને દિવસ એમના ખેતરમાં કૂવાની પાળ પાસેના પીપળાના વૃક્ષના ચોતરા પર બેઠાબેઠા પદો રચતા કુંભનદાસ એમનાં પદો મારાથી પણ વધુ મધુર કંઠે, શ્રીજીબાવા સમક્ષ તંબૂરાના તાલે આઠે સમાનાં દર્શન સમયે ગાતા હોય છે. હું તો એમનાં પદો ગાઈ મારું પેટવડિયું કમાઈ રહ્યો છું." ભજનિક બોલ્યો. એના અવાજમાં કુંભનદાસ પ્રત્યેનો પ્રેમ અને અહોભાવ ઊપસી આવતા બાદશાહે નિહાળ્યા.

"કુંભનદાસ..." અકબર બાદશાહ નામ સાંભળી ચમક્યા અને બીજી જ ક્ષણે "અરે, આ તો ગ્વાલિયરના રાજા માનસિંઘને ભેટી ગયેલા કુંભનદાસ કે!" મનોમન બોલી ઊઠ્યા. બેએક વર્ષ પહેલાં શ્રીગોવર્ધનનાથજીનાં દર્શન કરી આગ્રા પાછા ફરેલા માનસિંઘે એમને કરેલી વાત યાદ આવી ગઈ.

"જહાંપનાહ, આપે જેમ નવરત્નોનો દરબાર ખડો કર્યો છે, એવો જ દરબાર જતિપુરાના શ્રીગોવર્ધનનાથજી, બાદશાહોના–બાદશાહની તહેનાતમાં પુષ્ટિસંપ્રદાયના આચાર્ય શ્રીગુસાંઈજીએ અંતરના ઊંડાણમાંથી, આ કળિકાળમાં ભગવદ્લીલાનાં દર્શનનો જેમને અનુભવ થયેલો છે એ અનુભવને શબ્દોના તારે બાંધી, સૂર અને સ્વરની જુગલબંદીથી ભગવત્–સ્વરૂપ કૃષ્ણને, કાનુડાને, ગોવર્ધનનાથને પામવા મથતા આઠ કવિ–સખાઓનો દરબાર ખડો કરી દીધો છે. સૂરદાસ, પરમાણંદદાસ, નંદદાસ જેવા જ ભક્તકવિ કુંભનદાસજીનાં પદો સાંભળી આપ ઝૂમી ઊઠશો." અકબર બાદશાહને રાજા માનસિંઘના શબ્દ આજે પણ યાદ હતા. આજે ભજનિક પણ એ જ અહોભાવથી કુંભનદાસની વાત કરી રહ્યો હતો.

"આલમપનાહ, એ ઓલિયા જીવના અપરિગ્રહની તો શી વાત કરું ? ફાટેલાં–તૂટેલાં કપડાંમાં સૂકલકડી દેહને સંવારતા, સાવ અકિંચન, છતાંય જિંદગીમાં કોઈપણ પ્રકારની અપેક્ષા ન રાખતા, આ 'અપરિગ્રહી' સંતનાં દર્શન કરવા હું ગયો ત્યારે મેં એમનાં ચરણે જર, જાગીર અને આર્થિક સહાય ધરવાનો પ્રયત્ન કર્યો, તો એમણે એ બધી જ લાલચો સામેથી એમની નજર ફેરવી લીધી – ઠુકરાવી દીધી અને શ્રીગોવર્ધનનાથજી પ્રત્યેની અતૂટ શ્રદ્ધા અને એક ભક્તની અનોખી ખુમારી સાથે બોલી ઊઠ્યા હતા :

'મારો ગોવર્ધનનાથ હાજરાહજૂર મારું ધ્યાન રાખવાવાળો બેઠો હોય પછી મારે શેની ચિંતા ?' અને જહાંપનાહ, આવા અકિંચન સંતને મેં કશુંક પણ માગવાની કાકલૂદીભરી વિનંતી કરી, ત્યારે એમણે શું માંગ્યું એ કહું ? – મારી સામે એમની આંખો સ્થિર કરતાં કહે –

'આજ પછી તમે તમારું મોઢું બતાવતા નહીં. તમારું આગમન મને મારા ગોવર્ધનનાથજીથી અળગો કરી દે છે. એમનું સાંનિધ્ય હું ગુમાવી ન બેસું એટલા ખાતર પણ આજ પછી ક્યારેય મને મળવા ન આવતા." બાદશાહ અકબરના હૈયામાં કુંભનદાસને મળવાની તાલાવેલી લાગી.

"અરે, આવા મહાન સંસારી સંત આ ધરતી પર વિહરતા હોય, જેને પરવરદિગારનું સાંનિધ્ય આ કળિકાળમાં સાધ્ય થયું હોય, તેનાં દર્શન તો કરવાં જ જોઈએ." બાદશાહ અકબર મનોમન બોલી ઊઠ્યા અને એણે હાથની તાલી મારી.

"હુકમ, સરકાર !"

ફરી બાંદીઓ હાજર.

"બિરબલ, તાનસેન, અબુલફઝલ, રાજા માનસિંઘ... આપણાં નવરત્નોને એક ઘટિકા બાદ દરબારમાં હાજર રહેવાનો સંદેશો પહોંચાડો. અમે દરબાર તરફ પ્રસ્થાન કરી રહ્યા છીએ."

—અને થોડી જ ક્ષણોમાં રાજદરબારમાં અકબરનાં નવરત્નો, વજીર, સેનાપતિ ઇત્યાદિ મહાનુભાવો હાજર થઈ ગયા કે તરત જ બાદશાહ અકબરનું આગમન થયું. દરબારીઓએ બાદશાહ અકબરનું એમના સ્થાનેથી ઊભા થઈ અભિવાદન કર્યું. એક ખૂણામાં કુંભનદાસનાં પદો ગાઈને અકબરનાં દિલ અને દિમાગમાં એક ભક્તસંતકવિની અનોખી છબી સ્થિર કરી દેતો ભજનિક પણ સંકોચાઈને એના તંબૂરા સાથે બેઠો હતો.

"તાનસેનજી !" અકબર સિંહાસન પર બિરાજતાં નવરત્નોની હરોળમાં બીજી ગાદી પર બેઠેલા તાનસેનજી પર દૃષ્ટિ નાખતાં બોલ્યો :

"હુકમ, આમપનાહ.." તાનસેન બોલી ઊઠ્યો.

"તાનસેનજી, અહીં નજીકમાં જમનાવતા ગામમાં રહેતા એક અલગારી ઓલિયા કવિ કુંભનદાસનું નામ સાંભળ્યું છે કે ?"

"જહાંપનાહ, ગોકુલના ફકીર ગુસાંઈજીના અષ્ટસખામંડળના એ તો અનોખા કવિ છે, ભક્ત છે. જતિપુરા – ગિરિરાજજી પરના શ્રીજીબાવાના મંદિરમાં આઠે સમાનાં દર્શન વખતે સરસ મજાનાં પદો ગાઈ જગતના નાથને રીઝવતા રહ્યા છે. સૂરદાસ, પરમાણંદદાસ,ઇત્યાદિ પુષ્ટિસંપ્રદાયની મહાન કીર્તનપરંપરા સર્જનારા મહાન કવિઓમાંના એક એવા કુંભનદાસનાં અનેક પદો, આલમપનાહ, આપની સમક્ષ મેં અનેક વાર પેશ કર્યાં છે."

"બીરબલજી, તાનસેનજી, મારે એ ઓલિયા ફકીર સંતનાં દર્શન કરવાં છે, એનાં કૃષ્ણભક્તિનાં પદો સાંભળવાં છે. રાજા માનસિંઘ, તમે એ ભક્તકવિને અહીં બોલાવવાનો પ્રબંધ કરો. એમના માટે ખાસ પાલખી અને તમારા સૈન્યના ચુનંદા સૈનિકોને જમનાવતા મોકલો અને શહેનશાહે હિંદ એવા અકબર બાદશાહનું નિમંત્રણ મોકલી સંપૂર્ણ આદરભાવ સાથે આપણા રાજદરબારમાં બોલાવો.

"જહાંપનાહ !" બિરબલ ઊભો થઈને બોલ્યો.

"શી વાત છે, બીરબલ ?"

"તાનસેનજી, માનસિંઘજી, તમારું શું કહેવું છે ? ભક્તકવિ આલમપનાહનું નિમંત્રણ સ્વીકારી શ્રીજીબાવાની કીર્તનસેવા મૂકી ફતેહપુર સિકરી આવશે ?" બીરબલે પ્રશ્ન કર્યો.

ભૂતકાળમાં સૂરદાસજીને આવી જ રીતે નિમંત્રણ આપ્યું હતું અને કચવાતા મને સૂરદાસજી આવ્યા તો હતા પણ એમને દુઃખ ઘણું થયું હતું. કુંભનદાસે રાજા માનસિંઘને તડફડ અવાજે "મોઢું ન દેખાડવાની" કડવી વાત કરી દીધી હતી. બીરબલ આ અલગારી સંતોના મિજાજથી પરિચિત હતો. આ બધા તો અલ્લાના બંદાઓ અને ઈશ્વરના લાડલાઓ હતા. એમને અકબર, એની રિયાસત, એના

હુકમો, એની મનોભાવનાઓની કાંઈ જ પડી નહોતી.

"પ્રયત્ન કરી જુઓ. નહીં જ આવે તો હું જમનાવતા ગામમાં એમની ચરણે જઈશ."

રાજા માનસિંઘે એની સેનામાંથી નમ્ર, વિવેકી, બહાદુર એવા થોડાક સૈનિકોના રસાલા સાથે પાલખી લઈને કુંભનદાસજીને તેડવા મોકલ્યા.

"અરે, બાબા, યે દેખો કૌન આયો હૈ !"

વહેલી સવારમાં કુંભનદાસજી એમના નિત્યકર્મથી પરવારી, એમના કૂવાના ચોતરે બેસી, પ્રભાતિયું ગાઈ, એમના ગોવર્ધનનાથજીને જગાડવાનો મનસૂબો ઘડી, તંબૂરાના તાર પર હજી તો એની આંગળીઓ ફેરવે ત્યાં તો કુંભનચાચાની ભત્રીજી દોડતી ખેતરની કુટિરમાં આવી શ્વાસભેર બોલી ઊઠી.

"કૌન આયો હૈ, બિટિયા ?" કુંભનદાસે એમના ખેતરને અડીને સિકરી જતી સડક પર નજર નાખી.

ધૂળના ગોટા ઉડાડતું નાનકડું સૈન્યનું કટક, ચાર ભોઈઓના ખભે પાલખી સાથે ખેતરની દિશામાં આવી રહ્યું હતું.

કુંભનદાસ સફાળા બેઠા થઈ ગયા.

એમની આંખોમાં ચિંતાપૂર્ણ વ્યાકુળતા છવાઈ ગઈ.

"ભક્તકવિ કુંભનદાસ આપ જ ?" – સૈનિકોની ટુકડીનો સરદાર, ખેતરમાં પ્રવેશતો થોડેક દૂર કદંબના વૃક્ષ નીચેના ચોતરા પર બેઠેલા કુંભનદાસને જોઈ બોલી ઊઠ્યો.

"હા...હું જ કુંભનદાસ. આપ કોણ ?"

"સાદર પ્રણામ, ભક્તશિરોમણિ ! આ સેવક ભારતસમ્રાટ અકબરનો એક સેવક, આપનાં દર્શનથી કૃતાર્થ થયો છું." સરદાર બોલ્યો અને કુંભનદાસને પગે લાગ્યો.

"અરે...અરે.. મને પાપમાં ન પાડો. હું તે વળી ભક્તશિરોમણિ ક્યાંનો ? મારા ગોવર્ધનનાથનો કાલોઘેલો સેવક છું, ભાઈ."

"કુંભનજી, મોગલે આઝમ – દિલ્હીપતિ ભારતસમ્રાટ બાદશાહ અકબરની વિનંતિ લઈને આવ્યો છું."

"શી વિનંતી છે, સખા ?" કુંભનદાસ બોલ્યા.

"આપશ્રીનાં સુમધુર પદોથી વ્રજભૂમિનાં વનાંચલો, ગિરિરાજજીની કંદરાઓ રાતદિન ગુંજતાં રહ્યાં છે. આપશ્રીનાં એ પદોનું, આપનું જલ્લાલુદ્દીન અકબર એમના સિકરી ખાતેના દરબારમાં સ્વાગત કરવા માગે છે. આપને માટે પાલખી પણ લઈ આવ્યા છીએ, તો આપશ્રી સિકરીના દરબારમાં પધારો."

કુંભનદાસે નાનકડી સૈનિકોની ટુકડી પર નજર કરી. બાજુમાં બેઠેલા ભોઈઓ સામે પણ દૃષ્ટિ ફેંકી. એ ભોઈઓ પણ સંતકવિના શરીરનાં પાંસળાં અને વજન ન ગણતા હોય એમ ચિંતિત નજરે એમની સામે જોઈ રહ્યા હતા.

કુંભનદાસ દ્વિધામાં પડી ગયા.

"અરે, ભૈયા, હું તો સાધારણ ખેડૂત છું. મારા શ્રીજીબાવાને રીઝવવા કાલીઘેલી ભાષામાં આડુંઅવળું લખી પ્રભુને સમર્પિત કરી દઉં છું. હું કયો એવો મોટો કવિ કે ભક્ત છું કે મને આગ્રા–સિકરીથી ખાસ તેડવા માટે સૈનિકોને બાદશાહે મોકલ્યા ! હું મારી ખેતી દ્વારા મારા કુટુંબનું ભરણપોષણ કરું છું. મને એમાં સંતોષ છે. મારાથી આવવાનું નહીં બની શકે." કુંભનદાસજી મક્કમ સ્વરે બોલી ઊઠ્યા.

"અરે ભૈયા ! યે તો સરકાર કો હુકમ હૈ ! આપ નહીં આવો તો અમારી બધાની નોકરીઓ જશે ! વળી બાદશાહનો ખોફ ઊતરશે એ વધારામાં. આપ આપને ખાતર નહીં, પણ અમારાં બાળકો માટે, પરિવાર માટે પણ આવી બાદશાહને મળો." મુખ્ય માણસ બોલી ઊઠ્યો.

કુંભનદાસ દ્રવી ઊઠ્યા. એમની નાનકડી જીદ ખાતર આ બધા સૈનિકોનાં દાલ–રોટલા જોખમાઈ જાય એવું તો એમનાથી ન કરાય.

"મારા ગોવર્ધનધર, આ બિચારા સૈનિકોના ઘરના ચૂલા જલતા રહે, નોકરી સલામત રહે એ ખાતર પણ હું જઈશ. પરંતુ, ગોવર્ધનનાથ, તમારી છાયા ગુમાવીશ એનું મને ખૂબ જ દુઃખ છે !" અને કુંભનદાસ દંડવતી શિલાની પ્રદક્ષિણા કરવા નીકળી પડયા. એટલામાં ચાર ભોઈઓ અને બે સૈનિકો કુંભનદાસ નજીક આવીને વિનંતી સાથે બોલ્યા :

"મહારાજ, આ સામે પાલખી તૈયાર છે તો આપ એમાં બિરાજો."

"પાલખી.. અને મારા માટે ? અરે ભાઈ, રામરામ કરો ! પાલખીમાં તો બિરાજે મારો ગોવર્ધનનાથ. આપણે રહ્યા પામર જીવ, પાપથી ભરેલા. ભગવાને આપણે સૌને આ મનખાદેહ એની ભક્તિ કરવા આપ્યો છે. પેટને ખાતર તમે બાદશાહને ત્યાં ભોઈઓ તરીકેની વેઠ કરો છો એ બરોબર છે, પરંતુ જીવતા–જાગતા તમે દરિદ્રનારાયણો, જેમના હૃદયમાં મારો 'શ્રીજીબાવો' બિરાજ્યો હોય એમની પાસે હું આ મારા મળમૂત્રથી ભરેલા, વાસનાઓથી ઊભરતા દેહને પાલખીમાં બેસી વધુ પાપી નથી બનાવવાનો. તમારા હૈયે વસેલા કૃષ્ણને વંદન કરી, હું તો આ ચાલ્યો દેશાધિપતિને મળવા સિકરી ગામે. તમે બધા મારી સાથે ચાલ્યા આવો. રસ્તામાં સત્સંગ કરશું, પદો ગાશું અને આપણા વ્હાલા પ્રભુનું સ્મરણ કરતાં–કરતાં રસ્તો ક્યાં કપાઈ જશે એની ખબર પણ નહીં રહે!" – કહેતાં કુંભનદાસજી એમના તંબૂરાને ખભે નાખતા, પદો લલકારતા નીકળી પડયા.

સૈનિકો અને પાલખી ઉપાડનારા ભોઈઓ તો કુંભનદાસની નમ્રતા, સાદગી અને સ્નેહથી છલકતા, પ્રભુમાં લીન એવા સૂકલકડી દેહને સ્ફૂર્તિથી વાટ કાપતો જોઈ, એમની પાછળ ચાલી નીકળ્યા.

ફતેહપુર સિકરીના પાદરમાં નાનકડું ગામ વસી ગયું હતું. ચારેબાજુ

વિવિધરંગની ધજાપતાકાઓ હવામાં લહરાઈ રહી હતી. રાવટીઓમાંથી હસીમજાક અને આનંદપ્રમોદના સૂરો ઊઠતા હતા. બરોબર મધ્યમાં જ શહેનશાહ અકબરનો ભવ્ય મહેલ હતો. મહેલની મધ્યમાં વિશાળ મેદાનમાં દરબાર ભરાયો હતો. અકબરનાં નવરત્નો સમા નરપુંગવો – તાનસેન, અબુલફઝલ, બીરબલ, રાજા માનસિંઘ ઇત્યાદિ એમના સ્થાને બિરાજ્યા હતા. મધ્યમાં જ રત્નજડિત સિંહાસન પર જલાલુદ્દીન અકબર આતુર નજરે કુંભનદાસની રાહ જોતો બેઠો હતો. પરદાનશીન બેગમો પાછળના કક્ષમાં બેઠી હતી.

ખુલ્લા પગે, ટૂંકી પોતડી, માથે મેલી કેસરી રંગની પાઘડી, સફેદ પહેરણ અને ખભે ખેસ સાથે કુંભનદાસે દરબારમાં પ્રવેશ કર્યો. ચહેરા પર અકળામણ અને વ્યથા ઝૂલતી હતી. શહેનશાહે હિંદ જલાલુદ્દીન અકબરના દરબારની રોનક અનોખી હતી. દબદબાભર્યા દરબારમાં પ્રવેશતાં જ કુંભનદાસને એક ક્ષણ માટે થઈ ગયું કે, અરે, ભલા જીવ, તું તે વળી ગિરિરાજજીની લીલીછમ ગિરિકંદરા, ખળખળ વહેતાં ઝરણાં અને ગિરિરાજજીની ગોદમાં ખેલતા શ્રીગોવર્ધનનાથજીની લીલાની ભૂમિ છોડી આ ઠાઠ–ઠઠારાની, જીવતા નર્કની ભૂમિમાં વળી ક્યાં આવી ચઢ્યો ? આ રંગબેરંગી રોશની, ઝકઝમાળ કૃત્રિમ વૃક્ષો અને ફૂલો કરતાં મારા વ્રજનાં વૃક્ષો સારાં કે ત્યાં સાક્ષાત્ ગોવર્ધનનાથજી સાથે ખેલ ખેલવા તો મળતું હતું.

"કુંભનદાસજી !" સિંહાસન પરથી કુંભનદાસનું સ્વાગત કરવા ઊભા થઈ ગયેલા અકબર બાદશાહનો અવાજ કાને પડતાં જ કુંભનદાસજી અસ્વસ્થતા ખંખેરતા બાદશાહ સામે નતમસ્તકે ઊભા રહી ગયા.

"જી." એમના મુખમાંથી એક જ શબ્દ નીકળ્યો.

"આપ જેવા સંત ભક્તકવિનું સ્વાગત છે. તમારાં અનેક પદો અમારા તાનસેનજી અમારી પાસે ગાતા રહ્યા છે. તમે તમારા આરાધ્ય દેવ શ્રીગોવર્ધનનાથજીનાં અનેક પદો રચ્યાં. એ પદો હું તમારા મુખે આજે સાંભળી કૃતાર્થ થવા માગું છું, કવિરાજ !" અકબરે શહેનશાહ–પદનો બધો જ ભાર ઉતારી એક નમ્ર ભાવકની અદાથી કુંભનદાસને પદ ગાવાની વિનંતી કરી.

"પદ અને આ દેશાધિપતિ પાસે ? મને આજ્ઞા કરવાવાળો બે માથાવાળો આ માણસ કોણ ? બાદશાહ હોય તો એના ઘરનો ! મારો આલમપનાહ તો મારો ગોવર્ધનનાથ ! એની આગળ પદ ગવાય. આ બે બદામના બાદશાહ પાસે તે વળી હું ગાઉં ?" કુંભનદાસના મનમાંથી હજી બાદશાહ પ્રત્યેનો ગુસ્સો ઊતર્યો નહોતો. અકબરની એક સાચા ભાવક, સાહિત્યપ્રેમીની છબી હજી કુંભનદાસના દિલમાં એનાં નમ્રતાભર્યા વાક્યો દ્વારા ઊપસી નહોતી. કુંભનદાસ ચૂપ રહ્યા.

"ભક્તરાજ, આપના મુખેથી પદો – શ્રીગોવર્ધનધરની લીલાના પ્રસંગો સાંભળવા હૈયું ખૂબ જ આતુર છે. આપ કંઈક ગાઓ, કુંભનદાસ !" – અકબરે

ફરી વિનંતી કરી. કુંભનદાસે એક નજર અકબર પર અને પછી એકત્રિત થયેલા દરબારીઓ પર નાખી. એમાં તાનસેન, બીરબલ મોઢું છુપાવતા – તાનસેન બીરબલ પાછળ સરકી ગયેલા માનસિંઘ સાથે બીજા અનેક દરબારીઓ, કલામર્મજ્ઞો હતા.

"હે મારા ગોવર્ધનધર ! આ તેં શી લીલા આ રંક ખેડૂત પર આદરી છે ? મારાં પદો તો, વ્હાલા, તારા સાંનિધ્યમાં તારાં ચરણે ધરતો રહ્યો છું. લીલાનાં પદો આ મ્લેચ્છ બાદશાહ પાસે ગાઉં તો તે પદો છોવાઈ જવાનાં. તારાં ચરણે મારાં આ શબ્દફૂલો પછી ક્યારેય સમર્પિત નહીં થવાનાં. મારી વાણી સાંભળનારો, ભાવથી છલકી જનારો, તું એક છે ગોવર્ધનનાથ ! પરંતુ, હે નાથ, આજે જ્યારે બાદશાહે પદો ગાવા માટે ખાસ અહીં બોલાવ્યો છે, તો એમાં પણ મને તો તારી કોઈ નટખટ લીલાનો જ ખેલ લાગે છે. આ બાદશાહે મને એની પાસે બોલાવી, વ્હાલા, તારો વિયોગ જ જ્યારે કરાવ્યો છે, તો એને કંઈક એવું સંભળાવું કે જેથી એ ગુસ્સે થાય ! અને એ ગુસ્સે થાય તોય તારા ઓલિયા સેવકનું એ શું બગાડી લેવાનો હતો ?....."

"જાકૌં મનમોહન અંગીકાર કરે
એકો કેસ ખસૈ નહીં સિરતૈ
જો જગ બૈર પડે."

"આ મારું શું બગાડી લેવાનો હતો ? લાવ એને જિંદગીભર યાદ રહી જાય તેવું જ પદ સંભળાવી એનો ગુસ્સો.. સજા ભોગવી લઉં." અને કુંભનદાસે ગાયું –

"ભક્તન કો કહા સિકરી સે કામ
આવત જાવત પન્હૈયા તૂટી
બિસર ગયો હરિનામ !
જાકો મુખ દેખે દુઃખ ઉપજે, તાકોં કરનો પર્યો પ્રણામ
કુંભનદાસ લાલ ગિરિધર બિનુ યહ સબ જૂઠો ધામ !

વાતાવરણમાં સન્નાટો પ્રસરી ગયો. તાનસેન, બીરબલ, રાજા માનસિંઘ તો કુંભનદાસના "જાકો મુખ દેખે દુઃખ ઉપજે, તાકોં કરનો પર્યો પ્રણામ"– પંક્તિ સાંભળી ખળભળી ઊઠ્યા. બધાની આંખો અકબર બાદશાહ પર પડી.

એક ક્ષણ પૂરતો તો અકબર પણ અસ્વસ્થ થઈ ગયો. ચહેરા પર વંકાયેલી રેખાઓ, આંખોમાં પ્રજ્વલિત થઈ ગયેલો ક્રોધાગ્નિ.... પરંતુ બીજી જ પળે અકબર બાદશાહના ચહેરા પર એ જ સમતા, એ જ નમ્રતા, એ જ સમભાવના ભાવો પ્રસરી ગયા.

"ખરો ઓલિયો સંત જીવ છે ! આ માણસને જિંદગીમાં ક્યારેય કશું જ લેવાની ભાવના જ ન જાગતી હોય... ભાવના... બસ બત્રીશે ઘડી... બસ ગોવર્ધનનાથજીનું સાંનિધ્ય જ જ્યાં ઝૂરતી રહેતી હોય... કશી જ અપેક્ષા ન

હોય, એ માનવી મારી વિનંતી કે આજ્ઞા શેનો કાને ધરે ? તેની પાસે તો હાજરાહજૂર પરવરદિગાર હોય, ત્યારે એ આ ધરાના ક્ષણભંગુર માલિકની શું કાંમ પરવા કરે ? અને ન જ કરવી જોઈએ."– અકબર મનોમન વિચારતો રહ્યો.

"બાબા, આપનો ખુદા વધુ પ્રેરણા ન આપતો હોય તો આપ નચિંત પદો ન સંભળાવતા. આપ કશી આજ્ઞા આ સેવકને ફરમાવો. તમે કહેશો તે પ્રમાણે હું કરીશ." અકબરે કુંભનદાસ સમક્ષ બે હાથ પ્રસારતાં દીનભાવે કહ્યું.

"દેશાધિપતિ, આપ તો સારી પૃથ્વીના પાલનહાર છો. તમને તે વળી હું શું હુકમ કરવાનો હતો ? આમ છતાં આપે જ્યારે મને અહીં બોલાવ્યો જ છે અને કશું માગવાનું કહ્યું જ છે તો મારી એક વિનંતી – અરજ સ્વીકારશો ?"

"જરૂર...જરૂર ! ફરમાન કરો !" અકબર આનંદિત સ્વરે બોલી ઊઠ્યો

"તો આજ પછી મને ક્યારેય તમારા આ દરબારમાં બોલાવતા નહીં. મને મારા ગિરિરાજની તળેટીમાં મારા ગોવર્ધનધરની છાયામાં રહેવા દ્યો." અને કુંભનદાસ ખભેથી તંબૂરાના તારને રણકતા કરતા બસ મૂંગા–મૂંગા ગિરિરાજજીની દિશામાં ચાલી નીકળ્યા.

....રસ્તામાં શ્રીગોવર્ધનધરની, શ્રીજીબાવાની કીર્તનસેવા છૂટ્યાનો મનમાં ખૂબ જ રંજ હતો. ઠાકોરજીના વિરહની કલ્પના કરતા રહ્યા :

"મારા ગોવર્ધનનાથજીનાં દર્શન ક્યારે થશે ? એમના મુખારવિંદનાં દર્શન ક્યારે થશે ? એમનાં ચરણોની રજમાં આળોટવાનું ક્યારે થશે ?" અને કુંભનદાસજીના મુખમાંથી રસ્તા વચ્ચે જ–

"કબ હૌં દેખી હોં ઈન નૈનનકું !
સુંદરશ્યામ મનોહર મૂર્તિ અંગ સુખ દેત નું !

પદ આંખોમાંથી વહેતી અશ્રુધારા સાથે સરી પડ્યું.

ગિરિરાજજીનાં દર્શન થતાં જ કુંભનદાસે દોટ મૂકી. દંડવતી શિલાને પાયલાગણ કરી શ્રીજીબાવાના મંદિર તરફ દોટ મૂકી.

બે પ્રહર આવનજાવનમાં વીતી ગયા હતા.

શ્રીગોવર્ધનનાથજીના મંદિરનો ટેરો ખૂલ્યો અને આંખોમાંથી વહેતી અશ્રુધારા સાથે કુંભનદાસે એમના ઉપરના પદની અંતિમ પંક્તિઓ

"કુંભનદાસ કેતે દિન બિતે કિયે રેન સુખ સૈનનું
અબ ગિરિધર બિનુ નિસિ અરૂ બાસર મન ન પરત કછું ચૈનનું"

સરી પડી. બે પ્રહર તો કુંભનદાસને બે યુગ જેટલા લાગ્યા અને શ્રીજીનાં દર્શન થતાં જ હૈયુ આંનદવિભોર બની ગાઈ ઊઠ્યું :

"નૈન ભરી દેખ્યો નંદકુમાર
તા દિન તેં સબ ભૂલિ ગઈ હોં બિસર્યો પતિ પરિવાર."

શ્રીજીબાવાને મરકમરક હસતા કુંભનદાસજીએ જોયા અને સંતકવિના

પાસે તી
લિકમી શું
વિચારતી

ચિંત પદો
તે પ્રમાણે
હું.
તે વળી હું
વ્યો જ છે
કારશો ?"
લી ઊઠયો
નહીં. મને
દો." અને
રિરાજજીની

નો મનમાં

દનાં દર્શન
?" અને

તી શિલાને

થી વહેતી

ું ચૈનનું"
ને શ્રીજીનાં

ર."
સંતકવિના

મુખમાંથી—

હિલગન કઠિન હૈયા મનકી
જાકે લિયે દેખો મેરી સજનિ લાજ ગઈ તનકી
ધરમ જાઉં ઔર લોગ હસૈ સબ, અરૂ આવો કુલ ગારી
સો ક્યોં રહે તાહિ બિનુ દેખે જો જાકો હિતકારી !
રસ લુબ્ધ એક નિમિષ નહીં છાંડત જ્યાં અધિન મૃગ ગાને
કુંભનદાસ યહ સનેહ મરમકૌ શ્રીગોવર્ધનધર જાને…"

—સરી પડયું.

૧૫. અનન્ય અનાસક્તિ કુંભનદાસની

ગાય ખિલાવત સ્યામ સુજાન
કુંકે ગ્વાલ ટેરિ દે હી–હી, બાજત બૈનું વિપાન
કિયૌ સિંગાર ધૈનુ સગરિન કૌ, કો કરિ સકૈ બખાન
ફિર ફિર ફિરત પૂંછ ઉન્નત કૈ, કરિ કરિ સુધે કાન
પાંઈ પૈજની, મ્હેંદી રાજતિ પિઠી પૂરટ કે પાન
કુંભનદાસ ખેલિ ગિરિધર પૈ, જિહિ વિધિ ઉઠી ઉઠાન

જમનાવતા ગામની સીમમાં આવેલા ખેતરમાં કુંભનદાસજી વહેલી સવારે કૂવા પાસેની ગૌશાળામાંની એમની પ્યારી ગાય 'ગોમતી'ની પીઠ પર હાથ પ્રસારતા ગાયને અને શ્યામને યાદ કરતા સરસ મજાનું પદ ગાઈ રહ્યા હતા. મંદમંદ સમીરની લહેરોથી ખેતરની લીલીછમ હરિયાળી ઝૂમી રહી હતી. વૃક્ષો પર વાનરોથી હૂપાહૂપ શરૂ થઈ ગઈ હતી. પંખીઓ એમના માળા છોડી, એમની પાંખો ફફડાવતાં, મધુર કંઠથી વાતાવરણને સંગીતમય કરતાં આકાશમાં ઊડી રહ્યાં હતાં. કુંભનદાસજી પદમાં રસતરબોળ બની, તંબૂરાના તાલે ઝૂમી રહ્યા હતા. બંધ આંખો સામે શ્રીગોવર્ધનનાથ ગૌચારણલીલાનાં દર્શન કુંભનદાસને અર્પી રહ્યા હતા, ત્યાં જ એક મધુર સ્વર કાને પડયો :

"બાબા, આશિષ દીજો, મૈં ગૌશાળા ચલો."

કુંભનદાસ આંખો ખોલી રસસમાધિમાંથી બહાર આવ્યા. આંખો સામે નાનકડો કૃષ્ણદાસ ખભે કાંબલી, હાથમાં કડિયાળી ડાંગ સાથે ધોતી, ઉપરણો અને ભગવા રંગની કફનીમાં દીનભાવે, નતમસ્તકે ઊભો હતો.

"અરે, બેટા, તું કબ આયો ? તું તો અપને શ્રીજીબાવાકી ગૌશાલાકો વાસી." કુંભનદાસે પૂછ્યું.

"અહીંયાંથી વહેલી પરોઢે નીકળ્યો હતો, તો તમને અને મૈયાને પગે લાગવા આવ્યો હતો." કૃષ્ણદાસે કહ્યું.

કૃષ્ણદાસ, કુંભનદાસના શબ્દોમાં કહીએ તો એમનો અર્ધો દીકરો થાય. શ્રીગુસાંઈજીએ એમને ગાયોની સેવા આપી હતી. રાતદિન ગૌશાળામાં ગાયોની

સેવામાં જ વ્યસ્ત રહેતા કૃષ્ણદાસ પર પિતા કુંભનદાસ ખૂબ જ પ્રસન્ન હતા. રોજ સવારે બ્રાહ્મમુહૂર્તમાં ઊઠીને ગૌશાળાને વાળીઝૂડી સાફ કરતો. પછી ગાયોના ધણને લઈને ગાયોનો ગોવાળ બની વનમાં જતો અને આખો દિવસ ગાયોને ચરાવી, સાંજ પડતાં ગાયોના ધણ સાથે ગૌશાળામાં પાછો ફરતો. ગૌસેવા એ જ એની જિંદગીનો ધર્મ અને કર્મ બની ગયાં હતાં. ગાયોની સેવામાં લીન થઈ ગયેલા કૃષ્ણદાસને ક્યારેય શ્રીગોવર્ધનનાથનાં દર્શન કરવા ગિરિરાજજી પર આરોહણ કરવાનોય વિચાર આવતો નહોતો. ગૌમાતામાં એને શ્રીગોવર્ધનધરના દર્શન થતાં હોય એમ એ "મેરી ગવરી મેં તો તેત્રીસ કોટિ દેવતા હૈં....ગૌઆ મેરી માતા, મૈં ઉસ કૈસે છોડ સકું ?" કહેતો.

"બેટા, શ્રીજીબાવાનો, ગૌમાતાનો પ્યારો થજે. ગૌમાતાની સેવા તો કોઈક પરમ ભાગ્યશાળીને જ મળે છે."

"હા, બાબા, હું ખૂબ જ ભાગ્યશાળી છું. શ્રીગુસાંઈજી બાવાએ મારા પર ખૂબ જ કૃપા કરી આ સેવાનું મને દાન કર્યું."– કહેતા કૃષ્ણદાસ ખભે ડાંગ મૂકતો ચાલી નીકળ્યો.

કુંભનદાસ કેટલીય પળો સુધી વિદાય થતા દીકરાને જતિપુરાની દિશામાં વિલીન થતો જોઈ રહ્યા.

કૃષ્ણદાસ ગૌશાળામાં જવામાં કેમ જાણે મોડો પડ્યો હોય તેમ લાંબાં ડગલાં ભરતો – લગભગ દોડતો ગૌશાળામાં પહોંચ્યો, ત્યારે ગાયો ગૌશાળાની બહાર, ડોક હલાવતી, મસ્તીભરી ચાલે વનમાં જવા નીકળી રહી હતી. કૃષ્ણદાસને જોઈ ગૌમાતાઓ નાચી ઊઠી. અન્ય ગ્વાલમંડળી સાથે વહાલસોયા ડચકારા બોલાવતો કૃષ્ણદાસ એની ગાયોને વનમાં ચરાવવા લઈ ગયો.

પશ્ચિમની દિશામાં સૂર્ય આથમી રહ્યો હતો. દિનભર ગાયોની સાથે ખેલતા–કૂદતા કૃષ્ણદાસે ડચકારો માર્યો અને ગાયોનું ધણ એની મસ્તીભરી ચાલે, ગળામાં લટકાવેલી ઘંટડીઓના રણકારથી ગામ ગજવતું પ્રવેશ પામી રહ્યું હતું ત્યારે કૃષ્ણદાસ ટોળાની પાછળ ધીમી ચાલે ચાલતી શ્રીગોવર્ધનનાથજીની વૃદ્ધ ગાયને ગિરિરાજજીની પૂંછરીની દિશાના જંગલમાંથી જતિપુરા તરફ દોરતો આવી રહ્યો હતો. એ વૃદ્ધ ગાય તરફ કૃષ્ણદાસને ભારે હેત હતું. વૃદ્ધ ગાયને પણ એના ગોવાળ સખા પર એટલું જ હેત હતું. શ્રીગોવર્ધનનાથજીની આ ગાય પુષ્કળ દૂધ સ્રવતી હતી. કૃષ્ણદાસે આથમતા અજવાળાના ધૂંધળાપણા વચ્ચે જોયું તો દૂરથી ગિરિકંદરાની ઝાડીમાંથી ઓચિંતો એક વાઘ ત્રૌડ પાડતો આવી રહ્યો હતો. કૃષ્ણદાસજી હજી તો પૂરો સાવધાન બને એ પહેલાં તો વાઘે કૃષ્ણદાસ અને શ્રીગોવર્ધનનાથજીની લાડલી ગાય પર હુમલો કર્યો.

કૃષ્ણદાસનું રોમેરોમ છળી ઊઠ્યું.

જિંદગીમાં પહેલી વાર એણે એની ગાયોના ધણ પર આ રીતે જંગલી પશુને હુમલો કરતાં જોયું હતું. હાથમાં પકડેલી ડાંગને વધુ મજબૂતાઈથી પકડતાં

એ બોલી ઊઠ્યો :

"અરે દુષ્ટ ! તને ખબર છે, આ તો મારા વ્હાલા ગોવર્ધનનાથજીની ગાય છે ! ખબરદાર આગળ વધ્યો છે તો..."

વાઘ પણ મનુષ્યગર્જના સાંભળી એક ક્ષણ માટે હેબત ખાઈ ગયો. એણે ગાયને મૂકી કૃષ્ણદાસ પર છલાંગ મારી. કૃષ્ણદાસે વાઘના પંજામાંથી છૂટેલી ગાયને હાંકી કાઢી અને ગાય પણ ડરીને ગૌશાળા તરફ દોડીને સહીસલામત પહોંચી ગઈ. આ બાજુ વાઘ કૃષ્ણદાસનો કોળિયો કરી ગયો.

કૃષ્ણદાસ વગરની ગૌશાળામાં ગાયને જોતાં સૌ કોઈને પહેલાં તો આશ્ચર્ય થયું. બધાને મનમાં હતું કે થોડી વારમાં જ કૃષ્ણદાસ આવી જશે. સારો એવો સમય પસાર થયો, એટલે કેટલાક ગોવાળિયા કૃષ્ણદાસની શોધમાં ગિરિરાજજીની કંદરા તરફ નીકળી પડયા.

આ બાજુ ગોપીનાથ ગ્વાલ અને બીજા ગ્વાલો 'સેન'–ભોગનો સમય થઈ રહ્યો હતો એટલે ગૌશાળાની ગાયોને દોહવાના કાર્યમાં લાગી ગયા. ગોપીનાથના દિલમાં ચિંતા અને વિષાદ ભારોભાર ભર્યાં હતાં. એના સખા કૃષ્ણદાસની ચિંતા થતી હતી. ક્ષણેક્ષણે એની નજર ઘડીકમાં ગૌશાળાના દ્વાર તરફ, તો થોડી વારમાં એક ખૂણામાં સૂનમૂન ઊભેલી કૃષ્ણદાસનો વિરહ અનુભવતી શ્રીગોવર્ધનનાથજીની ગાય તરફ જતી હતી. ગોપીનાથ એ વૃદ્ધ ગાયની વેદના સમજી શકતો હતો. કૃષ્ણદાસના હાથે દોહાયેલું એ ગાયનું દૂધ જ શ્રીજીબાવા રોજ 'સેન' તેમજ સવારના મંગલા અને ગ્વાલભોગમાં આરોગતા. આજે ગાય એના દોહનારાની ગેરહાજરીમાં 'એનું દૂધ ઠાકોરજી નહિ આરોગે' એનો વિષાદભાવ આંખમાં અશ્રુ સાથે ઉછાળતી સૂનમૂન ઊભી હતી.

ઓચિંતું વાતાવરણ પલટાવા માંડયું. દૂર–દૂરથી મંદમંદ સમીરની લહરમાંથી સુગંધ પ્રસરવા માંડી. બંસરીનો મીઠો સૂર વાતાવરણમાં ગુંજવા માંડયો. આજુબાજુ પ્રકાશ ફેલાઈ ગયો અને પાયલના મધુર અવાજ સાથે પેલી વૃદ્ધ ગાય તરફ શ્રીગોવર્ધનનાથજીને જતા ગોપીનાથે જોયા. એમની પાછળપાછળ કુંભનદાસને પણ જોયા. સમગ્ર વાતાવરણ અનોખી સુગંધિત હવાથી મઘમઘી ઊઠયું. શ્રીગોવર્ધનનાથજી ગાય પાસે પહોંચ્યા, એના શરીરે હાથ ફેરવ્યો અને ગાય નાચી ઊઠી. એની ડોકની ઘંટડીઓ રણકી ઊઠી. પૂંછડી ઉછાળતી એ શ્રીજીબાવાની પ્રદક્ષિણા કરવા માંડી. શ્રીગોવર્ધનનાથજીએ ફરી એક વખત એમનો કોમળ કર પ્રેમથી શરીર પર પ્રસાર્યો અને વ્રજનો કાળિયો દેવ ખુદ ગાયને દોહવા માંડયો. બોઘડાં ભરાવા માંડયાં. કૃષ્ણદાસ વાછરડાને પકડીને ઊભા હતા. ગોપીનાથ ગ્વાલને આ દર્શન થતાં, એ તો ગાંડો બની "ધન્યધન્ય મેરો ગોવર્ધનનાથ ! ધન્યધન્ય સખા કૃષ્ણદાસ !" કરતો નાચવા માંડયો.

કુંભનદાસ દીકરાની આ ગતિને સજળ નયને, સહર્ષ નયને કેટલીય પળો સુધી જોતા રહ્યા. શ્રીગોવર્ધનનાથજી મંદિરમાં પધાર્યા. આ બાજુ કૃષ્ણદાસને

જીની ગાય
ગયો. એણે
થી છૂટેલી
હીસલામત
તો આશ્ચર્ય
સારો એવો
રિરાજજીની
સમય થઈ
ોપીનાથના
સની ચિંતા
તો થોડી
બનુભવતી
મની વેદના
શ્રીજીબાવા
આજે ગાય
ંગે' એનો
. લહરમાંથી
. આજુબાજુ
ગાય તરફ
કુંભનદાસને
ઘી ઊઠ્યું.
ગાય નાચી
ીજીબાવાની
કોમળ કર
ને દોહવા
ભા હતા.
ધન્ય મેરો
ને કેટલીય
કૃષ્ણદાસને

પૂંછરીની ગિરિકંદરામાં વાઘે ફાડી ખાધાના સમાચાર લઈને ગ્વાલો પાછા ફર્યા.

"અરે, બાબા, તેરે કૃષ્ણદાસ કો તો નહારને જાન લિયો. બેચારો ગૌવા કી સેવા કરતો કરતો જાન ખો બૈઠો." અને આ વાત સાંભળતાં જ કુંભનદાસ દંડવતી શિલા નજીક ધબાક્ કરતા ધરાશયી થયા અને મૂર્છા આવી ગઈ.

જતિપુરા અને આન્યોરમાં હાહાકાર મચી ગયો.

"બેચારો કુંભનો...ભગવદીય લડકે કો ખો બૈઠો !"

"કૃષ્ણદાસને ગૌમાતાકી સેવામેં અપની જાન દે દી !"

"યે કુંભનદાસ ચાહે કીતનો ભી બડો વૈષ્ણવ ક્યું ન હો, આખિર તો બાપ ભી તો હૈ ! માયાકે બંધનમે વો ભી કૈસો ફસો હૈ !"

"હાં...હાં... દેખો, લડકે કી મૌતકા સમાચાર સૂનકે હી બેચારો બેહોશ હોય ગયો !"

"શ્રીગોવર્ધનનાથજી કો ઈતનો બડો સેવક, મોહ–માયા સબ છોડ કે સિર્ફ શ્રીજીબાવા કો લાડલો આખિર તો લડકે કી માયામેં ફસો !"

બેભાન પડેલા કુંભનદાસને વ્રજવાસીઓ જોતા જાય અને દંડવતી પરિક્રમા કરતાં–કરતાં એક પછી એક વિધાનો કરતા શ્રીજીબાવાના મંદિર તરફ ચાલ્યા જાય. કોઈને બેભાન કુંભનદાસની સારવાર કરી શુદ્ધિમાં લાવવાની પડી નહોતી. હા...મનમાં એક કુત્સિત ભાવ– "આવડો મોટો સંત વૈષ્ણવ કવિ આખરે તો પુત્રપ્રેમના વિરહમાં ભગવાનને ભૂલ્યો"– ભરીને જતા હતા.

શ્રીગુસાંઈજી પાસે પહોંચતાં, આ બધા વૈષ્ણવ વ્રજવાસીઓ સ્વભાવ પ્રમાણે શ્રીવલ્લભનંદનને એક જ વાત કહેતા રહ્યા :

"કૃપાનાથ, કુંભનદાસજી તો દંડોતી શિલા પાસે કૃષ્ણદાસના કરુણ મોતના સમાચાર સાંભળી પુત્રવિરહમાં બેભાન પડયા છે." ગુસાંઈજીએ વ્રજવાસી વૈષ્ણવ સામે કરુણાસભર – વિષાદપૂર્ણ સ્મિત વેરતાં જોયું અને મનોમન બોલી ઊઠ્યા :

"અરે જીવ ! વર્ષોના સત્સંગ પછી પણ વૈષ્ણવજીવને ઓળખી ન શક્યો !"

"ચાલો આપણે કુંભનદાસજી પાસે જઈએ." કહેતાં શ્રીગુસાંઈજી ઊભા થયા. બધા જ વૈષ્ણવો કુતૂહલપૂર્વક એમની પાછળપાછળ ચાલ્યા. મનમાં "આજે શ્રીવલ્લભનંદનને ખબર પડશે કે એમના આટલા મોટા ભક્ત, શિષ્ય, કવિ મોહમાયાથી વિરક્ત નથી, દીકરાના મોત પર મૂર્છાવશ થઈ જતા મોહિત જીવ છે." બબડતા જતા હતા.

"કુંભનદાસ, ઊઠો." શ્રીગુસાંઈજી બેભાન કુંભનદાસના દેહ નજીક ઢળીને બોલી ઊઠ્યા. કુંભનદાસ નિશ્ચેત પડી રહ્યા.

"કુંભનદાસ, કાલે સવારે મંગળામાં શ્રીનાથજીનાં દર્શને આવજો. તમને આપણા સૌના વહાલા શ્રીગોવર્ધનનાથજીનાં દર્શન કરાવીશું." અને સૌના આશ્ચર્ય વચ્ચે કુંભનદાસ સફાળા ઊભા થઈ ગયા. જોયું તો આંખો સામે શ્રીગુસાંઈજી

સાથ ઊભા હતા.

"ગુરુદેવ..." કહેતાં કુંભનદાસજીએ ફરીથી દંડવત્ કર્યા અને "આપે મારા પર ખૂબખૂબ કૃપા કરી ! મને મારા વ્હાલા શ્રીગોવર્ધનનાથજીનાં દર્શન થશે ! ધન્યધન્ય ! કહા કહું, શ્રીવલ્લભનંદન ! તેરી તો બલિહારી." અને કુંભનદાસ જાણે કંઈ જ ન બન્યું હોય તેમ હાલતા, ચાલતા, નાચતા પરાસોલી તરફ શ્રીગુસાંઈજીની આજ્ઞા લઈ વિદાય થયા.

"કૃપાનાથ, કુંભનદાસજી તો સૂતકી, દીકરાની મોહમાયામાં લપટાયેલો જીવ અને તમે..." એક વૈષ્ણવે શંકા કરતાં પૂછ્યું.

"આ તમે બધા માનો છો, એમ કુંભનદાસજી પુત્રના મૃત્યુના શોકના કારણે નહોતા બેભાન થયા." શ્રીગુસાંઈજીએ ભ્રમના પડદાનું છેદન કરતાં કહ્યું.

"શું કહ્યું ? કૃપાનાથ, પુત્રના મૃત્યુના સમાચાર સાંભળતાં જ સૂધબૂધ ગુમાવીને દંડોતી શિલા પાસે પડતા અમે અમારી આંખે જોયા ને ? અને કૃપાનાથ, એ તો હોય. આપણે આખરે તો સંસારી જીવ; ગમે તેટલા જપ, તપ, ધરમ, ધ્યાન કરતા હોઈએ, પણ, કૃપાનાથ, આ હૃદય છે ને બહુ પોચું છે. સ્પંદનો ઝડપથી ઝીલી લેવામાં એને કોઈ ન પોગે. બાકી એક વાત સાચી. કુંભનદાસ ગમે તેમ તોય શ્રીજીબાવાના અંતરંગના ભક્ત. વળી તમારા કૃપાપાત્ર, એટલે પુત્રના મૃત્યુ શોકમાંથી આપના એક અવાજે મુક્ત થઈ કેવા ઊભા થઈ ગયા !" વૈષ્ણવે એનું દોઢડહાપણ ડહોળતાં કહ્યું.

"ભાઈ, એવું નથી બન્યું. પહેલાં મેં કહ્યું, કુંભનદાસ ઊઠો. તમે ધ્યાન રાખ્યું હોય તો એ મૂર્છામાંથી બહાર નહોતા નીકળ્યા."

"હા...હોં..."

"પછી જ્યારે મેં કહ્યું કે, કુંભનદાસ, કાલે સવારે મંગળામાં શ્રીનાથજીનાં દર્શને આવજો, તમને આપણા સૌના વ્હાલા ગોવર્ધનનાથજીનાં દર્શન કરાવીશું એમ કહ્યું ત્યારે વિરહી આત્મા સફાળો પ્રસન્ન થઈ જાગી ગયો." શ્રીગુસાંઈજી એમનું કરુણા-મઢ્યું સ્મિત વેરતા બોલી ઊઠ્યા.

"હા...હો ! વાત તો સાવ સાચી !"– એક વૈષ્ણવ બોલ્યા.

"ભાઈઓ, કુંભનદાસજી તો શ્રીગોવર્ધનનાથજીના અનન્ય સખાભાવના ભક્ત છે. એક ક્ષણ પણ એ આપણા શ્રીજીબાવાથી અલિપ્ત રહી ન શકે. એમને જ્યારે પુત્રના મૃત્યુના સમાચાર મળ્યા, ત્યારે તીવ્ર આઘાત એ વાતનો લાગ્યો હતો કે 'હવે શું થશે ? સોળ દીનું સૂતક આવશે. હું મારા શ્રીજીબાવાનાં દર્શન નહીં કરી શકું. એમની ઝાંખી ન થાય તો જીવી કેમ શકાશે ? એ વિરહતાપે એ દેહાનુસંધાન ગુમાવી બેઠા હતા. દીકરાના મૃત્યુનો આઘાત નહોતો લાગ્યો. એમને સંસાર સંબંધી લૌકિક દુઃખ કદી ન થાય અને એટલે જ મેં કુંભનદાસને અહીંથી વિદાય થવાની આજ્ઞા આપતાં આવતી કાલે સવારે મંગળાનાં દર્શન કરવા આવવાની અનુમતિ આપી."

'આપે મારી
ર્શન થશે !
કુંભનદાસ
સોલી તરફ

લપટાયેલો

ના શોકના
કરતાં કહ્યું.
જ સૂધબૂધ
ે કૃપાનાથ,
પ, ધરમ,
છે. સ્પંદનો
કુંભનદાસ
ત્ર, એટલે
ઈ ગયા !"

તમે ધ્યાન

ીનાથજીનાં
ન કરાવીશું
ીગુસાંઈજી

ખાભાવના
કે. એમને
નો લાગ્યો
ાનાં દર્શન
વિરહતાપે
ો લાગ્યો.
ભનદાસને
નાં દર્શન

"કૃપાનાથ !" ગોપીનાથ ગ્વાલ હાથ જોડી શ્રીગુસાંઈજી સામે ઊભો રહેતો બોલ્યો.

"બોલો, ગોપીનાથ..તમારી વળી શું મૂંઝવણ છે ?"

"કૃપાનાથ, કૃષ્ણદાસને પૂંછરીની પાસેની કંદરામાં વાઘે માર્યો ત્યારે હું ગૌશાળામાં ગાય દોહતો હતો અને મારી આંખો સામે, કૃપાનાથ, ખુદ ગોવર્ધનનાથજી કૃષ્ણદાસની પાળેલી ગાયનું દૂધ દોહતા હતા અને કૃષ્ણદાસ ગાયના વાછરડાને પકડીને ઊભો હતો. ગાય વાછરડાને ચાટતી હતી. મને ગૌશાળામાં આવાં દર્શન કેમ થયા હશે, પ્રભુ ?"

"ભાઈ, બહુ આશ્ચર્ય પામવા જેવું નથી. કૃષ્ણદાસ પણ એક ખૂબ મોટા પુષ્ટિજીવ હતા. એમના ભોગે એમણે ગાયને બચાવી અને એ ગાય પણ શ્રી ગોવર્ધનનાથજીની ! ઠાકોરજીએ પ્રસન્ન થઈ એમને નિત્યલીલામાં સમાવી લીધા છે અને એ ગોદોહન–લીલાનાં દર્શન ઠાકોરજીએ તને કરાવ્યાં."

બીજા દિવસે વહેલી સવારે મંગળાનાં દર્શન કરવા કુંભનદાસજી "તિહારે મિલન બિનુ દુખિત ગોપલ" ગાતા–ગાતા આવ્યા ત્યારે,

"સૌથી પહેલાં દર્શન કુંભનદાસજીને શ્રીજીબાવાનાં કરાવજો." એ આજ્ઞા મંદિરના મુખિયાજી રામદાસજી પર શ્રીગુસાંઈજીની છૂટી ચૂકી હતી.

૧૬. 'મેં તો વૈષ્ણવધર્મ બજાવ્યો છે'

રમત જામી હતી.

કુંભનદાસ અને શ્રીગોવર્ધનનાથજી આંખમિચોલી ખેલની લીલા કરી રહ્યા હતા. ખેતરના કૂવા પાસેના ચોતરાની આસપાસ રમત રમાઈ રહી હતી. આમ્રઘટામાંથી કોકિલાનો ટહુકો, થોડેક દૂર ગિરિકંદરામાંથી ઊઠતાં વિધવિધ પંખીઓનાં કૂજન, કદંબની ડાળે ઝૂલતા વાનરો, કૂવા પાસેની કુંભનદાસની મઢૂલી નજીકની ગમાણમાં ગાય અને વાછરડા ભક્ત અને ભગવાનની લીલા નિહાળતાં આનંદિત થઈ ડોકી હલાવતાં ઘંટડીનો ઊઠતો મધુર નાદ અને એ બધા વચ્ચે....

"કુંભના, હું કયા છું ?"–નો શ્રી ગોવર્ધનનાથજીનો સમગ્ર બ્રહ્માંડને એની મીઠાશથી ભરી દેતો એ સ્વર....

"એ અહીંયાં..." કહેતાં આંખે પાટા બાંધેલા કુંભનદાસ એમના હાથ ફંફોળતા અવાજની દિશામાં આગળ વધતા, ત્યાં જ પીઠ પાછળથી ખડખડાટ હાસ્યનો અવાજ વાતાવરણને ભરી દેતો ઊપસી આવતો.

"બાબા, આ વૃદ્ધ પર કાંક તો દયા કરો ! જિંદગી આખી મોહના પાટા આંખે બાંધી, તમને શોધ્યા કરવાની આ મથામણમાંથી હવે તો મુક્ત કરો, મારા વ્હાલા !"

"અલ્યા કુંભના, તુંય ખરો છો ! મોહના પાટા મેં બાંધ્યા છે ? જન્મતાંની સાથે જ ઉં...વા....ઉં....વા.... કરતા 'હું અહીંયાં ને તું ત્યાં'નો જાપ જપી, છેડો તો તમે ફાડી નાખો છો. મા–બાપ, ભાઈ–બહેન સાથેના લાગણીના સંબંધો બાંધી માયામાં તો તમે બધા લપટાઓ છો અને પછી એ મોહમાયાના પાટા બાંધી જિંદગી આખી ભવાટવીમાં આથડયા કરો છો અને નામ મારું દ્યો છો ? ચાલ ચૂપચાપ દાવ દે, કુંભના ! તારી ભક્તિ, લાગણી, વિરહ–વ્યાકુળતાથી મને પકડી લે તો પકડાઈ જઈશ." શ્રીગોવર્ધનનાથ બોલ્યા અને કુંભનદાસજીના મુખમાંથી ગોકુળ છોડી મથુરા તરફ વિહાર કરી ગયેલા શ્રીકૃષ્ણની પાછળ વિરહમાં તડપતા વ્રજવાસીઓની વેદના વ્યક્ત કરતું પદ સરી પડયું :

અબ દિન રાત પહારસે ભયે
તબતેં નિઘટત નાહિન જબ તેં હરિ મધુપુરી ગયે
યહ જાનિયત બિધાતા જુગ સમ કિને જામ ન એ
જાગત જાત બિહાત ન ક્યોં હું ઐસે મિત ઠએ
બ્રજવાસી સબ પરમ દીન અતિ વ્યાકુલ સોચ લયે
જ્યોં બિનુ પ્રાન દુખિત જલરૂહ ગન દારૂન હૃદે હએ
કુંભનદાસ બિછુરી નંદનંદન બહુ સંતાપ દએ
અબ ગિરિધર બિનુ રહત નિરંતર લોચન નીર છએ.

શ્રીગોવર્ધનનાથજી કુંભનદાસના વિરહી પદ પર પ્રસન્ન થયા. બરોબર એ જ સમયે ગિરિરાજજીના શિખર પરથી ઉત્થાપનના સમયનો ઘંટનાદ થયો. રમત–રમતમાં સમય ક્યાં વીતી ગયો એનું ભાન ન તો કુંભનદાસને રહ્યું કે ન તો શ્રીગોવર્ધનનાથને. ભક્ત અને ભગવાનના તાદાત્મ્યમાં કાળની બેડીઓ ક્યારે તૂટી જતી હોય છે એની નથી ભગવાનને ખબર હોતી કે ન તો ભક્તને. બન્નેના મિલનની ક્ષણો કાળની પેલે પારનું એક વિશ્વ હોય છે – લીલાનું વિશ્વ.

"અરે, બાબા, ઉત્થાપનનો શંખનાદ સંભળાયો કે ? મોડું થઈ ગયું. હું તો આ ચાલ્યો." કહેતા વૃદ્ધ કુંભનદાસ કુટિરમાંથી તંબૂરો લેતા જતિપુરાની દિશામાં દોડવા લાગ્યા.

"અરે, કુંભના, આમ ક્યાં ભાગે છે ? આ હું તો તારી સાથે છું, પછી આ ભાગદોડ શેની કરે છે ? તારા નિજમંદિરમાં – કુટિરમાં તો હું બિરાજેલો છું અને તું મંદિરમાં મારાં દર્શન કરવા જાય છે ?"

હાથમાં તંબૂરા સાથે મોટા–મોટા વાંભ ભરતા મંદિરની દિશામાં દોડતા કુંભનદાસને પકડી લેતાં શ્રીગોવર્ધનનાથજી બોલી ઊઠ્યા.

"બાબા... તમે અહીં મારી સાથે ખેલવા આવો છો, રાતદિવસ તમારું, હૂંફાળું કૃપાપાત્ર સાંનિધ્ય આપો છો. તમારા અંતરંગનો એક અંશ ગણી આપે મને આપનો ગણી મારા પર અનહદ કૃપા વરસાવી છે. આ બધી તમારી કૃપાનું ફળ છે. પરંતુ તમારું ભલું પૂછવું ! તમે તો નટખટ નંદકિશોર છો. ક્યાંક વળી વાંકું પડ્યું અને ભાગી જાઓ તો ? આ દીન જીવનું શું ચાલે ? ધણીનો કોઈ ધણી છે ? મારા વ્હાલા ! પણ હા, છે હોં ! મંદિરમાં તમને આપણા આચાર્ય શ્રીવલ્લભે પધરાવ્યા છે – દીન, દલિત પામર જીવોને દર્શન દઈ એમનો ઉદ્ધાર કરવા અને એ પણ આપની આજ્ઞા પ્રમાણે, એટલે મંદિરમાંથી તો તમે ક્યાંય જઈ શકતા નથી. તમારા આમ તો સેવક, પરંતુ આ બાબતમાં શ્રીવલ્લભે ધણીના ધણી બનીને મંદિરમાં બિરાજમાન કર્યા છે. તમે જીવોનો ઉદ્ધાર કરતા સમા–સમાનાં દર્શન આપો છો અને આ જીવનો ઉદ્ધાર થાય એ આસક્તિથી, સ્વાર્થથી હું મંદિરમાં દર્શન કરવા દોડું છું, કીર્તનો કરી આપને

રીઝવું છું અને સાચું પૂછો તો, બાવા, મારી મંદિરની કીર્તનસેવા અને દર્શનના કારણે જ આપ મારા ખોળામાં બિરાજી, મારી સાથે ખેલ ખેલી, મારા જીવતરને ધન્ય કરી રહ્યા છો અને એનું શ્રેય શ્રીવલ્લભ અને શ્રીવલ્લભનંદનની અસીમ કૃપા, એમણે સિદ્ધ કરેલા ગિરિરાજજી પરના મંદિરમાં બિરાજતા આપશ્રીને જાય છે. મંદિરમાં જઈ જ્યાં સુધી આપનાં દર્શન ન કરું, આપ સમક્ષ કીર્તન ન કરું ત્યાં સુધી મારા માટે બધું જ અધૂરું છે, બાબા.." અને પરાસોલીથી સાથે નીકળલા શ્રીગોવર્ધનનાથજી કુંભનદાસની દર્શનની આસક્તિ પર ભાવવિભોર થઈ જતાં–

"કુંભના, તારો ભાવ અલૌકિક છે, અદ્‌ભુત છે. સેવા, કીર્તન દ્વારા સતત તું મને અને હું તને ક્યારેય છોડતા નથી. હું પણ તને એક ક્ષણ પણ છોડી શકતો નથી, તારા વગર રહી શકતો નથી."

"પ્રભુ, તમે મારી ક્ષણક્ષણમાં બિરાજો છો, મારા દેહના કણકણમાં વિહરો છો; એ જ તો મારું સદ્‌ભાગ્ય છે, મારા નાથ !" અને ગોવિંદકુંડ પર પહોંચતાં જ મંદિરમાંથી ફરી શંખનાદ થયો અને શ્રીગોવર્ધનનાથજીએ મંદિર ભણી પ્રયાણ કર્યું.

કુંભનદાસજી આન્યોરની દિશામાંથી ગિરિરાજજી ચઢી મંદિરમાં પ્રવેશ્યા અને પ્રસન્નતાના પારાવાર સમા ગોવર્ધનનાથજીનાં દર્શન થતાં જ ગાઈ ઊઠ્યા:

આજ દેખિયે બદન ડહડહી પ્યારી, રંગમગે નૈના તેરે રંગ ભરે
માનહું સરદ કમલ ઉપર ઉન્મદ યુગલ ખંજન લરે
રસિક સિરોમનિ લાલ સુ શીતલ, કમલ કર ઉર ધરે
કુંભનદાસ કહિ કાહૈ ન ફલે, ગિરિધર પિય સબ દુ:ખ હરે
લાલકે બદન પર..... .....આરતી વારોં !
ચારૂ ચિતવની કરોં સાજ નીકી યુક્તિ બીતી

માગસર મહિનાની હૂંફાળી ઠંડી વેરતી સવારનો સમય હતો. રામદાસજી શ્રીજીબાવાને શૃંગાર ધારણ કરાવી રહ્યા હતા, કુંભનદાસજી ભાવવિભોર સ્વરે બંધ આંખે "લાલ કે બદન પર આરતી વારોં"નું પદ મીઠી હલકે શ્રીજીના ચરણે ધરી રહ્યા હતા. પ્રસન્ન ચિત્તે શ્રીગોવર્ધનનાથજી કુંભનદાસજીનું પદ શ્રવણ કરતાં સ્મિત વેરી રહ્યા હતા.

"રામદાસજી." ઓચિંતો રામદાસના કાને મધુર રવ પડયો.

"બાવા, આજ્ઞા !" શૃંગાર કરતાં અટકી જતાં, દંડવત્ કરતાં રામદાસજી શ્રીજીબાવાને સંબોધતાં બોલી ઊઠ્યા. કુંભનદાસ તો એમની મસ્તીમાં પદ ગાઈ રહ્યા હતા.

"આપણા ગુસાંઈજીનો જન્મદિન આવી રહ્યો છે, ખબર છે ને ?" શ્રીગોવર્ધનધર બોલી ઊઠ્યા.

"માગસર વદ આઠમ, આપણા વ્રજની પોષ વદ આઠમ. બાવા, આપને ઓચિંતો શ્રીવલ્લભનંદન ગુરુદેવનો જન્મદિન કેમ યાદ આવી ગયો ?" રામદાસે

કુતૂહલપૂર્વક પૂછ્યું. નજીકના દિવસોમાં જ શ્રીગુસાંઈજીનો જન્મદિવસ આવી રહ્યો હતો અને જતિપુરા, આન્યોર, ગોકુલ–સમસ્ત વ્રજમંડળના વૈષ્ણવો એની ઉત્સાહભરી ઉજવણીના કાર્યક્રમમાં લાગી ગયા હતા.

"રામદાસ, કાકાજી દર વર્ષે મારો જન્મદિવસ–પાટોત્સવ ધામધૂમથી ઊજવે છે, તો આ વર્ષે કાકાજીનો જન્મદિવસ હું ખૂબ જ ધામધૂમથી, એમને ખબર પણ ન પડે તે રીતે ઊજવવા માગું છું."

"વાહ ! બાવા, બડો ઉત્તમ વિચાર છે. આપ આજ્ઞા કરો, કઈ રીતે જન્મદિનની ઉજવણી કરવી છે ? આપની આજ્ઞા થતાં બધી જ તૈયારી અમે કરી નાખીશું. હાલમાં કાકાજી ગોકુલમાં બિરાજે છે, એટલે એમને આપશ્રી દ્વારા એમના જન્મદિનની ઉજવણી થઈ રહી છે, એનો અણસાર સુધ્ધાં નહીં આવે, કૃપાનાથ ! આપ આજ્ઞા કરો." રામદાસજી બોલ્યા.

"દાસ કુંભન પિય લાલ ગિરિધર કો રૂપ
દેખી નયનન ભરિ ભરિ નિહારોં"

કુંભનદાસે પદની અંતિમ પંક્તિ પૂરી કરતાં આંખો ખોલી, તો રામદાસજી અને શ્રીગોવર્ધનનાથજી વચ્ચે કશીક ગુફતેગો ચાલી રહી હતી.

"જન્મદિનની ઉજવણી" જેવા શબ્દો કુંભનદાસના કાને ઝીલ્યા, અને હજી તો એ તંબૂરો બાજુમાં મૂકી, શ્રીગોવર્ધનનાથજીને દંડવત્ કરવા નીચા વળતા હતા ત્યાં જ રામદાસજી ઉમળકાભેર બોલી ઊઠ્યા :

"કુંભનદાસ, શ્રીજીબાવાની આજ્ઞા થઈ છે કે આપણે સૌ શ્રીજીબાવાની રાહબરી નીચે પરમકૃપાળુ શ્રીવિઠ્ઠલનાથજી–શ્રીગુંસાઈના જન્મદિનની ભવ્ય ઉજવણી કરીએ."

"વાહ રે બાવા ! કેવો સુંદર વિચાર છે ! ભવાટવીમાં ભૂલા પડેલા અબુધ અજ્ઞાની જીવોના ઉદ્ધાર કાજે જેમનું પૃથ્વીના પાટલે પ્રાગટ્ય થયું છે એવા આપણા સૌના લાડીલા ગુરુદેવના પ્રાગટ્યદિનની ઉજવણી કરવી જ જોઈએ. બાવા, આજ્ઞા કરો. હું આ બાબતમાં આપની કઈ સેવા કરી શકું ?" કુંભનદાસ હર્ષાન્વિત સ્વરે બોલી ઊઠ્યા.

"રામદાસ, કુંભનદાસ, તમે જન્મદિવસના ઉત્સવનો પ્રારંભ કરો. મને સામગ્રી આરોગાવજો. આવતી કાલે જ કાકાજીનો જન્મદિન છે. એ ગોકુલથી અહીં આવે એ પહેલાં બધી જ તૈયારી થઈ જવી જોઈએ."

"આપની જેવી આજ્ઞા, બાવા ! પરંતુ સામગ્રી આપને કઈ ધરવી ?"

"રસતરબોળ જલેબીની સામગ્રી સિદ્ધ કરજો."

"જેવી આપની આજ્ઞા."

શૃંગારનાં દર્શન વૈષ્ણવોને માટે ખુલ્લાં મૂકી, રામદાસ અને કુંભનદાસ એક ખૂણામાં જઈ જન્મદિનની ઉજવણીના આયોજનની ચર્ચાએ ચડી ગયા. વૈષ્ણવોને કમલચોકમાં ભેગા કરી શ્રીગુંસાઈજીના આવતી કાલે આવી રહેલા

જન્મદિનની વાત કરી.

"રામદાસજી, ઘી અને લોટ જેટલાં જોઈએ તેટલાં મારા ઘરેથી. કૃષ્ણભંડારમાં આ મારી સામગ્રી–સેવા છે." સદુ પાંડે હોંશમાં આવી બોલી ઊઠ્યા.

"ખાંડની સામગ્રી મારા તરફથી." કુંભનદાસ બોલી ઊઠ્યા અને બીજી જ ક્ષણે ખભે તંબૂરો ગોઠવતા ખુલ્લા પગે સડસડાટ ગોવર્ધન પર્વત ઊતરી, દંડોતી શિલાને દંડવત્ કરી, જમનાવતા ગામ તરફ ચાલી નીકળ્યા.

"અલ્યા, કુંભના, ખરો છે તું પણ ! ઘરમાં તો હાંડલાં કુસ્તી કરી રહ્યાં છે, ખાંડનો એક કણ પણ નથી ને મોટે ઉપાડે 'ખાંડની સામગ્રી મારા તરફથી'નું એલાન કરીને આવ્યો ?"

આંગણામાં પ્રવેશતાં જ અંતરમાંથી અવાજ ઊઠ્યો. કુંભનદાસનું હૈયું એક ધબકાર એક ક્ષણ પૂરતું ચૂકી ગયું. વાત સાચી હતી. ઘરમાં કંઈ જ સામગ્રી હતી નહીં. એક નજર એમણે એમની કુટિર પર નાખી. કુટિરની બાજુની ગમાણમાં બે પાડા ને બે પાડી ડોકાં હલાવતાં, પીઠ પરની માખો ઉડાડતાં ઊભાં હતાં.

કુંભનદાસ ઝડપથી ગમાણમાં પ્રવેશ્યા અને ખૂંટેથી બન્ને પાડા અને પાડીઓને છોડી, ગામ તરફ લઈને ચાલી નીકળ્યા.

રસ્તામાં એક વ્રજવાસી મળી ગયો. એણે પૂછ્યું :

"અરે, કુંભનદાદા ! યે પાડા–પાડી લે કે કહાં ચલો ?"

"ભૈયા, બેચને જા રહો હૂં. અગર તુઝે ચહિયે તો લે લીજીયો."

"કા દામ રખ્ખે, દાદા ?" વ્રજવાસીએ પૂછ્યું.

"પૂરા પાંચ રૂપિયૌ લેઉંગો, ભૈયા !" કુંભનદાસજી બોલ્યા અને પાંચ રૂપિયા ગજવામાં નાખતા કુંભનદાસ સીધા મંદિરના પરિસરમાં પહોંચી ગયા અને રામદાસજીના હાથમાં પાંચ રૂપિયા આપતા હર્ષાન્વિત સ્વરે બોલી ઊઠ્યા :

"રામદાસજી, યે લીજો મેરી ખાંડકી સામગ્રી કી ન્યોચ્છાવર."

રામદાસજી અવાક્ બની, પ્રસન્નતાનાં પૂર ઊમટેલા કુંભનદાસના ચહેરા સામે જોઈ રહ્યા. બીજા સેવકોનો ફાળો પણ રામદાસજી પાસે આવી ગયો હતો. સદુ પાંડેના ઘરેથી નરો વાજતેગાજતે ઘી અને લોટની સામગ્રી લઈ આવી. આનંદ–ઉત્સાહના વાતાવરણ વચ્ચે આખી રાત જાગીને જલેબી બનાવી.

પ્રાતઃકાળે રામદાસજીએ શ્રીગોવર્ધનનાથજીને અભ્યંગ કરાવ્યા. કેસરી પાઘ, કેસરી વસ્ત્રો, કુલહ ઇત્યાદિ શ્રીગુંસાઈજીએ જાતે ગોકુળથી સિદ્ધ કરીને મોકલાવ્યાં હતાં એ શ્રીજીબાવાને ધરાવ્યાં અને પછી ભોગ ધર્યા. કુંભનદાસજી પ્રસન્ન ચિત્તે હાથમાં તંબૂરા સાથે શ્રીજીબાવાના ચિત્તને પ્રસન્ન કરતું પદ હજી તો ઉપાડે, ત્યા તો શ્રીગોવર્ધનનાથે સ્મિત વેરતાં કુંભનદાસને આજ્ઞા કરી :

"કુંભનદાસ, આજે તો આપણા કાકાજીનો–ગુસાંઈજીનો જન્મદિન છે. તમે એમની વધાઈનાં પદ ગાઓ."

"જેવી, બાવા, તમારી આજ્ઞા ! " કહેતાં કુંભનદાસે તંબૂરાના તાર છેડયા અને–

"આજ વધાઈ શ્રીવલ્લભદ્વાર
પ્રગટ ભયે પૂરન પુરૂષોત્તમ પુષ્ટિ કરન વિસ્તાર
ભાગી ઉદે સબ દૈવી જીવન કે નિઃસાધન જન કિયે ઉદ્ધાર
કુંભનદાસ ગિરિધરન જુગલ, વપુ નિગમ અગમ સબ સાધન સાર

"વાહવાહ, કુંભનદાસ ! "ચારેકોરથી અવાજો ઊઠ્યા.

"કુંભનદાસ, આપણો માર્ગ જોડીનો યુગ્મનો રાધાકૃષ્ણ–સ્વામિનીજી શ્રીનાથજીની જોડીનો માર્ગ છે. વધાઈ પણ યુગલજોડી–સ્વરૂપે ગવાવી જોઈએ."

"એક વધુ વધાઈ ગાઓ." રામદાસજી બોલી ઊઠયા. કુંભનદાસે શ્રીગોવર્ધનનાથજી પર નજર ઠેરવી. શ્રીજીબાવાની ઇચ્છા ચહેરા પર સ્થિત બની પ્રગટ થઈ ગઈ અને કુંભનદાસે બીજી વધાઈ –

"પ્રકટ ભયે શ્રી વલ્લભ આય !
સેવા રસ વિસ્તાર કરન કો ગૂઢ જ્ઞાન સબ પ્રકટ દિખાય
નિજજન સકલ કિયે પાવન ઘરઘર બંધનવાર બંધાય
કુંભનદાસ ગિરિધર ગુન મહિમા બંદિજન ચારન ગુન ગાય

–અને પછી તો વધાઈની રમઝટ બોલી. વાતાવરણમાં અબીલગુલાલના છંટકાવ થયા. શ્રીગોવર્ધનનાથજીના ચહેરા પરની પ્રસન્નતા અનોખી હતી.

આ બાજુ ગોકુલમાં શ્રીગુસાંઈજીને અભ્યંગ કરાવી, કેસરી વાઘા, કુલહ ધરાવી રાજભોગ ધરાવ્યો અને પછી પોતે શ્રીનાથજી પધાર્યા ત્યારે "રાજભોગ" આવી ગયો હતો.

"કૃપાનાથ, રાજભોગ આવ્યા છે." રામદાસજીએ કહ્યું. સમય થતાં રાજભોગ સરાવવા શ્રીગુસાંઈજી નિજમંદિરમાં પધાર્યા અને જોયું તો જલેબીના ટોપલાનો ગિરિરાજ પરિસરમાં યોજાયો હતો.

"અરે, રામદાસ, આજે શાનો ઉત્સવ છે ? મને તો કાંઈ યાદ નથી ! આટલી બધી જલેબીનો મનોરથ કયા ઉત્સવ નિમિત્તે કર્યો છે ? કાંઈ વાત તો કરો !" અને શ્રીગોવર્ધનનાથજી સમક્ષ નજર કરતાં, અપરાધીભાવે, નતમસ્તકે–

"બાવા, અપરાધ થયો હોય તો ક્ષમા કરજો. આજ કોઈ ઉત્સવની તિથિ મારા ખ્યાલ મુજબ તો નથી. તેમ છતાં હું ભૂલી ગયો હોઉં તો–" કહેતાં શ્રીગુસાંઈજી ગળગળા થઈ ગયા.

"કૃપાનાથ, આજે તો આપનો પ્રાગટ્યદિન–જન્મદિન છે અને બાવા એ જન્મદિન આનંદભેર મનાવી રહ્યા છે. આ જલેબીની સામગ્રી પણ બાવાની આજ્ઞાથી જ સિદ્ધ થઈ છે અને આપના સેવકોએ બધી જ સામગ્રી લાવીને સિદ્ધ કરી બાવાને આરોગાવી છે." રામદાસ બોલ્યા. શ્રીગુસાંઈજી સેવકો અને શ્રીજીબાવાના અખૂટ સ્નેહસાગરમાં કેટલીય ક્ષણો સુધી આંખમાં આનંદનાં અશ્રુ

સાથે ડૂબતા રહ્યા.

"બાવા ! બાવા ! તમે...તમે ઊઠીને આ જીવ પર આટલી કૃપા કરી ! આટ–આટલી લાગણી વરસાવી, મારા જીવતરને ધન્ય કરી દીધું ! અને આ મારા અકિંચન સેવકોએ મારા જન્મદિનની ઉજવણી પાછળ એમની મરણ–મૂડીની સાથેસાથે સ્નેહની અખૂટ ધારા એવી તો વહાવી દીધી છે, બાવા ! કે હું અવાચક બની ગયો છું ! મારી પાસે શબ્દો નથી આ લાગણીનો પ્રતિભાવ આપવા માટે !" શ્રીગુસાંઈજીએ ભોગ સરાવી આરતી કરી, પછી અનોસર કરાવી, પોતે પોતાની બેઠકમાં બિરાજ્યા. આંખો સામે સેવકોના પ્રસન્ન ચહેરાઓ ખડા થઈ ગયા. એમણે રામદાસને નજીક બોલાવી પૂછ્યું :

"રામદાસજી, આજે સામગ્રી ઘણી છે અને મંદિરના સેવકો તો થોડા છે અને બધા જ લગભગ અકિંચન અવસ્થામાં જ એમનો જીવનનિર્વાહ ચલાવે છે. તમે આટલી બધી સામગ્રી બનાવરાવી કેવી રીતે ?"

"કૃપાનાથ, શ્રીજીબાવાની ઇચ્છા પ્રગટ થતાં જ સદુ પાંડે ઘી અને લોટ સામગ્રીમાં પધરાવી ગયા. કુંભનદાસજીએ પાંચ રૂપિયા આપ્યા અને અન્ય વૈષ્ણવ સેવકોએ યથાશક્તિ રૂપિયો, બે રૂપિયા આપી પૂરા એકવીસ રૂપિયા થયા અને એમાંથી આ સામગ્રી સિદ્ધ થઈ છે, કૃપાનાથ ! અને આપણા શ્રીજીબાવાએ ખૂબ જ પ્રેમથી આરોગી છે."

"કૃપાનાથ, આ કુંભનદાસજીએ તો કમાલ કરી છે હાં !" હોંશભર્યો એક યુવાન વ્રજવાસી શ્રીગુસાંઈજીને દંડવત્ કરતો બોલી ઊઠ્યો.

"શું કમાલ કરી, કુંભનદાસજી ! તમે પાંચ રૂપિયા ક્યાંથી લાવ્યા ? તમારા ઘરની પરિસ્થિતિ હું જાણું છું. યુવાન, વાત શી છે ?" યુવાન તરફ કૃપાદૃષ્ટિ કરતાં શ્રીગુસાંઈજી બોલ્યા. યુવાન કાંઈ આગળ બોલવા જાય એ પહેલાં જ કુંભનદાસ એની સામે ધસી ગયા અને એના મોઢા આડો હાથ દેતા બોલી ઊઠ્યા : "કૃપાનાથ, વાતમાં કાંઈ માલ નથી. તમે હમણાં કહ્યું ને કે તમારા ઘરની પરિસ્થિતિ.... કૃપાનાથ, મારું તો ઘર જ ક્યાં છે ? જે દિવસે શ્રીવલ્લભે બ્રહ્મસંબંધ આપ્યું તે દિવસથી એ બધું આપશ્રીનાં ચરણારવિંદમાં છે– શ્રીજીબાવાનાં ચરણોમાં છે. આ બધું આપનું જ છે. આ બે પાડા અને બે પાડી વધારાનાં હતાં. તે વેચી દીધાં. બાકી મારું તન, મન, પ્રાણ, સ્ત્રી, પુત્ર ઇત્યાદિ વેચીને પણ જો આપશ્રીના કામમાં આવી શકું તો મેં મારો વૈષ્ણવધર્મ સાચવ્યો કહેવાય. મેં વિશેષ કશું જ કર્યું નથી. મારો ધર્મ સાચવવાનો જ પ્રયાસ કર્યો છે, ગુરુદેવ ! અને આ બધો પણ આપની જ કૃપાનો પ્રતાપ છે. બાકી અમે તો પામર જીવ છીએ."

કુંભનદાસજીનાં વચનો સાંભળી શ્રીગુસાંઈજીનું હૃદય ભરાઈ ગયું અને આંખોમાંથી ડળકડળક આંસુ સરી પડયાં. બેઠક પરથી ઊભા થઈ કુંભનદાસજીને ભેટી પડતાં આંસુભીના અવાજે બોલી ઊઠ્યા :

"કુંભનદાસ, જેના પર આચાર્યચરણની – અમારા પિતા શ્રીવલ્લભાચાર્યજીની કૃપા ઊતરે છે, તેનામાં જ આવી દીનતા પ્રગટ થાય છે. શ્રીજીબાવા તમારે વશ કાંઈ અમસ્થા નથી થયા. તમે તો સાચા અર્થમાં પરમ કૃપાળુ પરમાત્માની કૃપા પામેલા દૈવીજીવ વૈષ્ણવ છો !" – અને કુંભનદાસના હૃદયમાંથી ફરી એક વખત શ્રીગુસાંઈજીની વધાઈ–

"આજ વધાઈ શ્રીવલ્લભદ્વાર !
પ્રકટ ભયે પૂરન પુરુષોત્તમ પુષ્ટિ કરન વિસ્તાર

–સરી પડી.

૧૭. દૈવી જીવ રજપૂતનો ઉદ્ધાર

ચંદ્રસરોવરનાં જળ હિલોળાં લઈ રહ્યાં હતાં. મંદમંદ અનિલની લહર સરોવરના જલતરંગોને નર્તન કરાવતી હતી. વસંતના વાયરાથી વાતાવરણ મઘમઘી ઊઠ્યું હતું. આમ્રકુંજમાં આમ્રડાળે મહોરેલા 'મહોર'ની સુગંધ હવામાં ફોરી રહી હતી. સરોવરના આરે પનિહારીઓ બેસી, જલના ઘડૂલા સરોવરમાંથી ભરતી ધીમા અવાજે કૃષ્ણલીલાનાં પદો ગાઈ રહી હતી.

થોડેક દૂર એકાંત કદંબના વૃક્ષની છાયામાં ચોતરા પર કુંભનદાસ બેઠા હતા. બંધ આંખો, સ્થિર બદન, ચહેરા પર શાંતિનું–પ્રસન્નતાનું એક નજાકતપૂર્ણ સૌંદર્ય છલકી રહ્યું હતું. મુખમાંથી ધીમા અવાજે વાતાવરણમાં છલકી ઊઠેલી, કોકિલાના પંચમસૂરમાં મહોરી ઊઠેલી વસંતની લીલાનું એક પદ ગુંજતું હતું :

ખેલ બસંત સબૈ બ્રજસુંદરિ, તજી અભિમાન ચલી વૃંદાવન
સુંદરતા કી રાસિ કિસોરી, નવ સતસાજ સિંગાર સુભગ તન
ગહિ તિહિં ઠૌર ઉંચે દ્રૂમ, લતા પ્રકાશિત, ગુંજત અલિંગન
કુંભનદાસ લાલ ગિરિધરસોં, મિલિ, હૈ કુમારી રાધે હુલસત મન

સરોવરના કાંઠે બેસી જલ ભરતી વ્રજાંગનાઓ કુંભનદાસનું પદ સાંભળતા જ ઘડૂલા મૂકી, એમની પાસે દોડી આવી અને કુંભનદાસની સાથે સૂર પુરાવતી પદ ગાવા માંડી.

કંકણ અને પાયલનો અવાજ કુંભનદાસને કાને પડતાં, એમની રસસમાધિ તૂટી, આંખો ખૂલી અને નજર સામે ગોપીઓને જોઈ ધન્યધન્ય થઈ ગયા. આજુબાજુની ગામની પનિહારીઓમાં એમને સારસ્વત–કલ્પની ગોપીઓનાં દર્શન થયાં.

બરોબર એ જ સમયે માથે ટોપલો ચડાવી નજીકની આમ્રવાટિકાનો માળી કેરીઓ લઈ ચન્દ્રસરોવરના કિનારે આવી પહોંચ્યો. વસંતની શીતલ લહરીનો આસ્વાદ માણતો, થાક ઉતારવા કિનારાના આરા પર કેરીનો ટોપલો મૂકી એ બેઠો. કુંભનદાસની નજર કેરીના ટોપલા પર પડી. કેસરવર્ણી સરસ મજાની તાજી કેરીઓ જોઈ એમને શ્રીગોવર્ધનનાથજી યાદ આવી ગયા.

"વાહ રે મારા વ્હાલા ! કેવું સરસ આમ્રફળ તેં આ ધરતીના હિંડોળે ઝૂલતું કર્યું છે ! આવી સરસ કેરી તો મારા શ્રીજીબાવાને આરોગવા યોગ્ય છે ! ઠાકરોજીને આ કેરી ધરાવી હોય તો ?" મનમાં માળી ટોપલામાંથી કેરીનું એકએક ફળ કાઢી સાફ કરતો હતો, એ જોઈ કુંભનદાસને ઠાકોરજીને આ કેરી ધરાવવાનો વિચાર આવ્યો.

"ભાઈ, આવી સુંદર કેરીઓ લઈ તું ક્યાં જઈ રહ્યો છો ?"

"બાબા, મથુરા જઈ એને દશ રૂપિયામાં વેચી, મારું આજનું દનિયું ઊભું કરી લઈશ."

"દશ રૂપિયા ?" કુંભનદાસજી અસ્વસ્થ થતાં બોલી ઊઠ્યા. અકિંચન કુંભનદાસ પાસે કેરી ખરીદવાના પૈસા નહોતા અને હૈયે ઠાકોરજીને કેરી આરોગવાનો મનોરથ જાગ્યો હતો. કુંભનદાસે શ્રીજીબાવાનું મનોમન સ્મરણ કરી, લાચારી વ્યક્ત કરતાં કહ્યું :

"બાવા, આ કેરીની સામગ્રી ખૂબ જ સુંદર છે. આપ શ્રેષ્ઠ વસ્તુના ભોક્તા છો. તો આપ આ કેરી આરોગો." અને 'માનસી'માં શ્રીગોવર્ધનનાથજીએ ભક્તની આરજૂ સુણી કેરી આરોગી. માળી બિચારો લૌકિક જીવ, એને શ્રીજીબાવાએ એની કેરી આરોગી છે એની ખબર પણ ન પડી !

માળી કેરીને ટોપલામાં ભરી મથુરા ગયો.

આખો દિવસ વિશ્રામઘાટની ગલીમાં એની કેરી વેચવા ઊભો રહ્યો. આખા દિવસના પરિશ્રમ પછી આથમતી માટ ગામનો રજપૂત જમુનામૈયાનાં દર્શન કરવા વિશ્રામઘાટે આવી પહોંચ્યો. એની નજર માળી અને એના ટોપલામાં વ્યવસ્થિત રીતે ગોઠવેલી કેરી પર પડી.

"શું ભાવ રાખ્યો છે, ભાઈ, આ કેરીનો ?"

"દસ રૂપિયાથી ઓછો ભાવ નથી, દરબાર !"

"ચાલ, આપી દે ટોપલો ને લે રૂપિયા દસ." કહેતાં રજપૂતે કેરી ખરીદી લીધી અને ટોપલા સાથે જમુનાજીના તટ પર આવ્યો. રજપૂતની સાથે એક સનોઢિયો બ્રાહ્મણ પણ હતો. કુલ બસો કેરીમાંથી સો કેરી એણે બ્રાહ્મણને દાનમાં આપી, બાકીની પચાસ કેરી યમુનાતટે બેસીને ચૂસીને ખાધી. રાત પડતાં એક દુકાનના ઓટલે બન્ને જણા બિસ્તર બિછાવી નિદ્રાધીન થયા. બન્નેને મધ્યરાત્રે સપનામાં શ્રીગોવર્ધનનાથજીનાં દર્શન થયાં.

"અરે, બ્રાહ્મણદેવ, તમે કશું જોયું ?" સફાળો રજપૂત જાગી જતો બોલી ઊઠ્યો.

"હેં ! તમને પણ શ્રીગોવર્ધનનાથજીનાં દર્શન થયાં.... મનેય સપનામાં થયાં." બ્રાહ્મણદેવે આશ્ચર્ય સાથે એને થયેલા અનુભવ જેવો જ અનુભવ રજપૂતને થયો હોય એમ કહ્યું.

"શ્રી ગોવર્ધનનાથજી ? એ દેવ ક્યાં બિરાજે છે, બ્રહ્મદેવ ? શું બાકી

એમનું સ્વરૂપ હતું ! શું તેજ ! શું મરકમરક સ્મિત ! ડાબે હાથે ગિરિરાજ તોળ્યો હતો, જમણો હાથ કેડે રાખી સ્મિત વેરતા હતા. કપાળમાં કેસરી તિલક, હડપચીએ રત્નજડિત હીરલો ઝળહળતો હતો. શું અદ્દ્ભુત દર્શન થયાં !" રજપૂત બોલ્યો.

"વાહ, દરબાર, વાહ ! બસ આવો જ છે મારો ગોવર્ધનનાથ ! અહીંથી સાત કોશ દૂર શ્રીગોવર્ધનપર્વત પર મારો ગિરિરાજધરણ શ્રીગોવર્ધનનાથ બિરાજે છે. શ્રીજીબાવાની ઝાંખી મેં તો કરી છે, દરબાર ! એનું વર્ણન કરવાની આ જીવની ક્ષમતા નથી. તમને સપનામાં આવેલા સાક્ષાત્ શ્રીગોવર્ધનનાથજી ગિરિરાજજી પર બિરાજે છે."

"અરે, બ્રહ્મદેવ, તમે પણ ખરા છો ! આવા જન્મજન્માતરનાં પાપ મિટાવી દે તેવા શ્રીજીબાવાનાં મન ભરીને સ્વરૂપદર્શન માણતા, તમે આમતેમ વ્યર્થ શો રઝળપાટ આદરી બેઠા છો ? શ્રીજીબાવા જેવો તન અને મનને પ્રેમરસથી ભરી દે એવો 'હીરલો' હાથ લાગ્યા પછી તમારા આ રઝળપાટમાં મને તો તમારી મૂર્ખતાનું જ દર્શન થાય છે, બ્રહ્મદેવ ! તમે આ બધી કેરીઓ રાખો, ઉપરથી પાંચ રૂપિયા પણ લઈ લ્યો, પણ તમે મને શ્રી ગોવર્ધનધરનાં દર્શન કરાવવા આ જ ઘડીએ શ્રીજીબાવા પાસે લઈ જાઓ. એમનું 'સુંદર શ્યામ સ્વરૂપ' જોવા દિલ તડપી રહ્યું છે !"

વહેલી સવારે રજપૂતે પોતાની પચાસ કેરી પણ બ્રાહ્મણને આપી દીધી અને બન્ને શ્રીગોવર્ધનની દિશામાં શ્રીજીબાવાનાં સન્મુખ દર્શન કરવા નીકળી પડયા.

સાંજની 'સેન' આરતીનાં દર્શનના સમયે બન્ને જતિપુરા પહોંચી ગયા. દંડવતી શિલાની પ્રદક્ષિણા કરી, બન્ને મંદિરમાં પહોંચ્યા ત્યારે સંધ્યા–આરતીની ઝાલરનો ઝણકાર વાતાવરણમાં ઝણઝણી રહ્યો હતો.

રજપૂત શ્રીજીબાવાનાં સ્વરૂપદર્શન થતાં સાનભાન ગુમાવી બેઠો. એના મુખમાંથી "ગિરિરાજધરણ પ્રભુ તમારે શરણ"ના જાપ શરૂ થઈ ગયા. આંખોમાંથી ચોધાર આંસુ... પ્રભુદર્શનના આનંદનાં એ મોતી હતાં.

"દરબાર, ચાલો, મથુરા આવવું છે ને ?" બ્રાહ્મણે 'ટેરો' આવતાં પૂછ્યું.

"ક્યાં, મથુરા ? ના રે, મારા ભાઈ ! આ જ તો મારું મથુરા અને આ જ તો મારું ગોકુળ. મારો વ્હાલો બિરાજતો હોય એ જ હવે તો મારું ધામ. લે આ પાંચ રૂપિયા અને તું તારે જા મથુરા. મારી પાસે વાટખર્ચીના દસ રૂપિયા છે એ બસ છે."

—અને બ્રાહ્મણને મથુરા વિદાય કરીને, રજપૂત ધોતી–ઉપરણાભેર દંડવતી શિલાની બાજુમાં ઊભો–ઊભો, મંદિરની દિશામાં જોઈ રહ્યો.

શ્રીગોવર્ધનનાથજીને અનોસર કરાવી શ્રીગુસાંઈજી ગિરિરાજજી પરથી ઊતરીને નીચે દંડવતી શિલા પાસે પધાર્યા અને એની નજર મેલાઘેલા પહેરવેશમાં

શ્રીનાથજીના મંદિરની દિશામાં ઊંચી ડોક કરી જોતા રજપૂત પર પડી. રજપૂતની સ્થિર આંખો મંદિર પર ખોડાયેલી હતી.

"કોઈક નવા વૈષ્ણવ લાગે છે." શ્રીગુસાંઈજી મનમાં બોલી ઊઠ્યા અને બીજી જ ક્ષણે શ્રીગુસાંઈજીને યાદ આવી ગયું :

"અરે, આ તો કુંભનદાસજીની શ્રીગોવર્ધનનાથજીને માનસીમાં ધરાવેલી કેરીનો ખરીદનાર રજપૂત છે ને શું ? આ ભટકતો જીવ કુંભનદાસની કૃપાથી આખરે એના નિજધામમાં આવી પહોંચ્યો ખરો !" શ્રીગુસાંઈજી આવું કશુંક વિચારતા હતા ત્યાં જ રજપૂતની આંખો ખૂલી ગઈ અને નજર સામે મંદમંદ સ્મિત વેરતા, પ્રકાશનો પુંજ પ્રસરાવતા શ્રીગુસાંઈજીને ઊભેલા જોઈ ભાવવિભોર રજપૂત શ્રીગુસાંઈજીનાં ચરણમાં ઢળી પડતો બોલી ઊઠ્યો :

"મહારાજ, વર્ષોથી આ ભવાટવીમાં નિરર્થક આથડતા આ પામર જીવને આપ શરણે લ્યો ! તમે મારો અંગીકાર કરી, મારા વહાલા શ્રીગોવર્ધનધરનું સાંનિધ્ય આપો !"

"દરબાર, તમારા પર કુંભનદાસની કૃપા ઊતરી છે, તેથી તમે પ્રેમાસક્તિમાં તરબોળ છો. ચાલો મારી સાથે શ્રીગોવર્ધનનાથજીની સન્મુખ – બ્રહ્મસંબંધ આપી તમને તમારા વ્હાલા શ્રીગોવર્ધનનાથજીને સોંપી દઉં."

"કૃપાનાથ !" કહેતો રજપૂત ગળગળો થઈ શ્રીગુસાંઈજીનાં ચરણે ઢળી પડયો.

શ્રીગુસાંઈજીએ 'નામદાન'ની દીક્ષા દીધી. રજપૂતે એમની પાસે વધેલા દસ રૂપિયાની ભેટ શ્રીગુસાંઈજીને ધરી, ત્યાં જ શ્રીવલ્લભનંદન બોલી ઊઠ્યા.

"દરબાર, આ રૂપિયા તમારી આખરી મૂડી છે, તે તમે તમારી પાસે ખર્ચ માટે રાખો. મને ખબર છે તમે તમારું બધું જ બ્રાહ્મણને આપી દીધું છે."

"કૃપાનાથ, આપને શરણે અને શ્રીજીબાવાના શરણે આવ્યા પછી મારે રૂપિયાનું શું કામ છે ? હું તો તમારે શરણે છું ! તમે મને જે ટહેલ કહેશો તે કરીશ." રજપૂત બોલી ઊઠ્યો.

શ્રીગુસાંઈજી રજપૂત સામે જોઈ રહ્યા. ભવાટવીમાં ભૂલો પડેલો, લખચોરાસીના ફેરાના આ જીવનને એના પૂર્વજન્મનું જ્ઞાન આપતાં શ્રીગુસાંઈજીએ કહ્યું :

"દરબાર, તમારા પર કુંભનદાસની અને શ્રીજીબાવાની કૃપા ઊતરી તે તમે અહીં શ્રીજીબાવાના સાંનિધ્યમાં આવી ગયા છો. પૂર્વજન્મમાં તમે વ્રજભૂમિના એક ગોપ હતા. શસ્ત્રસજ્જ થઈ તમે નંદબાવાની નવચંદરી ગાયોની સાથે ગૌચારણ–લીલામાં જતા હતા, ત્યારે તમે એક સર્પને માર્યાનું પાપ કર્યું. આ અપરાધના કારણે તમારા ઘણા જન્મો પછી, લખચોરાસીના આ ફેરામાંથી કુંભનદાસે પેલા માળી પાસેની કેરીઓ શ્રીજીબાવાને 'માનસી'માં આરોગાવી અને એ પ્રસાદી કેરી તમે ખરીદી, ખાધી અને શ્રીજીબાવાને યોગ્ય બન્યા. તમારી

સાથેનો પેલો બ્રાહ્મણ શ્રીજીબાવાનાં દર્શનનો અધિકારી નહોતો. તમે અને બ્રાહ્મણે બન્નેએ કેરીનો મહાપ્રસાદ લીધો હતો, પરંતુ શ્રીજીબાવાએ એના અધિકારી જીવ તમને સપનામાં દર્શન કરાવી અહીં બોલાવ્યા, સ્વરૂપદર્શન કરાવ્યાં. તમે હવે શ્રીજીબાવાના કૃપાપાત્ર બની ગયા છો. આજે તમે અપવાસ કરી શુદ્ધ થાઓ. આવતી કાલે અમે તમને શ્રીજી સન્મુખ બ્રહ્મસંબંધ આપી, તમને શ્રીજીબાવાને સમર્પિત કરીશું."

રજપૂત ખુશખુશ થઈ ગો.

આખી રાત એને શ્રીગિરિરાજજી અને શ્રીગોવર્ધનનાથજીનાં જ સપનાં આવ્યાં. વહેલી સવારે સ્નાનાદિક કાર્ય પછી શ્રીગુસાંઈજીએ એને બ્રહ્મસંબંધ શ્રીજી સન્મુખ આપ્યું. રજપૂતની કાયા હર્ષાન્વિત બની ધ્રૂજવા માંડી. એની બુદ્ધિ નિર્મળ થઈ ગઈ.

"દરબાર, આજથી તમે ગૌચારણ–લીલાની તમારી સારસ્વત કલ્પની એ સેવા ચાલુ કરી દો." કહી શ્રીગુસાંઈજીએ દરબારની કેડે તલવાર બાંધી અને ઘોડા પર સવાર કરી ગૌચારણની લીલામાં દરબારને પ્રવૃત્ત કરી દીધા.

કુંભનદાસજી દરબારની ભક્તિ અને શ્રીજીબાવા પ્રત્યેની એની આસક્તિ જોઈ દ્રવી ઊઠ્યા. ગિરિરાજજીની કંદરામાં ગૌમાતાની સાથે અશ્વ પર જતા દરબારને જોઈ એ ગાઈ ઊઠ્યા :

"તુમ નીકે દુહિ જાનત ગૈયા
કુંભનદાસ પ્રભુ માનિ લઈ
રતિ ગિરિ ગોબરધન રૈયા.

૧૮. 'દેજો ચરણકમળમાં વાસ'

"ભોર ભઈ સબ હરિજન જાગો
પ્રેમ સુધારસ પ્રભુકો પાઓ"

પૂર્વની ક્ષિતિજમાં બાલરવિકિરણોની કૂંપળો ફૂટી રહી હતી. આકાશમાં પંખીઓ કલરવ કરતાં આમતેમ ઊડતાં હતાં. ગમાણમાં વાસીદું કરતી કુંભનદાસની ભત્રીજી મીઠી હલકે પ્રભાતને વધાવતી "ભોર ભઈ સબ હરિજન જાગો"નું પદ ગાઈ રહી હતી. ગમાણમાં ઘાસનું નીરણ ગાયોને કરતી કુંભનદાસજીની ભત્રીજી ખેતરના ખૂણે આવેલી કુંભનદાસની કુટિરમાં પ્રવેશી.

"ચાચા" નિરાંતે ઘસઘસાટ ઊંઘતા હતા. બાજુમાં એનો તંબૂરો પડયો હતો. ખીંટીએ ફાટેલો ખેસ અને જર્જરિત પાઘડી ટીંગાતાં હતાં. કુંભનદાસની ભત્રીજી કેટલીય પળો સુધી 'કાકા'ને ઊંઘતા પ્રસન્ન ચિત્તે જોઈ રહી. આજે કુંભનદાસને નિરાંતની સારી ઊંઘ આવી ગઈ એનો આનંદ એની લાડલી ભત્રીજીને હતો.

મંગળાનો સમય થઈ ગયો હતો.

બ્રાહ્મમુહૂર્તમાં સદાય ઊઠી જનારા કુંભનદાસ હજી ઊંઘતા હતા. કૃશ શરીર, માથા પર થોડાક ભૂખરા વાળ, ચહેરા પર વૃદ્ધાવસ્થાના ચાસ પડી ગયા હતા. હવે ઉંમર વરતાતી હતી. પદો ગાતાં શ્વાસ ચડતો હતો. ગિરિરાજજીના આરોહણ વખતે છાતીની ધમણ ખૂબ જ જોરથી ધકધકતી હતી. આંખોનાં ઓજસ પણ ધીમેધીમે ઓછાં થતાં જતાં હતાં. ઘણીવાર એમની ભત્રીજી કુંભનદાસને કહેતી :

"ચાચા, હવે મંદિરે જવાનું ઓછું કરી, આ કુટિરના ઓટલે બેસી શ્રીગિરિરાજધરણને પદોથી રીઝવો. માનસીમાં શ્રીજીબાવાની સેવા કરી આયખું અજવાળી દ્યો. હવે તમારી ઉંમર થઈ, શરીરે હાંફ ચડી જાય છે, પદ ગાતાં અવાજ તરડાઈ જાય છે. હવે જીવને જપ વાળી ઘરઆંગણે પ્રભુભજન કરો." જવાબમાં કુંભનદાસ એની વહાલી ભત્રીજીને એના ખોળામાં બેસાડી, એના માથા પર એનો પ્રેમાળ હાથ પ્રસારતાં કહેતા "બિટિયા, તારી વાત સાચી છે.

વૃદ્ધાવસ્થાની અસર તારા આ ચાચાને દેખાય છે. પરંતુ, બેટી, વાત એમ છે ને કે મારો ગોવર્ધનનાથ છેને હજી એવો ને એવો યુવાન, નટખટ, પ્રેમભૂખ્યો, કીર્તનભૂખ્યો મંદિરમાં બિરાજે છે અને મંદિરમાં બિરાજીને એના વ્હાલા વૈષ્ણવોને દર્શન દે છે. અને, દીકરી, શ્રીજીબાવાનાં દર્શનનો લાભ, એની ઝાંખી તો દુર્લભ છે. એનું એ ચિરસ્મરણીય સ્વરૂપ, એ દર્શન તો ભાગ્યશાળી હોય એને જ મળે. બેટા, આ કૃપાદાન શ્રીવલ્લભે મને કર્યું છે, શ્રીજીબાવાની કીર્તનસેવાનું કાર્ય મને સોંપ્યું છે. તો હું વૃદ્ધાવસ્થાનું બહાનું કાઢી, મારા શ્રીજીબાવાથી દૂર કેમ થાઉં ? કાળ કાળનું કામ કર્યા કરે, આપણે તો પુષ્ટિજીવ. બેટા, ક્ષણે-ક્ષણે આપણે તો 'દેજો ચરણકમળમાં વાસ'ની જ આરજૂ વ્યક્ત કરતા જીવો છીએ. મારા પ્રભુને જ્યારે જિંદગીની દોરી ખેંચવી હશે, ત્યારે ખેંચી લેશે. હું શીદને ચિંતા કરું ? હું તો એનું સ્મરણ કરતો રહું, એનાં દર્શન ન કરતો રહું કે જેથી મારો અંતકાળ, મારો ભવ સુધરી જાય ! ચાલ, બેટા, એકાદ સરસ પદ ગાઈ આપણા વ્હાલાને રીઝવીએ."– અને હાથમાં તંબૂરો વગાડતા, ખુલ્લા પગે પદ ગાતા, દંડવતી શિલાની તરફ ચાલ્યા જતા.

આજે 'ચાચા' ઊંઘતા હતા.

ભત્રીજી હળવેકથી કુંભનદાસ પાસે સરકી. એમના લબડી ગયેલા ગાલ પર હાથ પ્રસારતાં, ધીમેથી કાનમાં કહ્યું :

"ચાચા, જયશ્રીકૃષ્ણ ! 'મંગળા'નાં દર્શનનો સમય થઈ ગયો છે." અને એ જ ક્ષણે મંદિરમાંથી 'મંગળા'નાં દર્શનનો શંખનાદ થયો.

"હેં...હેં...બેટા...'મંગળા'નાં દર્શન થઈ ગયાં ?"

"ના...ચાચા...ના....હજી તો શંખનાદ થયો છે. ચાલો, ઊઠો." કહી ભત્રીજી ચાચાને ઉઠાડવા હાથ પકડતી હતી, ત્યાં જ ચમકીને...

"અરે, ચાચા, તમારું તો શરીર ધખે છે ને શું ? તાવ આવ્યો છે કે શું ?" ચિંતિત સ્વરે બોલી ઊઠી.

"અરે, બેટા, શરીર ધખે છે વ્હાલાનાં દર્શનના વિરહતાપનું. ચાલ, કાંઈ નથી. મારો સમય થઈ ગયો છે. ઝટ મંદિરે પહોંચવા દે. ક્યાંક મારા વહાલાથી અંતર ન પડી જાય, દીકરી !" કહેતાં કુંભનદાસ સડાક કરતા ઊભા થઈ ગયા. ઝટ–ઝટ કૂવામાંથી ઠંડા પાણીની બે ડોલ શરીર પર ઢોળી, સ્નાન કરીને ધ્રૂજતી કાયાએ, હાથમાં તંબૂરા સાથે "ગિરિરાજ ધરણ પ્રભુ તમારે શરણ"નો જાપ જપતા, દંડવતી શિલાની પરિક્રમા કરી, મંદિરે પહોંચી ગયા અને દર્શન ખૂલતાં જ શ્રી–ગોવર્ધનનાથજી સામે ધ્રૂજતા શરીરે સખળડખળ કાયાને સ્થિર કરવાનો પ્રયત્ન કરતા, બે હાથ જોડી ઊભા રહી ગયા.

"ધન્ય, મારા વ્હાલા ગોવર્ધનનાથ, ધન્ય...ધન્ય ! તારાં દર્શનની તો બલિહારી છે ! મારા વ્હાલા, તારા મુખારવિંદની ઝાંખી કરતાં હૈયું દ્રવી ઊઠે છે. મારા વ્હાલા, આજે તો શબ્દોએ રિસામણાં લીધાં છે. હૈયું બસ તને નીરખ્યા જ

કરવાની, તારા દર્શનમાં એકાકાર થઈ જવાની હઠ લઈને બેઠું છે... ગિરિરાજધરણ પ્રભુ તમારે શરણ... ગિરિરાજ પ્રભુ તમારે શરણ, ગિરિરાજ પ્રભુ તમારે શરણ..."– કુંભનદાસ સતત બંધ આંખે શ્રીજીબાવાનાં દર્શન કરતા સતત જાપ કરતા રહ્યા. મંગળાનો ટેરો આવી ગયો, પરંતુ કુંભનદાસનું ગિરિરાજધરણનું રટણ ચાલુ જ રહ્યું.

"કુંભનદાસ, 'ટેરો' આવી ગયો." કોઈક બોલ્યું.

"હેં...હેં...ટેરો આવી ગયો ? બસ... મારા પ્રભુ તમે પણ 'ટેરો' તાણી મારાથી, આ અભાગિયાથી દૂર થઈ ગયા ? પ્રભુ, મારો એવો તે કેવો અપરાધ, મારા વ્હાલા કે મારાથીય પરદો..." અને કુંભનદાસ રડી પડયા.

"અરે, ચતુર્ભુજભૈયા...ચાચાનું શરીર તાવથી ધખે છે ને એ તો હડી કાઢીને મંદિરે દર્શન કરવા દોડયા છે ! ચાલો ઝટ મંદિરે પહોંચીએ. ક્યાંક રસ્તામાં ચાચા બેભાન ન થઈ જાય !" ભત્રીજીનો સંગાથ છોડી, મંદિરની દિશામાં દોડી ગયેલા વૃદ્ધ, તાવથી પીડાતા કુંભનદાસની ચિંતા કરતી ચાચાની ભત્રીજીએ જમનાવતા ગામમાં જઈ કુંભનદાસના દીકરા ચતુર્ભુજદાસને ખબર આપ્યા.

ચતુર્ભુજદાસ ખબર પડતાં જ જતિપુરાની દિશાએથી મંદિરે પહોંચ્યા અને આખાય મંદિરમાં ઘૂમી વળ્યા, પરંતુ કુંભનદાસનો પત્તો નહોતો.

"અરે, હજી હમણાં તો મંગળાનાં દર્શનમાં હતા ને ગયા ક્યાં ?"

બેચાર વૈષ્ણવોએ ચતુર્ભુજદાસને કહ્યું. ચતુર્ભુજદાસ આન્યોરની દિશાએથી પર્વત ઊતરીને પિતાની શોધમાં સંકર્ષણકુંડની દિશામાં ગયા. ચતુર્ભુજદાસને ખબર હતી કે, સંકર્ષણકુંડ એના પિતાનું પ્રિય સ્થાન હતું. શ્રીમહાપ્રભુજીની પ્રથમ મુલાકાત એમને સંકર્ષણકુંડ પર થઈ હતી અને શ્રીવલ્લભે એમને બ્રહ્મસંબંધ પણ આ કુંડના ઓવારે આપ્યું હતું. ઘણી વાર સવારસાંજ દર્શનકાળ પૂરો થઈ જાય પછી કુંભનદાસ સંકર્ષણકુંડના છોકરના વૃક્ષ નીચે આરામ કરવા આવતા.

ચતુર્ભુજદાસે સંકર્ષણકુંડ પાસે આવતાં જ જોયું કે પિતા એ જ છોકરના વૃક્ષ નીચેના ચોતરા પર તંબૂરાનું ઓશીકું કરી લાંબા થઈને સૂતા હતા.

"અરે બાવા, તમે અહીં ?"– કહેતો દીકરો દોડીને પિતા પાસે પહોંચી ગયો. સૂનમૂન અર્ધબેભાનાવસ્થામાં સૂતેલા પિતાના મસ્તકને પોતાના ખોળામાં લીધું, તંબૂરાને બાજુમાં મૂક્યો અને હજી તો માથા પર હાથ મૂકે ત્યાં તો એનો હાથ દાઝી ગયો. કુંભનદાસને ખૂબ જ તાવ હતો.

"બાવા, કેમ છે ?" દીકરો માંડમાંડ આટલું વાક્ય બોલી શક્યો.

"બેટા... આ ક્ષણભંગુર દેહ ઘડી બે ઘડીમાં છૂટી જશે. મારા વ્હાલાનાં નોતરાં આવી ગયાં છે. બેટા... મારો ગોવર્ધનનાથ બોલાવે છે, બેટા..."

"બાવા, ચાલો, ઝોળીમાં નાખીને તમને આપણે ગામ જમનાવતા લઈ જાઉં. ત્યાં વૈદરાજના પડીકાથી સારું થઈ જશે."

"ના, બેટા, આ સંકર્ષણકુંડ પણ મારી જનમભોમકા જ છે, બેટા ! આ સ્થળે મારા વ્હાલા ગુરુદેવ શ્રીવલ્લભે બ્રહ્મસંબંધ આપી નવો જન્મ આ જીવને આપ્યો હતો. બેટા, હું તો હવે અહીં જ રહીશ. તું, બેટા, રાજભોગનાં દર્શન કરી આવ. મારા વતી પણ મારા ગોવર્ધનધરને પગે લાગજે."

"બાવા, તમને ઊંચકીને રાજભોગનાં દર્શન કરાવું ?"

"ના, બેટા, તું રાજભોગનાં દર્શન કરવા જા. અને, બેટા, યાદ છે એક વખત અર્ધી રાત્રે આપણે બન્ને ખેતરમાં બેઠા હતા ત્યારે શ્રીનાથજીના મંદિરમાં દીવા બળતા જોઈ મારા મુખેથી એક પંક્તિ સરી પડી હતી ?–

વે દેખો બરત ઝરોખન દીપક
હરિ પોઢે ઉંચી ચિત્ર સારી...."

"અને, બાવા, મેં એ અધૂરી પંક્તિ પૂરી કરી હતી તે યાદ છે :

સુંદર વન નિહારન કારન રાખે હૈ બહુત જતન કરી પ્યારી"

"બસ...બસ...બેટા, આ જ પદ, આ જ પંક્તિઓ તું મારા શ્રીગોવર્ધનધર સમક્ષ ગાજે, જેથી મારું અને તારું બેયનું માન આપણા શ્રીજીબાવા પાસે રહી જાય."

ચતુર્ભુજદાસે ભારે હૈયે પિતાની આજ્ઞાનું પાલન કરવા રાજભોગનાં દર્શન કરવા મંદિરમાં ગયા. 'રાજભોગ'નાં દર્શન સમયે પદો પણ ગાયાં. અવાજમાં વિષાદ હતો, ચહેરા પર ચિંતા હતી.

"અરે, ચતુર્ભુજદાસ, કુંભનદાસજી ક્યાં છે ? સ્વસ્થ તો છે ને ?" શ્રીગુસાંઈજીએ પૂછ્યું.

"કૃપાનાથ, સંકર્ષણકુંડ પાસે બેઠા છે. શરીર તાવથી ધગી ઊઠ્યું છે."

"અરે.. શું વાત કરો છો ? તમે આગળ જાઓ. હું રાજભોગ અનોસર કરાવીને આવી પહોંચું છું. લાગે છે કે કુંભનદાસને પરભોમનાં તેડાં આવી રહ્યાં છે." શ્રીગુસાંઈજી બોલ્યા.

ચતુર્ભુજદાસનું પગલું દબાવતા શ્રીગુસાંઈજી સંકર્ષણકુંડ પર પહોંચ્યા અને કુંભનદાસનું કાંડું પકડતાં બોલ્યા :

"કુંભનદાસ, કેમ છે ? આ ક્ષણોમાં તમારું મન કઈ લીલામાં લાગ્યું છે ?"

"કૃપાનાથ..." કહેતાં કુંભનદાસ ઊઠવા ગયા, પરંતુ અશક્તિના કારણે ઊઠી ન શક્યા, પરંતુ મસ્તક નમાવી મનથી દંડવત્ કરતાં એમણે ખૂબ જ ક્ષીણ અવાજે–

બિસરી ગયો લાલ કરત ગોદોહન
નિરખી અનુપ ચંદ મુખ ઈકટક રહ્યો હૈ સાંવરો મોહન
નવનાગરી વિચિત્ર ચતુર ગુન અંગ અંગરૂપ સુઠોહન
કુંભનદાસ લાલ ગિરિધર મન હરયો કંટિલી ભોહન

એ પદ ગાયું.

અને

લાલ તેરી ચિતવની ચિત્તહી ચુરાવતિ
નંદગામ વૃષભાનુપુરા બીચ મારગ ચલત ન પાવતિ
હોંભરિ હોં ડરિ હોં નહિ કાહુ લલિતા દૃગન ચલાવતિ
કુંભનદાસ પ્રભુ ગોવર્ધનધર ધર્યો, સોં ક્યોં ન બતાવતિ

પદ પણ ગાઈને શ્રી વલ્લભનંદનને પ્રણામ કર્યા.

"કુંભનદાસ, આ લીલાનાં પદો તમે અમને સંભળાવ્યાં, પરંતુ અત્યારે આ પળે તમારું ચિત્ત – અંતઃકરણ ક્યાં છે, એ તો બતાવો ?" – શ્રીગુસાંઈજી કુંભનદાસને પૂછયું.

કુંભનદાસના કૃશ ચહેરા પર ઓચિંતો સ્ફૂર્તિનો ફુવારો ફૂટ્યો. સમસ્ત અંગમાં કોઈ અનોખી – દૈવી ચેતના પ્રગટ થઈ હોય એમ સૌને લાગ્યું અને કુંભનદાસે પદ શરૂ કર્યું :

"તેય મિલન કોં બોહત કરત હૈ મોહનલાલ ગોવર્ધનધારી
ઉત્તર મોહિ દેઉ કિન ભામિની કહાં કહોં હો બાત તિહારી

અને

કુંભનદાસ પ્રભુ બૈઠે તહાં દેખિયત હૈ જહાં ઉંચી ચિત્રસારી

એ પંક્તિ પૂરી થતાં જ કુંભનદાસે સૂધબૂધ ગુમાવી દીધી.

"કુંભનદાસ, તમારું ચિત્ત... અંતઃકરણ શુદ્ધ થઈ રહ્યું છે. ઊડી જાઓ પંખીડા, તમારા દેશ પરદેશે...." અને શ્રીગુસાંઈજી હજી તો વાક્ય પૂરું કરે એ પહેલાં બેભાનાવસ્થામાં જ કુંભનદાસના મુખમાંથી પદનાં અંતિમ ચરણો સરી પડયાં :

"રસિકની રસમેં રહતિ ગઢી !
કનકબેલી વૃષભાન નંદિની સ્યામ ચઢી
બિહરત શ્રી ગિરિધરનલાલ સંગ કૌન પાઠ પઢી
કુંભનદાસ પ્રભુ શ્રી ગોવર્ધનધર રતિ રસકેલી બઢી.

–અને "રતિ રસકેલી બઢી" શબ્દો સાથે જ કુંભનદાસનું પ્રાણપંખીડું દેહના પિંજરામાંથી ઊડી નિકુંજલીલાના ધામ તરફ ઊડી ગયું.

: સમાપ્ત :

राधा माधव बिनुकोउ पद निज कबहुं न गायो ।
बिरद रीति प्रीति पंथ करि प्रगट दिखायो ।।

– भारतेन्दु हरिशचन्द्र

રૂપ દેખિ નૈંનની પલક લાગે નહીં ।
ગોવર્ધન-ધર અંગ-અંગ પ્રતિ જહાં હી પરતિ દૃષ્ટિ રહતિ તહીં ।।
કહા કહૌં કહત ન આયૌ, ચોર્યૌ મન માંગિવે દહીં ।
'કુંભનદાસ' પ્રભુકે મિલનકો, સુંદરિ બાત સખીનું સોં કહીં ।।

- કુંભનદાસ

કુબહું દેખિ હોં ઇન નૈનનુ ।
સુંદર શ્યામ મનોહરિ મૂરત અંગ અંગ સુખ દૈનનું ।।

- - - - - - - - -

- - - - - - - - -

"કુંભનદાસ" કિતે દિન બીતેં, કિયે રૈન સુખ સૈનનુ ।
અબ ગિરિધર બિન નિસિ અરૂ બીસર, મનન રહત ક્યોં ચૈનનું ।।

- કુંભનદાસ

“ભલે પ્રગટ્યા શ્રી વલ્લભદેવ” - શ્રીમદ્ વલ્લભાચાર્યજીના ચરિત્રને નવલકથા પદ્ધતિએ સુંદર તથા રસપૂર્ણ શૈલીમાં રજૂ કરેલ છે. જે વાચકોને વાંચવાનું મન થાય અને તે દ્વારા આધ્યાત્મિક પ્રેરણા પ્રાપ્ત કરે તેવું આ પુસ્તક લખવા બદલ સપ્રેમ અભિનંદન અને શુભાશિષ પાઠવતા આનંદ અનુભવીએ છીએ. — **ગો. મધુરેશજી મહોદય.**

“ભલે પ્રગટ્યા શ્રી વલ્લભદેવ”, નવલકથા દ્વારા શ્રી મહાપ્રભુજીનો સંદેશ નાના-મોટા સહુ સુધી પહોંચે અને સમાજનો સર્વ વર્ગ પરમ કલ્યાણના રત્નોના લાભથી લાભાન્વિત થાય એ પ્રકારે આજની પ્રચલિત ભાષામાં નવલકથાની રસિકતાને જાળવીને લખાયેલી કૃત્તિ છે. — **ગો. ચન્દ્રગોપાલજી મહારાજ**

“પુષ્ટિસંપ્રદાયના આચાર્ય ગણાતા શ્રી વલ્લભનંદનના જીવન અને કવનને આધારે લખાયેલી “વંદુ શ્રી વિઠ્ઠલવર વ્રજરાય” નવલકથા વૈષ્ણવ સમાજને જ નહીં પણ ભારતીય સંસ્કૃતિના સંસ્કાર પામેલા સૌ કોઇને વાંચવી ગમે તેવી છે. સમગ્ર કથાપ્રવાહમાં વાચક ભક્તિ અને શ્રદ્ધા સાથે એકરૂપ થઇ જાય એવો લેખકનો પ્રયાસ સફળ થયો છે - “જન્મભૂમિ” - કલમ-કિતાબ. — **દિગંબર સ્વાદિયા**

“જશવંત મહેતા લિખિત પુષ્ટિમાર્ગીય સિદ્ધાંતો પર આધારિત “વંદુ શ્રી વિઠ્ઠલવર વ્રજરાય” એ એમનું “ભલે પ્રગટ્યા શ્રી વલ્લભદેવ” પછીનું પુષ્ટિમાર્ગીય વૈષ્ણવો તથા વૈષ્ણવેતર માટેનું શ્રી વિઠ્ઠલનાથજીના જીવન અને કવન પર આધારિત નવલકથા સ્વરૂપનું બીજું પુસ્તક છે. સાંપ્રદાયિક સિદ્ધાંતો પર લખાયેલી આ નવલકથા સંપ્રદાયના અભ્યાસીઓ, શ્રદ્ધાળુઓ અને મનન કરનારાને સ્પર્શી જાય તેવી છે. એમાં આવતા સંવાદો, પ્રસંગોની રજૂઆત અને ચિત્રાંકન રેખાચિત્રો ઘડીભર મનને જકડી રાખે છે. સંવાદોમાં પ્રયોજાતી વ્રજભાષા હૃદયમાં સરી પડતી કાવ્યપંક્તિઓ અને ક્યારેક રજૂ થતા પદો પણ આકર્ષક રહ્યા છે. — **ગુજરાત સમાચાર**

શ્રી જશવંત મહેતા લિખિત

ભલે પ્રગટ્યા શ્રી વલ્લભદેવ

રૂા. ૧૧૦

તેમજ

વંદુ શ્રી વિઠ્ઠલવર વ્રજરાય

રૂા. ૧૧૫

આપના ગ્રંથાગારમાં જરૂર વસાવો.

પ્રવીણ પુસ્તક ભંડાર

લાભ ચેમ્બર્સ, મ્યુ. કોર્પો. સામે, રાજકોટ

ચિંતન સાહિત્ય

મૃત્યુનું સત્ય (કઠોપનિષદ્)	નર્મદાશંકર વ્યાસ	૨૦૦-૦૦
સાવિત્રી-સંપર્ક	શ્રી અરવિંદ	૨૦૦-૦૦
ભારતના આધ્યાત્મિક રહસ્યોની ખોજમાં	પોલ બ્રન્ટન	૧૩૫-૦૦
પ્રકાશના પંથે	યોગેશ્વર	૧૦૦-૦૦
ગંગાસતીના ભજનમાં તત્ત્વદર્શન	ભાણદેવ	૧૨૫-૦૦
મહાભારતમાં માતૃવંદના	દિનકર જોશી	૫૫-૦૦
મહાભારતમાં પિતૃવંદના	દિનકર જોશી	૮૦-૦૦
શ્રદ્ધા એજ વસંત	ભૂપેન્દ્ર ત્રિવેદી	૭૫-૦૦
સત્સંગ કથાઓ	ભૂપેન્દ્ર ત્રિવેદી	૬૦-૦૦
સત્સંગ પ્રકાશ	ભૂપેન્દ્ર ત્રિવેદી	૮૦-૦૦
ઉત્સવોના આલોકમાં	ભૂપેન્દ્ર ત્રિવેદી	૯૦-૦૦
આપણાં સૂફી સંતો	કર્નલ સી. સી. બક્ષી	૬૫-૦૦
મીનારા	કર્નલ સી. સી. બક્ષી	૪૦-૦૦
વૈશ્વિક ચેતના	કર્નલ સી. સી. બક્ષી	૨૫૦-૦૦
જીવનના રંગ	કર્નલ સી. સી. બક્ષી	૪૫-૦૦
મનની આરપાર	પુષ્કર ગોકાણી	૪૫-૦૦
પ્રેમમાં ભગવાન	અનુ. રમણભાઈ ઠક્કર	૧૦૦-૦૦
અમૃત સરિતા	પ્રતિભા કોટેચા	૭૦-૦૦
પરમ સુખ પામવા	અનુ. પી. એમ. વૈશ્નવ	૨૦-૦૦
સુભાષિતો	જયંત ગાંધી	૨૦-૦૦
ચાણક્યના નીતિસૂત્રો	પ્રા. આર. એમ. ઠક્કર	૫૦-૦૦
બુદ્ધની અમૃતવાણી	પ્રા. આર. એમ. ઠક્કર	૪૦-૦૦
નંદનવનના પારિજાત	પ્રિ. મનસુખલાલ સાવલિયા	૧૫૦-૦૦
ઓજસ અંતરના	સં. બળવંત દેસાઈ	૧૨૫-૦૦
સાધના અને સાક્ષાત્કાર	અનવર આગેવાન	૨૫-૦૦
કેટલાક અદ્ભુત આધ્યાત્મિક અનુભવ	રવિશંકર જોશી	૩૦-૦૦
સિદ્ધ યોગીઓનાં સાંનિધ્યમાં	ડૉ. ભગવતીપ્રસાદસિંહ	૫૦-૦૦
ઉપનિષદનું અમૃત	યોગેશ્વર	૧૨૦-૦૦

પ્રવીણ પુસ્તક ભંડાર

લાભ ચૅમ્બર્સ, મ્યુ. કૉર્પો. સામે, ઢેબર રોડ, રાજકોટ.

ચિંતન સાહિત્ય

ભક્તિ પદારથ	ભાણદેવ	૯૦-૦૦
ઈશ્વરને મળવાનો માર્ગ	પ્રભુલાલ વ્યાસ	૨૫-૦૦
યોગવિદ્યા	ભાણદેવ	૨૫૦-૦૦
શ્રી ગણેશાય નમ:	મનુભાઈ ભટ્ટ	૫૦-૦૦
ૐ નમ: શિવાય	પ્રિ. મનસુખભાઈ સાવલિયા	૧૨૫-૦૦
ભ્રમરગીત રસબોધીની	શાંતિલાલ મહેતા	૧૧૦-૦૦
તુલસી મુક્તાવલી	તુલસીદાસજી	૫૦-૦૦
માધવ ક્યાંય નથી	હરીન્દ્ર દવે	૭૫-૦૦
કૃષ્ણ અને માનવસંબંધો	હરીન્દ્ર દવે	૧૪૦-૦૦
કથા રામની વ્યથા માનવની	હરીન્દ્ર દવે	૧૧૦-૦૦
ધર્મ સભા	હરીન્દ્ર દવે	૫૦-૦૦
પત્ર, પરમાત્માને સરનામું સંસારનું	હરીન્દ્ર દવે	૫૦-૦૦
આનંદ પુરુષ શ્રીકૃષ્ણ	હરીન્દ્ર દવે	૪૦-૦૦
ઈશ્વરનું સનાતન મંદિર	હરીન્દ્ર દવે	૪૮-૦૦

ભક્તિ પદારથ

લેખક : ભાણદેવ

મહાચૈતન્ય પ્રેમસાગરમાંથી ધરતી પર ઊતરી આવેલું બિંદુ એટલે ભક્તિ. ભક્તિ ભગવાનમાંથી જન્મી છે માટે ભગવત્‌સ્વરૂપિણી છે. હિંદુ ધર્મના બે મહા ગ્રંથો શ્રીમદ્ ભગવદ્‌ગીતા અને શ્રીમદ્ ભાગવતમાં શ્લોકે શ્લોકે ભક્તિ એકરસ થયેલી જોવા મળે છે. ભક્તિપથના ત્રણ દેવતા છે : શ્રદ્ધા, પ્રેમ અને સમર્પણ. ભગવાનમાં શ્રદ્ધા એ ભક્તિનો ઉદ્‌ગમ છે, ભગવત્ પ્રેમ એ ભક્તિની વિકાસ યાત્રા છે અને ભગવાનને નિ:શેષ સમર્પણ એ ભક્તિની પરિણતી છે. અનુભવના રણકાથી સમૃદ્ધ ભક્તિવિષયક આ ગ્રંથ સાધકો માટે પ્રેરણારૂપ છે. ભક્તિ પદારથને પામવાનો પરમ પુરુષાર્થ આ ગ્રંથ વડે ખેડવા જેવો છે.

કિંમત : રૂા. ૯૦-૦૦

પ્રવીણ પુસ્તક ભંડાર

લાભ ચેમ્બર્સ, મ્યુ. કૉર્પો. સામે, ઢેબર રોડ, રાજકોટ.

માનવજીવનને ઉજ્જ્વલ બનાવે, પ્રેરણાના પિયુષથી જીવનને સાર્થક કરે તેવા સુંદર પુસ્તકોનો સેટ

ભગવાન બુદ્ધનાં સૂક્તિ-રત્નો	૨૦-૦૦
ભગવાન ઈસુખ્રિસ્તનાં સૂક્તિ-રત્નો	૨૫-૦૦
ગુરુ નાનકદેવનાં સૂક્તિ-રત્નો	૨૫-૦૦
સ્વામી દયાનંદ સરસ્વતીનાં સૂક્તિ-રત્નો	૨૫-૦૦
ભગવાન શ્રીરામનાં સૂક્તિ-રત્નો	૨૦-૦૦
આદિ શંકરાચાર્યનાં સૂક્તિ-રત્નો	૨૦-૦૦
શ્રી રામકૃષ્ણ પરમહંસનાં સૂક્તિ-રત્નો	૨૫-૦૦
ભગવાન મહાવીરનાં સૂક્તિ-રત્નો	૨૦-૦૦
ભગવાન શ્રીકૃષ્ણનાં સૂક્તિ-રત્નો	૨૦-૦૦
હઝરત મહમંદ પયગંબરનાં સૂક્તિ-રત્નો	૨૦-૦૦
	૨૨૦-૦૦

નયન રમ્ય ફોર કલર ઑફસેટ સુંદર ટાઈટલ અને ખૂબજ ઊંચા લેજર પેપર પર આ પુસ્તકો છાપવામાં આવ્યા છે.

સેટના રૂા. ૨૨૦-૦૦ પરંતુ સંપૂર્ણ સેટ મંગાવનારે રૂા. ૨૦૦-૦૦નું M. O. કરવાથી રજિ. પોસ્ટથી ઘેર બેઠાં મળી શકશે.

પ્રવીણ પુસ્તક ભંડાર

લાભ ચૅમ્બર્સ, મ્યુ. કૉર્પો. સામે, ઢેબર રોડ, રાજકોટ.
ફોન : ૨૩૨૪૬૦/૨૩૪૬૦૨

પુષ્ટીમાર્ગીય અમારા શ્રેષ્ઠ પ્રકાશનો

બસો બાવન વૈષ્ણવોની વાર્તાઓ (ત્રણ જન્મની લીલા ભાવના સાથે)	શાંતિલાલ એમ. મહેતા	૩૦૦-૦૦
ચોર્યાસી વૈષ્ણવની વાર્તાઓ	શાંતિલાલ એમ. મહેતા	૧૨૫-૦૦
બૃહદ્ શિક્ષાપત્ર	શાંતિલાલ એમ. મહેતા	૧૫૦-૦૦
વ્રજ પરિક્રમા	શાંતિલાલ એમ. મહેતા	૧૦૦-૦૦
ચોર્યાસી બેઠકજીનું ચરિત્ર	શાંતિલાલ એમ. મહેતા	છપાય છે
મધુરાષ્ટકમ્	શાંતિલાલ એમ. મહેતા	૧૫-૦૦
સર્વોત્તમ સ્તોત્ર (સટીક)	શાંતિલાલ એમ. મહેતા	૩૩-૦૦
નિત્ય નિયમ પાઠ	શાંતિલાલ એમ. મહેતા	૧૫-૦૦
ષોડષ ગ્રંથો	શાંતિલાલ એમ. મહેતા	૨૦૦-૦૦
ભ્રમરગીત રસબોધિની	શાંતિલાલ એમ. મહેતા	૧૧૦-૦૦
બ્રહ્મસંબંધનો ગદ્યમંત્ર	શાંતિલાલ એમ. મહેતા	૨૫-૦૦
શ્રીનાથજીનું પ્રાકટ્ય	શાંતિલાલ એમ. મહેતા	૨૫-૦૦
શ્રીકૃષ્ણ: શરણં મમ	શાંતિલાલ એમ. મહેતા	૨૫-૦૦
શ્રદ્ધાંજલિ (ધૂન-ભજન-કિર્તન-આરતી સંગ્રહ)	મનમોહન કૃષ્ણ	૨૫-૦૦
પુષ્ટિ સુધા બિંદુ	જયંત જી. ગાંધી	૪૫-૦૦
ભલે પ્રગટ્યા શ્રી વલ્લભદેવ	જશવંત મહેતા	૧૧૦-૦૦
વંદુ શ્રી વિઠ્ઠલવર વૃજરાય	જશવંત મહેતા	૧૧૫-૦૦
કુંભનદાસ	જશવંત મહેતા	છપાય છે
સૂરદાસ	જશવંત મહેતા	છપાય છે
ગોવિંદસ્વામી	જશવંત મહેતા	છપાય છે
નંદદાસ	જશવંત મહેતા	છપાય છે
છીત્તસ્વામી	જશવંત મહેતા	છપાય છે
પરમાનંદદાસ	જશવંત મહેતા	છપાય છે
ચતુર્ભુજદાસ	જશવંત મહેતા	છપાય છે
કૃષ્ણદાસ	જશવંત મહેતા	છપાય છે

પ્રવીણ પુસ્તક ભંડાર

લાભ ચૅમ્બર્સ, મ્યુ. કૉર્પો. સામે, ઢેબર રોડ, રાજકોટ.
ફોન : ૨૩૨૪૬૦ / ૨૩૪૬૦૨

પ્રવીણ પ્રકાશનના શ્રેષ્ઠ પ્રકાશનો

ભગવદ્‌ગોમંડલ ભા.૧ થી ૯	ગુજરાતીનો મહાન જ્ઞાનકોશ	૪૦૦૦/-
ચંન્દ્રકાન્ત ૧-૨-૩	ઇચ્છારામ સૂ. દેસાઈ	૪૭૫/-
દ્વાદશ જ્યોતિર્લિંગ (બાર જ્યોતિર્લિંગનો સચિત્ર મહાન ગ્રંથ)		૬૦૦/-
પ્રવીણ સાગર	મહેરામણજી	૫૦૦/-
સિંહ દર્શન	ચંદ્રકાન્ત પટેલ	૪૫૦/-
વનસ્પતિશાસ્ત્ર	જયકૃષ્ણ ઇન્દ્રજી	૭૦૦/-
મેઘદૂતમ્ (પાંચ ભાષામાં)	મહાકવિ કાલિદાસ	૫૦૦/-
ભારતના આધ્યાત્મિક રહસ્યોની ખોજમાં	પોલ બ્રન્ટન	૧૩૫/-
આપણા પ્રતિનિધિ સારસ્વતો	ડૉ. રમેશ શુક્લ	૨૦૦/-
વિશ્વના મહાન વૈજ્ઞાનિકો	ડૉ. ભાયાણી	૩૦૦/-
ભારતના મહાન વૈજ્ઞાનિકો	ડૉ. ભાયાણી	૨૫૦/-
વિશ્વના મહાન ગણિતશાસ્ત્રીઓ	ડૉ. ભાયાણી	૩૫૦/-
ધર્મસિન્ધુ	(કર્મકાંડનો મહાન ગ્રંથ)	૨૦૦/-
સૌરાષ્ટ્રનો ઇતિહાસ	શંભુપ્રસાદ દેસાઈ	૨૦૦/-
પ્રાચીન ભૃગુસંહિતા	મહર્ષિ ભૃગુ	૩૦૦/-
પ્રભાતના પુષ્પો	વજુ કોટક	૧૨૫/-
શ્રીકાંત ૧ થી ૪	શરદબાબુ	૧૩૫/-
ગોરા ૧-૨	ટાગોર	૯૦/-
ગોદાન	પ્રેમચંદ	૭૨/-
દિવ્ય મંદિર મારા દેવના રે	જોરાવરસિંહ જાદવ	૨૦૦/-
પ્રવાસ-ભારતી	(પ્રવાસ માટે ખૂબ ઉપયોગી ગ્રંથ)	—
કલા-પાથેય (ચિત્રકલાનો ગ્રંથ)	કનુ નાયક	૧૫૦/-
નાચ્યો બહુત ગોપાલ	અમૃતલાલ નાગર	૧૨૭/-
ભારતનાં નારીરત્નો ભાગ ૧ થી ૪	શાંતિલાલ જાની	૨૧૫/-
આયુર્વેદની સોનેરી સિદ્ધિઓ	કાંતિભાઈ વૈદ્ય	૧૧૫/-
આઠોં જામ ખુમારી	અમૃત ઘાયલ	૩૫૦/-
યોગવિદ્યા	ભાણદેવ	૨૫૦/-
હોંકારો આપો તો કહું	રમેશ પારેખ	૧૫૦/-

પ્રવીણ પ્રકાશન, લાભ ચૅમ્બર્સ, મ્યુ. કૉર્પો. સામે, રાજકોટ.